गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૦૭૪ वर्गांक

पुस्तकनुं नाम અકબર ચરિત્ર

विषय [illegible]

THE GUJARAT VERNACULAR SOCIETY'S SERIES.

LIFE OF AKABAR.

COMPILED BY

R. S. MAHIPATRAM RUPRAM NILKANTH, C. I. E.

PRINCIPAL, P. R. TRAINING COLLEGE,

HONORARY SECRETARY, G. V. SOCIETY.

&c. &c. &c.

Sixth Edition—1000 *Copies.*

AHMEDABAD.

THE GUJARAT VERNACULAR SOCIETY'S OFFICE.

Samvat 1964—A. D. 1908.

(All Rights Reserved.)

Price Eight Annas.

AHMEDABAD.

Printed at the "HITECHHU" Printing Press.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીગ્રંથમાળા.

અકબર ચરિત્ર.

રચનાર,

રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ, સી. આઇ. ઈ.

પ્રિન્સિપાલ, ગુજરાત ટ્રેનિંગ કૉલેજ,

ગુ. વ. સોસાઇટીના ઑનરરી સેક્રેટરી,

વગેરે, વગેરે, વગેરે.

આવૃત્તિ છઠ્ઠી—નકલ ૧૦૦૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી—અમદાવાદ.

(સર્વ પ્રકારના હક્ક ગુ. વ. સોસાઇટીને સ્વાધીન છે.)

સંવત ૧૯૬૪—સને ૧૯૦૮.

કિંમત આઠ આના.

સરકારી ધારા પ્રમાણે રજીસ્ટર કરાવી આ પુસ્તક સંબંધી
સર્વ હક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ પોતાને
સ્વાધીન રાખ્યા છે.

૨૦૭૪

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

અમદાવાદ

“હિતેચ્છુ” પ્રેસમાં છાપ્યું.

અનુક્રમણિકા.

અકબર ચરિત્ર.

ઉપોદ્ઘાત.

મુગલ રાજ્યની સ્થાપના વેળા ભરતખંડની અવસ્થા.

બાબર—હુમાયું.

અકબરના દાદા બાબરે આવી દિલ્હીનું રાજ્ય જીત્યું તે વેળા, તથા બાબર અને હુમાયુંના સમયમાં, હિંદના રાજ્યો અને હિંદની પ્રજા કેવી દુર્દશાને પામ્યાં હતાં તે જાણ્યા વિના, અકબરના અમલની ખૂબી સમજાય નહિ. ઇસ્વી સનના આઠમાં સૈકાને આરંભે મુસલમાનોએ આરબી સમુદ્રની વાટે આવી, સિંધ દેશ જીતી લીધો; પરંતુ ચાળીશેક વર્ષ જ તે દેશ તેમને કબજે રહ્યો. ત્યારપછી રજપૂતોએ તેમને મારી કાઢ્યા. અગીઆરમા સૈકાના પહેલા ભાગમાં ગીજનીના સુલતાન મહમુદે ભરતખંડપર ઘણીક સ્વારીઓ કરીને ઘણા પ્રાંતો લૂટ્યા, દેવળો તોડ્યાં, મૂર્તિઓ ખંડન કરી, લાખો માણસને હણ્યા, અને લાખોને ઝાલી ગુલામ કરી વેચ્યા; પરંતુ તેના સ્થાયી અમલની મર્યાદા માત્ર પંજાબ સુધી હતી, તેથી તે હિંદનો પાદશાહ ગણાતો નથી. ત્યારકેડે લગભગ ૨૦૦ વર્ષ સુધી એટલે શાહાબુદ્દીન મહમ્મદ ઘોરીના વખત લગી, મુસલમાનોએ ધન હરણ કરવાને હિંદના પ્રાંતોપર સ્વારીઓ કરી; પણ લશ્કરી થાણાં બેસાડી સ્થાયી રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કોઇએ કર્યો નહિ. ઘોરી શાહે ઘણીક સ્વારીઓ કરી, તેમાં પ્રથમ પરાજય પામી

તેને પાછા જવું પડ્યું. પણ તે ઘણો દૃઢ ને આગ્રહી હતો. હારથી નાઉમેદ ન થતાં ફરી ફરીને વધારે ફોજ લઇ આવવા લાગ્યો, ને અંતે ફતેહ પામ્યો. દિલ્હીના શૂરા મહારાજા પૃથુરાજને હરાવીને તથા હણીને તેનું રાજ્ય લઇ લીધું; અને પછી તેની પડોશમાંનાં બીજાં કેટલાંક રાજ્યો જીતી, ત્યાં લશ્કરી થાણાં બેસાડ્યાં. દિલ્હીમાં તેણે કુતુબુદ્દીન નામે સેનાપતિને મૂક્યો હતો તેણે, પાદશાહ કાબૂલમાં મરણ પામ્યો તેવારે સુલતાન પદ ધારણ કરી સ્વતંત્રપણે અમલ કરવા માંડ્યો. એના વખતથી હિંદુસ્તાનમાં સ્વતંત્ર મુસલમાની રાજ્યોનો આરંભ થયો ગણાય. એ કુતુબુદ્દીને અને તેની પાછળ તેની ગાદીએ બેસનાર પાદશાહોએ બીજા મુસલમાન હાકેમોને તથા દેશી રાજ્યોને જીતી દિલ્હીની પાદશાહીનો વિસ્તાર વધાર્યો. કુતુબુદ્દીનના વખતથી હિંદની પ્રજાની કમ્બખ્તીનો આરંભ થયો. ઇસ્વીસન ૧૧૯૩ માં નારાયણના યુદ્ધમાં અફગાન એટલે પઠાણ સેના જય પામી ત્યારથી કુતુબુદ્દીન અમલ કરવા લાગ્યો. સન ૧૫૨૬ માં બાબરે પાણીપતના રણમાં ઇબ્રાહીમ લોદીનો પરાભવ કર્યો ત્યારસુધી એ રાજ્ય ભિન્ન ભિન્ન મુસલમાન વંશને હાથ રહ્યું. એ ૩૩૩ વર્ષો હિંદુ રાજા અને પ્રજાને મહા વિપત્તિનો કાળ હતો. ઘણાંખરાં દેશી રાજ્યો પાયમાલ થઇ ગયાં, અને લોક મહા દુઃખ અને સંતાપ પામ્યા. આ મોટી આફતના સમયનો હેવાલ કોઇ હિંદુ ગ્રંથમાંથી જડતો નથી; અને મુસલમાની પુસ્તકોમાં લખ્યો છે તે મુસલમાન અધિપતિઓને અતિ લાજ લગાડે છે. એ મુદતમાં તેમણે બે મુખ્ય હેતુ પાર પાડવાનો પ્રયત્ન લાગલાગટ કર્યો:—૧ હિંદુ રાજ્યને જીતી લેવાનો અને ૨ હિંદુ ધર્મનો નાશ કરવાનો. પહેલી બાબતમાં તેઓ ફતેહ પામ્યા, પણ બીજીમાં તેમનો સકળ શ્રમ વ્યર્થ ગયો. ભરતખંડના લોકને વટાળી મુસલમાન કરવાની કોશીશમાં ધર્માંધ થઇ, તેમણે લાખો હિંદુના પ્રાણ લીધા, દેવળો તોડ્યાં, મૂર્તિઓ ભાગી, તીર્થો અભડાવ્યાં;

તથાપિ તેમની મતલબ હાંસલ થઇ નહિ. પ્રત્યેક પ્રાંતના લોક પોતાના પૂર્વજોના ધર્મને પ્રેમથી વળગી રહ્યા; અને મનાઇના હુકમ, તિરસ્કાર, મરણનો તથા લૂટવાનો ભય, અને જીજીઆ વેરાનો ભારે ત્રાસ છતાં, હિંદુઓ પોતાના ધર્મની ક્રિયા કરતા રહ્યા. પ્રથમની પ્રત્યેક કારકીર્દીમાં મૂર્તિપૂજક ધર્મનો અને કાફરોનો જડમૂળથી નાશ કરવાને સ્વારીઓ કરવામાં આવતી. એ અર્થે જંગલીપણે કરેલી હજારો હિંદુની કતલનો અને હજારોને ગુલામ કર્યાનો હેવાલ મુસલમાની ગ્રંથોમાં બડાઇ સાથે લખેલો છે. વખતે કોઇ દયાળુ અને મોટા દીલનો પાદશાહ રેહેમ દર્શાવતો, તો તેની પાછળ થનાર અધિપતિ બમણો કેર કરતો. મુસલમાની અદાલતમાં હિંદુના લગ્ન વિષેના, વારસા સંબંધીના, તથા બીજા જૂના ધારા માન્ય કરવામાં આવતા નહિ. એ બાબતમાં ન્યાતના બંદોબસ્તે કરીને લોકનું રક્ષણ થતું. વેરા ઉઘરાવનારા અને હિસાબ રાખનારા કારકુન, સરકારી કાગળ લખનારા અને નોંધનારા નવીશન્દા વગેરેની નીચામાં નીચી હલકી પાયરીની પદવીની સરકારી નોકરી તેમને આપવામાં આવતી નહિ. દેશની વિદ્યાની અને દેશના વેપારની માઠી વલે થઇ હતી. મુગલાઇ અમલ બેઠો તેવારે પ્રજા એવી દુર્દશામાં હતી.

તૈમૂર નામે મોટા તાતાર એટલે તુર્કવિજયી પાદશાહની ઓલાદમાં બાબર જન્મ્યો હતો. બાબરના પરદાદાનો પરદાદો તૈમૂર હતો. તૈમૂરના વિશાળ રાજ્યના ભાગ થયા હતા, તેમાંનો એક ભાગ બાબરના દાદા અબુસૈયદને કબજે હતો. બાબરના બાપનું નામ ઉમરશેખ મીરજાં હતું. અબુસૈયદે કાબૂલ, બલ્ખ, એશિયાઇ તુર્કસ્તાન, વગેરે મધ્ય એશિયાના ઘણાક દેશો જીતી લીધા હતા. તેનો કાળ થયો તેવારે તેનો મુલક તેના પુત્રોમાં વહેંચાઇ ગયો. એ કુંવરોમાં ઉમરશેખ મીરજાં ત્રીજો હતો, અને તેને ભાગે ફેરઘાના નામે તુર્કસ્તાનનો નાનો પણ રસાળ પ્રાંત આવ્યો. ત્યાં સને ૧૪૮૩ ના ફેબ્રુઆરી માસની ૧૪ મી તારીખે

બાબરનો જન્મ થયો. તેની મા જીંઘીસખાનના કુળની મુગલાણી હતી. બાપ તુર્ક હોવાથી બાબરને પણ તુર્ક ગણવો જોઇએ. વળી તેની માની જાતના લોકને તે ધિક્કારતો. એમ છતાં એને અને એના વંશજોને હિંદમાં મુગલ ગણ્યા છે, એનું કારણ એ હતું કે એના રાજ્યની સ્થાપના થયાની પૂર્વે અફગાનીસ્તાનની વાટે મુગલો વારે વારે સ્વારીઓ કરતા તેથી તે રસ્તે ચઢી આવનારા સર્વેને હિંદના લોક મુગલ કહેવા લાગ્યા. આ ભૂલ ભાગવાનો પ્રયત્ન ન કરતાં બાબરે અને તેના વંશજોએ એ નામ કબૂલ રાખ્યું.

બાબર બાર વરસનો થયો તેવારે તેના પિતાનું મૃત્યુ થયું. બાબર શબ્દનો અર્થ તુર્કી બોલીમાં વાઘ છે. એનું નામ જહીરૂદ્દીન મહમદ હતું. ઉપનામ પ્રમાણે બહાદૂરીમાં તે ખરેખરો વાઘ હતો. બાર વરસની નાની ઉમ્મરે તે બાપની ગાદીનો ધણી થયો તેવારે એનું નાનકડું રાજ્ય અનેક બળવાન શત્રુઓથી ઘેરાયલું હતું. એમાંના ઘણાખરા તેના કાકા અને પિતરાઇ હતા. વળી ઉસબેક લોક આખું તુર્કસ્તાન જીતી લેવાની તૈયારી કરતા હતા. બાબરનો સ્વભાવ તેના બાપની પેઠે ઉદાર, ભલો અને નિરાંતે બેસી રહેવું ગમે નહિ એવો ચંચળ હતો. એને સ્વભાવથી વિદ્યા ઉપર ઘણો પ્રેમ હતો. તૈમૂરની ઓલાદના શાહજાદા સદા લડાલડીમાં મચ્યા રહેતા તોપણ વિદ્યાભ્યાસ કરતા. બાબરને પણ તેના બાપે ભણાવ્યો હતો. મોટપણે વિદ્યામાં વધારો કરેલો જણાય છે; કેમકે તેણે પોતાનું જીવનચરિત્ર મોટી છટાથી લખ્યું છે. એ બહુ વખણાય છે, અને દુનિયાના એ પ્રકારના ઉત્તમ ગ્રંથોમાં તેની ગણના થાય છે. એ પુસ્તકમાં તેણે લખ્યું છે કે બાર વરસની ઉમ્મરે તે પોતાના રાજ્યનું રક્ષણ કરવાને યુદ્ધે ચઢયો, ને તેમાં જય મળવાથી તેનો લોભ વધ્યો, તેથી શત્રુનાં રાજ્યો જીતી લેવા લાગ્યો. પંદર વરસનો થયો તેવારે તેના પરાક્રમી પૂર્વજ તૈમૂરના પાટનગર સમરકંદનો

તે ધણી થયો. સમરકંદ જીતવાપર લાગેલો હતો તેવામાં તેના મૂળ રાજ્ય ફેરધાનામાં બળવો થયો, અને તેની પડતી થવા લાગી. વળી થોડા વખત પછી પાછી ચડતી થઇ. એમ ચડતી પડતી વારાફરતી ત્યાર પછીનાં આઠ વર્ષ લગી થયા કીધી. એક વખતે તો બધું ખોઇ તેને પર્વતોમાં ભરાઇ બેસવું પડયું. તુર્કસ્તાનમાં ફતેહ પામવાની આશા રહી નહિ, તેવારે તે કાબૂલ ભણી વળ્યો. ત્યાં તેના પિતરાઇ ભાઇનો અમલ હતો, તેને તેના વજીરે મારી કાઢયો હતો. બાબરે સને ૧૫૦૪ માં જઇ કાબૂલ વશ કર્યું. અહીં તેને ઘણીક લડતો લઢવી પડી. તેમાંથી નવરો પડતાં કેટલીક સ્વારીઓ તેણે તુર્કસ્તાનપર કરી; પણ તેમાં તેને ટકાઉ જય મળ્યો નહિ ત્યારે તેણે ભરતખંડપર નજર કરી. દિલ્હીની પાદશાહી એ વેળા દુર્દશામાં હતી. ઇબ્રાહીમ લોદી પાદશાહ હતો, તે જુલમી અને નબળો હતો. પ્રાંતોના હાકેમ સ્વતંત્ર થઇ ગયા હતા. બંડો થતાં, અને રાજ્ય અવ્યવસ્થામાં હતું. દૌલતખાન લોદી પંજાબનો સૂબેદાર હતો, તેણે ફૂટી બાબરને એ સઘળી હકીકત જણાવીને હિંદની પાદશાહી જીતી લેવાની સૂચના કરી. તૈમૂરની તરફથી પોતાને દિલ્હીનો પાદશાહ થવાનો હક છે એવું માની, તેણે કેટલીક સ્વારીઓ કરી, તેમાંની છેલ્લીમાં તે યશ પામ્યો. ઇ. સ. ૧૫૨૬ માં તે દિલ્હીપર ચઢયો. ૧૬ મી એપ્રિલે પાણીપતના રણમાં બાબરની અને ઇબ્રાહીમ લોદીની સેના વચ્ચે સંગ્રામ થયો, તેમાં લોદીની સેના હારી, અને તે રણમાં પડયો. વડા શાહજાદા હુમાયુને આગ્રા લેવા મોકલી, બાબરે પડે તા. ૧૦ મીને રોજ દિલ્હીમાં પ્રવેશ કરી ત્યાં પોતાની આણ વર્તાવી. એ દિવસથી મુગલાઇ રાજ્યનો પ્રારંભ થયો.

બાબરે અને તેની ફોજે ધાર્યા જેવું સહેલું કામ અહિં નહતું. તેમના સમજવામાં એમ હતું કે ઇબ્રાહીમને જીત્યાથી હિંદની આખી

પાદશાહી હાથ આવશે, પણ એ તેમની ભૂલ હતી. દિલ્હીના વાવ્ય કોણમાં દિલ્હી અને પંજાબની વચ્ચે આવેલા સાંકડા પ્રદેશ ઉપર માત્ર મૈયત સુલતાનનો હુકમ મનાતો. પૂર્વ અને દક્ષિણે આવેલા બાકીના પ્રાંતો બંડખોર હાકેમોને હાથ હતા, તેઓને યુદ્ધ કરી જીતવાનું હતું. એથી લશ્કર નાઉમેદ થયું અને સખત તાપથી અકળાયું. એ જોઇ માજી રાજ્યના અમીર ઉમરાવોને આશા થઇ કે તૈમૂરની પેઠે બાબર ધન લેઇ પાછો જશે. પણ બાબર તો રાજ્ય સ્થાપી ઘર માંડી હિંદમાં જ રહેવા આવ્યો હતો. તેણે પોતાના જોદ્ધાને બોધ કર્યો તે પાર પડ્યો. પછી ઘણાક બળવાખોર સુબેદારોને તેણે વશ કર્યા, અને શાહાજાદા હુમાયુંએ ચાર માસમાં જવાનપુરનો સૂબો તથા બહાર અને બંગાળાનો ઘણોક ભાગ જીત્યો. માજી પાદશાહી લૂલી થઇ જવાથી રાજસ્થાનનાં રજપૂત રાજ્યો જોરપર આવ્યાં હતાં. બાબરને હિંદનો પાદશાહ માનવાની ના કહી, તેઓ ચિતોડના રાણા સંગની આગેવાની તળે દિલ્હી ભણી મોટું સૈન્ય લેઇને લઢવા આવ્યા. સિક્રિ આગળ બાબરે તેમને અટકાવ્યા. અહિં બાબરની સ્થિતિ ઘણી ધાસ્તી ભરેલી હતી. તેની ફોજમાં માજી રાજ્યના સ્વાર ભળ્યા હતા, તેમાંના ઘણાક રાણા સંગજીને મળ્યા અને ઘણાક ચાલતા થયા. રાણાજી મોટા શૂરવીર, યુદ્ધમાં કુશળ, અને કસાયલો સરદાર હતો; અને રાજપુત્રો સ્વદેશના અને સ્વધર્મના રક્ષણને અર્થે મરણિયા થઇ ઉશ્કેરાયા હતા. કાબૂલના કોઇ મુસલમાન જોશીએ બાબરને હારવાનું ભવિષ્ય વર્તું હતું. બાબરે પરમેશ્વરની પ્રાર્થના કરી દારૂ ન પીવાની અને દાઢી વધારવાની પ્રતિજ્ઞા કરી. આટલાથી ન અટકતાં તેણે પોતાની ફોજના સરદારોને બોલાવી તેમને પાનો ચઢે એવું ભાષણ કર્યું. એથી ઉશ્કેરાઇ તેઓ મરણિયા થઇ ઝંપલાવવાને તૈયાર થયા. રણમાં લશ્કરને ઉભું રાખી સિપાઇઓને હિંમત આપવાને તેઓમાં બાબર ફર્યો અને પોતાના મનની દૃઢતા

તેમનામાં જગાડી. સંગ્રામ ઘણા જ જોરથી ચાલ્યો. રજપૂતોની બહાદૂરી જોઇ બાબર અચરજ પામ્યો, પણ અંતે તુર્કી જોદ્ધા જીત્યા, રજપૂતો રણ મૂકી નાઠા, અને રાજસ્થાને બાબરનું ઉપરીપણું સ્વીકાર્યું. અહિંથી પરવારી બાબરે કેટલાક મુસલમાન સરદારોને વશ કર્યા. આ મોટો જય કરીને તે આગ્રે ગયો. ઘણા શ્રમથી અને ઉનાળાના તાપથી તેની તબીઅત બગડી, તે જાણી હુમાયું તેની પાસે આવ્યો. પણ પિતાની ચાકરી કરવા ન પામતાં પોતે એટલો માંદો પડયો કે હકીમોએ તેની આશા મૂકી. આ લોકમાં એવો વહેમ ચાલતો હતો કે મરવા પડેલા માણસને બદલે બીજો આદમી પોતાનો જીવ આપવા કબૂલ કરે તો મરવા પડેલો જીવે. બાબરે આ વહેમને આધીન થઇ પોતાના દીકરાને ઉગારવાની ઇચ્છા કરી. ઉમરાવોએ તેને વાર્યો; પણ તેમનું કહેવું ન માનતાં તેણે હુમાયુંના ખાટલાની ત્રણ પ્રદક્ષિણા કરી, ફેરા ફરતાં તેણે પરમેશ્વરની પ્રાર્થના કરી માગ્યું કે "હે પ્રભુ ! આ પુત્રને ઉગાર, એનો મંદવાડ મને આપ, અને એને બદલે મારો પ્રાણ લે." કેટલાક વખત સુધી શાંત રહી તે બોલી ઉઠયા કે, "રોગ મેં લીધો, મેં લીધો !" દારૂના વ્યસનથી અને હિંદના તાપથી તેનું શરીર નબળું પડી જઇ તે મંદવાડ ભોગવતો હતો તેવામાં આ ક્રિયાથી તેના મનપર એટલી અસર થઇ કે રોગ વધી તે ખાટલે પડયો; અને ૧૫૩૦ ના ડિસેંબર માસની ૨૬ મી તારીખે તેણે દેહ છોડયો. મુવા પહેલાં તેણે આજ્ઞા આપી હતી તે પ્રમાણે તેના શબને કાબૂલ લઇ જઇ દાટયું. ત્યાં તેની કબર અદ્યાપિ પૂજાય છે. બાબરનો સ્વભાવ અને તેની બુદ્ધિ વખણાય છે. વખતે ક્રૂરતા વાપરતો પણ સામાન્ય રીતે તે ઉદાર મનનો, રસીલો, દઢ, શૂરો અને આગ્રહી હતો.

હુમાયું સાજો થયો અને તેના બાપની ગાદીએ બેઠો. એનો જન્મ કાબૂલમાં ઇ. સ. ૧૫૦૯ માં થયો હતો, અને એનું પૂરૂં નામ નાસરૂદ્દીન

મહમ્મદ હુમાયું હતું. એને ત્રણ ભાઇ હતા--કામરાન, હિંદાલ અને મીરજા અસ્કરી. મરતી વેળા બાબરે એ ત્રણેને કાંઇક મુલક આપવાને કહ્યું હતું. કામરાનને તેના બાપે કાબૂલ અને કંદહારનો હાકેમ નીમ્યો હતો તેથી તે પ્રાંત તેને કબજે હતા. એમાં પંજાબ ઉમેરી હુમાયુંએ તેને સંતોષ્યો. અફગાનિસ્તાન અને પંજાબ ગયાથી હુમાયુંની સત્તા લૂલી થઇ. તે એઉ પોતાને કબજે રાખવાની તેની ઇચ્છા હતી; પણ તેમ કરવામાં તેનું ફાવે તેવું ન હતું. હુમાયુંની પાસે જબરૂં લસ્કર હતું; પણ તેમાં ઉમેરો કરવાનો તથા મરણ પામે તે જોદ્ધાને ઠામે નવા આણવાનો લાગ એ પ્રાંતો જવાથી તેને હાથ રહ્યો નહિ. હિંદના મુસલમાન સિપાઇ ભાડુતીઆ થઇ ગયા હતા અને ભરોંસો રાખવા જોગ ન હતા. યુદ્ધકળામાં બાબરના જેવો ચતુર હુમાયું ન હતો. હિંદાલને શંભલ પ્રાંત અને મીરજા અસ્કરીને મેવાડનો ઉત્તર ભાગ આપ્યો. આ પાદશાહનો અમલ બેસતાં બુંદેલખંડના રજપૂત રાજાએ બળવો કર્યો. દિલ્હીના પાદશાહો જોડે રજપૂતો વારેવારે ટક્કર લેતા. એ દેશની રાજધાની કલિંજરને મુસલમાનો ઘણીવાર ઘેરતા અને રજપૂતો અતિ શૂર અને દઢતાથી તેનો બચાવ કરતા. હુમાયું એ લોકને જીતવા ગયો, એટલે બંગાળામાં બયજીત અને બાબુન નામે અફગાન હાકેમોએ બંડ કર્યું. પાદશાહે તેમને જીત્યા એટલે ચુનારગઢના શેરખાંએ બળવો કર્યો. તે કિલ્લો તેને આપવો કરી હુમાયુંએ તેની જોડે સલાહ કરી. આ કામથી તે પરવાર્યો, એટલે ગૂજરાતના પાદશાહ બહાદુરશાહ ઉપર તેને ચઢવાની જરૂર પડી; કેમકે તેના શત્રુને મદદ આપી બહાદુર સામો થયો. ગૂજરાતના પાદશાહે ચિતોડને ઘેરો ઘાલ્યો હતો તે વેળા તેનાપર સ્વારી કરવાનો સારો જોગ હતો; પણ તેમ કર્યાથી કાફરોને આશરો મળે માટે હુમાયુંએ તેમ કર્યું નહિ. ઇ. સ. ૧૫૩૪ માં મદેસરમાં બહાદુર મોરચાબંદ છાવણીમાં હતો ત્યાં જઇ હુમાયુંએ તેને ઘેર્યો; અને તેની ખોરા-

ક્ની આવક બંધ પાડી. પછી બીજે વરસે માર્ચ મહિનામાં હલ્લાં કરી તેનો પરાજય કર્યો. બહાદુર નાશી ગૂજરાતમાં આવ્યો અને દિવ બેટમાં ભરાઈ બેઠો. હુમાયુંએ તેના રાજ્યનો કબજો લીધો. માત્ર ચાંપાનેરનો ગઢવી સામો થયો. હુમાયુએ તેને ઘેર્યો, અને કોટમાં લોઢાની મેખો ખોસી તેપર ચઢી ગઢ જીત્યો. એ વેળા બંગાળામાં શેરખાંએ સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની કોશિશ કરવા માંડી. મીરજાં અસ્કરીને ગૂજરાત સોંપી હુમાયુ તેની પૂઠે ગયો. સને ૧૫૩૭. ચુનારગઢ જીતી ચકગલી આગળ ગંગા ઉતરી પાદશાહ બંગાળામાં પેઠો. ત્યાંનું ગૌડ નગર જીત્યું, પણ શેરખાં તેને હાથ આવ્યો નહીં. યુદ્ધકૌશલ્યમાં તે હુમાયુંથી ચઢીઆતો હતો. તેણે તેને જાણી જોઇને ગંગાપાર આવવા દીધો ને પોતે ત્યાંથી દૂર રહ્યો. હવે ગંગામાં પૂર આવ્યું ને પાદશાહને ગૌડ આગળ ચોમાસું ગાળવું પડ્યું. દસેરા પછી તે આગળ વધવા લાગ્યો તેવારે માલૂમ પડ્યું કે શેરખાં ઉત્તરે તેની અને દિલ્હીની વચ્ચે ધુસી તેની ખોરાકીને આવતી અટકાવે છે. એ જોઇ પાદશાહે પોતાની ફોજના કેટલાક ભાગને ઉત્તર ભણી મોકલ્યો પણ શેરખાંએ તેને મોંઘીર આગળ હરાવ્યો. ત્યાર પછી શેરખાંએ આગળ આવી તેનો માર્ગ રોક્યો. એકદમ તેના ઉપર હુમલો ન કરતાં હુમાયું એ માસ પોતાની છાવણીમાં પડી રહ્યો તેથી શેરખાંને પોતાની છાવણીના મોરચા બાંધવાનો સમય મળ્યો. ત્યાં ૧૫૩૯ના જૂનની ૧૫ મી તારીખે રાતમાં બહાર આવી, તેણે સંગ્રામ કરવાની ગોઠવણ કરી; ને પ્રાતઃકાળે પાદશાહી લશ્કરપર હલ્લાં કરી. નદીપાર ઉતરવાને હુમાયુંએ હોડીઓનો પૂલ બનાવવા માંડ્યો હતો તે પૂરો થયો નહોતો; ને શેરખાંનો હુમલો એવો જબરો હતો કે પાદશાહી ફોજની ખરાબી થઇ. હુમાયુંએ પોતાનો ઘોડો નદીમાં નાખ્યો, અને ઘોડો અને સ્વાર બંને ડૂબવાની તૈયારીમાં હતાં તેવામાં કોઇ ભીસ્તીએ વાયુ મશકવડે શાહને ઉગાર્યો. તેનાં ઉત્તમ કસાયલા જોદ્ધા માર્યા

ગયા અને તેની બેગમ દુશ્મનને હાથ પકડાઇ. પણ શેરખાંએ તેણીને આબરૂસર આગ્રે મોકલી. હુમાયું પણ સહીસલામત આગ્રે પોહોંચ્યો. ત્યાં તેણે સર્વ અવ્યવસ્થા જોઇ. પરાજયથી અને લશ્કરના નાશથી તેનું વજન ઘટી ગયું. હિંદાલ તેનું રાજ્ય લેવાને કાવતરૂં કરતો હતો; કામરાન કાબુલથી આવ્યો હતો, પણ તેનાપર પણ વિશ્વાસ રખાય એવું ન હતું. પરંતુ શેરખાંનું બળ જોઇ તેઓએ માંહોમાંહનો અણબનાવ માંડી વાળ્યો, અને યુદ્ધને માટે સજ્જ થયા. ઉતાવળે તેમના ઉપર ચઢી ન આવતાં શેરખાં પોતાના રાજ્યની પાકી ગોઠવણ કરવામાં પડ્યો. તેની રાહ જોતાં થાકી ૧૫૪૦ ના એપ્રિલ માસમાં હુમાયું, હિંદાલ, અને અસ્કરી તેની ભણી ગયા, ને કામરાન લાહોર ગયો. ૧૬ મી મેએ કનોજ આગળ ગંગાને કાંઠે શેરખાંએ હુમલો કરી તેને હરાવ્યો. ત્યાંના પૂલ ઉપર અને નદીમાં મુગલ સૈન્ય નાઠું ને ઘણું ખરૂં માર્યું ગયું. હુમાયું પડે મુશ્કેલીથી બચ્યો. તેનો ઘોડો ઘવાણો તેવારે એક નોકરે તેને હાથીપર બેસાડી નદી ઉપર આણ્યો. હાથી નદી તરી ગયો, પણ સામો કાંઠો એવો હતો કે હાથીથી તેપર ચઢાયું નહિ. તેના બે સિપાઇએ એ જોઇ પોતાના માથાની પાઘડીઓને ગાંઠ બાંધી નીચલો છેડો પાદશાહને હાથે પોહોંચાડ્યો, ને તેવડે તેને ખેંચી લીધો. અહિં તેને હિંદાલ અને અસ્કરી આવી મળ્યા. ત્રણે ભાઇ નાસતા આગ્રે આવ્યા. ત્યાંનો ખજાનો તથા જે થોડી ફોજ રહી હતી તે લેઇ તેઓ લાહોર ગયા, પણ કામરાને તેમને આશ્રય આપ્યો નહિ. પંજાબ પ્રાંત શેરખાંને આપી તે કાબૂલ જતો રહ્યો. હુમાયું સિંધ ભણી વળ્યો. તે દેશ એ વેળા હુસેન આર્ઘુન નામે હાકેમને કબજે હતો. હુમાયુએ તેને પોતાના પક્ષમાં લેવાની મેહેનત કરી તે વ્યર્થ ગઇ. એ હાકેમે પાદશાહને જેવું તેવું માન આપ્યું, પણ પછી સામો થઇ તેને સિંધમાંથી જવાની જરૂર પાડી. કમનસીબ પાદશાહ હવે સિંધના રણની વાટે જોધપુરના માલદેવ રાજાને શરણે

જવા નીકળ્યો. રણમાં ભૂખ તરસથી તે અને તેની નાની ફોજ મહા પીડા પામ્યાં. અતિ દુઃખ વેઠી જોધપુર પોહોંચ્યો તેવારે ત્યાંના રાજાએ મદદ આપવાની ના કહી પાછો કાઢયો. આવ્યો તે જ વાટે તે બિચારો પાછો જવા નીકળ્યો. તાપ પુષ્કળ પડતો હતો અને ઝાડ વગરના રેતીના રણમાં તેના દુઃખનો પાર ન હતો. કોઇ ઠેકાણે ઉંડા કૂવા આવે ત્યાં થોડાં ઝુંપડાં બાંધી કઠણ અંગના અને જબરા લઢવૈયા લુટારા રહેતા હતા તેઓ પાણી કાઢવા દે નહિ. તેમની જોડે જુદ્ધ કરવું પડતું અને વખતે હાર ખાઇ ભૂખ્યા તરસ્યા બીજા મુકામ ભણી ચાલ્યાં જવું પડતું હતું. સ્વારીમાં સ્વારો, ઉંટ, ગર્ભવંતી બેગમ, તેની ચાકરડીઓ અને બીજાં બચ્ચાં હતાં, તેથી વધારે આપદા પડી. ચાલતાં ચાલતાં થાક, તરસ, અને ચોરના હુમલાથી ઘણાં માણસ માર્ગમાં મરી ગયાં. બહુ બહુ દુઃખ વેઠી માત્ર સાત સ્વારો સહિત પાદશાહ અમરકોટ પોહોંચ્યો. ત્યાંના ભલા રાજા *રાણાપ્રસાદે તેને આશ્રય આપ્યો. અહિં અમર કીર્તિ પામનાર પ્રતાપી અકબરનો જન્મ થયો.

પ્રકરણ ૧ લું.

અકબરનો જન્મ—બાલ્યાવસ્થામાં હુમાયુંનો ઇતિહાસ—હિંદ ઉપર સ્વારી અને ફતેહ—હુમાયુંનું મૃત્યુ.

ઉપલા પ્રકરણમાં દર્શાવેલી દુર્દશામાં પાદશાહ હુમાયું અમરકોટના રાજાને ત્યાં મેમાન હતો, તેવારે તેની બેગમે હીજરી સને ૯૪૯ તા. ૫

* એ રાજાનું નામ સર ઇ. ઇલિયટના ગ્રંથમાં દરૈસાલ લખ્યું છે.

મી રજબને રવિવારે (ઈ. સ. ૧૫૪૨, અક્ટોબર તા. ૧૫ મીએ) મહાન્ જલાલુદ્દીન મહમ્મદ શેખઉલ અકબરને જન્મ આપ્યો. એ વેળા ટાટાનો સૈયદઅલી શીરાજી, તે વેળાનો સૈખુલ ઇસ્લામ, પાદશાહને આશીર્વાદ દેવાને આવ્યો હતો તેના અંગનાં પવિત્ર વસ્ત્રોનાં ઝભલાં શાહજાદાને કરાવ્યાં. કેટલોક વખત અહીં રહ્યા પછી અમરકોટ અને બીજા રજપૂત રાજાના સ્વાર લેઇને સિંધના જુન નામે પરગણામાં હુમાયું ગયો. ત્યાં તેની સામો થવાને સિંધનો હાકેમ શાહહુસેન પોતાની ફોજ લેઇને આવ્યો. એની વચ્ચે એક લઢાઇ થઇ તેમાં બેઉ તરફ હાની થઇ. એથી કંટાળી હુમાયુંએ કંદહાર જવાનો વિચાર કર્યો. તા. ૭ મી મોહોરમ હી. સને ૯૫૦, ૧૨ મી એપ્રિલ ૧૫૪૩ ને દિવસે તેનો નિમકહલાલ વજીર બેહેરામખાન ગૂજરાતથી આવ્યો, તેણે વચ્ચે પડી સલાહ કરાવી. શાહ હુસેને હુમાયુંને કંદહાર જવાને ધન, ઊંટ સ્વારો વગેરે આપ્યાં પણ તેજ વખતે મીરજાં અસ્કરી અને મીરજાં કામરાનને એ ખબર મોકલી. કામરાન એ વેળા કાબુલમાં અમલ કરતો હતો, અને અસ્કરી કંદહારમાં કરતો હતો. હુમાયું કંદહાર ભણી જતો હતો તેને અટકાવવાને અને પકડવાને મીરજાં અસ્કરી ફોજ સહિત સામો આવ્યો. એની જોડે લઢવા જેટલું સામર્થ્ય એ વેળા પાદશાહમાં ન હોવાથી થોડાક સ્વાર અને બેગમને લેઇ હુમાયું ઈરાન તરફ નીકળ્યો. એ વેળા તાપ બહુ પડતો હતો અને અકબરનું વય માત્ર એક વરસનું હતું. માટે તેને છાવણીમાં કેટલાક સરદારોને હવાલે કરી ત્યાં જ રાખ્યો. થોડા દિવસમાં મીરજાં અસ્કરી આવ્યો, તેણે બાળ કુમારને લેઇ છાવણીનો કબજો કર્યો. ભત્રીજાને અસ્કરી કંદહાર લેઇ ગયો અને તેની પત્ની સુલતાન બેગમને સોંપ્યો. કાકીએ ઘણી માયાથી તેની સંભાળ લીધી. કંદહારથી એ શાહજાદાને પછી કાબૂલ લેઇ જવામાં આવ્યો.

ઇરાનના શાહ તમસ્પે હુમાયુંને માન આપી પોતાના દરબારમાં પરોણો રાખ્યો, અને તેનું રાજ્ય પાછું જીતી લેવાને ફોજ આપી, સને ૧૫૪૪ માં પાછો જવા દીધો. હુમાયુંએ પ્રથમ તેના ભાઇ મીરજાં અસ્કરી કનેથી કંદહાર ત્રણ માસ ઘેરો ઘાલીને જીતો લીધું, અને શરત પ્રમાણે તે નગર ઇરાની શાહને આપ્યું. ઇરાની લશ્કરનો સેનાપતિ શાહ તમસ્પનો બાળકુમાર શાહ મુરાદ હતો. કાબૂલ જીતવા જવાની ઇરાની લશ્કરે ના પાડી તેવારે હુમાયું ત્યાં એકલો જવા નીકળ્યો. માર્ગમાં તેને સમાચાર મળ્યા કે મુરાદશાહ મરી ગયો, અને કંદહારના લોક ઇરાનીઓથી નારાજી થાય છે. એ પરથી તેણે પાછા ફરી કાંઇ યુક્તિ કરી કંદહાર તેમની કનેથી પાછું લીધું ને ઇરાની ફોજ પાછી સ્વદેશ ગઇ. કંદહારગઢ બેહેરામખાંને સોંપી કાબૂલ ઉપર તે ચડયો. કામરાન પોતાની સેના લેઇ સામો લઢવા આવ્યો પણ તેની ફોજ ફરી જઇ હુમાયુંને આવી મળી, ને કામરાન નાશી ગીજની ગયો. હુમાયુંએ કાબૂલ લીધું. કામરાનના જુલમથી શેહેરના લોક બહુ નારાજી થયા હતા તેથી આ વેળા ખુશી થઇ તેમણે શેહેરમાં હુમાયું પેઠો તે રાત્રે રોશની કરી પોતાની ખુશી દર્શાવી. કામરાનની બેગમે શાહજાદા અકબરને લાવી તેના માબાપને હવાલે કર્યો. માતા મરિયમ મકાની બેગમ અને પીતા હુમાયું કુમારને જોઇ અતિ આનંદ પામ્યાં. એ વેળા તેનું વય ચાર વરસ બે મહિના અને પાંચ દિવસનું હતું. હિંદાલને કામરાનની પૂઠે મોકલી હુમાયુંએ એક વરસ કાબૂલમાં થાક ખાધો ને અકબરને સુંનત કરાવી. કામરાન ગીજનીમાં પેસવા પામ્યો નહિ, તેથી ત્યાંથી નાસતો સિંધમાં ગયો. બીજે વરસે હુમાયુંએ બદખશાન પ્રાંતપર સ્વારી કરીને ત્યાંના હાકેમને હરાવી પ્રાંત તાબે કર્યો. તેના બદખશાન ગયાની વાત જાણી કામરાને એકાએક ગુપચુપ આવી કાબૂલનો કબજો કર્યો. એથી અકબર તેને હાથ આવ્યો. હુમાયુંએ ઝટ પાછા ફરી કાબૂ-

લને ઘેર્યું. કામરાન અને તેના સાથીઓ બહુ જોરથી અને હઠીલાઇથી લડ્યા, પણ જીતવાનો લાગ જોયો નહીં તે વારે કામરાને હુકુમ કર્યો કે શાહજાદા અકબરને કોટપર લાવી જ્યાં બંદુકની ગોળીઓ અને તોપના ગોળા હુમાયુંના લશ્કરમાંથી પુષ્કળ આવે છે ત્યાં રાખો. પણ અકબરની આયા માહમઅંકે તેને પોતાની છાતીમાં ચાંપી શત્રૂ ભણી ઉભી રહી કહ્યું, "લો મારો." તેણીએ અકબરને બચાવી લીધો. કામરાનને કાબૂલ છોડી નાસવું પડ્યું. હુમાયું અને હિંદાલ તેની પાછળ પડ્યા. કેટલાક વર્ષ લગી ભાઇઓ વચ્ચે મારામારી રહી. સને ૧૫૫૧ માં કામરાને હુમાયુંની છાવણી ઉપર રાતમાં હલ્લો કર્યો. તેમાં હિંદાલ માર્યો ગયો. હુમાયું એથી ઘણો દીલગીર થયો. હિંદાલને રજીયા સુલતાનના નામે એક દીકરી હતી તેને પાદશાહે અકબર વેરે પરણાવી. બીજે વરસે કામરાન પકડાયો. તેનો પ્રાણ ન લેવો ને તેના અપરાધ માફ કરવા એવી ઇચ્છા પાદશાહે કરી; પણ તેના અમલદારોની હઠને લીધે તેણે તેની આંખો ફોડાવી. અકબરની ઉમર ઘણી નાની છતાં, હુમાયુંએ તેને ગીજનીનો હાકેમ નીમી ત્યાં અમલ કરવા કેટલાક અનુભવી અને ચતુર સરદારો જોડે મોકલ્યો.

હવે અફગાનિસ્તાનમાં હુમાયુંનો અમલ પૂરો જામ્યો. તેની સામા થનાર કોઇ રહ્યું નહીં, તેથી હિંદ જીતવાનો તેણે મનસૂબો કર્યો. એ કામ કરવાનો આ વેળા સારો લાગ હતો. સૂરકુળના શાહજાદા માંહો-માંહે વઢતા હતા, તેથી રાજ્ય નબળું પડી અવ્યવસ્થામાં હતું, ને લોક રાજકર્તાથી કંટાળેલા હતા, આગ્રેથી અને દિલ્હીથી હુમાયુંના મિત્રોએ આ સમાચાર જણાવી તેને સ્વારી કરવાને સૂચવ્યું; પરંતુ પાછલી વાત સંભારીને તે વિચાર કરવા લાગ્યો. કામ ભારે જોખમનું હતું. સૂરકુળના શાહજાદા અને પઠાણ લોક સામાન્ય ભય જોઈ સંપ કરી

એકત્ર થઇ જાય અને અફગાનિસ્તાનની તેની તોફાની પ્રજા બંડ કરે, તો તે અતિ ધાસ્તીમાં આવી પડે. આ ગુંચવણમાં તેનું મન ગોળાતું હતું. તેવામાં કોઇ અમીરે એ દેશની જુની રીત પ્રમાણે શુકન જોવાની સૂચના કરી તે હુમાયુંને ગમી. પાદશાહ એક દિવસે કેટલાક સાથીઓ જોડે શિકાર કરવાને ફરતો હતો તેવારે એ શુકન આ પ્રમાણે જોયા:— તેમને પેહેલો જે આદમી મળ્યો તેનું નામ દૌલત હતું, બીજો મળ્યો તેનું નામ મુરાદ હતું, અને ત્રીજો મળ્યો તેનું નામ સાદત હતું. દૌલત એટલે ક્ષેમકુશળ કે ઉદય અને વૃદ્ધિ, મુરાદ એટલે ઇચ્છા, અને સાદત એટલે સિદ્ધિ કે ફતેહ. એ ઉપરથી હુમાયુંએ એમ માન્યું કે ઇશ્વર ઇચ્છા મને યશ આપવાની છે. એથી હિંદમાં જય મળવાની સર્વેને નક્કી આશા થઇ.

હવે યોગ્ય તૈયારી કરી ૧૫૫૩ ના નવેંબર માસમાં હુમાયું ઉપડ્યો. પેશાવરને મુકામે બેહેરામખાન અને શાહજાદો અકબર કંદહાર અને ગીજનીમાં કસાયલા જોદ્ધા સહિત તેને આવી મળ્યા. સિંધુ ઉતરી લાહોર પોહોંચતાં સૂધી કોઈ સામું થયું નહિ અને મુગલો બીન હરકતે લાહોરમાં પેઠા. પંજાબ, જાલંધર, સરહિંદ, અને હિસાર પ્રાંતો હુમાયુંને હાથ આવ્યા. દિલાપુર આગળ કેટલાક અફગાન લઢવા ઉભા પણ હાર્યા, અને તેમની છાવણી મુગલોએ લૂંટી અને બાયડીઓ હરણ કરી. સિંકદરશાહ સૂરને હાથ દિલ્હી હતી, તેણે પંજાબના સૂબેદાર તાતારખાને ૩૦૦૦૦ ફોજ આપી સામો મોકલ્યો. સરહિંદની પાસે મચ્છીવાડાના રણમાં બેહેરામખાન અને અકબરે તેને હરાવી નસાડ્યો. મુગલ સેના દિલ્હી ભણી ચાલી. સિકંદર પંડે મોટું તોપખાનું, ૮૦૦૦ સ્વાર અને હાથીઓ લેઇ તેમને પાછા કાઢવાને આવ્યો. એને મળવાને બેહેરામખાન આગળ વધ્યો; પણ શત્રુની મોટી સંખ્યા જોઇ તેણે

હુમાયું પાસે મદદ માગી. પાદશાહે તરૂણ અકબરને સ્વારો આપી મોકલ્યો. મુગલ છાવણીના મોટા સરદારો તેને સામા લેવા ગયા. આ કુમક આવ્યા પછી પણ મુગલ ફોજની સંખ્યા પઠાણ લસ્કરથી ચોથે હિસ્સે હતી. તેમ છતાં તેઓ યુદ્ધ કરવાને મેદાન પડ્યા. ૧૮ મી જુન ૧૫૫૫ ને દિવસે સંગ્રામ થયો. હરોળની સરદારી અકબરે લેઇ હલ્લાં શરૂ કરી. પઠાણ ફોજ હારી, તેમાંના હજારો સિપાઇ રણમાં પડ્યા, અને સિકંદર પર્વતમાં નાઠો. હુમાયુંએ યુદ્ધનો હેવાલ લખાવી પ્રગટ કર્યો, તેમાં જય મેળવનાર અકબરને ઠરાવી તેને બહુ શાબાશી આપી. આ જયથી મુગલ રાજ્યની પુનઃ સ્થાપના થઇ. પંદર વરસ લગી દેશવટો અને સારી નરસી સ્થિતિ ભોગવ્યા પછી, હુમાયુંએ સને ૧૫૫૫ ના જુલાઇ માસમાં પાછો દિલ્હીમાં પગ મૂકયો. દિલ્હીની જુમા મસજીદમાં ફરીને તેને નામે ખુત્બો વંચાયો અને ત્યાંની ટંકશાળમાં તેના સિક્કા પાડ્યા. તે રાજ્યને થાળે પાડવાના કામમાં લાગેલો હતો તેટલામાં તેનું એકાએક અકાળ મૃત્યુ થયું. સને ૧૫૫૬ ના જાનેવારી માસની ૨૧ મી તારીખે સૂર્યાસ્તે પાદશાહી પુસ્તકશાળાની અગાશીમાં જઇ થોડીવાર ફરી પાછો ઉતરે છે, તેવામાં પાસેની મસજીદમાં નીમાજ પઢવા જવાની બાંગ પોકારી તે સાંભળી. તેને માન આપવાને શાહ બીજા પગથિયાપર બેઠો. બાંગ પૂરી થતાં અણિયાળી લાકડી હાથમાં હતી તે ઉપર ટેકવી ઉઠવા જાય છે કે લાકડી ખસી ગઇ અને આરસનાં લીસાં પગથિયાં ઉપરથી બાદશાહનો પગ લપસી ગયો, તેથી તે ઉંચી સીડીએથી નીચે પડ્યો. પડતાંવાર તે અચેત થઇ ગયો તેથી નોકરો તેને ઉંચકી મેહેલમાં લેઇ ગયા. થોડીવાર પછી ભાન આવેથી તે બોલ્યો. તેને સાજો કરવાની હકીમોની મેહેનત છુટી પડી. એ વેળા શાહજાદો અકબર પંજાબમાં હતો, તેને બોલાવવાને બીજે દહાડે માણસ મોકલ્યાં. ૨૪ મી જાનેવારી ૧૫૫૬, ૧૫ મી રબીઉલ અવ્વલને દિવસે તે દેવ-

શોક પામ્યો. "હુમાયું બાદશાહ અઝ બામ ઉફ્તાદ" એ વાક્યમાં એના મરણની તારીખ આવે છે; પણ એમાં એક વરસ ઓછું કર્યું છે એમ અબુલ ફઝલ કહે છે. એ વખત એની ઉમ્મર ૫૧ વરસની હતી. હુમાયુંનાં લક્ષણમાં કેટલીક ખોડ છતાં, તે ઉદાર અને ભલો હતો. તે સ્વભાવે ઘણો શૂરો હતો; પણ સેનાપતિના કામમાં બાબર કે શેરખાંને પોહોંચે તેવો ન હતો. ઘણીકવાર પોતાના ભાઇઓને અને બીજા બંડખોર સરદારોને દયા કરી તેણે માફી બક્ષી હતી. વિદ્વાન અને બુદ્ધિમાન માણસોને તે માન અને આશ્રય આપતો, અને ગુણની બુજ જાણતો. તે પડે ભણેલો હતો અને કવિતા જોડી શકતો. શાહજાદા અકબરને ભણાવવાપર તેણે યોગ્ય લક્ષ દીધું હતું, અને નાનપણથી તેને સરકારી તથા લશ્કરી કામમાં નાખી રાજકાજનો અનુભવી કર્યો હતો.

પ્રકરણ ૨ જું.

બેહેરામખાનનો કારભાર.

અકબરના અમલનું પેહેલું વર્ષ:—આ બાદશાહે ઈલાહી નામે નવો સન ચલાવ્યો. ૧૦ મી (૧૧ મી) માર્ચ ઈ. સ. ૧૫૫૬, હીજરી સન ૯૬૩ તા. ૨૭ મી રબીઉ-આખરે તેનો આરંભ થયો. પિતાનું મરણ થયું તેવારે અકબરનું વય ૧૩ વરસ અને ચાર માસનું હતું. બેહેરામખાન જોડે પંજાબમાં તેના પઠાણ શત્રુઓને જીતવાના કામમાં લાગ્યો હતો તેવારે એ માઠા સમાચાર જાણી અકબર ભારે શોક પામ્યો. મુગલ ફોજના સરદારોની સંમતિથી બેહેરામખાને પોતાની કલાનોરની છાવણીમાં તુરત અકબરની દુવાઈ ફેરવી, અને જુવાન પાદશાહે તેને ખાનખાનાનનો ઇલકાબ આપી મુખ્ય વજીર નીમી કુલ અધિકાર સોંપ્યો.

મુગલ પાદશાહનો અમલ હજી ભરતખંડના થોડા જ ભાગમાં સ્થાપન થયો હતો. સિકંદરશાહ સૂર હારી ઉત્તરના પર્વતોમાં ભરાયો હતો, પણ તેની સત્તા વિનાશ પામી ન હતી. જુની પઠાણ ફોજનો ઉત્તમ ભાગ હજી તેની સેવામાં હતો. સુલતાન મહમદ સૂર અદાલી અને તેનો હિંદુ વજીર હિમુ પૂર્વમાં પૂર જોરપર હતા. મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ હિંદનાં હિંદુ અને મુસલમાની રાજ્યો સ્વતંત્ર અને જબરાં હતાં. વળી નારાજ થયેલા માજી પઠાણ રાજ્યના સરદારો અને સિપાઈઓ દેશમાં પુષ્કળ હતા. તેની જોડે નવો પાદશાહ ઉમ્મરે આવેલો નહિ, ને તેની મુગલ સેના તમામ એકઠી કરે તોએ ત્રીશ હજારથી વધારે ન હતી, તથા તેના સરદારો પૂરા કહ્યાગરા ન હતા. પઠાણ લશ્કર એક લાખથી વધારે હતું. હિંદુસ્તાનમાં એ વર્ષે લગભગ દુકાળના વખત જેટલી મોંઘવારી હતી, ને તેમાં દિલ્હીમાં તો પૈસા ખરચતાં અન્ન મળતું નહિ. માણસ માણસને મારી ખાતા. આ સંકટમાંથી તેને ઉગારનાર અને તેના રાજ્યને મજબૂત કરનાર બહાદુર, બુદ્ધિમાન, અને દૃઢ મનનો બેહેરામખાન હતો. તે સ્વભાવે કઠણ અને એટલો ગર્વિષ્ટ હતો કે પાદશાહને પણ લેખવે નહિ; તોપણ ચતુર અકબર તેના ગુણપર નજર રાખી તેને વળગી રહ્યો, અને કિશોર વયમાં છતાં પોતાની વિશાળ બુદ્ધિ, શૂરતા અને ચપળતાવડે શત્રુઓને જીતવાને તત્પર થયો.

અકબર રાજ્યાસને બેઠો ત્યાર પછી થોડા વખતમાં શાહ અબુલ મ'આલી નામે સૈયદના ઉપર બંડ કરવાનો શક જવાથી ખાનખાનાને તેને પકડી મારી નાખવા માંડ્યો; પણ તરૂણ પાદશાહે તેને અટકાવ્યો. અમલના આરંભમાં ગુનો સાબિત થયા વિના માત્ર શક ઉપરથી સૈયદને મારવો એ ઠીક નહિ એમ કહી તેનો પ્રાણ ઉગાર્યો. હવે સુલતાન સિકંદરસૂરનો નાશ કરવાને પાદશાહી ફોજ કામે લાગી. શિવાલિક પર્વ-

તની તળેટી કને તેની સેના પડી હતી તેને હરાવી; પણ તે પંડે નાસી ડુંગરોમાં ભરાયો. ૭ માસ સુધી મુગલ ફોજ તેની કેડે પડી, પણ તે હાથ આવ્યો નહિ. નગરકોટનો રાજા રામચંદ્ર (બીજું નામ ધરમચંદ) એ ડુંગરી મૂલકમાં સર્વેથી મોટો હતો તે પાદશાહને તાબે થયો. વર્ષાઋતુ બેઠાથી પાદશાહે લશ્કર સહિત જાલંધરમાં આવી પાંચ મહિના લગી મુકામ કર્યો.

તાર્દીબેગ નામે મોટો અને હુમાયુંનો માનીતો સરદાર દિલ્હીમાં કામ ચલાવતો હતો તેણે તે શેહેરમાં અકબરની આણ ફેરવી, તેને નામે ખુત્બો ભણાવ્યો અને બીજા સરદારોની સાહ્યતાથી ત્યાં અને આસપાસનાં પરગણાંઓમાં બંદોબસ્ત રાખ્યો. હુમાયુંના વખતથી મુનીમખાન કાબૂલનો સૂબેદાર હતો તથા તેનો બીજો શાહજાદો મીરજાં મહમદ હકીમનો અતાલિક એટલે રક્ષક હતો. હુમાયુંનો જનાનો પણ કાબૂલમાં હતો. કંદહાર શેહેર અને તેના તાબાના પ્રાંતો બેહેરામખાનને જાગીરમાં આપ્યા હતા. બદખશાન પ્રાંતનો હાકેમ મીરજાં સુલેમાન હતો તેણે બળવો કરી કાબૂલ ઉપર સ્વારી કરી; અને મુનીમખાનની પાસે તે શેહેરનો બચાવ કરવા જોગ લશ્કર ન હોવાથી તે તેને નમ્યો. આ બનાવ કાબૂલમાં બન્યા તેવામાં દિલ્હીથી સમાચાર આવ્યા કે સુલતાન સૂરની ફોજે, તેના સેનાપતિ હિમુની સરદારી નીચે, આગ્રા ઉપર સ્વારી કરી છે. આગ્રાના હાકેમ સિકંદરખાં ઉસબેગથી તે નગરનો બચાવ થઇ શકયો નહિ, તેથી શેહેર ખાલી કરી દિલ્હી ગયો. હિમુ તેની પાછળ પડયો. હિમુ દિલ્હીની નજીક આવ્યો તેવારે તાર્દીબેગ વગેરે સરદારો મુગલ સેના લઇ તેની સામા જુદ્ધ કરવા ગયા, ને સંગ્રામ થયો તેમાં હાર્યા. તાર્દીબેગ નાઠો અને હિમુએ દિલ્હી શેહેર પોતાને કબજે કર્યું. આ સમાચાર આવ્યા પછી તાર્દીબેગ અને બીજા નાસી આવેલા મુગલ સરદારો પંડે પાદશાહી છાવણીમાં આવ્યા. રાજ્યધાનીનું રક્ષણ

કરવાને વધારે કોશીસ ન કરતાં ઝટ તેને છોડી દીધાને માટે બેહેરામખાને તાર્દીબેગનો શિરચ્છેદ કરાવ્યો, અને તેના મુખ્ય સાથીઓને કેદ કર્યા. આ સજાથી મુગલ સરદારોના મનપર સારી અસર થઇ. પાદશાહના ફુવા ખ્વાજા ખીજરખાનને કેટલુંક લશ્કર આપી સિકંદર સુરની પાછળ લાગ્યા રહેવાનું કામ સોંપી અકબર અને બેહેરામખાન હિમુની સામા ગયા.

હિમુ મૂળે ગરીબ ગાંધી હતો. એ સ્થિતિમાંથી તે પોતાના બુદ્ધિબળવડે સુલતાન અદિલ સુરની નોકરીમાં ચઢતો ચઢતો તેનો મુખ્ય વજીર અને સેનાધિપતિ થયો. દિલ્હી હાથ આવેથી ફુલાઇ જઇ તેણે વિક્રમાજીત નામ ધારણ કર્યું. તેની જોડે ઇસ્તાન્બુલથી મંગાવેલું તોપખાનું, દોઢ હજાર કે તેથી વધારે યુદ્ધ કરવાને શીખવેલા હાથી, પુષ્કળ ઘોડેસ્વાર અને પાળાનું મોટું સૈન્ય હતું. તે લઇ તે પાદશાહી ફોજને જીતવાને ચડયો. તેની હરોળમાં તોપખાનું હતું તે પાણીપતના રણમાં પોહોંચ્યું તેવારે અકબરની હરોળે તેના ઉપર હુમલો કરી તેને જીતી લીધું. એ ખબર જાણી હિમુ નાખુશ થયો, પણ હિમ્મત ન હારતાં આગળ વધ્યો. પોતાની ફોજના સરદારોને બોલાવી ભાષણ કરી તેમને પાનો ચઢાવ્યો, મસ ધન આપવાનાં વચન આપ્યાં, અને પ્રત્યેકને બેસવાને હાથી આપ્યો. પોતે પોતાના હવા નામે હાથીપર સ્વાર થઇ સંગ્રામને માટે સેનાને ગોઠવી. જમણે અને ડાબે હાથે બે જબરી ટુકડીઓ રાખી પંડે ૫૦૦ હાથી અને ૨૦૦૦૦ રજપૂત અને અફગાન એટલે પઠાણ સ્વારો સહિત મધ્ય ભાગે રહ્યો. શુક્રવાર તા. ૨ જી મોહોરમ હી. સને ૯૬૪ (ઇ. સ. ૧૫૫૬ તા. ૫ મી નવેંબરે) સંગ્રામ થયો. મુગલ ફોજના હુસેન કુલીખાં વગેરે સરદારોએ શત્રુના કેટલાક હુમલા પાછા વાળ્યા પછી, અકબરના લશ્કરનો મધ્ય ભાગ ખાનજમાનની સરદારી નીચે હતો તેના ઉપર હિમુ જાતે પોતાના હાથીઓ સહિત

ધસ્યો. મુગલોએ તેના ઉપર તીરનો વરસાદ વરસાવ્યો. તેમાંનું એક તીર તેની આંખમાં ભોંકાઇ અંદરના ભાગમાં પેઠું. હિમુ અચેત થઇ હોદામાં પડ્યો. તે જોઇ તેની સેના નાઉમેદ થઇ નાસવા લાગી, ને મુગલ ફોજે પાછળ પડી તેમાંના ઘણા માણસને વાઢી નાંખ્યા. અચેત થઇ પડેલો હિમુ મુગલોને હાથ આવ્યાથી તેને અકબરની હજૂરમાં આણ્યો. બેહેરામખાને તરૂણ પાદશાહને કહ્યું કે આ કાફર દુશ્મનનો શિરચ્છેદ કરી ગાઝી કહેવાઓ. અકબર કહે એ અચેત મુડદાલ થયો છે, એના ઉપર હાથ કરવામાં શો માલ છે? એનામાં શુદ્ધિ અને કૌવત હોત તો હું તેમ કરત. પછી બેહેરામે પંડે તેનું ડોકું વાઢી નાંખી કાબૂલની ભાગોળે લટકાવવાને મોકલ્યું ને તેના શરીરને દિલ્હીના દરવાજાપર મૂકવાને મોકલ્યું. શત્રુનું દળ દિલ્હી ભણી નાઠું, તેની પૂઠે સિકંદરખાન ઉઝબેકને મોકલી મુગલ ફોજે તે રાત્રે પાણીપતના રણમાં મુકામ કર્યો. બીજે દહાડે ત્યાંથી ઉપડી દિલ્હી જવાની આજ્ઞા થવાથી મુગલસૈન્ય વચમાં અટક્યા વિના ત્યાં ગયું. પાદશાહ તે રાજ્યધાનીએ પોહોંચ્યા તેવારે નગરવાસીઓ આવકાર દેવાને સામા તેડવા આવ્યા. દિલ્હીમાં એક માસ મુકામ રાખ્યો તે દરમિયાન જાણવામાં આવ્યું કે માજી સુલતાન શેરશાહનો ગુલામ હાજીખાન મેવાડ દેશના અલવાર નગરનો કબજો કરી ત્યાં પોતાનો અમલ બેસાડવાનો યત્ન કરે છે, અને હિમુનો બાપ અને બટલો પણ ત્યાં છે. ગુલામ હાજી શૂરો અને હોંશીઆર સેનાપતિ હતો, માટે તેને તુરત જીતવાની જરૂર હતી. નાસિરૂલમુલ્ક પીરમહમ્મદને વીણી કાઢેલું લશ્કર આપી તેની ઉપર પાદશાહે મોકલેલો, તેની સામે થવાને ન થોભતાં હાજીખાન નાઠો; અને અલવાર તથા તેની આસપાસના મેવાડના પ્રાંતો પાદશાહી અમલદારોને કબજે આવ્યા. દેવતી માજરી નામે હિમુનું જન્મસ્થળ હતું ત્યાં પઠાણ લોક નાઠા. પાદશાહી ફોજે ત્યાં જઇ તેમના ઉપર હુમલો કર્યો. ગઢ મજબૂત હોઈ, લઢાઇ જબરી

થઇ, પણ અંતે મુગલો જીત્યા. હાજીખાન અજમેર ભણી નાઠો; અને હિમુનો ઘરડો બાપ, અને તેનો તમામ કબીલો, અને ખજાનો મુગલોને હાથ આવ્યો. તે ડોસાને મુસલમાન થવાની શરતે જીવતદાન આપવાનું નાસિરૂલમુલ્કે કહ્યું. ડોસાએ જવાબ દીધો કે "આજે એંશી વરસ થયાં હું મારા પોતાના ધર્મ પ્રમાણે પરમેશ્વરને પૂજું છું, તે હવે કેમ છોડું? શું તમારો ધર્મ સમજ્યા વિના, મોતના ભયને લીધે સ્વીકારૂં?" નાસિરૂલમુલ્કે એ ઉત્તર ધ્યાનમાં ન લેતાં તે વૃદ્ધ પુરૂષના અંગમાં તરવાર ભોકી તેનો પ્રાણ લીધો. અકબરના માણસો એવા અંધ હતા. પુષ્કળ લૂટ અને પચાસ હાથી લેઇ એ ફોજ પાછી દિલ્હી આવી.

હાજીખાન અજમેર ગયો ત્યાં તેની અને અજમેરના રાણાની વચ્ચે ટટો થયો. મોટું જુદ્ધ થયું તેમાં રાણો હાર્યો, અને અજમેર અને નાગોર અફગાન સરદારને હાથ આવ્યાં. તેની આ ફતેહના સમાચાર અકબરને થવાથી તેણે સૈયદ મહમદ કાસિમ નૈસાપુરીની સરદારી નીચે તેને જીતવાને મુગલ ફોજ મોકલી; પણ પાછી ખબર મળી કે હાજીખાન એટલો બધો સબળ છે કે તે ફોજની સામા ટક્કર ઝીલી શકશે, માટે પાદશાહ બેહેરામખાનને જોડુ લેઈ પંડે તે ફોજની મદદે ગયો. પ્રથમ હિસાર ગયા અને ત્યાંથી સરહિંદમાં પિતાની કબર હતી તેનાં દર્શન કરી અજમેર તરફ સ્વારી ચાલી. આ વાતની જાણ હાજીખાનના લશ્કરને થવાથી તે વિખરાઇ ગયું. સિપાઇ પોતપોતાને ઘેર ગયા, અને હાજીખાન પંડે ગુજરાતમાં નાઠો. મહમદ કાસિમે અજમેર ગઢનો કબજો કર્યો, અને જીતસારન નામે રજપૂત સંસ્થાન હતું તે બીજા સરદારોએ જીત્યું.

બીજું વર્ષ.—અકબરના અમલનું બીજું વર્ષ મંગળવાર તારીખ ૯ મી જુમાદલ અવ્વલ હી. સને ૯૬૪ (માર્ચ ૧૦ મી ૧૫૫૭) ને

દિવસે બેઠું. લાહોરના સુબેદાર ખીજરખાનખ્વાજાને સુલતાન સિકંદર-સૂરે હરાવ્યાના સમાચાર મળ્યાથી પાદશાહ પંડે સિકંદરને જીતવાને ચડયો. તેની ફોજ જાલંધર પોહોંચી તેવારે સિકંદર પાછો હઠી શિવાલિકના ડુંગરી મુલકમાં ગયો. મુગલ સેના તેની પાછળ ગઇ; પણ સિકંદર લઢવાને મેદાનમાં ન આવતાં માણકોટ નામે ગઢમાં ભરાયો. પાદશાહે તે ગઢને ઘેરી લીધો.

એ ઘેરાનું કામ ચાલતું હતું તેવામાં અકબરની મા મરિયમ મકાની અને પાદશાહી કુટુંબની બીજી બેગમો કાબુલથી આવ્યાં. તેઓ એક મજલ દૂર રહ્યાં તેવારે અકબર હરખ ભર્યો પોતાની માને સામે તેડવા ગયો. મા દીકરો મળી ઘણો આનંદ પામ્યાં.

ઘેરાનું કામ જોરથી ચાલ્યું, તોપણ ઘણા માસ પોહોંચ્યું. અંતે સિકંદરને બચવાનો સંભવ જણાયો નહિ અને તે બહુ હેરાન થયો, તેવારે તેણે તાબે થવાનું કહેણ મોકલ્યું. તેની અરજપરથી અકબરે અત્કાખાનને તેની જોડે કરારની શરતો ઠરાવવાને મોકલ્યો. સિકંદરે તેની આગળ કરગરીને કહ્યું કે જે કામ મારાથી પાર પાડી શકાય નહિ તેવું મેં માથે લીધું છે. પાદશાહની સામા થવાથી મને લાભ થાય તેવું નથી એ હું જાણું છું, માટે મને કૃપા કરી બંગાળે જવા દો. હું પાદશાહને તાબે રહીશ, અને મારા દીકરાને ઓળમાં આપીશ. અત્કાખાને પાછા આવી એ અરજ ખાનખાનાનને જણાવ્યાથી તેણે તે કબૂલ કરવાની પાદશાહની મંજૂરી લીધી. સિકંદરે પોતાના દીકરા અબદુર રહેમાનને પાદશાહને શરણે મોકલ્યો, તથા પચાસ હાથી તથા બીજી જણસો ભેટ કરી; અને તા. ૨૭ મી રમઝાન હી. સ. ૯૬૪ ને દિવસે માણકોટગઢ આપી તે બંગાળે ગયો. તા. ૨ જી શાહ અવ્વલને રોજ મુગલ ફોજ ત્યાંથી ઉપડી લાહોર ભણી ચાલી.

માણુકારનો ઘેરો ચાલતો હતો તેવામાં એક દિવસે ફતુહા અને બકશા નામે બે હાથીને પાદશાહની ગમતને માટે લઢાવ્યા. તે હાથી એક એકને ધકેલી હઠાવતા ખાનખાનાનના તંબુની બહુ નજીક ગયા. એ વેળા બેહેરામખાન માંદો હતો. ગૂમડાં થવાથી તે બહાર નીકળી શકતો ન હતો. તેના મનમાં શક આવ્યો કે પાદશાહી હજૂરી નોકરોએ જાણી જોઇને હાથીને તે તરફ હંકાવ્યા. ખાનના સાથીઓએ તેના શકને ટેકો આપ્યો. તેપરથી તેણે પાદશાહને અરજ કરી કે મારા નિંદકોએ મારા કયા ગુન્હાને માટે આપની મારાપર ઇતરાજી કરાવી. અકબરે તેને કહાવ્યું કે એ અણધાર્યો બનાવ હતો. પરંતુ બેહેરામની તેથી ખાતરી ન થવાથી લાહોરને મુકામે તેણે અતકાખાનને કહાવ્યું કે મારૂં અપમાન કરવાની સલાહ પાદશાહને તેં આપી, એવો મને શક છે. એ સાંભળી અતકાખાન ઘણો ખેદ પામ્યો. પોતાના બધા દીકરાને જોડે લેઇને બેહેરામને ઘેર ગયો, અને કુરાન ઉપર હાથ મૂકી કસમ ખાઇ તેણે તેના મનમાંથી સંદેહ કાઢી નાંખ્યો.

ચાર મહિના ને ચૌદ દહાડા રહી સ્વારી લાહોરથી ઉપડી દિલ્હી ભણી ચાલી. વચમાં જાલંધરને મુકામે અકબરે પોતાની ફોઇના દીકરાની દીકરી સુલતાન બેગમને બેહેરામખાન વેરે પરણાવી. માજી પાદશાહ હુમાયુએ એ પ્રમાણે કરવાનું વચન આપ્યું હતું, તે અકબરે અમલમાં આણ્યું. એ પ્રસંગે ખાનખાનાને મોટી જ્યાફત કરીને પાદશાહને જમવાનું ઇજન કર્યું. નોતરૂં સ્વીકારી અકબરે તેને માન આપ્યું. બેહેરામે તે દિવસે ઘણે ઉદારપણે ખરચ કર્યો.

ઇલાહી વર્ષ ૩ જું:—દિલ્હીમાં આવી પાદશાહે પ્રજાના અને લશ્કરના કામપર ધ્યાન આપ્યું. ખાનખાનાન અને બીજા પ્રધાનો અને ઉમરાવો હફતામાં બેવાર દીવાનખાનામાં હાજર થઇ પાદશાહના હુકમ

પ્રમાણે કામ કરતા. મરહુમ પાદશાહની કારકીર્દીમાં ખ્વાજા કલાન-બેગ કરીને મોટો ઉમરાવ હતો તેનો દીકરો મુસાહિબખાન બેહેરામ જોડે દ્વેષ બાંધી બેઠો હતો, માટે તેને બેહેરામે મારી નંખાવ્યો. એ વરસમાં એક દિવસે લખના નામે હાથી ઉપર સ્વાર થઈ પાદશાહ ફરવા નીકળ્યા. માર્ગમાં તે હાથી બીજા હાથીની પાછળ દોડયો અને વચમાં ખાડી આવી તેમાં પડયો. અકબર પોતાને સ્થાનેથી ઉછળી હાથીના કુંભસ્થળ ઉપર પડયો અને તેનો પગ હાથીના ગળામાં માવતને પગ ટેકવવાનો પટો હતો તેમાં ભરાયો. તેની પાછળ બેઠેલો નોકર નીચે ભોંયપર પડયો, પણ પાદશાહ પડે બીજા માણસોએ ભેગા થઇ તેના પગને પટામાંથી છુટો પાડયો ત્યાંલગી તેને વળગી રહ્યો. હાથી પોતાના બળે કરી ઉભો થયો અને ખાડીમાંથી નીકળ્યો. અકબરશાહ ફરીને તેની ઉપર ચઢી બેઠા અને સહીસલામત મેહેલે પધાર્યા. છ માસ પછી તેઓ હોડીમાં બેશી જમના નદીની વાટે આગ્રે સિધાવ્યા.

બેહેરામખાનનો મુખ્ય કારભારી (વકીલ ઇ મુતલક) મૌલાના પીરમહમ્મદ શિર્વાની હોવાથી રાજ્યનું સર્વ કામકાજ તેને હાથ હતું. સર્વ અકાબર એટલે અમીર ઉમરાવ અને સરદારો અને અમલદારોને ખાનખાનાનને અરજ કરવી હોય તે પ્રથમ તેઓ તેને કરતા, તેથી તેને મળવાને નાના મોટા ઘણા તેને ઘેર જતા. આથી ફૂલાઈ જઇ તે કોઇને ભાગ્યે મળે, અને કેટલાક દહાડા તો ઘરમાંથી બહાર નીકળ્યો નહિ. માંદાને જોવા જાય તેમ બેહેરામખાન તેને જોવા ગયો. તેને બારણે ઉભેલા ગુલામે તેને અંદર પેસવા ન દેતાં કહ્યું, "ઉભા રહો, હું અંદર જઇ ખબર કરી આવું." બેહેરામને એથી ઘણો ગુસ્સો લાગ્યો. એ જાણી પીરમહમ્મદ દોડી આવ્યો ને માફ માગવા લાગ્યો. ખાનખાનાને કહ્યું, "તારા ગુલામે મને અટકાવ્યો શા માટે?" પીરમહમ્મદ કહે,

'તેણે આપને ઓળખ્યા નહિ.' બેહેરામખાન કહે, 'તેનાં મનની વાત તેં કેમ જાણી?' એટલું બોલવું થયા પછી તેઓ અંદર ગયા, પણ પીરના નોકરોએ બેહેરામખાનના અનુચરોને તેની પાછળ ઘરમાં જવા દીધા નહિ. માત્ર તાહિર મહમ્મદ સુલતાન વાર્યો ન રહેતાં અંદર ઘૂસ્યો. થોડીવારે ઉઠી ખાનખાનાન પોતાને મકાને આવ્યો. પીરમહમ્મદની કરણી ઉપર વિચાર કરી થોડે દહાડે તેને કહાવ્યું કે, "તું કંદહારમાં આવ્યો તેવારે કંગાળ વિદ્યાર્થી હતો. તારામાં કાંઇ ગુણ દેખી મેં તને આટલે મોટે દરજ્જે ચઢાવ્યો; પણ તું એ મોટાઇને યોગ્ય નથી. તારામાં કુ-લક્ષણ બળવત્તર થયાં છે. માટે તારી પાસેથી તમામ કામ અને તને આ-પેલી બધી પદવીઓ થોડા વખત સુધી લેઇ લઉં છું." ત્યાર પછી તેની જગા હાજી મહમ્મદ સીસ્તાનીને આપી અને તેને બયાનગઢમાં પરહેજ કર્યો, ને પાછળથી મક્કે હજ કરવાને મોકલ્યો. મક્કે ન જતાં તે ગૂજ-રાતમાં રહ્યો, ને બેહેરામખાનનો અમલ ઉતર્યા પછી પાછો દરબારમાં આવ્યો. બેહેરામખાનના વગથી દિલ્હીના શેખ ગદાઇ વલ્લદે શેખ જમાલ કંબુને સદારત ઇમ માલીક એટલે મુખ્ય ન્યાયાધીશની જગા મળી. એ જગા જેને મળે તેની પદવી હિંદુસ્તાન અને ખોરાસાનના તમામ અકાબરોથી ઉંચી ગણાતી. મીર અબદુલ લતીફ કઝબીની નામે લાયક પુરૂષને અકબરનો શિક્ષક ઠરાવ્યો. પાદશાહ તેની પાસે ઘણીવાર ગુહ્ય અર્થવાળી ગઝલો વાંચતો.

ગ્વાલિયરગઢ તેની ઉંચાઇ અને મજબુતાઇને માટે પ્રખ્યાત હતો, અને તેમાં આગળ મોટા રાજા વસતા. સુલતાન મહમ્મદ આદિલના ગુલામ સુહેલના કબજામાં તે આવેલો હતો. આગ્રાને રાજનગર કર્યા પછી અકબરની ફોજે તેને જીતી લીધો. આગ્રાની પાડોશમાં હવે જબ-રામાં જબરો ગઢ ચંબર નદીને ડાબે કાઠે હાથકંત કરીને હતો. તેમાં ભાદોરિયા વગેરે રજપૂતો વસતા. તેઓ શૂરા અને સંખ્યામાં ઘણા,

હતા, અને હિંદુસ્તાનના પાદશાહોની સામા બંડ કરી સદા જુદ્ધ કરતા. અધમખાં નામે સરદાર વિષે બેહેરામખાનના મનમાં પૂરો ને પકો વહેમ હતો, માટે તેને એ કિલ્લો અને તેની આસપાસનાં પરગણાં જાગીરમાં આપી ત્યાં મોકલ્યો. એ રીતે તેણે દુશ્મનને પાદશાહની હજુરમાંથી ખસેડ્યો અને બંડખોર રજપૂતોને જીત્યા.

ઇલાહી વર્ષ ૪ થું.—પઠાણ લોકોને કબજે જવાનપુર હતું, તે આ વર્ષમાં મુગલ સરકારે વશ કર્યું. ખાનજમાનની સરદારી તળે મોટું લશ્કર ત્યાં ગયું. અફગાનો હિંમતથી લઢ્યા પણ જય પામ્યા નહિ, અને તેમનો તે મૂલક ખાલસા કરવામાં આવ્યો. એ જ વર્ષમાં રણથંભોર જીતવાને હબીબઅલીખાનને મોકલવામાં આવ્યો. પ્રથમ સુલતાન શેરખાનની તરફથી તેનો ગુલામ હાજીખાન ત્યાં અમલ કરતો હતો. એ પ્રાંતમાં રાય ઉદયસિંહ મોટો બળવાન રાજા હતો. તેના કોઇ રાય સર્જન નામે સગાને હાજીખાને તે ગઢ વેચાતો આપ્યો હતો. હબીબઅલીએ તે ગઢને ઘેરી લીધો અને આસપાસનાં પરગણાં લૂંટી ઉજડ કર્યાં. ત્યાર પછી અમીરો પોતપોતાની જાગીરોમાં ગયા. એ વર્ષમાં શેખ મહમ્મદ ઘઉસ પોતાના ઘણાક ચેલા અને નોકરો સહિત ગૂજરાતથી આગ્રે આવ્યો. તેને પાદશાહની મુલાકાત થઇ, પણ શેખ ગદાઇ જોડે તેને બનાવ ન હતો; અને ખાનખાનાન અને શેખ ગદાઇ એક હતા, તેથી શેખ ઘઉસને તેની ઉમેદ પ્રમાણે લાભ થયો નહિ. તે નાખુશ થઇને ગ્વાલિયરમાં જઇ રહ્યો ને પાદશાહે તેને એક કરોડ (ટકા)નું વરસાસન કરી આપ્યું.

બેહેરામખાને ખાનઝમાનના ભાઇ બહાદુરખાનને માળવા જીતવા મોકલ્યો. એ સમે તે દેશ બાજબહાદુર નામે અફગાન સરદારને હાથ હતો. મુગલ સેના સીરીનગર સુધી ગઇ તેવામાં બેહેરામખાન અને

અકબરશાહની વચમાં અણબનાવ થવાથી બેહેરામખાને તેને પાછી બોલાવી.

ઇલાહી વર્ષ ૫ મું, તા. ૧૬ મી જુમાદલ આખિર હીજરી સને ૯૬૭, તા. ૧૦ મી માર્ચ ઈ. સ. ૧૫૬૦ ને રોજ બેઠું. રાજ્યનો ઘણો ખરો વહીવટ બેહેરામખાનને હાથ હતો. તેના ઉપર અદેખાઇ અને દ્વેષ રાખનારા માણસો પાદશાહના વહાલા થવાને તેની આગળ તેની નિંદા કરી તેના ઉપર ઇતરાજી આણવાપર મંડ્યા હતા. એ માણસોમાં અધમખાન મુખ્ય હતો. એની મા નામે માહમઅંકે અકબરને ધવરાવી ઉછેર્યો હતો, તેથી તે બાઇની સત્તા દરબારમાં ઘણી હતી. તે પાદશાહી જનાનખાનાની દેખરેખ રાખનાર ઉપરી અને અકબરને બહુ વહાલી હતી, તેથી અધમખાન દરબારી ઉમરાવોમાં શ્રેષ્ઠ હતો. એ અને એની મા બેહેરામને ખરાબ કરવાની સદા કોશીશ કરતાં; પરંતુ ખાનખાનાનનાં ડહાપણ અને ચતુરાઇ આગળ તેમની ધારણા અદ્યાપિ પાર પડી નહોતી. અકબરે તેમની શીખવણી હજી સૂધી માની નહોતી. પણ આ વરસમાં પાદશાહ એક સમે જમના નદી ઓળંગી સામે તીરે મૃગયા રમવા ગયો, અને બેહેરામખાન પાછળ આગ્રામાં રાજકાજ ચલાવતો રહ્યો. અકબર આગળ વધી સિકંદરનગર લગી ગયો. એ શેહેર દિલ્હી અને આગ્રાની વચ્ચે બંનેથી સરખે અંતરે છે. દિલ્હીમાં એ વેળા શાહાબુદ્દીન નૈશાપુરી નામે સરદાર હાકેમ હતો, અને અકબરની મા મરિયમ મકાનીનો મુકામ તેવારે દિલ્હીમાં હતો. માહમઅંક એ શાહાબુદ્દીનની સગી અને મોહોબતવાળી હતી, અને તે બે અંદરખાને મળતિયાં હતાં. એ પરથી તે બાઇએ એમ ધાર્યું કે પાદશાહ દિલ્હી જાય તો શાહાબુદ્દીન જોડે મળી તેને એવો ભંભેરીએ કે તેને બેહેરામખાન જોડે અણબનાવ થાય અને રાજ્યની લગામ તેની પાસેથી તે છીનવી લે. અકબરને દિલ્હી લેઇ જવાને તે બાઇએ કહ્યું કે, ' મા મરિયમ મકાની

બીમાર અને નાકૌવત થયાં છે અને આપને મળવાને બહુ ચાહે છે.’ પોતાની માતુશ્રીને માંદી સાંભળી અકબરનું મન ખેદ પામી ચિંતાતુર થયું. તેને જોવાને તે દિલ્હી ગયો. શાહબુદ્દીન સામો તેડવા આવ્યો. તેની જોડે પાદશાહ ત્યાં જઇ માને મળ્યો. અહીં માહમઅંકે અને શાહાબુદ્દીને તેને ખૂબ ભંભેર્યો. તેને માહમઅંકે કહ્યું કે ‘જ્યાંલગી બેહેરામખાનને હાથ મુખ્ય વજીરાત છે ત્યાંલગી આપ જાણે પાદશાહ જ નથી તેવું રહેવાનું, આપની ખુશી મુજબ કાંઇ થઇ શકશે નહિ; કેમકે તમામ અધિકાર ખાનખાનાનને હાથ છે, અને તેની મરજી પ્રમાણે આપને વર્તવું પડે છે.’ વગેરે બીજું ઘણુંક કહ્યું; અને બેહેરામખાન હમેશ અકબરને રાજી રાખવાને આતુર નહતો, તોપણ શાહનું મન ચળ્યું નહિ. આપઅખત્યારી થવાની લાલચે તે ડગ્યો નહિ. તેવારે એ કપટી નારીએ સ્ત્રીચરિત્ર કરી પોતાની ધારણા પાર પાડી. તે બોલી કે જ્યારે ખાનખાનાનના જાણવામાં આવશે કે ‘મારી શીખવણીથી આપ દિલ્હી ગયા ત્યારે તે મારાપર ખાર રાખશે, ને મારામાં તેની ટક્કર ઝીલવાનું બળ નથી, માટે મને મકકે જવાની રજા આપો. હજુરમાં રહી આપની સેવા કરવાને બદલે ત્યાં રહી હું આપના કલ્યાણને માટે પરમેશ્વરની પ્રાર્થના કરીશ.’ પોતાની ધાવ તરફ શાહને એટલી બધી વહાલી હતી કે તેનાથી એમ છૂટા પડવાને તે રાજી ન હતો. તેણે કહ્યું કે ‘ખાનખાનાનને હું કહેવડાવું છું કે તારો વાંક માફ કરે.’ પછી અકબરે બેહેરામખાનને સંદેશો મોકલ્યો કે ‘આપની સલાહ લીધા વિના હું અહિં આવ્યો છું, તેથી મારા હજુરી માણસોપર તમારા મનમાં વહેમ ઉત્પન્ન થયો હશે; પણ તમારે એ વહેમ દૂર કરી શાંત મને મારી સેવા કર્યા જવી.’’ શાહાબુદ્દીન અહમદ ઘણો જાગૃત અને સાવચેત હતો. તેણે ગઢોમાં રાખેલી ફોજ વધારી જાપતો મજબૂત કર્યો, રાજ્યકાજનો વહીવટ પોતાને હાથ લેવાની યુક્તિઓ કરી, અને માહમઅંકની જોડ

મસલત કરી પાદશાહના હજૂરી નોકરોનાં મન ફેરવી વજીરની સામા થવાને તેમને શીખવ્યું.

પાદશાહનો પેગામ પહોંચ્યા પછી બેહેરામખાને ખ્વાજા અમરૂદ્દીન મહમુદ હાજીમહમ્મદ સિસ્તાની અને તર્સુનબેગ નામે મોટા અમલદારોને બાદશાહની હજૂરમાં દિલ્હી મોકલી અરજ કરી કે, "આપનો હું આધીન સેવક આપની ઇચ્છા વિરૂદ્ધ કોઇ સરકારી નોકરને કાંઇ ઇજા કરવાનો નથી; કેમકે જેઓ પોતાનું નિમકહલાલીથી કામ બજાવે તેમની ઉપર માયા અને મેહેરબાની કરવી ઘટે છે."

બેહેરામખાનની વિરૂદ્ધ પાદશાહને ઘણું કહેવામાં આવ્યું હતું, તેથી પાદશાહે એ કહેણુ સ્વીકાર્યું નહિ અને લાવનારાને પાછા મોકલ્યા. ખાનખાનાન ઉપર શાહની ઇતરાજી થયાની ખબર પસરતાં બધા માણસો તેની ભણી પીઠ કરી પાદશાહની તરફ જોવા લાગ્યા. જે અમીર ઉમરાવો અને મોટા અમલદારો દિલ્હી આવ્યા તેમને શાહાબુદ્દીને અને મહામઅંકે ઇનામ અકરામ જાગીરો અપાવવાની લાલચ દેખાડી ઉત્તેજન આપ્યું. બેહેરામખાનને ઘણોક વખતથી હજ કરવા જવાની ઇચ્છા હતી. રાજકારભાર છોડી જે અમીરો અને ખાનો તેની પાસે રહ્યા હતા તેમને દિલ્હી મોકલ્યા અને પંડે આગ્રેથી નીકળી નાગોર ભણી ચાલ્યો. એ સમાચાર દિલ્હી પહોંચ્યા તેવારે શાહાબુદ્દીને અને માહમઅંકે પાદશાહને કહ્યું કે બેહેરામખાન પંજાબ જીતી લેવાને ગયો. અકબરશાહે મીર અબદુલ લતીફ જોડે વજીરને પેગામ મોકલ્યો કે "મને તમારા પ્રમાણિકપણાપર અને નિમકહલાલીપર સંપૂર્ણ ભરોંસો હોવાથી આજસુધી રાજનાં સકળ અગત્યનાં કામકાજ આપને સોંપ્યાં હતાં, અને હું પંડે માત્ર મોજ મઝા કરતો. પણ હવે પાદશાહીનો તમામ કારભાર મેં મારા હાથમાં લેવાનો ઠરાવ કર્યો છે, તેથી આપને ઘણા વખતથી મક્કે

જવાની મરજી હતી તે પ્રમાણે આપે ત્યાં જવું. આપના ગુજરાનને માટે હિંદુસ્તાનનાં પરગણાંઓમાંથી યોગ્ય જાગીર આપવામાં આવશે અને તેની ઉપજ આપના આડતિયાની મારફતે આપને પહોંચતી કરીશું."

મીર અબ્દુલ લતીફે એ સંદેશો ખાનખાનાનને કહ્યો તે લક્ષ દેઈને સાંભળી મેવાડથી ઉપડી તે નાઘોર ભણી ચાલ્યો. હવે તેની સાથે વલીબેગ ઝુલકદર, તેના દીકરા હુસેનકુલીબેગ અને ઇસ્મૈલ કુલીબેગ, શાહકુલી મહિમ, તેનો ભાણેજ હુસેનખાન, અને જમાઇ મહાદી કાસિમખાન માત્ર રહ્યા. નાઘોર પહોંચ્યા પછી બેહેરામખાને હુસેન કુલીબેગની જોડે નિશાન, નોબત, અને અમીરીનાં બીજાં ચિન્હો પાદશાહને મોકલ્યાં. દિલ્હીથી ઉપડી અકબરશાહ પંજાબ ભણી જવા નીકળ્યા હતા. પાદશાહી સ્વારી માર્ગમાં ચાલતી હતી તેવામાં કુલીબેગ આવી પહોંચ્યો અને તેનો સાથી શાહઅબ્દુલ મ'આલી ઘોડો દોડાવતો શાહની હજુરમાં આવ્યો. એ બેઅદબીથી અકબરને માઠું લાગવાથી તેણે મ'આલીને પરેહજ કરાવ્યો. બેહેરામખાને નિશાન નોબત વગેરે આપી દીધાથી પાદશાહ સંતોષ પામ્યા.

પ્રકરણ ૩ જું.

બેહેરામખાનનો બળવો અને પરાજય-ઇલાહી વર્ષ નવમા લગીનો હેવાલ-માળવા, ખાનદેશ, ચુનારગઢ, વગેરે પર સ્વારીઓ, અને અમલદારોનાં બંડ-યુદ્ધમાં પકડાયલા બંધીવાનને ગુલામ કરવાની મના-જાત્રાળુ કરની માફી-જજીઆ વેરાની માફી.

પીર મહમ્મદખાન શિર્વાનીને બેહેરામખાને કાઢી મૂકયો ત્યારથી તે ગૂજરાતમાં જઇ રહ્યા હતો. બેહેરામના હાથમાંથી વજીરાત ગયાના સમાચાર જાણીને તે દરબારમાં હાજર થયો. પાદશાહે તેનો સત્કાર કર્યો અને "નાસિરૂલ મુલ્ક" નો ઇલકાબ તથા નિશાન નોબત આપી કેટલીક ફોજ સહીત તેને બેહેરામની પાછળ એવો હુકમ આપી મોકલ્યો કે પદભ્રષ્ટ વજીર જેમ જલદી મકકે જાય તેમ કરવું. ત્યાર પછી પાદશાહ પાછા દિલ્હી પધાર્યા, અને કાબૂલમાં પાદશાહની વતી મુનીમખાન હકુમત ચલાવતો હતો તેને હજુરમાં આવવાને હુકમ લખી મોકલ્યો.

બેહેરામખાન ગૂજરાત ભણી જવા નીકળ્યો હતો, પણ માર્ગમાં જોધપુરના રાજા માલદેવે, જબરી ફોજ સહિત તેના ઉપર હુમલો કરવાના ઇરાદાથી, મજબૂત છાવણીમાં મુકામ કર્યો હતો; માટે તેણીગમ ન જતાં તે નાગોરથી વાંકાનેર (બિકાનીર) ગયો. વાંકાનેરના જમીનદાર રાયકલ્યાણમલે અને તેના કુંવર રાયસિંહે ખાનખાનાનનો સત્કાર કર્યો. થાક ખાવાને તે અહિં થોડા દિવસ રહ્યા. તેવારે તેને ખબર પડી કે પીર મહમ્મદખાનને તેની ઉપર હુમલો કરવાને મોકલ્યો છે, એ જાણી તે ખીજવાયો અને ખેદ પામ્યો. આ તકનો લાભ લેઇ કેટલાક દુર્જનોએ તેને બંડ કરવાને ઉશ્કેર્યો. બળવાનો ઝુંડો રોપવાના હેતુથી તે પંજાબ ગયો. તબરિંધ (સરહિંદ) ગઢ શેરમહમદ દીવાના નામે સરદારને હાથ હતો. એ માણસ બેહેરામનો જૂનો સેવક હતો અને તેના ઉપર તેણે ઘણો ઉપકાર કર્યો હતો માટે પૂર્ણ ભરોસે પોતાનો ત્રણ વરસનો મીરજાખાન (અબ્દુરરહીમ) નામે પુત્ર તમામ કબીલો અને માલમત્તા તેને સોંપી તે આગળ ચાલ્યો. બેહેરામના ગયા પછી શેરમહમ્મદે તેનો માલ લુંટી લીધો અને તેના નોકરોને બહુ પીડયા. દીપાલપુર પ્રગણામાં બેહેરામ પહોંચ્યો તેવારે તેને એ સમાચાર મળ્યા. શેરમહમ્મદને સમજાવી

એ અડચણ દૂર કરવાને તેણે પોતાના દીવાન મુજાફરઅલીને મોકલ્યો; પણ શેરે તેને પરહેજ કરી પાદશાહને સ્વાધીન કર્યો. આ બનાવથી ચીડાઇ જઇ બેહેરામ જાલંધર નગરમાં ગયો.

આ સમાચાર અકબરને થતાં તેણે સમશુદીનખાન અત્કાની સરદારી નીચે ઘણાક ઉમરાવને લશ્કર આપી પંજાબમાં બેહેરામના બળવાને બેસાડી દેવાને મોકલ્યા. જાલંધરની પડોશમાં, સતલજ અને બિયા નદીની વચ્ચે દગદાર નગર અને કોના તાલુકો છે ત્યાં પાદશાહી ફોજે બેહેરામને ઘેરી લીધો. હવે સંગ્રામ કર્યા વગર છુટાય તેમ ન હતું; માટે ખાનખાનાને હુમલો કરી હાર થતી અટકાવી. બેઉ તરફ ઘણા માણસ મુવા અને ઘાયલ થયા. પછી અંતે બેહેરામનો પરાજય થયો ને તે શિવાલિક ડુંગરો ભણી નાઠો, અને તેના મુખ્ય અમલદારો પકડાયા.

ઉપલો બનાવ બન્યા પેહેલાં પાદશાહ પંડે દિલ્હીથી ઉપડી પંજાબ ભણી સિધાર્યા હતા. સરકારસ્વારી જાલંધર મુકામે પહોંચી તેવારે કાબૂલથી બોલાવેલો મુનીમખાન તેને આવી મળ્યો. પાદશાહે તેને વજીર નીમ્યો અને ખાનખાનાનનો ખિતાબ આપ્યો, તથા તેની સાથે આવેલા અમીરોને યોગ્યતા પ્રમાણે માન દીધું. બેહેરામના પરાજયના સમાચાર અહીં અકબરને મળ્યા અને કેદ પકડાયલા તેના સાથીઓને તેની હજૂરમાં ખડા કીધા. વલીબેગ નામે કેદીને કારી જખમ લાગેલો હોવાથી તે કેદખાનામાં મરી ગયો ને તેનું માથું વાઢી દિલ્હી મોકલ્યું. ત્યારપછી બેહેરામખાનની પાછળ શાહ શિવાલિકના પહાડી મૂલકમાં ગયા. તલવારગઢના રાજા ગોવિન્દચંદે (બીજું નામ રાજા ગણેશ) બળવાખોરોને આશ્રય આપ્યો હતો. પાદશાહી ફોજે તે ગઢને ઘેરી લીધો. હવે લઢાઇ થઇ તેમાં બેહેરામખાનની ફોજનો સુલતાન હુસેન જલાઇહ નામે સરદાર રણમાં પડ્યો, ને ત્યારપછી તેના માણસોએ તેનું માથું કાપી

લેઇ ગઢમાં બેહેરામખાનને દેખાડ્યું તે જોઇ બેહેરામ અકળાઇને બોલ્યો કે આવો પુરૂષ મારે માટે મુઓ એ ઠીક થયું નહિ. નાઉમેદ અને ચિંતાતુર થઈ તેણે જમાલખાન નામે પોતાના એક અમલદારને પાદશાહની હજૂરમાં મોકલી કહાવ્યું કે, "મારાં માઠાં કર્તવ્યોને માટે હું ઘણો જ પસ્તાઉં છું. જે થયું છે તે બધું મારે વશ રહી શક્યું નથી, પણ મહેરબાની કરી મારા ઉપર પાદશાહી દયા વરસાવશો તો હું મારાં કુકૃત્યોને અંધકારમાં નાંખી માફી મેળવવાની આશાએ આપની હજૂરમાં હાજર થાઉં."

ઉપલી અરજ અકબરને પહોંચી તેવારે તેણે કૃપા કરી મુખ્દુમૂલમુલ્ક મૌલાના અબ્દુલ્લા સુલતાનપુરીને કેટલાક અમીરો જોડે બેહેરામખાનને ધીરજ આપવાને તથા તેડવાને મોકલ્યો. ખાનખાનાન પાદશાહી છાવણીની નજીક આવ્યો તેવારે અકબરની આજ્ઞાથી કેટલાક ઉમરાવ તેને માન દેવાને સામા ગયા. હજૂરમાં આવી બેહેરામે પોતાનું ઉદાસી મસ્તક પાદશાહને ચરણે મૂક્યું અને કાલાવાલા કરી ક્ષમા માગી. પાદશાહે તેનો અનુગ્રહ કર્યો અને શોભાયમાન જામો પહેરાવી તેનું સન્માન કર્યું. બે દિવસ પછી તેને મક્કે જવાની પરવાનગી મળી.* ત્યાર પછી પાદશાહી ફોજે દિલ્હી ભણી કૂચ કરવા માંડી અને શાહ પોતે હિસાર ફીરોજાહ તરફ શિકારે ગયા. કેટલાક ચિત્તાને માર્યા પછી પાદશાહ દિલ્હી આવ્યા. ત્યાં થોડા દિવસ આરામ ભોગવી જળમાર્ગે આગ્રે સિધાવ્યા.

તબકાતી અકબરીમાં બેહેરામખાન વિષે લખ્યું છે તે પરથી ઉપલો સાર લીધો છે. અબુલ ફઝલના અકબરનામામાં કાંઇક જૂદું લખ્યું

---

* નિજામુદ્દીન અહમદ કૃત તકબાતી અકબરીના સર એચ. ઇલીયટના ભાષાન્તર પરથી.

છે. તે લખે છે કે હુમાયુંએ બેહેરામખાનને અકબરનો શિક્ષક (ઉસ્તાદ) ઠરાવ્યો હતો, અને અકબર તેને બાબા કહેતો. એ માટે બેહેરામનાં ઘણાંક ખોટાં કર્મોપર અકબરે આંખ આડા કાન કર્યા; પણ અંતે બેહેરામ હદપાર ગયો, અને તેણે વલીબેગ જુલકાદ્ર અને શેખ ગદાઇ હંબુ વગેરે ભૂંડા માણસો જોડે કાંઇક માઠા ગુપ્ત મનસૂબા કર્યા. તે મનસૂબા અમલમાં આવ્યા પહેલાં પાદશાહના જાણવામાં આવ્યા અને તે તેણે પોતાના વિશ્વાસુ મિત્રોને કહ્યા. એઓમાં માહમઅંક, અધમખાન, અને મીરજાં શર્ફુદ્દીન હુસેન હતા. માહમઅંક ઘણી બુદ્ધિમાન્, ડાહી અને પ્રમાણિક નારી હતી. શિકાર કરવાને પાદશાહ બયાનગઢ ગયા. માહમઅંકે ઉપલી હકીકત દિલ્હીના સૂબેદાર શાહાબુદ્દીનને જણાવી. તે પણ ચતુર અને પ્રમાણિક સરદાર હતો. પાદશાહીનો નિમકહલાલ નોકર ક્રિયાખાન ગંગ પ્રથમ પાદશાહને જઇ મળ્યો, ત્યાર પછી બીજા સરદારો દરબારમાં ગયા. માહમઅંક અને શાહાબુદ્દીને સઘળા અગત્યના સમાચાર શાહને કહ્યા, અને માહમઅંક પ્રધાનનું કામ કરવા લાગી. પણ તે બાઇમાણસ હોવાથી કોઇ નામનો વજીર પુરૂષ હોવો જોઇએ; માટે બહાદુરખાનને વજીર નીમ્યો, અને તે ખાતાની જાગીર આપી. એ નામનો વજીર કહેવાયો, તથાપિ વજીરાતનું કામ તો માહમઅંક કરતી હતી. બેહેરામનો મૂળ સ્વભાવ અને જાતિ લક્ષણ સારાં હતાં. પણ તે કમનસીબે માઠી સોબતમાં પડ્યો તેથી તેના સારા ગુણ ઢંકાઇ ગયા અને ખુશામતિયા આદમીઓનાં જૂઠાં વખાણથી તે ગર્વિષ્ટ થયો. જે પોતાના વખાણથી રાજી થઇ ફુલાય છે તે ભાટાઇ કરનારા ઠગોની જાળમાં ફસાઇ પડે છે.

મોન્ટસ્ટુઅર્ટ એલફિન્સ્ટન સાહેબે ઘણાક ફારસી ગ્રંથોને આધારે મુગલાઇ રાજ્યનો ઇતિહાસ જોડ્યો છે. તે લખે છે કે સિકંદરસૂર તાબે થયો અને આગ્રા તથા દિલ્હી અકબરને કબજે આવ્યાં ત્યારથી મુગ-

લાઇ રાજ્યની પુનઃસ્થાપના ખરેખરી થઇ, અને એ મોટું કામ કરનાર બેહેરામખાન હતો. તેની સત્તા ઘણી જ વધી ગઇ. તેની દઢતા અને બુદ્ધિબળે મોટી અડચણો જીતાઇ અને મુગલ ફોજ વશ રહી. તેના વિના સગીર પાદશાહને વશ ઉન્મત મુગલ સરદારો રહેત નહિ, અને પાદશાહી તુટી જાત. એ કારણથી સામાન્ય ભય માથે હતું ત્યાંસુધી તેને આધીન રહી તેની સરસાઇને બધાએ માન આપ્યું. પણ જ્યારે એ ભય મટયું ત્યારે એનો કઠણ અમલ અને એના દુર્ગુણો ઘણાક મુગલ સરદારોને અને અકબરને અપ્રિય લાગવા માંડયા. તે સ્વભાવે તોછડો, મગરૂર, અને સખ્ત હતો; અને કુલ અધિકાર પોતાને હાથે રાખવાનો તેનો દઢ નિશ્ચય હોવાથી તે બીજા કોઇનું રતીભાર ચાલવા દેતો નહિ. એથી તેને ઘણા માણસો જોડે દુશ્મનાઇ થઇ; અને પાદશાહ જેમ ઉમ્મરે આવતા ગયા તેમ તેમનો પ્રેમ એના ઉપરથી ઓછો થતો ગયો. પંડે રાજ્યમાં માત્ર પૂજવાની મૂર્ત્તિ જેવો છે એ સમજાયાથી તે રાજ્યાધિકાર પોતાને હાથ લેવાને આતુર થયો. બેહેરામ પોતાનો અખત્યાર વાપરવામાં અન્યાય અને જૂલમ કરે છે અને તેને લેખવતો નથી, તે જોઇ અકબર કોપાયમાન થયો. તાર્દીબેગ હુમાયુનો જૂનો અને નિમકહલાલ સેવક હતો. તેણે પાદશાહીની મોટી સેવા બજાવી હતી અને તે તુર્કી સરદારોમાં વડો હોઇ બેહેરામનો હરીફ હતો. પાદશાહ શિકારે ગયો હતો તે પાછો આવે તેની વાટ ન જોતાં, તથા તેની નામની મંજૂરીએ ન લેતાં બેહેરામે તાર્દીબેગનો ઘાત કરાવ્યો. પાદશાહ હાથીઓને લઢાવી ગમ્મત કરતો હતો તેવામાં તેમાંનો એક હાથી બેહેરામના તંબુની પાસે ગયાથી બેહેરામે તેના મહાવતનું માથું વઢાવ્યું. ત્યારપછી કાંઇ હલકા તહોમતને માટે તેણે એક મોટા ઉમરાવને મારી નંખાવ્યો. પાદશાહનો શિક્ષક પીર મહમ્મદ પણ ભાગ્યે બચ્યો; ને તેને મક્કે જવું પડયું. પાદશાહની હજૂરમાં રહેનાર માણસોપર અદેખાઇ

ફરી બેહેરામ તેમને નિત્ય પીડવા લાગ્યો. એ બધાથી અકળાઇને પાદશાહ પોતાના સાથીઓ જોડે મનસૂબો કરી એક વેળા શિકારે ગયો હતો ત્યાં માના મંદવાડની ખબર સાંભળ્યાને બહાને તે બેહેરામને કહ્યા વિના એકાએક દિલ્હી ગયો; અને ત્યાંથી જાહેરનામું પ્રગટ કર્યું કે હવે રાજ્યની લગામ મેં હાથમાં લીધી છે, માટે બીજા કોઇનો હુકમ કોઇએ માનવો નહિ. આથી બેહેરામની આંખો ઉઘડી. જુવાન શાહની કૃપા સંપાદન કરવાને સરદારો એક પછી એક બેહેરામને તજી ઝટ તેની પાસે ગયા. ગયલો અધિકાર પાછો મેળવવાને બેહેરામે કેટલીક યુક્તિઓ ધારી તેમાં એક એ હતી કે પાદશાહને પકડી પોતાને કબજે રાખવો. બીજી એ હતી કે માળવે જઇ ત્યાં સ્વતંત્રપણે રાજ્ય કરવું. પણ એમ કરવાને તેને મદદ મળી નહિ; અને કદાચ પોતાના મયત સ્વામીના પુત્રની સામા જુદ્ધ કરવું, તેને અંદરખાનેથી ગમ્યું નહિ હોય, માટે તે મક્કે જવાને માટે ગૂજરાત ભણી જવા નીકળ્યો. નાધોર પહોંચ્યા પછી તેનો વિચાર ફર્યો. અકબરના કોઈ કામથી ખીજવાઈ જઇ તેણે પંજાબમાં જઇ બંડ ઉઠાવ્યું. યુદ્ધમાં તે હાર્યો અને અકબરને શરણે આવ્યો. પાદશાહને પગે લાગી રડી પડી તેણે માફ માગી. અકબરે તેની આગલી ચાકરી સંભારી તેને ઉઠાડી તેનો મોટો અપરાધ માફ કરીને માન આપ્યું. કલ્પી અને ચંદેરીના સૂબેદાર થવાને, કે ઉમરાવ પદવીએ દરબારમાં રહેવાને, કે મક્કે જવાને કહ્યું. બેહેરામે મક્કે જવું પસંદ કર્યું. પાદશાહે તેને વરસે પચાસહજાર રૂપિયાની આજીવિકા બાંધી આપી. બે દહાડા ત્યાં રહી બેહેરામ મક્કે જવા નીકળ્યો. ગૂજરાત સૂધી તે સહીસલામત પહોંચ્યો. અણહિલવાડ પાટણને મુકામે તે સિદ્ધરાજનું સહસ્ત્રલિંગ સરોવર જોવા ગયો. હોડીમાં બેસી તેમાં ફરી આવી કાંઠે પાછો આવ્યો. તેવારે મુબારિકખાન નામે કોઈ પઠાણે ઓચિંતા તેને ખંજર ભોકી તેનો પ્રાણ લીધો. એ પઠાણના બાપને બેહેરામે મારી

નંખાવ્યો હતો તેનું વેર તેણે એ પ્રમાણે વાળ્યું. પાટણના હાકેમે ઝટ વચમાં પડી તેના બાળક દીકરા અને જનાનાને ખૂનથી ઉગારી આગ્રે મોકલ્યાં. અકબરે તેમની યોગ્ય સંભાળ લીધી. બેહેરામને અને તેની બજાવેલી મોટી ચાકરીને અકબર બહુ સંભારતો; કેમકે બેહેરામની હિંમત અને ચતુરાઇથી તેની બાલ્યાવસ્થામાં તેના શત્રુ પરાજય પામ્યા હતા અને પાદશાહીનું રક્ષણ થયું હતું. *

---

* બેહેરામખાન કરાકુઇન્લુ જાતનો તુર્ક હતો. તેનો જન્મ બદકશાનમાં થયો હતો અને બલ્ખમાં તેણે વિદ્યાભ્યાસ કર્યો હતો. સોળ વરસની ઉમ્મરે તે હુમાયુંની નોકરીમાં રહ્યો. કનોજના સંગ્રામમાં હુમાયુંનો પરાજય થયો તેવારે તે તેની જોડે હતો. એ હાર થયા પછી તે શંભલ પ્રાંતમાં લખનોરના રાજા મિત્રને શરણે ગયો. શેરશાહે તેને માગ્યો, ને તેના કોપથી ડરી જઇ રાજાએ તેને આપી દીધો. શેરશાહ માળવે જતો હતો તેવારે બેહેરામને તેની હજૂરમાં આણ્યો. શેરે તેને માન આપી તેનાપર માયા કરીને તેને પોતાની નોકરીમાં રાખવાની ઇચ્છા દેખાડી; પણ બેહેરામે તેના નોકર થવાની ના કહી બરહાનપુરને મુકામે તે અને ગ્વાલિયરનો આગલો વાલી (વાલી એટલે ગવર્નર) અબુલકાસિમ જોડે નાઠા. આગળ જતાં શેરખાનના લશ્કરની એક ટુકડી તેમને સામી મળી. અબુલકાસિમ દેખાવમાં ભભકાદાર હોવાથી તેને બેહેરામખાન જાણી તેમણે ઝાલ્યો, તેવારે બેહેરામે આગળ પડી કહ્યું કે બેહેરામખાન હું છું; પણ બહાદુર અબુલકાસિમે પોતાના મિત્રને બચાવવાને કહ્યું કે 'હું બેહેરામખાન છું ને એ તો મારો ચાકર છે, ને એને બચાવવાને પોતાનો પ્રાણ ખોવાને તૈયાર થાય છે, માટે એને છોડી દો.' એમ હિંદની પાદશાહી અકબરને જીતી આપનાર બેહેરામ ત્યાંથી ગુજરાતમાં ગયો. ત્યાંના સુલતાન મહમ્મદે તેને પોતાની નોકરીમાં

અઢાર વરસની ઉમ્મરના સાધારણ જુવાનથી ન બની શકે તેવું ભારે કામ અકબરે માથે લીધું; પણ સ્વાભાવિક બુદ્ધિબળમાં અને કેળવણીમાં તે સાધારણ તરૂણોથી ઘણો ચઢીઆતો હતો. ભય અને મુસ્કેલીના સમયમાં તે અવતર્યો હતો અને બંધીખાનામાં ઉછર્યો હતો. કિશોર વયથી તે પિતાની વતી યુદ્ધ કરવામાં ફસાયો હતો અને બેહેરામના કારભારના આકરા વખતમાં તેને વિવેક, ડહાપણ, અને ખામોશીનો ઉપયોગ કરવો પડચો હતો. તે સ્વભાવે મીઠો, અને અંગે રૂપાળો, બળવાન્ અને ચપળ હતો. તેની હિંમત એટલી હતી કે રમત ગમતમાં, વાઘ વગેરે જંગલી પશુઓને જીતવામાં, તથા અણકેળવાયલા ઘોડા ને હાથીઓને વશ કરવામાં પણ આશ્ચર્યકારક બહાદુરીથી તે પ્રખ્યાત થયો. શુરો અને કીર્તિનો મોટો લોભી છતાં કેવળ લશ્કરી યશથી પોતાની નામના કરવાની ઇચ્છા ન રાખતાં, ડહાપણ, ભલાઇ, અને ઉદારતા વડે તમામ રૈયત ઉપર હેત રાખી તેમનું કલ્યાણ કરી પોતાનું નામ અમર કરવાને તે આતુર હતો. વાહવા ! ધન્ય છે એવા મહાપુરૂષને !

અકબરની ચતુરાઇ અને કુશળતા વડે જ પાદશાહી ટકી રહી અને વૃદ્ધિ પામી. મુગલ કુળને હાથ હિંદનું રાજ્યાસન આવ્યું તેની પૂર્વે થઇ ગયલાં મુસલમાની રાજકુળોનો આધાર ઇરાની, પઠાણ, તુર્ક, વગેરે વિદેશી સિપાઇઓપર હતો; અને ગીઝનવી, ઘોરી, ગુલામ, ખીલજી, વગેરે પાદશાહો હિંદના લોકને પરદેશી અને પરધર્મી ગણી ધિક્કારતા,

---

રાખવા માંડયો. પણ બેહેરામે કહ્યું કે મારે મક્કે હજ કરવા જવું છે માટે રજા આપો એ બહાને એ સુરત ગયો; અને સુરતથી કાઠિયાવાડને માર્ગે સિંધથી ઇરાનમાં જઇ હુમાયુંને મળ્યો. શેરશાહે અબુલકાસિમની ઉદારતા ઉપર લક્ષ ન આપતાં તેને મારી નાખ્યો. બેહેરામખાન કવિતા રચી શકતો.

તેમને નીચ હલકા ગણતા અને પોતાના સ્વદેશી ચેલાવડે રાજ્યનો નિભાવ કરતા. મહાન્ અકબરે એ માઠી રાજ્યનીતિ ફેરવી નાંખી. બાબર અને હુમાયુંની જોડે આવેલા મુગલો થોડા હતા અને હિંદના મુસલમાનો દુશ્મન હતા. આ સંકટમાં એ મહાત્માએ પતન થયેલી હિંદુ પ્રજાને અને હિંદુ રાજા રજવાડાને ઉઠાડવાનો, તેમને પોતાના કરી લેવાનો, હિંદુ મુસલમાન બેઉને સરખા ગણવાનો, અને પોતે પરદેશી ટળી દેશી થઇ જવાનો ઉમદા ને ઉદાર વિચાર કર્યો, અને તે અમલમાં આણ્યો. હિંદુ, મુસલમાન, મુગલ, પઠાણ, રજપૂત, બ્રાહ્મણાદિકનો ભેદ ન ગણતાં, ગુણ પ્રમાણે રાજકાજમાં હરેક પદવીને જે લાયક હોય તે તેને આપી, કરવેરામાં, ઈનસાફમાં, તથા બીજી હરેક બાબતમાં સર્વને સરખા ગણ્યા, અને મુસલમાની રાજ્ય મટાડી હિંદી રાજ્ય સ્થાપ્યું. આ સર્વ કરવાનો જેમ પ્રસંગ આવતો ગયો તેમ તે કરતો ગયો.

પ્રથમ તેને ત્રણ મોટાં કામ કરવાનાં હતાં. ૧ લું, પોતાના લશ્કરી અમલદારોને વશ કરવાનું; ૨ જું, પાદશાહીના જે જે પ્રાંતો બીજાઓ કબજે કરી બેઠા હતા તે જીતવાનું; ૩ જું, રાજ્યમાં ઘણીક ઉથલપાથલ થવાથી રાજવહીવટમાં અવ્યવસ્થા થઇ હતી તે મટાડી નિયમસર કામ ચાલે અને પ્રજાનું રક્ષણ થાય તેવી ગોઠવણ કરવાનું. અકબરને રાજ્યાસન મળ્યું ત્યારે તેને પ્રથમ દિલ્હી અને આગ્રા પણ જીતી લેવાની જરૂર પડી. ગાદીએ બેઠા પછી ત્રીજે વર્ષે તેને હાથ અજમેર આવ્યું. ચોથે વર્ષે ગ્વાલિયરગઢ તેણે જીત્યો; અને બેહેરામથી છુટો પડ્યો ત્યાર પેહેલાં થોડા વખતપર લખનોર અને જવાનપુરની પૂર્વ સીમા લગીનો ગંગાકાંઠાનો દેશ તેને વશ થયો હતો.

ઇલાહી વર્ષ ૬ ઠું—તા. ૧૦ મી માર્ચ ૧૫૬૧.—સુલતાન શેરખાન અફગાને સુજાઅતખાન નામે સરદારને માળવાનો હાકેમ નીમ્યો હતો.

શેરખાનના વારસોને હાથથી હિંદુસ્તાનનું તખ્ત ગયા પછી પણ એ સુજાઅતને હાથ માળવાપ્રાંત રહ્યો અને તેના મરણ પછી તેનો દીકરો બાજ બહાદુર અકબરની આણ ન માનતાં સ્વતંત્રપણે રાજ કરતો હતો. તે પડ્યે રાગતાન, મોજમઝાહ, ને રંડીબાજીમાં પડી રાજકાજ-પર ઝાઝું મન લગાડતો નથી, અને તેના અમલદારો રૈયતને રંજાડી જુલમ ગુજારે છે, એ ખબર જાણી અકબરે માળવા જીતવાને અધમ-ખાનની સરદારી નીચે મુગલ ફોજ મોકલી. સારંગપુરમાં રહી બાજ બહાદુર સુખચેન ભોગવતો હતો. તે ગાયનમાં અતિ કુશળ હતો, અને સર્વોત્તમ ગાનારીઓને એકઠી કરી તેઓમાં પડી રહેતો. ગાયનમાં અને રાંડોની સોબતમાં તે એટલો ગુલતાન થઇ ગયો હતો કે મુગલાઇ સેનાની ભેટ લેવાની તેણે કશી તૈયારી કરી નહિ. છેક સારંગપુરના થડમાં શત્રુ આવ્યા તેવારે તે જાગૃત થયો અને પોતાની ફોજ લેઇ તે નગરથી બે કોશપર છાવણી કરી રહ્યો. મુગલોએ તેને ઘેરી લીધો; સંગ્રામ કરવાને છાવણીની બહાર તે આવ્યો તેવારે તેના લશ્કરી સર-દારો તેને તજી નાસી ગયા, અને તેમની પાછળ તે પડ્યે પણ નાઠો. તેની છાવણી અને સારંગપુરમાં તેનો મહેલ હતો તે અને તેમાંની તમામ મિલ્કત તથા તેની બેગમો, ગાનારીઓ, વગેરે અધમખાનને હાથ આવ્યાં. આ ફતેહના સમાચારની જોડે બાજ બહાદુરના કેટલાક હાથી માત્ર તેણે પાદશાહને મોકલ્યા, અને બાકીનું સર્વ પોતે રાખ્યું. એમાં રૂપમતી નામે બાજ બહાદુરની જુવાન અને માનીતી હિંદુ બેગમ હતી, તે બહુ જ ફુટડી અને ગાયનમાં ઘણી જ વખણાયલી હતી. અધમખાનને વરવાની તેણીએ ચોખી ના પાડી; ને જ્યારે તે સરદારે તેનાપર બળાત્કાર કરવાની ધારતી દેખાડી તેવારે તેને મળવાનો વાયદો કરી વખત ઠરાવ્યો અને પોતાનું સર્વોત્તમ ઝવેર અને પોશાક પહેરી તથા તે ઉપર અતિ ખુશબોદાર અત્તર લગાડીને તે પલંગમાં સૂતી.

અધમખાન આવ્યો તેવારે તેની દાસીઓ તેને ખબર કરવા ગઇ; પણ મોંઢે માથે ઓઢેલું જોઇ દાસીઓએ જાણ્યું કે તે ઉંઘતી હશે. ઓઢેલું ઉઘાડી જગાડવા માંડી તેવારે જણાયું કે તે વિખ ખાઇ મરી ગઇ છે.

બાજ બહાદુરના પરાજયના સમાચારની જોડે અધમખાને માત્ર હાથી મોકલ્યા ને બાકીની સઘળી લૂંટ પડે રાખી, એ જાણી અકબર તેને જણાવ્યા વિના ઉતાવળી કૂચ કરતો માળવે ગયો. માહમઅંકે પોતાના દીકરાને ખબર કરવાને ખેપીઆ મોકલ્યા હતા, પણ બાદશાહ તેમના પહેલાં જઇ પહોંચવાથી અધમખાન ઓચિંતો પકડાઇ ગભરાઇ ગયો. તેને ઉતારે પાદશાહે મુકામ કરી તેની કનેથી સર્વસ્વ લેઇ લઇ તેનો અપરાધ ક્ષમા કર્યો; પણ થોડા વખત પછી તેની ત્યાંથી બદલી કરી પોતાના આગલા ઉસ્તાદ પીરમહમ્મદખાનને માળવાનો હાકેમ ઠરાવ્યો. પાછા આગ્રે જતાં માર્ગમાં એક ઠેકાણે વિકરાળ વાઘેણ તેનાં બચ્ચાં સહિત મળી. અકબરે આસ્તે રહી તેની સમીપ જઇ પોતાની તરવારના એક ઘાએ તેને નીચી પાડી. તેના અનુચરોએ વાઘેણનાં બચ્ચાંને ભાલા અને તરવાર વતે પૂરાં કર્યાં.

ચુનારગઢ અને તેની આસપાસનો ઘણોક મૂલક હજી માજી સુલતાન શીરશાહના કુળને હાથ હતો. સુલતાન અદાલસૂર (આદીલસૂર)-નો પુત્ર શેરખાં, શીરશાહ બીજો એવું નામ ધારણ કરી, ત્યાં અમલ કરતો હતો, તેણે જવાનપુર ઉપર ૨૦૦૦૦ સ્વાર, ૫૦૦૦૦ પાયદળ અને ૫૦૦ હાથી સહિત ચઢાઇ કરી. જવાનપુરના મુગલ હાકેમ ખાન-જમાને તેને હરાવી પાછો કાઢયો. આ જયથી ફૂલાઇ તથા અકબરને તરૂણ જાણી તેણે સ્વતંત્ર થવાની ઇચ્છા કરી, અને શત્રુની છાવણીમાં-થી જે લૂંટ મળી તેમાંનો પાદશાહનો હિસ્સો પોતે રાખ્યો. તેનો

નાદ ઉતારવાને અકબર એકદમ તેને મુકામે ગયો. જમાનખાન ભય પામી તુરત તાબે થયો. પછી પંજાબના સૂબેદાર ખાની આજમ શમસુદ્દીન મહમ્મદ અત્કાને આગ્રે બોલાવી અકબરે વકીલ ઇ સલતાન બઇરિમકલાલ એટલે મુખ્ય વજીર નીમ્યો. આ માણસ મૂળે ગીજની વાસી ગરીબ માણસ હતો. કનોજના પરાજય વેળા ગંગા નદીમાંથી એણે હુમાયુંને કાઢ્યો હતો. ત્યારપછી તેની જોડે તે ઇરાન ગયો. અકબરને ઉછેરવાને ધાવો રાખી હતી તેમાં તેની બાઇડી પણ હતી. તેથી તેના પુત્રો પાદશાહના કોકા એટલે દુધભાઇ કહેવાતા હતા. તેને અત્કા અને તેની નારીને અંકે એ જ કારણથી કહેતા. એને એ જગા આપવાથી માહમઅંકે અને મુનીમખાન નારાજ થયા.

આ વરસના પાછલા ભાગમાં પાદશાહ, કુતુબ ઓલિયાની કબરની જાત્રા કરવા નીકળ્યા. સાંભર (જયપુર) પહોંચ્યા તેવારે ત્યાંના રાજા બિહારીમલે સામા તેડવા આવી શાહને બહુ માન દીધું. અકબરે તેને પોતાના મુખ્ય સરદારોમાં દાખલ કર્યો, અને તેની કુંવરી વેરે લગ્ન કર્યાં. પાદશાહની સેવામાં એમ દાખલ થવાની અને પાદશાહી કુટુંબ જોડે લગ્ન વહેવાર કરવાની એણે પહેલ કરી. પુરાણ, રૂપસિંહ, અસ્કરણ, અને જગમલ્લ નામે એને ચાર ભાઇ હતા. એને ભગવાનદાસ, જગન્નાથ, અને સલ્હાદી નામે ત્રણ કુંવર હતા. એ ત્રણે કુંવર પાદશાહી ફોજમાં મોટા અમલદાર થયા. ભગવાનદાસે એક વાર પોતાના જીવને જોખમમાં નાંખી અકબરનો પ્રાણ ઉગાર્યો હતો, અને તેનો કુંવર માનસિંહ પાદશાહી સેવામાં બહુ પ્રખ્યાત થઇ મોટામાં મોટી પદવી પામ્યો. એ કછવાહા કુળના રાજપુત્ર હતા. સાંભરથી સરકારસ્વારી અજમેર ગઈ અને ત્યાં જઇ અકબરે મીરજાં શરફુદ્દીન હુસેનને ત્યાંથી વીશ કોશપર આવેલા મીર્ધા (મીરથ) જીતવાને મોકલ્યો. ત્યાર કેડે શાહ પાછા આગ્રે સિધાવ્યા. અજમેરથી આગ્રા ૧૨૦ કોશ છતાં ત્રીજે દિવસે ત્યાં પહોંચ્યા.

૭ મું વર્ષ. માર્ચ ઇ. સ. ૧૫૬૨.—મીર્ધા ગઢમાં રાજા માલવદેવ-ની વતી તેનો સામંત જયમલદેવ અમલ કરતો હતો. તે ઘણી બહાદુરીથી સામો થયો; પણ અંતે જયની આશા ન રહેવાથી તેણે કહાવ્યું કે અમારા ઘોડા અને હથિયાર સહિત નીકળી જવા દો તો ગઢ ખાલી કરીએ. બીજી તમામ મિલ્કત અંદર રહેવા દેવાની શરતે મુગલ સરદારે તે કહેણ સ્વીકાર્યું. એ કરાર પ્રમાણે જયમલે તેની ટુકડી સહિત કિલ્લાના દરવાજા ઉઘાડી ચાલવા માંડ્યું; પણ તેના હાથ નીચેના દેવદાસ નામે એક ઠાકોરને એ ગમ્યું નહિ. તેણે પાછળ રહી ગઢમાંનો સઘળો માલ સળગાવી દીધો, અને ત્યારપછી પોતાના યોદ્ધા સાથે તે બહાર આવ્યો. પાદશાહી ફોજે તેના ઉપર હુમલો કર્યો. તેમાં બંને પક્ષના ઘણા યોદ્ધા તથા દેવદાસ રણમાં પડ્યા ત્યારે ગઢ જીતાયો.

માળવાના સુબેદાર પીરમહમદખાને આશીરગઢ અને બર્હાનપુરપર સ્વારી કરી બિજાગઢ નામે કલ્લો જીતી તેમાં તમામ સિપાઇની કતલ કરી; તેમજ નર્મદા ઉતરી ખાનદેશમાં પેઠો તેવારે ત્યાંનાં ઘણાંક ગામ અને નગરોના નિરપરાધી રહેવાસીઓને મારી નાંખ્યા. બર્હાનપુરની પણ તેણે તે જ વલે કરી. મુસલમાનોને પણ છોડ્યા નહિ. હવે તેના પાપનો ઘડો ભરાયો ને ફુટ્યો. બાજ બહાદુર ખાનદેશમાં જઇ રહ્યો હતો તેણે આશીરગઢ અને બર્હાનપુરના ગઢવીઓ જોડે મળી દેશના જમીનદારોનાં લશ્કર ભેગાં કર્યાં. આ ફોજથી હારી પીરમહમ્મદ માળવા ભણી નાઠો, અને નર્મદા ઉતરતાં તેના ઘોડાને ઉંટે કરડ્યો તેથી તે પાણીમાં પડી ડુબી મુવો; ને પછી બાજ બહાદુરે માળવા જીતી લીધો; અબદુલ્લાખાન ઉઝબેગ નામે સરદારને સૈન્ય આપી અકબરે માળવા જીતવા મોકલ્યો. બાજ બહાદુર તેનાથી પરાજય પામી નાઠો. કેટલાક વખત સુધી મેવાડ અને ગુજરાતમાં રહી અંતે તે પાદશાહને

શરણુ આવ્યો. ઉદાર અકબરે તેને માફી બક્ષી પોતાની ફોજમાં બે હ-
જાર ઘોડાનો મન્સબ (સરદાર) બનાવ્યો. આખો માળવા પ્રાંત શાહ-
ને કબજે આવ્યો. હુમાયુંના મિત્ર શાહ તમસ્પે અકબર સાથે સ્નેહ
કરવાને પોતાના ભત્રીજા સૈયદ બેગમને આગ્રે મોકલ્યો. ઇરાની વકીલ
આગ્રાની થડમાં આવ્યો, તેવારે અકબરે તેને માન આપવાને કેટલાક
મોટા ઉમરાવને સામા તેડવા મોકલ્યા, ને શાહજાદાને બે માસ પરોણો
રાખી તથા યોગ્ય સરપાવ આપી ઇરાની શાહને માટે નજરાણાં સહિત
વળાવ્યો.

માહમઅંકનો દીકરો અધમખાન દુષ્ટબુદ્ધિનો અવિચારી માણસ
હતો. બાજ બહાદુરની નારીઓ પકડાઇ હતી તેઓ અકબરના જના-
નખાનામાં હતી. તેઓમાંની બે રૂપાળી ઓરતોને કપટથી લેઇ નાસી
જવાનો મનસુબો તેણે કર્યો. તે તેની માની મદદથી અમલમાં આણ્યો;
પણ થોડીવારમાં તેની ખબર અકબરને પડવાથી તેઓને પકડવાને
શાહે સ્વારોને દોડાવ્યા. બંને બાઇને તે સ્વારો પકડી લાવ્યા. એ કામ
કરવામાં તેમને કોણે મદદ કરી તે તેમનાથી પાદશાહ જાણી ન શકે,
માટે માહમઅંકે તેમને મારી નંખાવી. આ વખતે અકબરે માદીકરાના
આ ગુન્હાપર આંખઆડા કાન કર્યા; પણ એ દયાથી અધમખાનને સાન
આવી નહિ. નવા વજીર સમસુદીન ઉપર તેને ઘણી અદેખાઇ આવતી
હતી; માટે કેટલાક સાથીઓ જોડે વિચાર કરી રાજમહેલમાં વજીર પો-
તાનું કામ કરતો હતો, તેવામાં ઓચિંતો ઉઘાડી તરવાર લેઇને ત્યાં
ગયો અને ઝટકા મારી તેનો ઘાત કર્યો. એ ખૂન કરી પાદશાહના જના-
નખાનાને બારણે ગયો. કલકલાણ સાંભળી અકબર બહાર દોડી આવ્યો.
વજીરના ખૂનની વાત જાણીને તથા તે નજરે જોઇને શાહ કોપાયમાન
થયો, તેવામાં તેમણે ખૂનીને જોયો. તુરત પેહેરેગીરની તરવાર લેઇ તે
તેના ઉપર ધસ્યો. અધમખાને પાદશાહના હાથ ઝાલી લીધા. તેનાથી

છૂટા પડી અકબરે તેના મ્હોડાપર મુક્કી મારી હેઠે પાડયો ને પાસે ઉભેલા નોકરોને હુકમ કર્યો કે એના હાથપગ બાંધી એને મેહેલના કોટ ઉપરથી નીચે નાંખો. નોકરોએ તેમ કર્યું. તેની ગરદન ત્રુટી અને મગજ છુંદાયું તેથી તે મરી ગયો અને તેના સાથીઓ નાસી છૂટયા. એ વેળા માહમઅંક માંદી હતી. પોતાના છોકરાને થયલી સજાની ખબર સાંભળી તે બહુ ખેદ પામી; અને રજા મળવાથી પોતાને ઘેર ગઇ અને ચાર દહાડા પછી મરણ પામી.

યુદ્ધમાં પકડાયલા કેદીના કુટુંબને ગુલામ કરવાની મના.

આ સાતમા વર્ષમાં અકબરશાહે મોટું પુણ્યનું કર્મ કર્યું. તેણે કાયદો ઠરાવ્યો કે હવેથી યુદ્ધમાં પકડાયલા કેદીને ગુલામ કરવા નહિ. આજપર્યંત વિજયી મુસલમાન પાદશાહો અને તેમના અમલદારો તેમની સ્વારીઓમાં હિંદુઓને પકડી તેમને અને તેમનાં બાઇડી છોકરાં તથા આશ્રિતોને ગુલામ કરી નજરમાં આવે તેમ વેચતા, અને પોતાનાં ઘર, ખેતર, વગેરેના કામને માટે ખપ હોય તેઓને લુંડા કરીને રાખતા. ન્યાયી અને દયાળુ અકબરે એમ કરવાની મના કરતાં જણાવ્યું કે "જેઓ બંડ કરે કે લઢે તેઓ માત્ર સજાને પાત્ર છે. તેઓનાં કુટુંબ કબીલાની તેમાં કાંઇ તકસીર નથી. ધણી ખોટું કામ કરે તેમાં તેની બાયડી અને તેનાં બચ્ચાંનો શો વાંક છે? તેઓ તેને કેમ અટકાવી શકે? તેઓને પોતાને ઘેર કે જ્યાં તેમની ખુશી હોય ત્યાં બિન હરકતે જવા દેવાં"

વર્ષ ૮ મું. ૧૩ મી માર્ચ સને ૧૫૬૩—સિંધુ નદીપર આવેલા નીલાબ નામે ગખર લોકના દેશને અકબરે આ વર્ષમાં જીત્યો. પ્રથમ

બાબરે એ મૂલક વશ કર્યો હતો, ને ત્યારથી ત્યાંના સુલતાન મુગલ પાદશાહની આણ માનતા. શીરશાહસૂરે એ દેશના સુલતાન સારંગને પકડી, તેની ચામડી ઉખેડી મારી નંખાવ્યો અને તેના દીકરા કમાલખાનને ગ્વાલિયર ગઢમાં પૂરી રાખ્યો, તેવારે સારંગનો ભાઇ આદમ ત્યાંનો સુલતાન થયો. સુલતાન સલીમસૂરે એ દેશપર સ્વારી કરીને કેટલાક કેદીને પકડી ગ્વાલિયરમાં આણ્યા એક ઘરમાં ઘાલ્યા અને પછી તેમાં બંદુકનો દારૂ ભરી તેને સળગાવ્યું. એથી અંદરના બંધીવાનો મરી ગયા. એ ઘરમાં કમાલખાન પણ હતો, પરંતુ બચી જવાથી સલીમે તેને છુટો કરી પોતાની સેવામાં રાખ્યો. અકબરના વખતમાં તેણે મુગલ લશ્કરમાં દાખલ થઇ એવી સારી સેવા બજાવી કે પાદશાહે તેને પૂછ્યું કે તારે માગવું હોય તે માગ. કમાલે માગ્યું કે મને મારા બાપનું રાજ્ય અપાવો. અકબરે ઠરાવ કર્યો કે ગખર દેશના બે સરખા ભાગ કરી તેમાંના એકપર એનો કાકો આદમ અમલ કરે અને બીજા પર એ કરે. આદમે એ હુકમ માન્યો નહિ, તેથી પાદશાહી ફોજે તે દેશ જીતી કમાલને ત્યાંની ગાદીએ બેસાડયો. પછી કમાલ સુલતાન, શાહની સેવા નીમકહલાલીથી બજાવ્યો ગયો.

જેને ઉમરાવ પદવીએ ચઢાવવામાં આવતા તેઓને જાગીર મળતી. મીરજાં શરફુદીન નામે અમીરને નાઘોરની જાગીર આપી હતી. એ ઉમરાવે એ વેળા બંડ કર્યું. તેને સજા કરવાને અકબરે ફોજ મોકલી તેની સામા તેનાથી ટકી ન શકાયાથી તે નાઠો. માર્ગમાં અબુલ મઆલી નામે ઉમરાવ તેની હારે બંડમાં સામીલ થયો. બંનેએ વિચાર કર્યો કે કાબૂલમાં અકબરનો દશેક વર્ષનો સાવકોભાઇ મીરજાં મહમ્મદ હકીમ છે તેને હિંદુસ્તાનમાં આણવો. એ કામ કરવાને મઆલી કાબૂલ ગયો. ત્યાં શાહજાદા હકીમની મા માહચોચક બેગમ તેની વતી કારભાર કરતી હતી. મઆલીએ પ્રથમ તેની જોડે સ્નેહ કર્યો. તે પછી કપટથી તેને

મારી નાખીને હકીમને પોતાના કબજામાં લીધો. આ સમાચાર બદક્શાનના હાકેમ મીરજા સુલેમાનને મળવાથી તે પોતાની ફોજ લેઈ હકીમની મદદે આવ્યો. મઆલીને પકડી તેણે મારી નંખાવ્યો.

પાદશાહ એક દિવસે દિલ્હીના બજારમાં થઇ જતો હતો, તેવામાં ખાંડખોર શરફુદ્દીનના ગુલામ કોકા ફુલાદે માહમઅંક મદ્રેસાને છાપરેથી તેની ભણી તીર માર્યું. અકબરને તે છરતું વાગવાથી માત્ર ચામડી છોલાઈ. રાજહત્યારાને શાહના અનુચરોએ તુર્ત મારી નાંખ્યો. થોડા દિવસમાં ઘા રૂઝાયા પછી પાદશાહ પાલખીમાં બેસી આગ્રે ગયો.

જાત્રાળુ વેરાની માફી.

મુસલમાન પાદશાહો તરફથી હિંદનાં તીર્થયાત્રાનાં સ્થળોમાં પ્રત્યેક જાત્રાળુ કનેથી તેના ગજા પ્રમાણે કર લેવામાં આવતો, તેનું નામ કર્મીવેરો હતું, અને તેથી કરોડો રૂપિયા ઉપજતા. દરેક જાત્રાળુનું ગજું કેટલું છે તે ઠરાવવું વેરા ઉઘરાવનારને હાથ રહ્યું એટલે જુલમ અને લાંચ ચાલે અને લોકોને બહુ જ હરકત પડે તેમાં નવાઇ શી? ભલા અને સુધરેલા વિચારના અકબરે આ વિષે વિચાર કરી તે વેરો માફ કર્યો. તેણે જણાવ્યું કે “ આ કર લોકોના જુદા વહેમ ઉપર છે, અને જેઓ જાત્રા જાય છે તેઓને જ આપવો પડે છે; તોપણ જાત્રા જનારા એમ માને છે કે અમે એ માર્ગે પરમેશ્વરને પૂજીએ છીએ, તો એ કામમાં અડચણ કરવી એ પરમેશ્વરને પ્રિય હોય જ નહિ. * ” આ કર હજી કેટલાક હિંદુ રાજા લે છે એ કેવી શરમની વાત છે?

૯ મું વર્ષ તા. ૧૩ મી માર્ચ સને ૧૫૬૪ ને દિવસે બેઠું. માજી સૂર સુલતાન અદાલીના ગુલામ નામે ફાતુને કબજે ચુનારગઢ હતો તે તેણે

* અબુલ ફઝલકૃત અકબરનામાનું સર એચ. ઇલિયટનું ભાષાન્તર, ભાગ છઠ્ઠો, પાનું ૨૯ મું.

અકબરને હવાલે કર્યો. ત્યારપછી એ ગઢ જીતી લેવાને ઝાઝીખાનસૂર નામે અફગાન સરદારે બંડ કર્યું. એને વશ કરવાને અકબરે અસફખાન નામે નાયકને મોકલ્યો ને તેણે તે કામ પાર પાડ્યું. એ મૂલકની પાસે ગઢકંટક નામે દેશમાં ૭૦ હજાર મોટાં આબાદ ગામ હતાં, તેની રાજ્યધાની ચૌરગઢમાં હતી અને તેમાં દુર્ગાવતી નામે રાણી તેના બાળકુમારની વતી રાજ કરતી હતી. તેણીએ અકબરને આધીન થવાની ના પાડવાથી અસફખાને એ રાજ્યપર સ્વારી કરી. રાણી દુર્ગાવતી ઘણી બહાદુરીથી લઢી, પણ અંતે હારી ને રણમાં પડી, અને તેનું રાજ્ય મુગલ સરકારને તાબે થયું. એ રાજ્ય બુંદેલખંડની સરહદપર હતું.

માળવાના સૂબેદાર અબ્દુલ્લાખાન ઉઝબેકની કરણી ઉપર બાદશાહને વહેમ આવ્યો. તે સ્વતંત્ર થવાને ચાહે છે ને બાદશાહી હુકમ બરોબર માનતો નથી એ જોઇ હાથીના શિકારને મસે અકબરશાહ ચંબલ નદીને કાંઠે ગયો. નરવર નગરની થડમાં જંગલ હતું તેમાં હાથી વસતા તેઓનો શિકાર કરી શાહ માળવે ગયો. માંડુગઢની નજીક આવ્યો તેવારે અબદુલ્લાખાન ત્યાંથી નાઠો. માર્ગમાં તેને મુગલ સેનાએ રોકયો ને જુદ્ધ થયું તેમાં અબદુલ્લા હારવાથી તે ગૂજરાતમાં નાઠો. પાદશાહનો મુકામ માંડુગઢમાં હતો તેવારે ખાનદેશના સુલતાન મીરાન મુબારકના વકીલો તેનો કાગળ અને નજરાણા લેઇ સલામ કરવાને આવ્યા. અકબરે તેમને માન દીધું અને તેમની જોડે ફર્માન મોકલ્યો કે તમારી બેટીઓમાં જે મને વરવાને લાયક હોય તેને મોકલો. આ ફર્માન ખાનદેશપતિએ માથે ચઢાવ્યો. કરાબહાદુર નામે સરદારને માળવાનો સૂબેદાર નીમી બાદશાહી સ્વારી પાછી આગ્રે ગઇ. આગ્રાની પાસે કાકાની નામે ગામ હતું ત્યાંનાં હવાપાણી સારાં હોવાથી અકબરે તે ગામમાં પોતાને રહેવાને મહેલ બંધાવ્યો. થોડા વખતમાં બીજાં સુંદર મકાન ત્યાં બંધાયાં ને તે મોટું નગર બન્યું. અકબરે તેનું નામ

નગરચીન પાડયું. ખ્વાજા મુઆઝમ નામે પાદશાહનો મામો હતો તે કુકર્મી હોવાથી ઘણીવાર ઠપકો પામી દેશનિકાલ થયો હતો. તેનાપર દયા કરી અકબરે પાછો આવવા દીધા પછી તેણે એક બાઇડીને મારી નાંખી. અકબરે તેને ખૂબ ફટકા મરાવી હાથપગ બંધાવી નદીમાં નંખાવ્યો; પણ તે ડૂબી ન જતાં કેટલીકવાર ઉપર આવ્યો ત્યારે તેને ગ્વાલિયર મોકલી મરતાં સુધી કેદ રાખ્યો. બદકશાનના મીરજાં સુલેમાને અકબરના ઓરમાનભાઇ મીરજાં હકીમ કનેથી કાબૂલનું રાજ્ય છીનવી લીધું. અકબરે હિંદી ફોજ મોકલી તે રાજ્ય પોતાના ભાઇને પાછું જીતી આપ્યું.

જજીઆવેરાની માફી.

ભરતખંડમાં મુસલમાની અમલ બેઠો ત્યારથી જજીઆવેરો હિંદુઓ પાસેથી લેવામાં આવતો તે માફ કરી અકબરે મોટું પુણ્યનું કામ કર્યું. એ કરની ભારે ઉપજ હતી; પણ તે ગેરવાજબી અને પ્રજાને દુઃખદાયક હોવાથી ન્યાયી અને ડાહ્યા અકબરે તે ઉઘરાવવાની મના કરી. હિંદુ લોકોને બળાત્કારે મુસલમાન કરવાનો આ કર એક ઉપાય હતો અને તે આપવો ગરીબ લોકને બહુ કઠણ પડતો. એ માફ થવાથી હિંદુ પ્રજા બહુ રાજી થઇ.

પ્રકરણ ૪ થું.

૧૦ મું વર્ષ—હાથીનો શિકાર—આગ્રાગઢ—અલીકુલી, ખાનજમાન, વગેરે ઉઝબેક સરદારોનાં બંડ—૧૧મું વર્ષ—અસફખાનનું બંડ—કાબૂલના મીરજાં હકીમની લાહોરપર ચઢાઇ—મીરજાંનો બળવો—૧૨ મું વર્ષ—ખાનજમાનનો છેલ્લો બળવો અને નાશ—કુરૂક્ષેત્રમાં જોગી અને સંન્યાસી લોકોનું યુદ્ધ--ચિતોરગઢનો ઘેરો—૧૩ મું વર્ષ—વાઘનો શિકાર—રણથંભોરપર સ્વારી—૧૪ મું વર્ષ—ફ્તેપુર—કાલિંજરનો રાજા—સલીમનો જન્મ—૧૫ મું વર્ષ.—માર-વાડ અને વાંકાનેરના મહારાજાનું તાબે થવું—ગધેડાનો શિકાર—૧૬ મું વર્ષ--ટાટાં ઉપર સ્વારી.

---

૧૦ મું વર્ષ, તા. ૧૧ મી માર્ચ સને ૧૫૬૫.—આ વર્ષને આરંભે શાહને હાથીનો શિકાર કરવાની ઇચ્છા થઇ. જંગલોમાં માણસ મોકલી ખબર મંગાવીને અકબરશાહ ધોળપુરને માર્ગે નરવર ભણી સિધાવ્યા. તેની પડોશનાં વનમાં હાથીનાં ટોળાં હતાં તેને તેણે પકડી આણ્યાં. એવું માલૂમ પડે છે કે હાથીને પકડવા તેને હાથીનો શિકાર કહેતા; કેમકે હાથીને માર્યા એવું અકબરના ઇતિહાસ કરનારાએ લખ્યું નથી. એ હાથી ઝલાયા ત્યાંથી આઠ કોશપર બીજા જંગલમાં મસ્ત હાથી હતા, તેમને પકડવાને પાદશાહે નોકરોને મોકલ્યા. સાડી ત્રણસેં હાથીને તેઓ ઝાલી લાવ્યા. હવે ઉનાળો બેઠો, લૂ વાવા લાગી, ને છાવણીનાં માણસો માંદાં થવા માંડ્યાં; તેથી પાદશાહ પાછા ફરી આગ્રે ગયા.

આગ્રાનો જૂનો કિલ્લો ઈંટનો બાંધેલો હતો તે પડવા માંડ્યો હતો. તેને ઠામે નવો પત્થરનો ચણાવવાની શાહે આજ્ઞા કરી. આ વર્ષમાં આરંભ કર્યા પછી કેટલેક વર્ષે તે બંધાઈ રહ્યો. એ ગઢ ઘણો સારો ને મજબૂત બન્યો. તેની દિવાલનો ઓસાર દશ ગજ ને ઉંચાઈ ૪૦ ગજ છે. તેની ચારેમેર વીશ ગજ પહોળી અને દશ ગજ ઉંડી ખાડી ખોદાવી અને જમના નદીમાંથી તેમાં પાણી આણ્યું. એ કિલ્લાના દરવાજાનો પાયો નાંખ્યાનું વર્ષ—"બિનાઇદર–ઇ–બિહિસ્ટ" (અર્થ, હી. સ. ૯૭૪). ત્રણ કરોડ ટકા એને બંધાવતાં થયા. એ ખરચને માટે એ પ્રાંતની જમીન ઉપર કાંઇ વેરો નાંખ્યો.

પાદશાહની વતી પ્રાંતોમાં અમલ કરવાને હાકેમો મોકલવામાં આવતા તેઓ જાગીરદાર કે અમીર કહેવાતા, અને તેમના હાથનીચેના પરગણાના અને ગઢોના હાકેમોને પણ જાગીરદાર કહેતા, પણ એ જાગીરો વંશપરંપરા ન હતી. માત્ર નોકરીપર હોય ત્યાંલગી તે તેમની જાગીર કહેવાતી, અને ખરચ બાદ કરતાં બાકીની ઉપજ આગ્રે મોકલવી પડતી. હિંદુરાજા અકબરને આધીન થતા તેઓને તેમની ગાદીપર વંશપરંપરા બહાલ રાખી માત્ર ઠરાવેલી ખંડણી તેમની કનેથી લેવામાં આવતી.

પાદશાહીનું બંધારણ હજી ઢીલું હોવાથી ઘણાક મુસલમાન જાગીરદારો સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરતા. માળવાના જાગીરદાર અબદુલ્લાખાન ઉઝબેકે એવી કોશીશ કરી અને સખ્ત સજા પામ્યો, તે પરથી બીજા ઉઝબેગ સરદારોને વહેમ આવ્યો કે પાદશાહ બધા ઉઝબેક લોકને નઠારા ગણે છે. અયોધ્યાનો જાગીરદાર સિકંદરખાન ઉઝબેક હતો, તેને હજૂરમાં આણવાને પાદશાહે અશરફખાનને મોકલ્યો. અધિપતિનો હુકમ ન માનતાં ઇબ્રાહીમખાનને તે મળ્યો. પછી એ બંને

બીજા ઉઝબેક સરદારોને જોડે લેઇ જવાનપુરના જાગીરદાર ખાનજમાન ઉઝબેકની પાસે ગયા. અહિં બધા ઉઝબેક સરદારોએ બળવો કરવાનો ઠરાવ કર્યો. આસપાસના પ્રાંતોના જે અમીરો નિમકહલાલ રહ્યા તેઓ સંપ કરી બંડખોરોની સામે લઢયા, પણ ફતેહ પામ્યા નહિ. તેમની તરફથી એ સમાચાર અકબરને મળવાથી એ બળવાખોરોને શિક્ષા કરવાને પંડે ચઢવાનો તેણે નિશ્ચય કર્યો. ખાનપુર (કાનપુર) આગળ નદી ઓળંગી તેમને શહેરમાં રાખવાને ખાનખાનાન મુનીમખાનને આગળ મોકલી પાદશાહ પંડે જોડે લેવાની ફોજની ગોઠવણ કરવા આગ્રે રહ્યા. થોડા દિવસમાં તે બંદોબસ્ત પૂરો થવાથી સ્વારી ઉપડી. ખાનપુર પહોંચ્યા તેવારે કયાખાન ગંગ નામે એક બંડખોર અમીરે શરણે આવી ક્ષમા માગી. અકબરે તેનો અપરાધ માફ કરી તેની જાગીર તેને પાછી સોંપી. ગંગા નદીમાં પૂર હોવાથી પાદશાહ દશ દિવસ સુધી તે ઓળંગી શકયા નહિ. પાણી ઉતરી જવાથી સામે પાર જઇ સિકંદર લખનૌમાં હતો તેને સજા કરવાને વીણી કાઢેલા સ્વારો લેઇ શાહ મધરાતે છાવણીમાંથી ઉપડ્યા. તે રાત્રે તથા બીજે દહાડે તથા રાત્રે વગર અટકે કૂચ કરી સવારે લખનૌ પહોંચ્યા. એ ખબર જાણી સિકંદર ત્યાંથી એકદમ નાસી ખાનજમાનની છાવણીમાં ગયો. લખનૌ લેઇ શાહ જવાનપુર ભણી ગયા.

બંગાળામાં સુલેમાન કિરાની અફગાન નામે હાકેમ સ્વતંત્રપણે રાજ્ય કરતો હતો, તે બંડખોરને મદદ ન કરે માટે અકબરે તેની પાસે વકીલ મોકલ્યા; તથા ઓઢીઆ (ઓરિસ્સા) ના રજપૂત રાજાને પણ કહાવ્યું કે બંગાળાના હાકેમને તેમ કરતાં અટકાવે. અસફખાનને કેટલીક ફોજ આપી પાદશાહે ખાનજમાનની પાછળ મોકલ્યો. પણ મુજફ્ફરખાન નામે અમીરે તેના ઉપર લૂંટમાં મળેલાં નાણાં ખાઇ જવાનું તોહમત મૂકયાથી ભય પામીને તે બળવાખોરોને મળી ગયો. હવે તેની

જગાએ પાદશાહે મુનીમખાનને નીમ્યો. ખાનજમાને પોતાના ભાઇ બહાદુરખાનને સરવાર પ્રાંતમાં ફિતૂર ઉભું કરવાને મોકલ્યો, અને અકબરે તેની પાછળ મીર મુઇજુલ મુલ્કને મોકલ્યો. મુનીમખાનની સરદારી નીચે પાદશાહી ફોજ ખાનજમાનની છાવણીની નજીક આવી તેવારે સલાહનાં કહેણુ ચાલ્યાં. એ બે અમીરો દોસ્ત હતા, તેથી ખાનજમાને તેને સંદેશો મોકલ્યો કે તમે વચ્ચે પડી મને માફી અપાવો તો હું પાદશાહને શરણે જાઉં. મુનીમખાન અને તે મળ્યા અને શું કરવું તેનો ઠરાવ કર્યો. આ કામ અહિં ચાલે છે તેવામાં મીર મુઇજુલનો પરાજય થયાના સમાચાર આવ્યા. બહાદુરખાં ઉસબેકે તેને કહાવ્યું કે સમાધાન થવાનો પ્રયત્ન ચાલે છે, માટે હાલ લઢાઇ બંધ રાખવી. પણ મીરે તે વાત માની નહિ. તે લઢવાને ઘણો આતુર હતો. એવામાં લશ્કરખાન મીરબક્ષી અને રાજા ટોડરમલ* તેની મદદે આવી પહોંચ્યા. એ

*અકબરનો આ પ્રખ્યાત દીવાન લાહોરનો ખતરી (ખાતરી) હતો. તે બાળક હતો તેવારે તેને નિર્ધન મૂકી તેનો બાપ મરણ પામ્યો. ઉમ્મરે આવતાં તેને કારકુનની જગા મળી. પોતાના બુદ્ધિબળવડે તે આ હલકી સ્થિતિમાંથી શેરશાહ સૂરના અમલમાં ઉંચે દરજ્જે ચઢચો. એ સુલતાને ગખર લોકના પહાડી મૂલકમાં મોટો મજબૂત પત્થરનો ગઢ ચણાવ્યો તેવારે તે કામનો ઉપરી ટોડરમલ હતો. ગખર લોકે સંપ કર્યો કે એ ગઢ ચણાવવામાં કોઇએ કોઇ પ્રકારની મદદ કરવી નહિ, મજુરીએ પણ જવું નહિ. ટોડરમલે એ વાત શાહને લખી જણાવ્યું કે એથી કિલ્લાનું કામ અટકી પડયું છે. પાદશાહે તેને ઠપકો લખ્યો કે તમે ખરચ કરવામાં બહુ કસરિયા છો ને મારો હુકમ અમલમાં લાવવાને ચહાતા નથી. તમારે બોહોળે હાથે ખરચ કરવો; જેટલું નાણું જોઇશે તેટલું તમને સરકારી ખજાનામાંથી મળશે. એ આજ્ઞા મળ્યા પછી

કુમક મળતાં મીરે બળવાખોર ફોજ ઉપર હલ્લાં કરી; પણ તેમાં ફતેહ ન પામતાં તેને નાસવું પડ્યું. રાજા ટોડરમલે તથા લશ્કરખાંએ રાત પડતાં લગી બચાવ કર્યો; પણ ફોજનો બાકીનો ભાગ નાસવાથી તેમને પણ પાછા હટવું પડ્યું. નાસતી સેનાને બીજે દહાડે શેરગઢમાં ભેગી કરી તેમણે પાદશાહને પરાજયનો હેવાલ લખી મોકલ્યો. એ માઠા સમાચાર આવ્યા તેવારે ખાનજમાન વગેરે બંડખોર સરદારોને, ખાનજમાનની મા અને મુનીમખાનની મારફતે માફી મળી ચૂકી હતી. તેથી એ લશ્કરને લઢાઇ બંધ પાડવાને હુકમ મોકલી હજુરમાં બોલાવી, મુઇજુલમુલ્કે યુદ્ધ કરવામાં ભુલ કરી હતી, તથાપિ તેણે શૂરથી લઢી પોતાનો ધર્મ બજાવ્યો હતો માટે તેને, તથા રાજા ટોડરમલે અને લશ્કરખાંએ પોતાનાં કર્ત્તવ્ય બરાબર કર્યાં હતાં માટે તેમને, માન સહિત હજુરમાં બોલાવ્યા. પણ જેઓ સંગ્રામમાં પોતાનો ધર્મ ચુકી યોગ્યરીતે વર્ત્યા ન હતા તેમને હજુરમાં આવવાની મના કરી ઉસએક

ટોડરમલે દર પત્થરે એક અશ્રફી આપવાનું જાહેર કર્યાથી એટલા બધા ગબરો કામે આવ્યા કે મોહોરથી ઉતરતાં ઉતરતાં એક રૂપિએ, પછી દશ ટકે, ને અંતે પાંચ ટકે જોઇએ એટલા મજુર મળ્યા. દશ ટકાના સિક્કાને કાળો ટકો કહેતા ને તે રૂપિયાનો એક ચાળીશાંશ હતો. કિલ્લો મનમાનતો પૂરો થવાથી શેરશાહે ટોડરમલને તેની ખબરદારી તથા લાયકીને માટે બહુ શાબાસી આપી. આ ચતુર પાદશાહના હાથ નીચે તેનું મન કેળવાયું હતું અને તેના મનની શક્તિઓ ખીલી હતી, તેથી તે અકબરને બહુ જ કામ લાગ્યો. તેણે એવી ઉત્તમ સેવા બજાવી કે તેની કીર્તિ અમર થઇ. અકબરના મહાચપળ, બુદ્ધિમાન્ અને અતિલાયક મુખ્ય અધિકારીઓ હતા તેઓમાં રાજા ટોડરમલ હતો. તેનું મરણ તા. ૧૦ મી નવેમ્બર ૧૫૮૯ ને દિવસે થયું.

સરદારોને માફી આપી. અકબરશાહ સુનારગઢ જોવા ગયા, ને ત્યાંથી જવાનપુર થઇ કાશીએ ગયા. એવું માલૂમ પડે છે કે એ સલાહ પોલી હતી. બંડખોર લોક હજી પૂરા મનાયા ન હતા. પાદશાહ છાવણીમાંથી ગયા એટલે ખાનજમાને સંધિની શરતો તોડી. અકબરે પાછા આવી તેનો નાશ કરવાને ફોજ મોકલી ને ઠરાવ કર્યો કે પ્રથમ એ બળવાખોરોનો પૂરો નાશ થતાં સુધી તે નગરને રાજ્યધાની કરવી. ખાનજમાન શિવાલિક ડુંગરામાં નાઠો. જવાનપૂરમાં જતાં માર્ગમાં નિજામાબાદ શહેર આવ્યું. ત્યાં પાદશાહની વરસગાંઠનો ઓચ્છવ કરવાને મુકામ કર્યો. એ ઓચ્છવને મઝલિબ-ઇ-વાઝન કહેતા. તે જન્મતિથિ તથા તારીખ એ બને દિવસે કરવામાં આવતો. એ પ્રસંગે રાજ્યના વજીર, દીવાનાદિક કારભારીઓ તથા અમીર ઉમરાવો બાદશાહને સોનું રૂપું અને બીજી વસ્તુઓ વડે તોળતા; અને પછી તે ધનનું બ્રાહ્મણાદિક ભિક્ષુકોને દાન કરતા. એ પ્રમાણે એ પ્રસંગે કર્યું.

નિજામાબાદથી સરકારસ્વારી જવાનપુર ગઇ. ત્યાં એક સુંદર સ્થળ પસંદ કરી શોભાયમાન મહેલ બાંધવાની આજ્ઞા અકબરે આપી. અમીર ઉમરાવોને પણ પોતપોતાના ગજા પ્રમાણે મકાન બંધાવવાને ફરમાવ્યું. ખાનજમાનની પાછળ ફોજ મોકલી. તે લઢવા ન ઉભો રહેતાં શિવાલિક ડુંગરામાં નાઠો. ત્યાંથી ગંગાકાંઠે આવી પોતાના એક સરદારને અને પોતાની માને પાદશાહ પાસે ક્ષમાદાન માગવાને મોકલ્યાં. તેઓ ખાનખાનાન મુનીમખાનની પાસે આવ્યાં ને તેને તથા હિંદના શેખુલ ઇસ્માઇલ અબદુલ્લા ભખ્ખૂને જોડે લેઇ અકબરશાહની હજુરમાં આવ્યાં. એ સર્વના કરગરવાથી શાહે વળી દયા કરી માફી બક્ષી.

ઇલાહી વર્ષ ૧૧ મું—તા. ૧૨ મી માર્ચ ૧૫૫૬. આસફખાન અને તેના ભાઇ વજીરખાનનું બંડ શમ્યું ન હતું એવામાં અફગાનિ-

સ્તાનમાં બદકશાનના હાકેમ મીરજાં સુલેમાને કાબૂલ ઉપર સ્વારી કરી. અકબરનો ઓરમાન નાનો ભાઇ મીરજાં હકીમ ત્યાં અમલ કરતો હતો તે નાસી પંજાબમાં આવ્યો. પ્રથમ તો તેણે મોટા ભાઇની મદદ માગી; પણ પાછળથી કોઇના ભમાવ્યાથી બંડ મચાવ્યું, ને લાહોર ઉપર ચઢાઇ કરી. લાહોરની પાદશાહી ફોજે તે શહેરનો બચાવ કરી પાદશાહને એ બળવાના સમાચાર મોકલ્યા. તુરત અકબરે સજ્જ થઇને લાહોર ભણી કૂચ કરી. એ ખબર જાણી હકીમ લાહોરની પાડોશમાંથી નાઠો. ત્યાર પછી શાહ લાહોરમાં ગયા. સાંભલ પ્રાંતમાંના આજમપુરના જાગીરદાર ઉલૂમ મીરજાં, તથા શાહ મીરજાં, તથા તેમના બે કાકા નામે ઇબ્રાહીમ હુસેન મીરજાં અને મહમ્મદ હુસેન મીરજાં એમણે બંડ કર્યું. આસપાસ આવેલાં પરગણાંના અમલદારોએ તેમને હરાવ્યાથી તેઓ માળવે નાઠા.

૧૨ મું વર્ષ—૧૨ મી ફેબ્રુઆરી ૧૫૬૭. આસપાસના ઘણા ગાઉમાં વસનારાં જંગલી પશુઓને હાંકી લાવી વચમાં ભેગાં કરી શિકાર કરે છે તેને તુર્કી બોલીમાં કમુર્ઘા શિકાર કહે છે. આ વરસને આરંભે પાદશાહ એ શિકાર રમ્યા. લાહોરની ફરતા ૪૦ કોશના અમીરોને ફરમાવ્યું કે હરણ, નીલગાય, શિયાળાદિક જનાવરોને લાહોરની પાસે પાંચ કોશપર હાંકી લાવી ઘેરવાં. એ હુકમ મુજબ આશરે પંદર હજાર પશુઓને તેમણે પાંચ કોશના મેદાનમાં આણ્યાં. શાહ પંડે કેટલાક દિવસ મૃગયા રમ્યા પછી નોકરોને, સિપાઇઓને અને તમામ લોકને ત્યાં શિકાર કરવાની રજા આપી. મૃગયાથી પાછા ફરી બાદશાહ શહેર ભણી ચાલ્યા. વચમાં ઉંડા પાણીવાળી નદી આવી તેમાં ઘોડો નાખી તરી ગયા; પણ તેના બે સાથી તેમ કરતાં ડુબી મુવા. હમીદ બકી નામે હજારી સવારને બીજા સવારે ભાલો મારી જખમી કર્યો. ઘાયલ થયલા માણસે ફરિયાદ કરવાથી અકબરે ગુન્હે-

ગારનું માથું કાપવાનો હુકમ કર્યો. એને વાઢતાં તરવાર ભાગી, તે જોઇ બીજી તરવારથી હણવાની મના કરી પાદશાહે તેની દેડફજેતી કરી. આ વેળા બળવાખોર વજીરખાને લાહોરમાં આવી બહુ કરગરી માફ માગી ને ઉદાર અકબરે દયા કરી તેને અને તેના ભાઇ અસફખાનને ક્ષમાદાન આપ્યું. એ જ મુકામે ખબર આવી કે ખાનજમાન, બહાદુરખાન અને સિકંદરખાન એ ત્રણ ભાઇએ ફરીને બળવો કરી પોતાની છાવણીમાં મીરજા હકીમને નામે ખુત્બો ભણાવ્યો. એ જાણી શાહ આગ્રે જવા નીકળ્યા. થાનેશ્વર આગળ સ્વારી આવી ત્યારે ગ્રહણ હોવાથી ત્યાં મોટી જાત્રા ભરાઇ હતી. હજારો હિંદુ ત્યાં ભેગા થયા હતા, ને બ્રાહ્મણોને તથા સાધુઓને પુષ્કળ દાન આપતા હતા. કુરૂક્ષેત્ર નામે ત્યાં સરોવર છે તેમાં ગ્રહણ સમે ઘણાં માણસ નહાવાને ઉતર્યાં. એક જોગીની અને એક સંન્યાસીની ટોળી વચ્ચે નહાવાના ઘાટને મારે ટંટો ચાલતો હતો, મારે તેમણે હથિયારવડે યુદ્ધ કરવાની રજા માગી. વગર લઢે ટંટો પતાવવાની કોશીશ નિષ્ફળ જવાથી રજા આપી. શાહ પંડે તે જોવા ગયા. બસેં ત્રણસેં સંન્યાસી હતા અને જોગી પાંચસેંથી વધારે હતા. સંગ્રામ કરવાને સજ્જ થઇ બંને પક્ષ સામસામા આવી ઉભા તેવારે સંન્યાસીની ટોળીમાં ઓછા આદમી હોવાથી તેને નબળી જોઇ કેટલાક સિપાઈ દિલે રાખ ચોળી બાવાને વેશે તેઓની મદદે ગયા. ઘણા જોરથી જુદ્ધ ચાલ્યું ને ઘણા માણસ રણમાં પડ્યા. અંતે જોગી હાર્યા અને સંન્યાસી જીત્યા. જોગીઓનો પરાજય થયા પછી પોતાની ફોજની ટોળી મોકલી બાદશાહે કતલ અટકાવી.

આગ્રે આવી ત્યાં ૧૯ દિવસ રહી અકબરે જવાનપુર ભણી કૂચ કરી. ભોજપુરને મુકામેથી મહમ્મદ કુલીનખાન બીર્લાસ, મુજફરખાન, રાજા ટોડરમલાદિક સરદારોને છહજાર સ્વાર આપી અયોધ્યા પ્રાંતમાં

બંડખોર સિકંદરખાનની સામા મોકલ્યા. સરકારસ્વારી રાયબારેલી થઇ માનેણપુર ભણી ગઇ. એવામાં ભારે વરસાદ થવાથી ગંગામાં પૂર આવ્યું. ખાનજમાન સામે તીરે હતો. પાદશાહ પંડે આવ્યા છે એ બીના તેના જાણવામાં ન હોવાથી તે મોજમઝામાં મચ્યો રહ્યો. તે રાત્રે તેણે અને તેના ભાઇ બહાદુરખાને ખુબ દારૂ પી મોજ મારી હતી. અકબર ઉતાવળી ચાલે આગળ વધી આવ્યો હતો, તેથી માત્ર હજાર દોઢ હજાર ફોજ તેની જોડે હતી; બાકીની ફોજ પાછળ પડી ગઇ હતી. તોપણ હાથીપર બેસી તેઓ નદીપાર ઉતર્યા અને તેના સાથી તરીને તેની જોડે ગયા. અકબરે સંગ્રામને માટે સેનાને ગોઠવી ને બાળસુંદર નામે હાથી ઉપર સ્વાર થઇ પંડે મધ્યભાગે રહ્યા. પાછળ હોદ્દામાં મીરજાં કોકા અજમખાનને બેસાડયો હતો. જમણે પડખે અસફખાન અને બીજા અત્કા સરદારો, તથા ડાબી બાજુએ મજનુનખાન વગેરે ઉમરાવોને રાખ્યા હતા. શાહ પોતે પધારેલા છે, એ વાત હવે બળવાખોરોના જાણવામાં આવ્યાથી તેઓ મરણીઆ થઈ યુદ્ધે ચઢયા. બહાદુરખાન પહેલો ધસી આવ્યો; પણ તેના ઘોડાને તીર વાગવાથી તે હાથ રહ્યો નહિ, ને બહાદુર નીચે પડયો અને કેદ પકડાયો. ખાનજમાને ધીરજથી યુદ્ધ જારી રાખ્યું. અકબરે હાથી ઉપરથી ઉતરી ઘોડાપર સ્વારી કરી અને પોતાના ગજસૈન્યને શત્રુની ફોજપર હુમલો કરવાને મોકલ્યું. તેઓમાં હીરાનંદ નામે બહુ જબરો ને શૂરો હાથી હતો તે આગળ વધ્યો. દુશ્મને તેની સામે દિયાન નામે હાથીને મોકલ્યો. હીરાનંદે તેને એવા જોરથી ટક્કર લગાવી કે તુરત ભોંયે પડયો. ખાનજમાનના અંગમાં તીર ભોંકાયું તે કાઢવા જાય છે તેવામાં નરસિંહ નામે હાથી તેના ઉપર આવ્યો. ખાને બૂમ પાડી મહાવતને કહ્યું કે "હું મોટો આદમી છું. મને જીવતો ઝાલીશ તો પાદશાહ તને ઇનામ આપશે." તેનું કહેવું લક્ષમાં ન લેતાં મ-

હાવતે હાથીને તેના અંગપર ચઢાવી તેને કચરી માર્યો. હવે બાકીના શત્રુ નાઠા ને સંગ્રામ પૂરો થયો. ઘવાયલા બહાદુરખાનને પાદશાહની હજૂરમાં પકડી લાવ્યા તેવારે તેના ઉપર દયા કરવાની મરજી ભલા અકબરની હતી; પણ અમીરોના આગ્રહથી તેનો શિરચ્છેદ કરાવ્યો. આ પરાજયની ખબર સાંભળી સિકંદર પરમુલકમાં નાઠો. પકડાયલા બંડખોર સરદારોમાં જેઓ હઠીલા હતા તેમને હાથીના પગતળે છુંદાવી માર્યા ને બાકીનાને છોડી દીધા.

ઉસ્બેક લોકનું બંડ બે વરસ પહોંચ્યું. તેઓ શૂરા, અનુભવી અને ચતુર યોદ્ધા હતા. ઘણોક મૂલક તેમને કબજે હતો, અને બંગાળામાં અફગાન હાકેમો સ્વતંત્રપણે અમલ કરતા હતા. તેમની જોડે તેઓ મળી ગયા તેથી તેમનો બળવો ભારે થઇ પડયો હતો. એનો લાભ લઇ અકબરના ઓરમાનભાઇએ પંજાબ જીતી લેવાની કોશીશ કરી અને તેના પિતરાઈ મીરજા સરદારોએ બંડ કર્યું. ઉસ્બેકોએ અકબરનાં હોશીઆર સેનાપતિઓને હંફાવ્યા અને માત્ર અકબરની પંડની યુદ્ધ-કુશળતા અને ચપળતાથી તેઓ જીતાયા. તેણે બંગાળાના અફગાનોને દબાવી શહેરમાં રાખ્યા, મુગલ સરદારોને સજા કરીને તથા દયા કરીને વશ કર્યા, અને કેટલાક રજપૂત રાજાને જીતીને તાબેદાર સેવક કર્યા, અને ઉદારતાથી વિશ્વાસુ મિત્ર બનાવ્યા. અફગાનીસ્તાનથી અને તુર્કસ્તાનથી સિપાઇ મળવાનો માર્ગ બંધ પડયો હતો; અને પોતાની નોકરીમાં હતા તેઓ પૈસાના લોભથી અને સ્વતંત્રપણે વંશપરંપરાનું રાજ્ય સ્થાપવાની આશાએ ચારે તરફ વારે વારે બળવા કરતા. આ ભારે સંકટમાં પોતાની અતિ જાગૃતિ તથા મહા બુદ્ધિબળ, ડહાપણ અને દયા એ ચાર સાધનોવડે અકબરે રાજ્યને ઉગાર્યું, અને ઘણાક પ્રાંતો તેમાં ઉમેર્યા. મુગલ સરદારોમાંના બંડખોર મીરજા હજી વશ થયા ન હતા. તેઓ માળવામાં જઇ ભરાયા હતા, તેમને સજા કરવાને બાદશાહ મા-

જવા ભણી ચાલ્યા. એ સમાચાર જાણી મીરજાં સરદારો ગૂજરાતના સ્વતંત્ર મુસલમાની રાજ્યમાં નાઠા. તેમની પાછળ ન લાગતાં અકબરે ચિતોડગઢ જીતવાનો ઠરાવ કર્યો. ત્યાંનો રાણો ઉદયસિંહ પંડે પરાક્રમી નહતો, પરંતુ તેના સામંતો મહા શૂરા અને જબરા હતા. બાબર જોડે જુદ્ધ કરનાર બહાદુર રાણા સંઘ (સિંહ) નો કુંવર રાણો ઉદયસિંહ હતો, પણ પિતાના જેટલો દમ એ પુત્રમાં નહતો. મુગલ સેના ચિતોડ તરફ વળી એટલે રાણોજી, પોતાના કુટુંબ સહિત નાસી, ગૂજરાતની ઉત્તરે આવેલા ડુંગરામાં જઈ સંતાયો. ચિતોડના રક્ષણને માટે જયમલ નામે શૂરા, અનુભવી અને ચતુર સામંતને આઠ હજાર બહાદુર રજપૂતો સહિત રાખ્યો હતો. સુમારે ત્રણ કોશ લાંબો અને અર્ધ કોશ પહોળો ચિતોડનો ડુંગર છે. તેના ઉપર ચણેલો ગઢ બડો મજબૂત છે. આગળ મુસલમાનોએ તેને જીત્યો હતો, તથાપિ હિંમત ન હારતાં તેનો બચાવ કરવાનો દૃઢ નિશ્ચય કરી જયમલ સજ્જ થયો. આખા હિંદમાં તે *ગઢ સર્વથી જબરો ગણાતો હતો ને એને જીત્યા વિના રજપૂતોમાં અકબરનો દાબ બેસે તેવું ન હતું; અને રજપૂત સંસ્થાનો સ્વતંત્ર રહે ત્યાં લગી અકબર હિંદનાં બીજાં મુસલમાની રાજ્યોને વશ કરી શકે નહિ એ પણ નક્કી હતું. માટે એને જીતવાનો ઠરાવ કરી તેણે પંડે તે ઉપર સ્વારી કરી. રજપૂતો ભારે હઠથી લઢ્યા. જયમલની જાગૃતિ ને હોશીઆરી વખાણવા જોગ હતાં. મુગલ સેનાએ ગઢને ઘેરી લીધો, પણ જયમલે તેમને અંદર પેસવા દીધા નહિ. ગઢના હરેક ભાગમાં ફરતો રહી પોતાના શૂરવીરોને તે હિંમત આપતો, અને શું કરવું તે બતાવતો. ગઢમાં મીઠું પાણી અને પુષ્કળ અન્ન હતાં. ગઢના જુદા જુદા ભાગપર અકબરે અમીરોને હુમલો કરવાને મોકલ્યા; પણ તે બધાને

---

* 'રાણી સો કમળાદેવી, દુસરી સબ લુંડીઆં; ગઢ સો ચિતોડ, દુસરી સબ ગઢીઆં.' એવી કહેવત લોકમાં ચાલતી હતી.

પાછા ફરવું પડયું. મુગલ ફોજે આસપાસનાં પરગણાંઓમાં ફરી વળી દેશને ઉજડ કર્યો; પણ તેથી ગઢવીઓ ઉપર કાંઇ અસર થઇ નહિ. એ વેળા અકબર કને દૂરથી કોટ તોડવાની મોટી તોપો નહતી, અને રજપૂતોનાં તીર અને બંદૂકના મારને લીધે તેના સિપાઇ કોટની પાસે જઇ શકતા નહતા. માટે તેણે સાબાત એટલે ઢાંકેલા રસ્તા કરાવ્યા. ખાડીઓ ખોદી તેને ઉપરથી પાટીઆં તથા ચામડાં વડે ઢાંકી લેઇ તે રસ્તે કિલ્લા પાસે જવાના બે માર્ગ કર્યા. એ કામ કરવાને તેણે પાંચ હજાર કડીઆ, સૂતાર, સલાટાદિને રાખ્યા. વેઠે પકડવાની મના કરી સર્વેને પગાર આપી રાખ્યા. એ બે માર્ગમાંનો એક પોતાના મુકામથી શરૂ કર્યો અને બીજો સામી બાજુએથી ચલાવ્યો. એ કામ ચાલતું હતું તેની નજરે જોઇ તપાસ રાખવાને પોતાને માટે તેણે ઉંચો ચોતરો કરાવી તે ઉપર બેઠક કરાવી. ગઢમાંના રજપૂત યોદ્ધા એ કામને ખાળવાની કોશીશમાં જરાએ કસર કરતા નહિ. તેમના ગોળાના મારથી લગભગ નિત્ય સો કારીગરો તથા મજૂરો મરતા, અને સાબાતની દીવાલના પાયામાં ઈંટોને હામે તેમનાં મડદાંને દાટવાં પડતાં. અકબર મસ ઇનામ આપી રસ્તો કરનારાને હિંમત આપતો. બાદશાહી મુકામની પાસેનો સાબાત કોટ સુધી પહોંચ્યાથી ગઢના બે બુરજો નીચે બંદુકનો દારૂ ભરીને જામગરી સળગાવવી એવો બેત હતો. બંને બુરજની સુરંગ જોડે ઉડે ને તે ઉડે એટલે સિપાઇઓએ તેથી થએલા માર્ગમાં ધસી ગઢમાં પેસવું. પણ માત્ર એક બુરજ ઉડયો. બીજાની જામગરી ઓલવાઇ ગઇ, એમ ધારી મુગલો તે વાટે અંદર ધુસ્યા. રજપૂતો તેમને અટકાવવાને સામા આવ્યા. એ યુદ્ધ ચાલે છે તેવામાં એક બીજો બુરજ ઉડયો, અને તેથી સેંકડો મુગલ અને રજપૂત હવામાં ઉડી ગયા, ને સેંકડો છુંદાઇ મુઆ. એથી ભય પામીને બાકીના મુગલ પાછા હઠયા, ને જયમલે તે માર્ગ પૂરાવી દીધો. આ પરાજયથી

હામ ન છોડતાં સુજાઅતખાનના મોરચા આગળનો સાબાત તૈયાર થતાં તેની થડમાંના ગઢનો કોટ તોડયો. અહિં હવે જબરો જંગ મચ્યો. મુગલોને પાછા હઠાવી ત્રુટેલી દીવાલને રજપૂતોએ પાછી ચણવા માંડી; અને તે કરનારાને હિંમત આપવા માટે રાત્રે મસાલો સહિત બહાદુર જયમલ પંડે ત્યાં આવ્યો. અકબરે તેને ઓળખી પોતાના હાથમાં બંદૂક લેઈ તેના માથાને તાકી ગોળી મારી તે આબાદ તેને વાગેથી જયમલ પડયો. પોતાના સેનાપતિના મરણથી રજપૂતોએ નિરાશ થઇ ગઢનો રીતસર બચાવ કરવો છોડી દીધો. તેમણે પોતાનાં બૈરાંનો જુવાહર કર્યો, એટલે તેમને જયમલના શબની જોડે બાળી માર્યાં, અને પોતે કેસરિયાં કરવાને ત્રુટી પડયા. બાયડીઓને બાળી મારવાના કામમાં રજપૂતો લાગ્યા હતા તેવામાં મુગલો કિલ્લાપર ચઢયા. એ વેળા રાજપુત્રો તેમનાપર ધસ્યા અને માર્યા ગયા. આશરે આઠ હજાર માણસોની એ વેળા કતલ થઇ. મુસલમાન તવારીખ લખનારા એથી એ વધારે સંખ્યા કહે છે. બે હજાર રજપૂતો એક જુગતી કરી સકુટુંબ એ વેળા ઉગર્યા. મુગલો પોતાના કેદીઓને લેઈ જતા તે પ્રમાણે તેઓ પોતાનાં બૈરાં છોકરાંના હાથ બાંધી ચાલ્યા આવ્યા ને મુગલ લશ્કરમાં થઇ નીકળી ગયા. પાદશાહી ફોજની કોઇ ટુકડી રજપૂત બંધીવાનોને લઇ આવે છે એમ ધારી મુગલોએ તેમને અટકાવ્યા નહિ. માર્ચ ૧૫૬૮. માહે શાબાક હી. સને ૯૭૬. ચિતોડગઢ લીધા પછી ત્યાં ત્રણ દિવસ રહી તથા આસફખાનને ત્યાંનો વાલી નીમી બાદશાહ અજમેર ગયા. રાજ્યધાની ગયા પછી પણ રાણો મેદાન પડયો નહિ, અને તેનો બધો મૂલક મુગલોએ કેટલેક વરસે જીતી લીધો. પણ તેનો કુંવર રાણો પ્રતાપસિંહ પ્રતાપી હતો. નવ વરસ પછી રાણા ઉદયસિંહનો કાળ થતાં તે પોતાના પૂર્વજોનું રાજ્ય પાછું જીતવાપર આગ્રહથી મંડયો, અને અકબરનો કાળ થતાં પહેલાં તે કામમાં ફતેહ

પામ્યો. તેણે નવું પાટનગર વસાવ્યું ને પોતાના બાપના નામને માન આપી તેનું નામ ઉદયપુર પાડ્યું. તેના વંશજો અદ્યાપિ ત્યાં રાજ કરે છે. માત્ર એ કુળના અધિપતિઓએ મુગલ પાદશાહને કે શાહજાદાને કન્યા કદી આપી નહિ; અને જે રાજકુળોએ બાદશાહી કુળને કન્યા દીધી તેમની જોડે તેમણે કન્યાવહેવાર તોડયો. એ કુળે પાદશાહની સગાઇ કરવાની ભલી ધારણા સ્વીકારી નહિ, પણ બીજાં રાજકુળોને તે ગમી. શાહ પંડે અજમેરની અને મારવાડની રાજકન્યાઓને વર્યા હતા, અને પોતાના ત્રણે શાહાજાદાને રજપૂત રાજકન્યા વેરે પરણાવ્યા હતા. આગળ એ રિવાજ જારી રહ્યો. ગાદી વગેરેપર રજપૂત રાણી અને મુસલમાન બેગમના પુત્રોના હક સરખા ગણવામાં આવતા. રજપૂત રાજા એ સંબંધને માન્ય ગણતા, અને પાદશાહી કુળ પણ તેમાં મોટાઈ માનતું.

ચિતોડપર ચઢાઇ કરવા નીકળતી વેળા અકબરે માનતા માની હતી કે જય પામીશ તો અજમેરમાં ખ્વાજા મુઇનુદ્દીન ચિસ્તીની કબર છે તેનાં દર્શન કરીશ. એ બાધા ઉતારવાને બાદશાહ આખે રસ્તે હિંડતા અજમેર ગયા. ત્યાં જઇ મુસલમાની રીત પ્રમાણે સર્વે ક્રિયા કરી અને ગરીબોને બહુ દાન આપ્યાં.

૧૩ મું વર્ષ-ગુરૂવાર તા. ૧૪ મી રમજાન હીજરી સને ૯૭૫. માર્ચ ૧૪ મી ઇ. સ. ૧૫૬૮. આ સાલને આરંભે અજમેરથી ઉપડી મેવાડને માર્ગે બાદશાહ આગ્રે ગયા. રસ્તામાં જંગલ આવ્યું તેમાં વાઘ વસતા હતા. એક વિકાળ વાઘને જોઇ પાદશાહના હજુરી નોકરોએ તીરો મારી તેને હણ્યો. એ વેળા શાહે આજ્ઞા કરી કે હવે પછી વાઘ દેખાય તો મારા હુકમ વગર કોઇએ તેને મારવો નહિ. આગળ ચાલતાં વધારે મોટો અને વધારે વિકાળ વાઘ મળ્યો. અકબરે ઘોડેથી ઉતરી

તેનાપર તાકીને ગોળી મારી. તે ગોળી શેરના મુખને છરતી વાગવાથી તે જરા ઘવાણો, એટલે ક્રોધાયમાન થઇ અકબર ઉપર ધશી આવ્યો. અકબરે તુરત બીજી ગોળી મારી, તેથી વાઘ નીચે પડ્યો પણ પાછો ઉભો થયો. એવામાં આદિલ મહમદ કંદહારીએ તેના ઉપર તીર તાક્યું. એ જોઈ પાદશાહ ભણી ન જતાં વાઘે તેની ઉપર તલપ મારી અને તેને નીચે નાખ્યો. તેનું માથું કરડવાને વાઘે જેવું પોતાનું મોહું પહોળું કર્યું કે તેણે પોતાનો એક હાથ તેમાં ઘાલ્યો ને બીજે હાથે ખંજર કાઢવા માંડ્યું. પણ હાથો મિયાનમાં સજ્જડ બેઠેલો હોવાથી તે ઝટ નીકળ્યું નહિ. વાઘે તેનો હાથ કરડી ખાધો. બીજા સિપાઇ તુરત તેની મદદે ગયા. તેમણે વાઘને પૂરો કર્યો. પણ તેમ કરતાં એક ઝખમ આદિલને પણ લાગ્યો, અને કેટલાક વખત પછી તે મરી ગયો. શિકાર રમી રહ્યા પછી પાદશાહી સ્વારી અસવારની વાટે રાજનગરમાં ગઇ.

રણથંભોર ગઢ ઊંચો અને જબરો હતો ને ત્યાંનો રાજા તાબે થયો નહતો; માટે તે ઉપર અકબરે ફોજ મોકલી. ચિતોડના ઘેરામાં જે ટુકડીઓ હાજર નહતી તેને આ કામપર મોકલી; પણ એવામાં માળવેથી સમાચાર આવ્યા કે, ગૂજરાતના ચિંગીસખાન જોડે અણબનાવ થવાથી બંડખોર મીરજાં લોક ત્યાંથી નાસી આવી ઉજ્જેણ નગરીને ઘેરી છે. રણથંભોરપર જતી ફોજને અકબરશાહે માળવે મોકલી. પાદશાહી ફોજ આવી એટલે તેઓ ઘેરો ઉઠાવી નર્મદા ભણી નાઠા. નદી ઉતરતાં તેમનાં ઘણાં આદમી ડૂબી મુવાં. આ વેળા તેમના સાંભળવામાં આવ્યું કે ગૂજરાતના હાકેમ ચિંગીસખાનને અમદાવાદમાં ત્રિપોલિયાના મેદાનમાં (ત્રણ દરવાજા આગળ) જાઝકખાન હબસીએ મારી નાંખ્યો છે. એ ગરબડનો લાભ લેવાને તેઓ ગૂજરાતમાં ગયા. અહિં તેમણે ચાંપાનેર, ભરૂચ અને સુરત એ શહેરો તથા તેઓની આસપાસનો મૂલક કબજે કર્યો.

૧૪ મા વર્ષનો આરંભ સને ૧૫૬૯ ના ફેબ્રુઆરીની ૨૨ મી તારીખે થયો. એ સાલની શરૂઆતમાં અકબરશાહ પંડે રણથંભોર ગઢ જીતવાને ચઢયા. ત્યાં જઇ ઘેરો નાંખ્યો, અને કોટ તોડવાને તોપો મોકલી તથા કોટની પાસે સુરંગ પાડવાને પાસે જવા સારૂ સાબાત બનાવ્યા. તોપના ગોળાથી ગઢમાં કેટલીક જગોએ બાકાં પાડયાં અને ઝાઝીવાર ટકી શકવાની આશા રહી નહિ તેવારે રણથંભોરના રાજા રાયસૂર્જને પોતાના દુધ અને ભોજ નામે બે કુંવરોને પાદશાહની હજુરમાં મોકલી તાબે થવાનું કહાવ્યું. શાહે રાજકુંવરોનો સત્કાર કર્યો અને દયા કરી તેમના પિતાને માફી બક્ષી. અભયદાન મળવાથી રાયસૂર્જન પોતે હજુરમાં હાજર થયો. તેને બાદશાહે નોકરીમાં દાખલ કર્યો. તેના કિલ્લાનો કબજો લેઇ ફોજને આગ્રે મોકલી ને પંડે ફૈજુલ અન્વાર ચિસ્તી નામે પીરની કબરનાં દર્શન કરવાને ગયા.

આ વર્ષમાં પાદશાહે સીક્રીનગરનો વિસ્તાર કર્યો. તેની બેગમને કેટલાક પુત્ર થયા હતા પણ તેમાંનો એકે જીવ્યો નહોતો. સીક્રીમાં શેખ સલીમ ચિસ્તી નામે ફકીર રહેતો તેણે પાદશાહને દીકરો આપવાનું વચન આપ્યું હતું. તેથી તેનાં દર્શન કરવાને અકબર ઘણીવાર જતો. આગ્રેથી સીક્રી બાર કોશપર હતું. ફકીરનો તકીઓ એક ડુંગર ઉપર હતો. બાદશાહે ત્યાં પોતાને માટે મહેલ બંધાવ્યો. શેખે પણ પોતાને સારૂ નવું મકાન તથા સુંદર મસજીદ બનાવ્યાં. પછી અમીરોએ પોતપોતાને માટે મકાન બંધાવ્યાં, ને પાદશાહે કોટ, કિલ્લા, બજાર તથા હમામ બંધાવ્યાં. એમ સીક્રી મોટું શહેર થયું, ને અકબરે તેનું નામ ફ્રાથપુર પાડ્યું. આ સાલમાં તેની એક બેગમને ગર્ભ રહેવાથી તેણે તેને તે ફકીરના મકાનમાં લેઇ જઇને રાખી. ત્યાં તેણે પુત્ર જણ્યો. એ ફકીરના નામપરથી અકબરે એ શાહજાદાનું નામ સલીમ પાડ્યું. 'સુલતાન સલીમ મીરજાં' એ નામે તે અકબરની હૈયાતીમાં ઓળખાતો.

એ પ્રસંગે અકબરે બહુ દાન કર્યું, બંધીવાનને છોડ્યા, અને કવિઓને બહોળે હાથે ઇનામ આપ્યાં. કુંવર અવતરે તો પગે ચાલીને અજમેરના પીર મુંઇનુદ્દીન ચિસ્તીના રોજાની જાત્રા કરવાની માનતા લીધી હતી. દીકરો થયાનો આનંદઓચ્છવ પૂરો થયા પછી તેણે તે પ્રમાણે કર્યું.

કાલિંજર ગઢ જબરો હતો. તે જીતતાં સુલતાન શેરશાહનું મરણ થયું હતું, અને બીજા સુલતાનોની ટક્કર તે ગઢે ઘણીવાર ઝીલી હતી. આ વેળા તે પન્નાના રાજા રામચંદ્રને કબજે હતો. મુગલ સરકારે તે જીતવાની ઇચ્છા કરી. ચિતોડ અને રણથંભોરના જયથી તેમનો ત્રાસ એટલો બેઠો હતો કે રાજાએ સામા ન થતાં અને સ્વારીની વાટ ન જોતાં, પોતાના કારભારી જોડે ગઢની કુંચી અકબરને મોકલી, ને પોતે અકબરની સેવામાં દાખલ થયો. બાદશાહે તેનું યથાયોગ્ય માન રાખ્યું.

૧૫ મું વર્ષ, તા. ૧૪ મી માર્ચ ઇ. સ. ૧૫૭૦–એ સાલમાં શાહને મંદિરે બીજો કુંવર અવતર્યો. અકબરે તેનું નામ મુરાદ પાડ્યું. સુલતાન મુરાદ મીરજાંનો જન્મ પણ ફકીર શેખ સલીમને તકીએ થયો. બાદશાહે એ પ્રસંગે બહુ ખેરાત કરી, અને અમીર ઉમરાવોએ શાહને પોતપોતાના દરજ્જા પ્રમાણે નજરાણાં કર્યાં, અને શાહે તેમને પોશાક આપ્યા. અવકાશ મળે તેવારે દર વર્ષે પાદશાહ અજમેર જઈ ત્યાંના પીરની ઘોરની પૂજા કરતો. આ વર્ષમાં શાહજાદાના જન્મને માટે પીરનો પાડ માનવાને તે ત્યાં ગયો, તેવારે શહેરના રક્ષણને અર્થે તેની આસપાસ મજબુત કોટ ચણાવ્યો, ને પોતાને રહેવા સારૂ મહેલ કરાવ્યો. અમીરોએ પણ પોતપોતાને કાજે મકાન બંધાવ્યાં ને પાદશાહે તેમને એ ખર્ચ કરી શકવાને આસપાસની જમીન તથા ગામ આપ્યાં. અજમેરથી શાહે નાગોર જઇ ત્યાં સિપાઇઓ પાસે તળાવ ખોદાવ્યું ને તેનું નામ શુક્રતળાવ પાડ્યું. એ મુકામે મારવાડના રાજા રાય માલવદેવનો કુંવર ચંદ્રસેન પોતાના પિતાની વતી પાદશાહને

સલામ કરવાને તથા ભેટ મૂકવાને આવ્યો, તેમ જ વાંકાનેર (બિકાનેર)-નો રાજા કલ્યાણમલ તથા તેનો કુંવર રાયસિંહ ખંડણી આપવાને આવ્યા. એ રાજાની આસ્થા દૃઢ જોઇ પાદશાહ તેની કન્યાને વર્યો, અને કુંવરને પોતાની હજુરમાં રાખી મોટી પદવીએ ચઢાવ્યો. રાજા કલ્યાણમલ એટલો જાડો હતો કે તે ઘોડેસ્વારી કરી શકતો નહિ. નાધોરની પાસેના જંગલમાં જંગલી ગધેડાં (ગોર-ખર) વસતાં હતાં તેનો શિકાર શાહે કર્યો. શોધ કરવા મોકલેલા આદમી ખબર લાવ્યા કે થોડા ગાઉપર તે જનાવરો ચરે છે. અકબર ઘોડેસ્વાર થઇ તેમની હારે ગયા. ચાર પાંચ કોશપર તેઓ દીઠામાં આવ્યાથી ઘોડેથી ઉતરી હાથમાં બંદૂક તથા ચાર પાંચ બલુચી સિપાઇને જોડે લઇને ગૂપચૂપ તેઓની નજીક ગયા ને એક ગધેડાને ગોળી લગાવી પાડચો. બંદૂકના અવાજથી ભડકી બીજાં ગધેડાં નાઠાં. શાહે તેમની પાછળ સત્તરેક કોશ સૂધી જઇ ૧૬ ગધેડાંને માર્યાં અને સાંજે પાછા છાવણીમાં આવ્યા. મારેલાં ગધેડાંનું માંસ અમીરોને વહેંચી આપ્યું. નાધોરથી ઉપડી અજોધન નગર જઇ ત્યાંના પીરની જાત્રા કરી; અને પછી લાહોર ભણી જતાં માર્ગમાં દીનાપુરમાં ત્યાંના જાગીરદાર મીરજાં અજીજ કોકાને ઘેર મુકામ કર્યો. તેણે શાહને અરબી ને ઇરાની ઘોડા, રૂપાનું જીન, પગે સોનાની સાંકળ ને કીનખાબની ઝુલોવાળા હાથી, પુષ્કળ ઝવેરાદિક બહુ કીમતી ભેટ કરી, તથા શાહજાદા અને બેગમોને પણ મસ ભેટ આપી. કારભારી, નોકર, ચાકર અને સિપાઇઓને પણ બક્ષીસ આપી રાજી કર્યા.

૧૬ મું વર્ષ, તા. ૧૩ મી માર્ચ ઇ. સ. ૧૫૭૧:—એ સાલમાં અકબરે સિંધ દેશમાંનો ટાટા ગઢ જીતવાને ફોજ મોકલી. ત્યાંનો હાકેમ સુલતાન મહમુદ કેટલાંક વર્ષ લડ્યો, પણ તેનું મરણ થવાથી મુગલ સેનાનો જય થયો.

પ્રકરણ ૫ મું.

ઈલાહી વર્ષ ૧૭ મું તથા ૧૮ મું—ગૂજરાત વિજય-બંડખોર મીરજાંઓનો નાશ-નગરકોટ ઉપર સ્વારી-રાજા બીરબલ-ગૂજરાતમાં બળવો-ખેડુતોનું રક્ષણ.

ઇલાહી વર્ષ ૧૭ મું-તા. ૧૧ મી માર્ચ ઇ. સ. ૧૫૭૨. પોતાની ફોજના સરદારોમાંના અને જીતેલા પ્રાંતોના હાકેમોમાંના જેમણે બળવા કર્યા તેમનો પરાજય અને નાશ થવાથી તથા રાજસ્થાનમાંના રજપૂત અધિપતિઓને જીતીને તથા સ્નેહ કરીને મિત્ર અને સેવક કરીને લીધાથી, હવે અકબરને ભરતખંડના સ્વતંત્ર મુસલમાની રાજ્યો જીતવાને વખત મળ્યો. એ રાજ્યો અસલ દિલ્હીની પાદશાહીના પ્રાંતો હતા; પણ પાદશાહ નબળો પડી ગયાથી ત્યાંના હાકેમો સુલતાન અને પાદશાહપદ ધારણ કરી સ્વતંત્ર થયા હતા. નર્મદાની દક્ષિણમાં ઉતર્યાની પૂર્વે ગૂજરાત અને બંગાળા એ બે દેશ પ્રથમ જીતવાના હતા. આ વેળા ગૂજરાતમાં અવ્યવસ્થા ચાલતી હતી. ત્યાંના સુલતાન બહાદુરશાહના મરણ પછી તેની ગાદીએ તેનો ભત્રીજો બીજો મહમુદશાહ બેઠો હતો. મહમુદનો માનીતો ઇતિમાદખાન નામે સરદાર હતો, તે મૂળે હિંદુ ગુલામ હતો, તેણે મુસલમાન થઇ એ નામ ધારણ કર્યું હતું. તે પાદશાહનો માનીતો હોઇ તેનો મુખ્ય સલાહકાર હતો. મહમુદનો કાળ થયો ત્યારે તેની ગાદીએ બેસનાર સર્વમાન્ય વારસ નહતો; તેથી ઇતિમાદખાને એક બાળકને તેનો પુત્ર ઠરાવી, તેને મુજફ્ફરશાહ ત્રીજો એ નામે ગાદીપતિ કર્યો, અને તેને નામે પોતે રાજ કરવા લાગ્યો. ચિંગીસખાન નામે સરદાર આ ઢોંગની સામો થયો હતો. સને ૧૫૫૬ માં મીરજાં સરદારોએ બંડ કર્યું હતું. તેઓ નાસીને એ ચિંગીસખાનના

આશ્રયમાં આવી રહ્યા હતા. એમ શરણે આવેલા છતાં એવી માઠી રીતે વર્ત્યા કે તેમની અને ચિંગીસની વચ્ચે વઢવાઢ થઇ. એ ઝઘડામાં હારવાથી મીરજાં સરદારો માળવે જઈ તે પ્રાંતોનો કબજો કરવા લાગ્યા. ત્યાંથી તેમને અકબરના લશ્કરે નસાડચા. એવામાં ગૂજરાતમાં ઇતિમાદે ચિંગીસને મારી નાંખ્યો. એ ગરબડનો લાભ લેવાને મીરજાં ગૂજરાતમાં આવ્યો. ગૂજરાતના બીજા સરદારો પણ જુદાં જુદાં પરગણાં કબજે કરી માંહોમાંહે વઢવા લાગ્યા. ઇતિમાદખાન તેઓને જીતી શક્યો નહિ અને રાજ્યમાં બહુ અવ્યવસ્થા થઇ. ઇતિમાદે અકબરને લખ્યું કે આપ આવી દેશનો કબજો લેઈ રાજ્યને થાળે પાડો. અકબરશાહ સને ૧૫૭૨ ના સપ્ટેંબર માસમાં દિલ્હીથી ઉપડચા. માર્ગમાં મૃગયા રમતા અજમેર ગયા. બીજે દિવસે મીર મહમુદખાન અત્કાખાન કલાલને દશ હજાર સ્વાર સાથે આગળ મોકલ્યો, અને પડે થોડા દિવસ અજમેરમાં રહી પીરોની કબરો પૂજી તથા શેખલોકને દાન આપી રાજી કર્યા. અજમેરથી ઉપડી પાદશાહી સ્વારી નાઘોર ભણી ચાલી. નાઘોર બે મજલ રહ્યું તે વારે અજમેરથી એપીએ આવી બેગમ સાહેબને કુંવર અવતર્યાની વધામણી કહી. એ શુભ સમાચાર સાંભળી શાહે આનંદ પામી ઘણા માણસોને દાન અને ઇનામ આપી ખુશી કર્યા. અજમેરના શેખ દાનિ-યાલની દરઘામાં શાહજાદાનો જન્મ થયો તે પરથી તેનું નામ દાનિયાલ પાડ્યું. પુત્ર જન્મોત્સવ થઇ રહ્યા પછી પાદશાહ નાઘોર ગયા. ત્યાં ૧૪ દિવસ રહી ફોજની ખોરાકીનો બંદોબસ્ત કરી મીરથ ગયા. અહિં તેમને ખબર મળી કે મહમુદખાન શિરોહી પહોંચ્યો તેવારે ત્યાંના રાજાના વકીલે આવી જાહેર કર્યું કે રાજા પાદશાહને શરણે આવી તેનો સેવક થવાને રાજી છે. તેપરથી મીરે તેની મુલાકાત કરી, ને ઉઠતી વેળા ધારા પ્રમાણે તે રજપૂત વકીલને પડે પાન આપવા માંડ્યું, એવામાં તે વકીલે કમરમાંથી કટાર કાઢી ખાનની છાતીમાં ભોંકી. તત્કાળ ખાનના

સાથીઓએ તે રજપૂતને અને તેના સાથીઓને કતલ કર્યા. પાદશાહે મીર લશ્કરખાન બક્ષીને ઘવાયલા અમીરની સંભાળ લેવાને મોકલ્યો. હકીમોએ તેને એક પખવાડીઆમાં સાજો કર્યો. મુગલ ફોજ શિરોહીપર ચઢી. પાદશાહ શિરોહી પહોંચ્યા તે વારે ૮૦ રજપૂતો એક દહેરામાં અને ૭૦ રાજાના મહેલોમાં કેસરિયાં કરવાને તૈયાર થઇ રહ્યા હતા. તેમની જોડે યુદ્ધ થયું, તેમાં તેઓ સઘળા માર્યા ગયા. શિરોહી મુકામેથી વાંકાનેર (બિકાનેર) ના કુંવર રાયસિંહને ફોજ આપી જોધપુર મોકલ્યો કે તેણી તરફથી તથા કોકુંડ અને કુંભલમેરનાં રાજ્યો તરફથી ગૂજરાત જીતવા નીકળેલી ફોજને હરકત થાય નહિ અને આગ્રાનો માર્ગ ખુલ્લો રહે તેની તે ચોકસી રાખે. એ મુકામે સુલતાન મહમુદ મીરજાં તથા ખોરાસાનના પાદશાહ શાહતમસ્પનો એલચી યારઅલી તુર્કમાન, આરબી તથા ઇરાની ઘોડા આદિક ભેટ સહિત અકબરશાહને મળવા આવ્યો. તેનું યથાયોગ્ય સન્માન કરી મુગલ લશ્કર અણહિલવાડ પાટણ ભણી ચાલ્યું. તેઓ ડીસે પહોંચ્યા તેવારે સમાચાર મળ્યા કે શેરખાન ફુલાદીના દીકરા પોતાની ફોજ સહિત ઇડર ભણી ગયા. અકબરે કુંવર માનસિંહને તેમની પાછળ જવાની આજ્ઞા આપી. તા. ૧ લી રજબ હી. સને ૯૮૦ને દિવસે મુગલાઇ સેના પાટણ પહોંચી. તેને થાક ખાવાને માટે પાદશાહ ત્યાં એક અઠવાડીઉં રહ્યા, તેવામાં કુંવર માનસિંહ ઘણીક લૂંટ સહિત પાછો આવ્યો. સૈયદ અહમદખાન બારહને પાટણનો વાલી નીમી અકબરે અમદાવાદ ભણી કૂચ કરી. તે શહેરમાં ઇતિમાદખાનને શેરખાં ફુલાદીએ ૭ માસથી ઘેર્યો હતો. અકબરશાહ આવ્યાની વાત જાણીને ઘેરો ઉઠાવી તે નાઠો. પાટણથી પાદશાહ અમદાવાદ ભણી ચાલ્યા. બે મજલ આગળ વધ્યા નહિ એટલામાં સુલતાન મુજફ્ફરશાહ શરણે આવ્યો. પાદશાહે તેના ઉપર દયા કરી. બીજે દહાડે ઇતિમાદખાન, મીર અબુ તુરાબ, સૈયદ અહમદ બુખારી, જઝારખાન હબસી, તથા બીજા

અમીરો પાદશાહી છાવણીમાં આવી તાબે થયા. ઇતિમાદખાને અમદાવાદના દરવાજાની કુંચી મુગલ પાદશાહને ચરણે મૂકી. અકબરશાહની ઇચ્છા એ ગૂજરાતી સરદારોપર કૃપા કરવાની હતી; પરંતુ તેઓમાંના હબસી અમીરોપર શક ઉત્પન્ન થવાથી તેમને પહેરામાં રાખી પોતે આગળ હીંડ્યા. તા. ૧૪ મી રજબ શુક્રવારે તેમણે અમદાવાદની થડમાં સાબરમતીને કાંઠે મુકામ કર્યો. તે દહાડે એ રાજનગરની જુમ્મામસજીદમાં અકબરને નામે ખુત્બો પઢવામાં આવ્યો, અને પુરજનો તેને સલામ કરવાને આવ્યા. મુગલાઇ અમલ એ દિવસથી ગૂજરાતમાં બેઠો.

હવે મીરજાં સરદારોને માત્ર જીતવાના રહ્યા. તેમને હાથ વડોદરા, ભરૂચ અને સુરત એ ત્રણ શહેરો હતાં. સોમવાર તા. ૨ જી શાબાને અકબરશાહ ખંભાત જવા નીકળ્યા. ઇતિમાદખાનાદિક ગૂજરાતી અમીરો પોતાના ઘરની ગોઠવણ કરવાને મસે રજા લઇ પાછળ અમદાવાદમાં રહ્યા, ને તેમાંનો એક નામે ઇખ્તિયારૂલ મુલ્ક ૪ થી શાબાને અહમદનગર (અમનગર) ભણી નાઠો. તેમનાં વચનપર ભરોસો રાખવામાં આવ્યો હતો તે એથી ઉડી ગયો; તેથી તેમના મુખી ઇતિમાદખાનને નજરકેદ કર્યો અને બીજા અમીરોપર જાપતો રાખ્યો. ૬ ઠ્ઠી તારીખે પાદશાહ ખંભાત પહોંચ્યા. અહિં સમુદ્ર તેણે પહેલવહેલો જોયો. ખંભાતમાં છ દિવસ રહી તેણે ગૂજરાતના રાજ્યકારભારનો બંદોબસ્ત કર્યો. મીરજાં અજીજ મહમુદ કોકાલતાશ ખાની આજીમને આખા દેશનો સૂબેદાર અને અમદાવાદનો વાલી નીમ્યો. ખંભાતથી ૧૨ મી તારીખે ઉપડી ૧૪ મીએ વડોદરે પહોંચ્યા. અહિંથી સૈયદ મહમુદખાન બારહ, રાજા ભગવાનદાસ, કુંવર માનસિંગાદિક અમીરોને સુરત જીતવાને ફોજ આપી મોકલ્યા. હુસેન મીરજાંને હાથ સુરત હતું. ઇબ્રાહીમ મીરજાં ભરૂચમાં હતો તે પાદશાહના પક્ષના રૂસ્તમખાન રૂમીને મારી નાંખીને ઉત્તરભણી નાઠો. એ ખબર થતાં શાહે સુરત જતી

ફોજને અટકાવી અને તેમાંથી વીણી કાઢેલા સરદારોને તથા બે હજાર ફોજને લેઈ પોતે તેની પાછળ ધાયો. શાહજાદો સલીમ જોડે હતો તેને છાવણીમાં મૂકી અકબરશાહે દહાડો રાત ચાલી ઉતાવળી કૂચ કરી, તેથી ફોજ પાછળ પડી ગઈ. તા. ૧૭ મી શાબાનની પોહોર રાત્રે ઇબ્રાહીમ મીરજાં ભાગવાની ખબર મળી ને તેજ રાત્રે અકબરે તેની પૂઠે દોડ કરી. બીજે દિવસે રાત પડતાં માત્ર ૪૦ સ્વારો સહિત પાદશાહ મહીન્દ્રી નદીને કાંઠે આવી પહોંચ્યા. સામે તીરે સરનાલ નગરમાં ઇબ્રાહીમ ભરાયો હતો. એ વાત જાણતાં શાહના અનુચરો સંતાવા લાગ્યા. એવામાં સૈયદ મહમુદખાન, કુલીખાન, રાજા ભગવાનદાસ, કુંવર માનસિંગ, કુંવર ભોજાદિક સરદારો આવી પહોંચ્યા. કુંવર માનસિંગની અરજપરથી તેને હરોળની સરદારી આપી. આ વેળા પાદશાહની જોડે માત્ર ૧૦૦ જોદ્ધા હતા એમ તબકાતી અકબરીમાં લખ્યું છે. ફિરિસ્તા ૧૫૬ જણાવે છે; પણ બદાઉની લખે છે કે, માનસિંગે ૧૦૦ સ્વારો સહિત નદી ઓળંગી. ઇબ્રાહીમ મીરજાંની પાસે ૧૦૦૦ સ્વાર હતા. તે આ સાહસ જોઈ પોતાના સ્વારોને યુદ્ધ કરવાનો હુકમ આપી ગામ બહાર નીકળ્યો. માનસિંગના ગયા પછી પાદશાહ પણ નદી ઉતરી નગરમાં પેઠા, ત્યાં માલમ પડ્યું કે શત્રુ શહેર બહાર જઈ ઉભો છે. મુગલસેનાને હવે અકબરે ગામ બહાર આણી. બેઉ લશ્કર સામસામા આવી ઉભાં. બાબાખાન શકસાલ તીરંબાજોને લેઇ આગળ વધ્યો; પણ મીરજાંના સ્વારોએ તેમને પાછા હઠાવ્યા. પછી રાજા બિહારીમલનો કુંવર ભૂપત ચડ્યો ને બહુ શૂરથી લઢ્યો ને રણમાં પડ્યો. એથી હિંમત પામી શત્રુએ હલ્લો કર્યો. પાદશાહી ફોજ સાંકડી નેળમાં ઉભી હતી, ને તેની બંને બાજુએ કાંટાની મજબૂત વાડ હતી; તેથી તેમાં ત્રણ સ્વાર માત્ર જોડે પેશી શકે તેમ હતું. શૂરના આવેશમાં પાદશાહ મોખરે ધસ્યા હતા ને તેની હારે રાજા ભગવા-

નદાસ હતા. ત્રણ સ્વારો તેમના ઉપર આવ્યા તેમાંના એકને રાજાએ ઘાયલ કર્યો ને બેને અકબરે નસાડયા. શાહને ભયમાં જોઇ મુગલ સ્વારોએ ઉશ્કેરાઇ ઘણા વેગથી દુશ્મન ઉપર ઝંપલાવ્યું. આખરે મીરજાં અને તેના સિપાઇ નાઠા. અકબરશાહે સરનાલમાં જઇ આ ફતેહને માટે પરમેશ્વરનો પાડ માન્યો અને જોદ્ધાને સરપાવ આપ્યા. રાજા ભગવાનદાસને નિશાન નોબત આપ્યાં.

આ જય કરી પાદશાહે પાછા વડોદરે જઇ સુરત જીતવાની ગોઠવણ કરી. સુરતનો કિલ્લો નાનો પણ ઘણો મજબૂત છે. ગૂજરાતના સુલતાન મહમ્મદના સફર આકા નામે ગુલામે હી. સને ૯૪૭ માં તે બંધાવ્યો હતો. સફર આકા શૂરો અને ચતુર હોવાથી તેને સુલતાને ખુદાવંતખાન નામ આપી અમીર બનાવ્યો હતો. એ કિલ્લાને બંધાતો અટકાવવાને ફિરંગી લોકે લઢાઇ કરી તથા લાંચ આપવા માંડી; પણ તેઓ ફાવ્યા નહિ. જમીન તરફ કિલ્લાની આસપાસ આશરે ત્રીશ ગજ પહોળી ખાડી ખોદાવી તેમાં તાપીનું પાણી આણ્યું. બહારના અને અંદરના કોટ પત્થર, ચૂનો અને પકવેલી ઇંટોના ચણાવ્યા છે. બુરજો પત્થરના છે, અને ભયંકર દીસે છે. પત્થરને લોઢાના ચાપડાવતી જોડયા છે ને તેમાં સીસું પૂર્યું છે. બેવડા કોટની જાડાઇ ૭ાા ગજ અને ઉંચાઇ ૩૦ ગજ છે, ને બીજી ચાર દિવાલો ૨૨ાા ગજ જાડી અને ૩૦ ગજ ઉંચી છે. ચિંગીસખાનના મરણ પછી એ ગઢ મીરજાંને હાથ આવ્યો. મુગલ સેનાને આવતી જાણી મીરજાં સુરતમાંથી સટકી ગયા. તા. ૧૮ મી રમજાને અકબરશાહે જઈ સુરતના કોટની પાસે મુકામ કર્યો અને ઘેરાનું કામ તાકીદથી ચલાવ્યું. ગઢવીઓ લાચાર થઇ શરણે આવ્યા ને અકબરે કૃપા કરી તેમને જીવતદાન આપ્યું. સુરતનો ઘેરો ચાલતો હતો તેવામાં મીરજાંએ અણહિલવાડપર ઘેરો નાંખ્યો. એ ખબર થતાં અકબરે માળવા, ચંદેરી, રાઇસન, વગેરેના જમીનદારોને તેમની ફોજ-

સહિત બોલાવી, આજમખાનની સરદારી નીચે શત્રુનો પરાજય કરવાને મોકલ્યા. મીરજાં હાર્યા અને નાઠા. આ તેમનો છેલ્લો મોટો પ્રયત્ન હતો. ફરીથી પાછા એકઠા થવા ન પામતાં નાસતા ભાગતા ભિન્ન ભિન્ન સ્થળે કેટલાંક વરસમાં તેઓ માર્યા ગયા.

ઇલાહી વર્ષ ૧૮ મું—તા૦ ૧૧ મી માર્ચ ઇ. સ. ૧૫૭૩. સુરત જીતી પાદશાહે અમદાવાદ જઇ ખાની આજમ મીરજાં કોકાને ગૂજરાતનો હાકેમ ફરીને નીમ્યો. ત્યાંથી ઉપડી શાહ પાછા આગ્રે જવા નીકળ્યા. માર્ગમાં પાટણ તાબાના હૈબતપુર નગરને મુકામે આજમખાન વગેરે અમીરોને ઇનામ આપી પોતપોતાની જાગીરે વિદાય કર્યા, અને પદભ્રષ્ટ સુલતાન મુજફ્ફરને માળવામાં જાગીરો આપી ત્યાં રહેવા મોકલ્યો. અજમેરથી પાદશાહ એક મજલ દૂર હતા તેવારે મુલતાનની નવાબ સૈયદખાન તરફથી ઇબ્રાહીમ હુસેન મીરજાંના મરણના સમાચાર આવ્યા. એ બંડખોર ગૂજરાતથી નાસતો અને લૂંટફાટ કરતો મીરથ ગયો. મીરથના નવાબે દરવાજા વાશી અંદર પેસવા દીધો નહીં ત્યારે નારનૌલ ગયો. રાયરામ અને રાયસિંહ પાદશાહી ૧૦૦૦ સ્વારો સહિત જોધપુરમાં હતા, તેમણે એ વાત જાણી તેના ઉપર સ્વારી કરી. નાધોરમાં ફરખખાન નામે સરદાર તેને આવી મળ્યો, પણ એ ખબર મીરજાંને થતાં તે નાઠો. તા૦ ૨ જી રમજાન હી. ૯૮૦ ને દિવસે પાદશાહી ટુકડીએ તેને પકડી પાડી હરાવ્યો; તથાપિ ૩૦૦ સ્વારો સહિત ગંગા અને જમના નદીઓ ઉતરી શંભલ પ્રાંતમાં આજમપુર પરગણામાં તેની અસલ જાગીર હતી ત્યાંથી ગામડાં લૂંટતો પંજાબમાં ગયો. મુલતાનથી ૪૦ કોશપર હતો તેવારે પાદશાહી સરદાર હુસેન કુલીખાંએ તેના ઉપર હુમલો કર્યો. એ સંગ્રામમાં તેનો ભાઇ ઝલાયો ને તેની ફોજ હારી, પણ તે પડે નાસી છુટયો. મુલતાનની પાસે બીઆ અને સતલજનો સંગમ થઇ ગાર નદી બને

છે, તેને કાંઠે તે રાત્રે આવી પહોંચ્યો. તે વાતની ખબર થતાં ત્યાંના માછી લોકે તેના ઉપર તેજ રાત્રે હલ્લો કર્યો. લઢતાં એક તીર તેના ગળામાં ભોંકાયું તોપણ તે વેશ બદલી નાઠો; પરંતુ દિવસ થતાં ગામડાના લોકે તેને ઓળખી પકડ્યો ને મુલતાનના નવાબ સૈયદખાંને હવાલે કર્યો. અહિં તેના જખમના મંદવાડથી તે મરી ગયો. તેનું માથું વાઢી સૈયદખાન પાદશાહની હજુરમાં લેઇ ગયો. એ દરમિયાન શાહ અકબરે અજમેર જઇ પીરોની ઘોરોની પૂજા કરી બહુ ખેરાત કરી. ત્યાંથી આગળ રાજનગર ભણી જતાં ફ્રાથપુરથી ૧૨ કોશપર બચ્ચૂના નગરમાં સારા મુહૂર્તની વાટ જોવાને તે ત્રણ દિવસ રહ્યો.

અકબરશાહે સ્વદેશી રાજા બની દેશના હિંદુ અને મુસલમાન વિદ્વાનોને નિષ્પક્ષપાતે તેમના ગુણ પ્રમાણે આશ્રય આપવા માંડ્યો હતો. તેના દરબારમાં હિંદી કવિઓમાં બ્રહ્મદાસ ભાટ હિંદી કવિતા રચવામાં બીજા સર્વ કવિઓથી ચઢીઆતો હતો; તેથી તેને પોતાની હજુરમાં રાખી બહુ માન આપતો અને તેને કવિરાયનો ઇલકાબ આપ્યો હતો. બ્રહ્મદાસ કવિતા રચવામાં અને મહાપુરુષોનાં ચરિત્ર વર્ણવવામાં જેમ એક્કો હતો, તેમ મહાબુદ્ધિમાન્ હોઇ રાજકાજમાં ચતુર અને યુદ્ધમાં શૂરો હતો. તેના ગુણ અને તેની સેવાથી ખુશી થઇ અકબરે તેને "રાજા બીરબલ" એવો ખિતાબ આપ્યો અને મોટાં કામ સોંપ્યાં. બીરબલ કહેતાં વીરબલ; વીર એટલે મોટો જોદ્ધા, જેનામાં મોટા જોદ્ધા જેટલું બળ છે એવો રાજા. અકબર વિષેની વાર્તાઓમાં બીરબલ ઘણો પ્રખ્યાત છે. આ વેળા નગરકોટના રાજા જયચંદ્રને કાંઇ અપરાધને માટે પાદશાહે કેદ કર્યો તે માટે તેના કુંવર બડીચંદ્રે બંડ ઉઠાવ્યું. શાહે તેનો મુલક જપ્ત કરી એ ઇલકાબની જોડે તે રાજ્ય કવિરાજને જાગીરમાં આપ્યું; અને લાહોરના સૂબેદાર હુસેન કુલીખાન તથા પંજાબના અમીરોને આજ્ઞા કરી કે એ બળવાખોરને

જીતી તેનો એ મૂલક રાજા બીરબલને સ્વાધીન કરવો. એ હુકમ લેઇ બીરબલ લાહોર ગયો. લાહોરથી મુગલ ફોજ નગરકોટ ભણી ચાલી. શત્રુના પહાડી દેશમાં દાખલ થતાં દમહરી નામે ગઢ આવ્યો તેનો ગઢવી નામે છોટો જયચંદ્રનો સગો છતાં તાબે થયો. ત્યારપછી કુટુલા નામે ઉંચો કિલ્લો આવ્યો. એ ડુંગરી મૂલકમાં ગ્વાલિયર નામે નગર છે ત્યાંના રાજાનો અસલ એ ગઢ હતો; પણ જયચંદ્રે તે તેની પાસેથી ખૂંચાવી લીધો હતો. કુટુલા માંહેની રજપૂત સેના લઢવાને સજ્જ થઇ. સેન કુલીખાને તેપર તોપો વડે હૂમલો કરી તેને જીતી લીધો. પછી ગ્વાલિયરના રાજાને તે ગઢ આપી તથા તેમાં થોડી પાદશાહી ફોજ રાખી તે આગળ વધ્યો, એટલે ઘાડું વન આવ્યું. તેમાં ઝાડ એટલાં ખીચોખીચ હતાં કે, એક ઇતિહાસકર્તા લખે છે કે સાપ કે કીડી અંદર પેશી શકે નહિ. મુગલ સેનાએ તે ઝાડી કાપી રસ્તો કર્યો. તારીખ ૧ લી રજબ હી. ૯૮૦ માં મુગલ લશ્કરે નગરકોટની થડમાં મકાઇનાં ખેતરોની પાસે મુકામ કર્યો. શહેરના કોટની બહાર જૂમહિસાર એટલે જુમગઢ હતો, તેમાં મહામાયાનું દહેરૂં હતું. શત્રુની એક રજપૂત ટુકડી કેસરીયાં કરવાને તેમાં સજ્જ થઇ હતી. એ ગઢપર હલ્લાં કરતાં તેઓ સામા આવ્યા ને એકેએક શૂરવીર પડયા ત્યાં સુધી લઢયા. માતાના પૂજારી બ્રાહ્મણ હતા તેઓ કતલ થયા ને વિજયી મુગલ સૈન્ય ગઢમાં પેઠું. માતાની બસેં કાળી ગાયો દહેરાના ચોકમાં હતી તેઓને કેટલાક જંગલી તરકડાએ વાઢી નાખી અને તેમનાં લોહીથી પોતાનાં ખાસડાં ભરી દહેરાપર ફેંકયાં. એ ગઢ અને કેટલાક બુરજ કોટ બહાર હતા. તેને પાડી પાધર જમીન કરી મુગલોએ ત્યાં છાવણી કરીને આખા નગરને ઘેરી તોપો ગોઠવવાને ધુળીઆ કોટ કર્યા; તથા પાસેની એક ડુંગરી ઉપર પણ તોપો ચઢાવી. એ તોપોના ગોળાથી નગરમાં કેટલુંક નુકસાન થયું ને રાજાની ભોજનશાળાની દિવાલ પડી.

તમે એંશીએક માણસ ચગદાઇ મુવાં. ઘેરાનું કામ જોરથી ચાલતું હતું તેવામાં ઇબ્રાહીમ હુસેન મીરજાં આવ્યાના સમાચાર લાહોરથી આવ્યા. તેપરથી શું કરવું તેનો વિચાર કરવાને હુસેન કુલીખાને મુખ્ય અમલદારોની ગુપ્ત સભા બોલાવી. મુગલફોજ પીડા પામતી હતી અને શત્રુ સંધિ કરવાને આતુર હતો. વળી તે મુગલોને મીરજાંને ઝાલવા જવું હતું, એ બધાં ઉપર નજર રાખી દુશ્મનની અરજ કબૂલ કરી. જયચંદ્ર રાજાએ મોટી ખંડણી આપવી કબૂલ કરી અકબરશાહી તોલે પાંચ મણ સોનું તથા બીજો માલ આપ્યો. તેના મહેલને આંગણે મસજીદ ચણાવવા માંડી. તેની એક કમાન પુરી થતાં મુગલ સરદારો ત્યાં નિમાજ પડ્યા; ને હાફીઝ મહમ્મદ બાકરે શાહ અકબરને નામે ખુત્બો વાંચ્યો તેવારે તેના ઉપર સોનું વધાવ્યું. અબુલ ફઝલ એમાં એટલો વધારો બતાવે છે કે જયચંદ્રે પાદશાહને પોતાની બેટી આપવી અને પાદશાહ એ શરતો સ્વીકારે નહિ તો ગઢ આપવો; તથા તે માટે તેના કુંવરો તથા ફટાયાને ઓળમાં આપવા, ને રાજા બીરબલને નુકસાન ભરી આપવું કબૂલ કર્યું. આ ફતેહ કરી હુસેન કુલીખાને ઇબ્રાહીમ હુસેન મીરજાંપર સ્વારી કરી તેને હરાવ્યો અને તેના ભાઇને કેદ કરી પાદશાહની હજૂરમાં આણ્યો. એ કેદીની આંખો સીવી લીધી હતી અને તેના ૩૦૦ અનુચરો જોડે હતા તેઓને શીંગડાંવાળાં ગાયોનાં ચાંમડાં ઓઢાડ્યાં હતાં તેથી તેઓ વિચિત્ર દેખાતા હતા. અકબરે આંખો ખોલાવીને કેદીઓને યોગ્ય શિક્ષા કરી.

રાજધાનીમાં પાછા આવ્યા ને છ માસ નહિ થયા એટલામાં ગૂજરાતમાં બળવો ઉઠ્યાના સમાચાર આવ્યા. ઇખ્તયારૂલમુલ્કે ઇડરના રાજા રામનારાયણની મદદથી અહમદનગર (અમનગર) નો કબજો લેઇ ત્યાં બંડનો ઝુંડો રોપ્યો. મહમુદ હુસેન મીરજાં દક્ષિણમાં નાઠો હતો ત્યાંથી આવી સુરતપર ચડ્યો; પણ ત્યાં તેનું ફાવ્યું નહિ તેથી ખં-

ખાત ભણી એકાએક ધાયો. ત્યાંના મુગલ હાકેમની કને તેને અટકાવવા જેટલું સૈન્ય ન હોવાથી તે બંદર તેને હાથ આવ્યું. અમદાવાદના સૂબેદાર ખાનીઆજમે એક ફોજ એ મીરજાંને જીતવાને ખંબાત મોકલી; અને બીજી લેઇ પંડે અહમદનગર ભણી ગયો. મીરજાંની હાર થવાથી તે ખંબાતથી નાસી ઇખ્તિયારૂલમુલ્કને જઈ મળ્યો. બીજા ગૂજરાતી સરદારો પણ તેને આવી મળ્યા, તેથી તેની પાસે ૨૦,૦૦૦ મુસલમાન અને રજપૂત જોદ્ધા એકઠા થયા. એ ફોજ લેઇને અમદાવાદ તરફ ચાલ્યો. એ ખબર થતાં ખાનીઆજમ ઉતાવળી કૂચે તેની પહેલાં આવી અમદાવાદમાં ભરાયો. આ સમાચાર અકબરશાહને મળવાથી તેણે ઝટપટ ગૂજરાત જવાની તૈયારી તાકીદે કરી. કેટલાક જાગીરદારો તેમની ફોજો સહિત હાજર થતાં માલૂમ પડ્યું કે સિપાઈઓને પહેરવાને વસ્ત્ર અને લઢવાને હથીઆર બરોબર નહતાં, માટે સરકારી ખરચે તે અપાવ્યાં. સુજાઅતખાન, રાજા ભગવાનદાસ અને કુમાર જયસિંહને હરોળના ઉપરી નીમી આગળ મોકલ્યા. એમ ગૂજરાત જનારી સેનાને ચાલતી કરી, હુસેન કુલીખાનને ખાનજહાનનો ઈલકાબ તથા નવી જાગીરો આપી તથા રાજા ટોડરમલને મદદમાં આપી પંજાબપર હકૂમત કરવાને મોકલ્યો.

તા. ૨૪ મી રબીઉલ આખીર હી. સને ૯૮૧ વાર રવીએ પાછલી રાત્રે સાંઢણીની સ્વારીથી શાહ ગૂજરાત જવા નીકળ્યા. ૭૦ મૈલ ચાલી તોડા નામે ગામે પહોંચતાં સુધી વચમાં અટક્યા નહિ. અહિં થોડો વિસામો લેઇ જે મળ્યું તે ખાઇ લેઇ ચાલવા માંડ્યું. સોમવારે સવારે હસમહાલમાં થોડો થાક ખાઇ આગળ હિંડ્યા. એક પોહોર રાત જતાં મુઇજાબાદ નામે ગામમાં પાદશાહ પહોંચ્યા. આ વખતે થાક બહુ લાગવાથી તથા હજુરી સ્વારો પાછળ પડવાથી અકબરે થોડા કલાક ત્યાં આરામ લીધો. નોકરોએ તેના અંગને તેલ લગાડી મસળીને ચાંપ્યું.

એવામાં હજુરી પાછા આવી પહોંચવાથી ગાડામાં સૂઇ ચાલવા માંડ્યું. આખી રાત કૂચ કરી મંગળવારે શાહ અજમેર પહોંચ્યા. ત્યાં પીરોની કબરોની પૂજા કરી તથા ગરીઓને ખેરાત આપી પોતાના મહેલમાં થોડો વખત વિસામો લેઇને ઘોડેસ્વાર થઇ પ્રવાસ જારી રાખ્યો. એ વખત સુધીમાં તેણે ૧૪૦ હિંદુસ્તાની કોશ (૨૨૮ મૈલ) ની મુસાફરી કરી. અજમેરથી ઉપડ્યા તેવારે સ્વારીમાં માજી વજીર બહેરામખાનનો પુત્ર મીરજાંખાન તથા કેટલાક બીજા સરદારો સામીલ થયા. બીજા ઉમરાવોને આગળ મોકલ્યા હતા તેઓ રસ્તામાં મળતા ગયા. અજમેરથી તે જ દિવસને પાછલે પોહોરે મીરથ ભણી ચાલ્યા. અજમેર અને મીરથની વચ્ચે ૩૦ મૈલનું અંતર છે. રાત્રે સુંદર ચંદની પ્રકાશતી હતી. મીરથથી ૧૪૫ મૈલપર જીતારણ છે, ત્યાં થઈ આગળ ૩ા મૈલ પાલી છે, ત્યાં થઇ ભગવાનપુર ગયા. અહિંથી અકબરની મરજી શિરોહીને માર્ગે જવાની હતી; પણ ત્યાં શત્રુનો ભય હોવાથી તેના અનુચરોની ઇચ્છા જાલોરને માર્ગે જવાની હતી. જોડે ભૂમીઆ હતા તેમણે ભૂલા પડ્યાનો ઢોંગ કરી જાલોરને રસ્તે પાદશાહી સ્વારીને લીધી. તા. ૨ જી જુમાદલ અવ્વલને દિને શાહ ડીસે પહોંચ્યા. એ જ રાત્રે ત્યાંથી ઉપડી પાટણની પાસે બાલીસાણા નામે ગામમાં જઇ મુકામ કર્યો. અહિં પોતાની સાથે આવેલી, આગળ મોકલેલી, તથા આસપાસનાં થાણાઓમાં રહેલી તમામ ફોજને એકઠી કરી મેદાનમાં ઉભી રાખી અકબરશાહે હાજરી લીધી. તેમનાં હથીઆર, ઘોડા, વગેરે તપાસી કવાયત કરાવી જોઇ. માત્ર ૩૦૦૦ (ત્રણ હજાર) સ્વાર હતા, અને શત્રુની જોડે વીસ હજાર હતા. માટે ખુબ તજવીજ રાખી કાંઇ કચ્ચાસ રહેવા દીધી નહિ. એ ત્રણ હજારમાંથી ૧૦૦ સ્વાર વીણી કાઢી પોતાની હજુરમાં રાખ્યા; અને બાકીનાના મધ્ય, જમણો અને ડાબો એવા ત્રણ ભાગ કરી તેની સરદારી બીજા અમીરોને આપી,

તે જ દહાડે પાછલે પોહોરે અમદાવાદ ભણી કૂચ કરી. આ સમાચાર અમદાવાદ મધ્યે ખાનીઆજમને જણાવવાને ખેપીઆ મોકલી, આખી રાત ચાલી તા. ૩ જી મંગળવારે પાદશાહી સેના કડી આગળ આવી પહોંચી. કડીમાંના દુશ્મનના લશ્કરે કોટમાંથી બહાર આવી મુગલ સ્વારોને ખાળવાની કોશીશ કરી. અકબરે તેને હરાવી નસાડ્યા. નાસતાં બચ્યા તેઓ કડીના ગઢમાં ભરાયા. તે ગઢને જીતવાનો કે ઘેરવાનો પ્રયત્ન ન કરતાં અકબરશાહે આગળ પાંચ ગાઉ ચાલી પ્રાતઃકાળ લગી મુકામ કર્યો. પરોઢિયું થતાં બક્ષીઓએ ફોજને ચાલતી કરી. અમદાવાદ ત્રણ ગાઉ રહ્યું તેવારે મુકામ કરવાની આજ્ઞા શાહે આપી. એમ ફાથપુરથી ઉપડી નવ દિવસમાં ૪૦૦ ગાઉ ચાલી અકબરશાહ અમદાવાદ આવ્યા ! ! અહિં ખાનીઆજમને શહેરમાંથી ફોજ લઇ તેને આવી મળવાનો હુકમ અકબરે મોકલ્યો. પાદશાહ* પંડે આવ્યાની ખબર જાણી શત્રુ ચમક્યા. એટલી વારમાં તે આવી પહોંચશે એ તેમના સ્વપ્નામાંએ નહતું. તેથી તેઓ તેની સામા લઢવાને તૈયાર નહતા. તેમના ઉપર ઓચિંતા ધસવું એ બહાદુર યોદ્ધાને યોગ્ય ન ગણાય એવી વાતો મુગલ સેનાના લઢવૈયા

---

* આ સંગ્રામ કરવાને અકબરશાહ શસ્ત્ર ધારણ કરતા હતા તેવામાં તેણે એક તરૂણ રાજકુમારને બખ્તરના ભારથી દબાઇ જતો જોયો. તેની પાસે જઇને ભારે બખ્તર ઉતરાવી, તેણે તેને હલકું કવચ પહેરવાને આપ્યું; અને તેનું કવચ કોઇ બીજા રાજાને પહેરાવ્યું. એ રાજા પેલા તરૂણ કુમારના બાપનો સામાવળીઓ હતો, તેથી ગુસ્સે થઇ શાહનું આપેલું બખ્તર તે તરૂણે ફેંકી દઇ કહ્યું, 'હું વગર બખ્તરે યુદ્ધ કરીશ.' તેના ઉપર રીસ ન કરતાં અકબરશાહ તે જોઇ બોલ્યા કે 'મારા સુભટો વગર કવચે લઢે તો મારે પણ તેમ કરવું.'—અકબરનામું એલ્ફિન્સ્ટન કૃત ગ્રંથમાંથી.

કરવા લાગ્યા. મુગલ ડંકો વાગ્યો અને પાદશાહી રણશીંગાં ફૂંકાયાં તેવારે શત્રુ ગાભરા થઇ હથીઆર સજવા દોડ્યા. બે સેનાની વચમાં માત્ર સાબરમતી નદી હતી. શત્રુઓનો સેનાપતિ મહમ્મદ હુસેન મીરજાં બે ત્રણ સ્વાર સહિત નદીને કિનારે તજવીજ કરવાને ગયો. સામે કાંઠે સુભાનકુલી તુર્ક નામે મુગલ સરદાર પણ બે ત્રણ સ્વારો સાથે આવ્યો હતો. તેને મીરજાંએ પૂછ્યું કે 'એ કોની ફોજ છે?' મુગલ સરદારે ઉત્તર આપ્યો કે, 'અકબરશાહ પોતે રાજદ્રોહીઓને સજા કરવાને આવ્યા છે.' મીરજાં કહે, "મારા ગુપ્ત બાતમીદારોએ મને જણાવ્યું હતું કે ૧૪ દિવસપર પાદશાહ ફાથપુરમાં હતા તો એટલીવારમાં અહિં ક્યાંથી આવ્યા? પાદશાહના હાથી ક્યાં છે?" શુભાનઅલી કહે, "નવ દહાડામાં ૪૦૦ કોશ હાથીઓ કેમ ચાલી શકે?" મીરજાં આશ્ચર્ય અને ખેદ પામી પાછો ફર્યો. પોતાને મુકામે જઇ તેણે તત્કાળ સંગ્રામની ગોઠવણ કરી. શહેરમાંથી ખાનીઆજમને બહાર આવતો અટકાવવાને તેણે ૫૦૦૦ સ્વારો સહિત ઇખ્તિયારખાનને મોકલ્યો, અને બાકીનું સૈન્ય લેઇ પંડે પાદશાહ સામો ગયો. આણીમેર અકબરે પોતાની હરોળને નદી ઉતરવાની આજ્ઞા કીધી, તેની પૂંઠે ફોજના વામઅંગ જોડે વજીરખાનને મોકલ્યો, ને તેની પાછળ પોતે ગયા. નદી ઉતરતાં થોડી અવ્યવસ્થા થઇ; પણ તે ઝટ સુધારી પાદશાહી ફોજ સામે તીરે પહોંચી. થોડે છેટે જતાં હુસેન મીરજાંએ પોતાનાં ૧૫૦૦ વિશ્વાસુ મુગલ સ્વારો સહિત હરોળ ઉપર ધસારો કર્યો; અને તેની ફોજના હબસી અને અફગાન સરદારો વજીરખાન ઉપર ધાયા. યુદ્ધ જબરૂં જામ્યું. પાદશાહી યોદ્ધાને જરા ડગમગતા જોઇ અકબરશાહે ખીજવાયલા વાઘની પેરે શત્રુ ઉપર ઝંપલાવ્યું, અને તેના લશ્કરની એક બીજી ટુકડી દુશ્મનને પડખે ધસી. હુસેન મીરજાં અને શાહ મીરજાં બહુ જોશથી લઢ્યા, પણ તેમનો પાસો સવળો પડ્યો નહિ. પોતાની

ફોજને હાર ખાતી જોઇ તેઓ પાછી પાની કરી નાઠા. વિજયસ્થાનમાં ઉભા રહી અકબરશાહે તેમની પાછળ લશ્કર દોડાવ્યું. હુસેન મીરજાં ઘવાયો અને તેનો ઘોડો કાંટાની વાડમાં પડયો, તેની જોડે તે પણ નીચે પડયો. ગદાઅલી નામે તુર્ક તેની પાછળ પડયો હતો તેણે ઘોડેથી કૂદી તેને પકડી લીધો.

ડાબી બાજુએ વજીરખાન બહુ શૂરથી હબસી અને અફગાનના હૂમલા પાછા વાળતો હતો. મીરજાંના પરાજયની ખબર જાણી તેઓ પણ નાઠા. જમણી બાજુએ મીરમહમ્મદખાને શત્રુના સરદાર શેરખાન ફુલાદીને હરાવ્યો. એમ દુસ્મનની આખી સેના ભાગી ગઇ; અને વિજયીશાહે તેને માટે રણક્ષેત્રની કોરે આસન કર્યું હતું ત્યાં જઇ પ્રભુનો પાડ માન્યો. થોડીવારે ગદાઅલી અને એક બીજો સિપાઇ હુસેન મીરજાંને ઝાલી લાવ્યા. દરેકે તેને પકડવાનો દાવો કર્યો. બીરબલે મીરજાંને પૂછ્યું કે "તમને કોણે ઝાલ્યા?" મીરજાં કહે, "પાદશાહ તરફ કરેલી કૃતઘ્નતાએ." અકબરે માયાળુ વચને ધીરજ દેઇ, તેને રાયસિંહને સોંપ્યો. મીરજાંની હારની ખબર થતાં ઇખ્તિયારૂલમુલ્ક ગૂજરાતી યુદ્ધ કરવાને આવ્યો. પાદશાહી ફોજે તેને હરાવી તેનું મસ્તક લાવી શાહને ચરણે મુક્યું. એને આવતો જોઇ રાયસિંહના રજપૂતોએ મીરજાં હુસેનને હાથીપરથી નાખી દેઇ બરછી ભોકી પૂરો કર્યો. રણમાં પડેલા બંડખોરોનાં માથાંનો શંકુ આકારે પાદશાહે ઢગલો કરાવ્યો તેમાં ૨૦૦૦ માથાં થયાં. થોડીવારમાં શહેરમાંથી ખાનીઆજમ તથા શત્રુની પાછળ ધાયેલા અમીરો શાહની હજુરમાં આવ્યા. તેમને શાહે શાબાસી આપી. પછી અમદાવાદમાં જઇ અકબરે ભદ્રમાંના પાદશાહી મહેલમાં મુકામ કર્યો; ને વિજયી સરદારોને યોગ્યતા પ્રમાણે ઇલકાબ અને ઇનામ આપ્યાં; તથા ફતેહના સમાચારપત્રો ઠામ ઠામ મોકલ્યા. મહમ્મદ હુસેન મીરજાંનું માથું આગ્રાની ભાગોળે અને ઇખ્તિયારૂલમુલ્કનું ફાથપુરની ભાગોળે લટકાવવાને મોકલ્યું. શહેરના મહાજનો મુબારકબાદી અને

નજરાણા આપવાને આવ્યા તેમનું શાહે સન્માન કર્યું, તથા ગરીબ લોકને દાન આપ્યાં. શાહ મીરજા નાસી છુટયો હતો તેનો નાશ કરવાને લસ્કર આપી કુતબુદ્દીન મહમ્મદખાનને ભરૂચ અને નવરંગખાનને ચાંપાનેર મોકલ્યા. રાજા ભગવાનદાસ, શાહકુલી મહરમ, વગેરે અમીરોને ઇડર જ[illegible]ને મોકલ્યા. ત્યાંનો રાણો ઉદયસિંહ નાશી પહાડોમાં ભરાયો. પાટણ, [illegible]કા, ધંધુકા વગેરે ગૂજરાતનાં પરગણાંઓનો વહીવટ કરવાને ખાનીઆજમના હાથ નીચે હાકેમો નીમી અકબરશાહ અમદાવાદથી ઉપડી મેહેમદાવાદ ગયા. અહિં મહમ્મદ બેગડાનો ઉચો સુંદર મહેલ હતો તેમાં તેણે મુકામ કર્યો. એ મુકામે ગિયાસુદ્દીન અલી બક્ષીને તેની સારી સેવાને માટે આસફખાનનો ઇલકાબ આપી, ગૂજરાતનો દીવાન અને બક્ષી નીમી, ખાનીઆજમની મદદમાં મૂકયો. મેહેમદાવાદથી રાત્રે નીકળી શાહ ધોળકે ગયા, અને ત્યાંથી રાત્રે ઉપડી કડી ગયા. કડીથી સિદ્ધપુર ગયા. રાજા ભગવાનદાસ અને શાહકુલી મહરમે વડનગર સર કર્યાનો વૃત્તાંત અહિં મળ્યો. શાહે ઉત્તરમાં તેમનો ઉપકાર માન્યો. સિદ્ધપુરથી નીકળ્યા શિરોહી જઇ મુકામ કર્યો. એ તરફના બંડખોર અને લૂંટારા લોકને પકડી સજા કરવાને તથા દેશનો બંદોબસ્ત રાખવાને સાદતખાનને થાણદાર ઠરાવ્યો. શિરોહીથી શાહ અજમેર ગયા. ત્યાંના પીર ખ્વાજા મુઇનુદ્દીન ચિસ્તીની કબરને પૂજી ફકીરોને ખેરાત આપી નીકળ્યા તે રામદાસ કચ્છવાળાની જાગીરમાંના ગામ પુણે ગયા. અહિં રામદાસે તેને અને તેના લસ્કરને મીજબાની આપી. ગૂજરાતમાં ઉપજ ખરચનો હિસાબ જોઇએ તેવો રાખવામાં આવ્યો નહોતો; તેથી પાદશાહે તે સુધારવાને રાજા ટોડરમલને તેડાવ્યો હતો, તે આ મુકામે આવી મળ્યો. રાજાને ગૂજરાત મોકલી શાહ ફાથપુર ભણી ચાલ્યા ને ત્યાં તા. ૭ મી જુમાદલ આખરે પહોંચ્યા. એમ ૪૩ દિવસમાં ગૂજરાત ગયા, બંડનો નાશ કર્યો, અને પાછા આવ્યા.

એજ માસની ૨૫ મી તારીખે બંને શાહજાદાને સુનંત કરાવી મહોત્સવ કર્યો. સુલતાન સલીમ હવે ભણવા માંડવા જેવડો થયો હતો તેથી તેને કુરાનાદિક ભણાવવાને મૌલાના મીર કલાન હર્વીને ઉસ્તાદ નીમ્યો. મુજફ્ફરખાન કરીને અમદાવાદ જીલ્લામાં સારંગપરનો નવાબ હતો તેને બોલાવી પાદશાહે હિંદુસ્તાનનો વજીર નીમી તથા જુમ્લ તુલ-મુલ્કિ એવો ઇલકાબ આપી ત્યાંના પ્રાંતોનો વહીવટ સોંપ્યો. શેખ મહ-મ્મદ બુખારી તથા સૈફખાન કોકા ગૂજરાતમાં લઢતાં કતલ થયા હતા, તેમને એક લાખ અકબરશાહી રૂપિયાનું દેવું હતું તે પાદશાહે સરકારી ખજાનામાંથી આપ્યું. મીર મુહસીન રિજવીને દક્ષિણના અધિપતિઓ કને મોકલ્યો હતો, તે તેમણે મોકલેલાં નજરાણાં લેઇ પાછો આવ્યો. આવતે વર્ષે બંગાળા ઉપર સ્વારી કરવાનો શાહે ઠરાવ કર્યો હતો, માટે ત્યાંથી તે વર્ષે અજમેરના પીરનાં દર્શન કરવાને કદાચ જઈ શકાય નહિ, માટે આ જ વર્ષમાં બીજી વાર ત્યાં જઇ યુદ્ધમાં જય મળવાની પ્રાર્થના કરવાનો ઠરાવ તેણે કર્યો. અજમેરના માર્ગમાં પાદશાહી છાવણીની આસપાસ આવેલાં ખેતરોના ખેડુતોને નુકસાન ન થાય તેવી સંભાળ લેવાને દિલાવરખાનને નીમ્યો; અને સ્વારી ઉપડચા પછી એમ છતાં જે નુકસાન ખેતી કરનારાને થયું હોય તે ભરી આપવાને ભરોસેદાર અમ-લદારો નીમ્યા. એ વખતથી પોતાની પ્રત્યેક સ્વારી અને મુસાફરીમાં રૈયતનું એ રીતે રક્ષણ કરવાનો બંદોબસ્ત કરવાનો ધારો કર્યો. માર્ગમાં મૃગયા રમતા, શાહ અજમેરથી સાત કોશને અંતરે પહોંચ્યા. ત્યાંથી પગે ચાલતા પીરની ઘોરે ગયા. ત્યાં અર્ચન પૂજન કરીને તથા કંગાળ લોકને ધન આપીને પોતાને મહેલે પધાર્યા. અહિં બાર દિવસ રહી દરરોજ પીરની કબર પૂજવા જતા. એ જાત્રા પુરી કરી શાહ ફ્તેહપુરમાં પાછા ગયા.

પ્રકરણ ૬ ઠું.

૧૯ મા વર્ષથી ૨૯ મા વર્ષ સુધી—બહાર અને બંગાળાનો વિજય—રાણા કીકાનું બંડ—બીજાં બંડ તથા પરચુરણ—ધર્મચર્ચા—વસ્તીપત્રક—કેટલાક કરની માફી—બંગાળા અને બહારમાં ફરીને બંડ—મીરજાં હકીમની સ્વારી—સતીનો અટકાવ—મહાભારતનું ભાષાંતર—ગૂજરાતમાં બળવો.

---

૧૯ મા વર્ષનો આરંભ તા. ૧૧ મી માર્ચ સને ૧૫૭૪, હી. સને ૯૮૧ તા. ૧૭ મી જીલકાદે થયો. એ વખત સુધીમાં અકબરને તાબે પંજાબ, હિંદુસ્તાન, માળવા અને ગૂજરાત એ દેશો હતા. દક્ષિણનાં રાજ્યો તેનાથી સ્વતંત્ર હતાં. પૂર્વમાં બહાર પ્રાંતનો કેટલોક ભાગ ઇ. સ. ૧૫૬૦ માં ત્યાંના સુલતાન શેરશાહ બીજાને હરાવી વશ કર્યો હતો; પણ તે પ્રાંતનો બાકીનો ભાગ તથા તેની પૂર્વે આવેલો બંગાળદેશ સુલતાન સુલેમાન કરાનીને કબજે હતા. ઓઢીઆ (ઓરિસ્સા) પ્રાંતમાં પણ તેનો જ અમલ હતો. અકબરશાહ ગૂજરાતમાં ઉઠેલું ફિતુર શમાવવાના કામમાં લાગ્યા હતા, તેવામાં સુલેમાન કરાની મરી ગયો. તેની ગાદીએ તેનો વડો દીકરો બાયજીદ બેઠો. તેને તેના દુરાચારને લીધે તેના અમીરોએ મારી નાખ્યો. એ કામમાં સામીલ હોનાર તેનો ભત્રીજો ને જમાઇ નામે હાંસુ હતો તેને તેમણે ગાદીએ બેસાડયો. લોદી નામે અમીરે હાંસુને મારી સુલેમાનના કનિષ્ટ શાહજાદા દાઉદને રાજ્યાસને બેસાડયો. સુલેમાને અકબરના નામનું ઉપરીપણું માન્યું હતું તેનો તેણે ઇનકાર કર્યો તે માટે તેના ઉપર સ્વારી કરવાનો હુકમ અકબરે મોકલ્યો. દાઉદ વિષયી હોવાથી રાજ્ય સારી રીતે ચલાવી શકતો

નહોતો. તેની અને તેના વજીર લોદીની વચ્ચે ટંટો થયો. વળી મુગલોનો ચણાવેલો પટણાનો કિલ્લો દાઉદે ઉદ્ધતાઇ કરી પાડી નંખાવ્યો, તે લઢાઇનું બીજું બહાનું હતું. મુગલ રાજ્યના પૂર્વ પ્રાંતોનો હાકેમ ખાનખાનાન મુનીમખાન હતો. તેણે દાઉદના રાજ્ય ઉપર ચઢાઇ કરી; પણ તેના વજીર લોદીએ વચમાં પડી બે લાખ રૂપિયા રોકડા અને એક લાખનો કાપડાદિક માલ આપી સલાહ કરાવી. આ સ્વારીથી ન ચેતતા નબળા મનના વિષયાસક્ત દાઉદે લોદીને મારી નાંખી માંહોમાંહે વઢવાઢ ઉઠાવી. કાલુખાન અને શ્રીધર નામે તેના બે અમલદારોની શીખવણીથી તેણે પ્રથમ વજીર લોદીને કેદ કર્યો. લોદીએ તેને બંધીશાળામાંથી કહાવ્યું કે, “ મને મારવાથી તમને લાભ થતો હોય તો તમારી વાંછા પૂરી કરો; પણ યાદ રાખજો કે મારા મરણ પછી આપ પસ્તાશો. મારા મરણ કેડે મુગલો જોડે ત્વરાથી યુદ્ધ કરશો તો કદાપિ ફતેહ પામશો. તમે લઢાઇ ઉઠાવશો નહિ તો નક્કી માનજો કે તેઓ ઉઠાવશે. તેમની સાથે કરેલી સંધિ પોલી છે તે ટકવાની નથી. મુગલો અનુકૂળ સમયની વાટ જોતાં ટાંપી રહ્યા છે.” લોદી રાજકાજમાં હોશિયાર તથા ચતુર યોદ્ધા હતો. તેને માર્યાના સમાચાર જાણી મુનીમખાને બહાર પ્રાંતપર સ્વારી કરી. દાઉદ એ વેળા હાજીપુરમાં હતો. આ સ્વારીની ખબર સાંભળી તે પટણે ગયો. મુનીમખાને તેની પાછળ જઇ પટણા નગર ઘેર્યું, ને તેની ખબર પાદશાહને મોકલી.

જેમ ગૂજરાત દેશ પોતે જાતે જઇને જીત્યો, તેમ બહાર અને બંગાળા જીતવાનો ઠરાવ કરી અકબરશાહ ભરચોમાસે ચઢ્યા. ખોરાકી, ડેરાતંબુ, હથીઆર વગેરે યુદ્ધની સામગ્રીને હોડીઓમાં ભરી જમના અને ગંગા નદીઓમાં ચલાવી ને પંડે પણ સહકુટુંબ નાવમાં સ્વાર થયા. કેટલીક ફોજને પણ તે વાટે સાથે લીધી, અને બાકીની સેનાને તથા હાથીઓને પગરસ્તે મીરજાં યુસુફખાન રાજમાની સરદારી નીચે

સ્વાને કરી. ઠેકાણે ઠેકાણે જમીનપર ઉતરી શિકાર કરવા જતા. સાંજરે
સાંજરે પંડિતો વિદ્યાવિનોદ કરતા. શાહજાદા અને બેગમોને જવાનપુરમાં
મૂકી ફોજસહિત પાદશાહ પટણે ગયા. તે શહેરનો ઘેરો ઘણા માસથી
ચાલતો હતો તેનો અંત આણવાનો વિચાર કરવાને, અકબરે લસ્કરી
સરદારોની સભા બોલાવી કહ્યું કે “ અહિં આવી મેં નિરીક્ષા કરી તે
પરથી એમ જણાય છે કે હાજીપુરનો કિલ્લો જીત્યાવિના પટણા જી-
તાશે નહિ. એ બેની વચ્ચે ગંગા વહે છે. તેની પહોળાઇ બે કોશ છે.
પટણામાં ઘેરાયલા દાઉદને હાજીપુરથી મસ મદદ મળે છે તે બંધ પડ-
વી જોઇએ. માટે પ્રથમ હાજીપુરનો ગઢ જીતવો.” સકળ અમીરોને
એ મત સાચું લાગ્યું. પાદશાહે ખાન આલમને ત્રણ હજાર સેના સહિત
હોડીઓ વડે સામેપાર તે ગઢને જીતવાને મોકલ્યો; ને રાજા ગજપતિ
એ તરફનો મોટો જમીનદાર હતો તેને મદદમાં આપ્યો. નદીમાં અને
જમીન ઉપર યુદ્ધ થયાં તેમાં પઠાણ હાર્યો. હાજીપુરનો ગઢવી ફાથખાન
તથા બીજા સરદારોનાં માથાં હાથ આવ્યાં તેઓને ખાન આલમે પા-
દશાહની હજુરમાં મોકલ્યાં; અને પાદશાહે તે દાઉદને મોકલ્યાં. એ
માથાં તથા મુગલ ફોજનો ભારે વિસ્તાર જોઇ દાઉદ ભય પામ્યો, ને
હાજીપુર ગયાથી નિરાશ થઇ રાતમાં પટણા છોડી નાઠો. બીજે દિવસે
અકબરશાહે શહેરમાં પ્રવેશ કરી શત્રુની પૂંઠે લસ્કર મોકલ્યું. રૈયતનું
રક્ષણ કરવાના જાહેરનામાં કરી શાહ પંડે પૂર્વ દિશાએ દાઉદની પાછળ
ગયા. પટણેથી ૨૬ કોશ ઉપર દરિયાપુર નામે તાલુકામાં તેના ૪૦૦
હાથી પકડાયા. પાદશાહે અહિં છ દિવસ મુકામ રાખી ખાનખાનાનની
ફોજમાં ૨૦૦૦ સ્વાર ઉમેરી તેને દાઉદની પાછળ મોકલ્યો, ને પોતે
ત્યાંથી પાછા વળ્યા. જવાનપુરમાં જઇ ૩૪ દિવસ રહ્યા. એ મુદતમાં
નવા જીતેલા મૂલકના વહિવટનો બંદોબસ્ત કર્યો. જવાનપુર, કાશી, ચુ-
નારગઢ, તથા બીજા કેટલાક મહાલ અને પરગણાં જાગીરમાં ન આ-

આપતાં ખાલસા ખાતે રાખ્યાં. જવાનપુરથી નીકળી ખાનપુર ગયા. ખાનખાનાનની સામે લઢવાને ઉભા નહીં રહેતાં દાઉદ ઓઢીઆ પ્રાંતમાં નાઠો અને તેની રાજ્યધાની તાંડનગર તથા બીજાં શહેરો મુગલોને હાથ વગર લઢે આવ્યાં. એ સમાચાર મળ્યા પછી શાહ દિલ્હી ગયા. અહિં કેટલાક દિવસ રહી પોતાના પિતાની તથા પીરોની કબરનાં દર્શન કર્યાં. દિલ્હીથી શાહ અજમેર જાત્રા કરવા ગયા. જોધપુર અને સિવાનહ ગઢની વચ્ચેના પ્રદેશમાં રાજા માલવદેવનો કુંવર ચંદ્રસેન બખેડો કરી રૈયતને રંજાડતો હતો તેને સજા કરવાને ફોજ મોકલી પાદશાહ ફત્થપુર ગયા. આ સ્વારીમાં પાદશાહના જોવામાં આવ્યું કે હિંદુસ્તાનમાં ઘણીક જમીન વગર ખેડાયલી રહે છે. એ જમીન ખેડવાને માટે ખેડુતોને ઉત્તેજન આપવાની તેણે ગોઠવણ કરી. જમીન ખેડાય તો એક કરોડ ટકા ઉપજે એટલી જમીનનાં પરગણાં ઠરાવ્યાં; ને તેનો વહીવટ કરવાને કરોડ પદ્દીના અમલદાર નીમ્યા. તમામ પડતર જમીન ત્રણ વર્ષમાં ખેડાણમાં આવવી જોઇએ એવી યુક્તિ તેમણે કરવી, એવી તેમને તાકીદ આપી. અમીરોને પણ પોતપોતાની જાગીરમાં એવી ગોઠવણ કરવાની આજ્ઞા કરી. સિંધના બકરગઢના સુલતાન મહમ્મદનું મરણ થવાથી તેના કારભારીએ પાદશાહને તે ગઢ કબજે કરવાની અરજ કરી તેપરથી અકબરે ત્યાં ફોજ મોકલી. એ વરસમાં ગૂજરાતમાં મોટો કાળ પડ્યો ને ૭ માસ પહોંચ્યો. હજારો ગરીબ અને તવંગર માણસો દેશ છોડી નાસી ગયા. એ વેળા જુવાર (જાર) નો ભાવ ૧૨૦ ટકે મણ થયો હતો. ઘાસ ઉગ્યું નહિ, તેથી ઘોડા, ગાયાદિક ઢોરને ઝાડની છાલ ખવાડતા. એ વર્ષની આખરે બંગાળાનાં બાકીનાં થાણાં ખાનખાનાનને હાથ આવ્યાં. દાઉદની પાછળ તેણે રાજા ટોડરમલને મોકલ્યો હતો. પણ દાઉદનું જોર વધારે હોવાથી તેને પોતાને ટોડરમલની મદદે જવું પડ્યું. દાઉદ એ વેળા સામો ઉભો રહી

શ્કરથી લઢચો પણ પરાજય પામી તેને કટકગઢમાં ભરાવું પડયું. ખાનખાનાન તે ગઢને જીતવા તેની પાછળ ગયો, પણ દાઉદે સલાહ કરવાની ઇચ્છા જણાવ્યાથી ખાને તેની વિનંતિ સ્વીકારી. તે પાદશાહને ખંડણી આપે અને તાબે રહે, એવી બોલીએ ઓઢીઆ પ્રાંત તેને હસ્તે રહેવા દીધો.

વર્ષ ૨૦ મું—તા. ૧૩ મી માર્ચ ૧૫૭૫. અકબરને કિશોર વયથી વિદ્વાનનો સંગ ગમતો. પંડિતો અને કવિઓની જોડે વિદ્યા વિષે વાતો કરવાનો અને કવિતા સાંભળવાનો તેને શોખ હતો. તેમનું યથાયોગ્ય સન્માન કરી તેમને માંહોમાંહે વાદવિવાદ કરાવતા અને પોતે તે સાંભળવાને બેસતા. એમને મળવાને કાજે આ વર્ષમાં તેણે રાજમંદિરની વાડીમાં ઇબાદતખાનું નામે સુંદર મકાન બંધાવ્યું. તેમાં ચાર એવાન કરાવ્યાં;—પહેલું, મોટા સૈયદ એટલે ધર્મગુરૂઓને બેસવાને. બીજું, ઉલમા એટલે પંડિતોને, ત્રીજુ, શેખ લોકોને; અને ચોથું, કવિઓને મળવાને સારૂ. શુક્રવારે રાત્રે પાદશાહ ત્યાં જતા અને આખી રાત ત્યાં રહેતા. વારા ફરતી ચારે એવાનમાં જતા અને લાયકી પ્રમાણે ત્યાં બીરાજનારાને અશરફી અને રૂપિયાનાં દાન આપતા. જેઓ એ મકાનમાં દાખલ થઇ શક્તા નહિ તેઓ બહાર બેસતા, ને તેમને પણ શાહ બક્ષીસ આપતા. એ વર્ષમાં અકબરની ફોઇ મક્કાની હજ કરવા ગઇ ત્યારથી મીર હાજી નામે એક અમલદાર નીમ્યો. તેનું મુખ્ય કામ એ હતું કે દર વર્ષે હજ કરવા જનારાનો બંદોબસ્ત કરી મક્કે પહોંચાડવા ને પાછા લાવવા. છએક વર્ષ પછી આ નીમણુંક કાઢી નાંખી. રાજા ટોડરમલ્લ બંગાળેથી ૫૪ હાથી લેઇને આવ્યો, ને ત્યાં બનેલી હકીકત તેણે શાહને કહી. એ વરસમાં અકબરે તેને આખા રાજ્યનો દીવાન નીમ્યો. બદક્શાનના હાકેમ મીરજાં સુલેમાનને તેના પૌત્ર શાહરૂખે ગાદીએથી ઉઠાડી રાજ કબજે કર્યું હતું; તેથી તે અકબરની મદદ મા-

ગવાને હિંદમાં આવ્યો. પાદશાહે મોટા ભભકાથી તેને આવકાર દીધો. ફત્તેહપુરથી વીશ કોશ ઉપર મથુરામાં તે આવ્યો તેવારે તેને સામા તેડવાને કેટલાક અમીરોને મોકલ્યા. રાજધાની (ફત્તેહપુર) થી પાંચ કોશપર તે આવ્યો તેવારે પાદશાહી સ્વારી તેને સામી લેવા ગઇ. આખે રસ્તે પાંચ હજાર હાથીઓની હાર ઉભી રાખી હતી. એ હાથીઓને મખમલ અને કીનખાબની ઝુલો, ગળે સોના રૂપાની સાંકળીઓ, વગેરેથી શણગાર્યા હતા. પ્રત્યેક બે હાથીની વચ્ચે ગાડામાં ચિત્તા રાખ્યા હતા. એ ચિત્તાને ગળે કસબી પટા પહેરાવ્યા હતા તથા વાંસાપર સુંદર હોડા ઓરાઢયા હતા. મીરજાં સુલેમાન બાબરના વખતથી બદકશાનમાં રાજ્ય કરતો હતો ને ઘણો વૃદ્ધ હતો. પાદશાહ તેની નજીક આવ્યા, એટલે તે હાથીએથી ઉતરી નમન કરવાને દોડયો; તે જોઇ શાહે ઘોડેથી ઉતરી તેનો હાથ સાહી પગે લાગતો અટકાવ્યો. પછી તેને ઘોડે બેસાડી પરે ઘોડેસ્વાર થયા, અને તેને પોતાને જમણે હાથે રાખ્યો. માર્ગમાં તેની ખબરઅંતર પૂછી અને તેની જોડે વાતો કરી મહેલે પધારી તેને પોતાની જોડે રાજ્યાસન ઉપર બેસાડયો. દરબાર ઉઠયા પછી પોતાની જોડે જમાડી પાસેના મહેલમાં મુકામ આપ્યો, ને પંજાબના સિપાહસાલર એટલે સૂબેદાર ખાનજહાન ઉપર હુકમ લખ્યો કે, ૫૦૦૦ સ્વાર સહિત જઇ એને એનું રાજ્ય જીતી આપવું. એ હુકમ અમલમાં આવ્યો નહિ; કેમકે બંગાળાનો સિપાહસાલર ખાનખાનાન મુનીમખાન મરણ પામ્યો તેને ઠામે શાહે ખાનજહાનને મોકલ્યો. બંગાળાની રાજધાની તે વેળા તાંડનગર હતું; પણ તે મુનીમખાનને ગમ્યું નહિ. તેથી જુનું પાટનગર ગૌડ હતું ત્યાં જઇ રહ્યો અને લોકોને ત્યાં જઇ વસવાની જરૂર પાડી. ગૌડ ઉજડ થયા પછી ત્યાંની હવા રોગી થઇ હતી, તેથી ઘણાં માણસ ત્યાં મરી ગયાં, ને અંતે તે હવાથી મુનીમખાનનો પ્રાણ ગયો. એને દીકરો નહોતો તેથી એની સઘળી મીલકત

પાદશાહી ખજાને આવી. અકબરશાહે ખાનજહાનને અમીરૂલ ઉમરનો ખિતાબ, કસબી પોશાક, રત્ન જડિત તરવાર, મુલ્યવાન સાજવાળા ઘોડા, વગેરે સરપાવમાં આપી બંગાળે મોકલ્યો. એ જોઇ મીરજા સુલેમાને મક્કે જવાની રજા માગી. બીજે વર્ષે પાદશાહે તેને રૂ.૫૦૦૦૦) આપી ત્યાં મોકલ્યો.

વર્ષ ૨૧ મું તથા ૨૨ મું, માર્ચ ૧૫૭૬ તથા ૧૫૭૭. અજમેર પ્રાંતમાં ચંદ્રસેને બંડ ઉઠાવ્યું હતું તેનો પરાજય આ વરસમાં થયો. તેનો સીવાનાગઢ ઘણી મહેનતે પાદશાહી લશ્કરે જીત્યો. વાર્ષિક જાત્રા કરવાને પાદશાહ અજમેરમાં હતા તેવારે બંગાળામાં દાઉદખાને બંડ કર્યાના સમાચાર આવ્યા. ખાનજહાનનું લશ્કર પંજાબમાં હતું તેને વાર લાગવાથી અફગાન સરદારોને ફિતુર મચાવવાનો સારો લાગ મળ્યો. બંગાળામાં મુકેલા થાણદારોની પાસે પુરતું લશ્કર ન હોવાથી તેઓ નાસી બહાર પ્રાંતમાં આવ્યા. ખબર થતાં વારને અકબરશાહે સુભાનકુલીજખાનને તાકીદનો પત્ર આપી ખાનજહાન કને મોકલ્યો. તેમાં ફરમાવ્યું કે બંગાળેથી નાઠેલા તમામ અમીરો અને જાગીરદારોને લેઇ એકદમ દાઉદપર ચઢાઇ કરવી. એ કાસદે ૨૨ દિવસમાં એક હજાર કોશની મુસાફરી કરી. ઝટ સજ્જ થઇને ખાનજહાને ગઢીગઢપર સ્વારી કરી. એ કિલ્લામાં દાઉદના ત્રણ હજાર પઠાણ હતા તેમણે જુદ્ધ કર્યું. મુગલ ફોજે તેમાંના અર્દ્ધને કતલ કરી તથા ઘણાકને કેદ પકડી ગઢ જીત્યો. એ ઝઘડો અહિં ચાલતો હતો તેવામાં ગોગુંડા અને કુંભલમેરના રાણા કીકાએ બંડનો ઝુંડો ઉઠાવ્યો. અકબરશાહે બહાદુર અને ચતુર કુંવર માનસિંગને પાંચ હજાર સ્વાર સહિત તેની સામે મોકલ્યો અને પંડે ફાથપુર પધાર્યા. ત્યાં પહોંચતાં બંગાળેથી સમાચાર આવ્યા કે તાંડનગરમાં દાઉદનો મુકામ હતો, ત્યાં ખાનજહાન જતાં દાઉદ ત્યાંથી ઉપડી અકમહાલ (પાછળથી રાજા માનસિંગે તેનું નામ રાજમહાલ

પાડ્યું તેજ નામ હાલ છે.) નામે ગામની થડમાં જઇ મોરચાબંધ મજબૂત છાવણી બનાવી રહ્યો છે ને ખાનજહાન તેની પાછળ ત્યાં ગ-યો છે. શત્રુની છાવણી કઠણ જગામાં છે, એ જાણી પાદશાહે બહા-રના સૂબેદાર મુજફ્ફરખાનને તેની મદદે જવાની આજ્ઞા મોકલી.

રાણા કીકાની સામે મોકલેલી ફોજ ફતેહ પામી. હિંદુરાજા રા-ણામાં એ રાણોજી મુખ્ય હતો, તેથી તેની મદદે ઘણાક રજપૂત રાજા આવ્યા હતા. ચિતોડગઢ મુગલોને હાથ ગયા પછી એ રાણાએ ગોગુંડા વસાવી તેમાં પોતાની રાજધાની કરી હતી અને ત્યાં સ્વતંત્રપણે રાજ્ય કરતો હતો. કુંવર માનસિંગની જોડે સંગ્રામ કરવાને તે હલદીઘાટમાંથી બહાર આવી ઉભો. યુદ્ધ બહુ જોશથી થયું. રાણા-જીનો મોટો સરદાર રામેશ્વર ગ્વાલિયરી, તેનો કુંવર શાલિવાહન, તથા ચિતોડવાળા વીર જયમલનો કુવર રણમાં પડ્યા. રાણાજી પંડે ઘવાણા તેવારે પાછા ફર્યા; અને માનસિંગ જય પામ્યો. આ અને બીજી લઢા-ઇઓમાં રજપૂતોની મદદ ઘણી હતી; અને અકબરશાહ પંડે કશો ધર્મભેદ કે જાતિભેદ ગણતા નહિ; તથાપિ મુગલ સરદારો તેમને કાફર ગણી મનમાં તિરસ્કાર કરતા. માનસિંગના હાથ નીચે આસફખાન કરીને મુગલ સરદાર હતો, તેને કોઇ મુગલ જોદ્ધાએ પુછ્યું કે ‘રજ-પૂતોમાં આપણી તરફના કિયા છે અને સામાવાળીઆ કિયા છે, તે શાપરથી પારખવું?’ આસફે કહ્યું, ‘તીર માર્યાં જાઓ. જેને વાગશે તે મરશે.’ મુસલમાન ઇતિહાસકર્ત્તાઓએ પણ બધા હિંદુઓ વિષે જ્યાં લાગ આવ્યો ત્યાં અપશબ્દો વાપર્યા છે. આ ફતેહનો વૃત્તાંત બાદશાહને લખી, માનસિંગે હલદીઘાટમાં ધુસી ગોગુંડા નગર લીધું ને રાણોજી ડુંગરોમાં જઇ ભરાયા. શાહે માનસિંગ અને તેના હાથ નીચેના અમીરોને સરપાવ મોકલ્યા.

બંગાળેથી પણ જયના સમાચાર આવ્યા. દાઉદનું લશ્કર પરાભવ પામ્યું, અને તે પકડાયાથી ખાનજહાને તેનો શિરચ્છેદ કર્યો; તોપણ એ પૂર્વ પ્રાંતોમાં શાંતિ થઇ નહિ. બહાર પ્રાંતનો સૂબેદાર પોતાની ફોજ લેઇ બંગાળે સહાય કરવા ગયો, તે જાણી ત્યાંના રાજા ગજપતિએ હંગામો મચાવ્યો. એ પ્રમાણે દેશી રાજા બંડ કરતા હતા તેનાં કારણ મુગલ ઇતિહાસકર્ત્તાએ નોંધ્યાં નથી. સંભવ એવો છે કે તેમના ઉપર જૂલમ થતો હશે. દેશી રાજાને મુગલો જમીનદાર કહેતા અને તેમની પાસેથી ખંડણી તથા નોકરી લેતા. તેમના ઉપર અન્યાય ઘણો થાય ત્યારે તેઓ બળવો કરે એમ બનતું હશે. રાણા કીકાના મુલકમાં પાદશાહી ફોજને ખોરાકની ભારે તંગી પડી, ને તે બીના માનસિંગે શાહને જણાવી; તેપરથી તેને પાછા ફરવાની આજ્ઞા મોકલી. આ તંગી પડવાનું કારણ એ હતું કે તે દેશમાં લૂંટ કરવાની માનસિંગે મના કરી હતી. એ જાણી અકબરે તેના ઉપર નાખુશ થઇ તેને કેટલાક વખત લગી દરબારમાં આવવાની મના કરી. થોડા વખત પછી તેને ક્ષમા કરીને રાણાનો મૂલક ઉજડ કરવા મોકલ્યો. શાહ મનસૂર નામે શીરાજથી આવેલો આદમી પ્રથમ ખુશબો ખાતામાં કારકુન હતો ને તેને દીવાન મુજફ્ફરખાને બરતર્ફ કર્યો હતો. એ નોકરી ગયા પછી તે જવાનપુરમાં ગયો અને ત્યાં ખાનખાનાન મુનીમખાનની નોકરીમાં ચઢતાં તેનો દીવાન થયો હતો. તેના ગુણ પાદશાહના જાણવામાં આવ્યાથી તેને બોલાવી, આ વેળા મુખ્ય દીવાન કર્યો. પાદશાહ તરફથી મક્કાની જાત્રાનો સંઘ નીકળ્યો તેવારે શાહ પંડે જાત્રાળુનો વેશ ધારણ કરી મીર હાજીની પાછળ થોડાં ડગલાં હિંડ્યા; ને તેથી હજ કરવા જનારાએ હર્ષ પામી તેને આશિર્વાદ દીધા. એમની જોડે ફોજને મોકલી તેમને રાણા કીકાના રાજ્યમાં લૂંટ કરતા જવાનો હુકમ આપ્યો. અકબરને એ વેળા મક્કે જવાનું મન હતું; પણ મંત્રીઓની સલાહથી તે

વિચાર ફેરવી રજપૂત સંસ્થાનમાં તેઓ ગયા. ગોગુંદામાં હાજી લોક આવ્યા તેવારે રાણા કીકાજી ત્યાંથી નીકળી પહાડોમાં ગયા. પાદશાહે કુતુબુદ્દીન અને રાજા ભગવાનદાસને ત્યાં મૂકી, કુલીજખાનને ફોજ આપી હાજીઓ જોડે ઇડર સુધી મોકલ્યો. એ લસ્કર ત્યાં પહોચ્યું તેવારે ત્યાંનો રાજા નારાયણદાસ ડુંગરામાં નાઠો. એક દેવળમાં રજપૂત યોદ્ધા રહ્યા હતા, તેમણે કેસરિયાં કરી મુગલો જોડે લઢતાં પ્રાણ ખોયા. અકબરશાહ ઉદેપુર પહોંચ્યા તેવારે ખબર આવી કે સુરતમાં હાજીઓ અટકયા છે; કેમકે ફિરંગી લોકના પરવાનાનો કોલ મળ્યો નહોતો. પાદશાહે એ કોલ મેળવવાને કુલીજખાનને જવાનો હૂકમ કર્યો. પછી ઉદેપુરથી નીકળી અકબરશાહ વાંસવાડા અને ડુંગરપુરના રાજ્યમાં આવ્યા. તે વારે વાંસવાડાનો રાવળ પ્રતાપસિંહ અને ડુંગરપુરનો રાવળ અસ્કરણ તથા આજુબાજુના બીજા રાજરાણા અને જમીનદારો નજરાણાં આપવાને તથા સેવા બજાવવાને હાજર રહ્યા. અહિં બંગાળેથી ૫૦૦ હાથી તથા બીજી મૂલ્યવાન્ વસ્તુઓ શત્રુ પાસેથી મળેલી, તે આણી રાજા ટોડરમલે બાદશાહને રજુ કરી. કુલીજખાન પણ શાહને એ મુકામે મળ્યો. હજ કરવા જનારાના વહાણને સમુદ્રમાં હરકત નહિ કરવાનો કોલ મેળવવાને તેને તથા કલ્યાણરાય નામે વેપારીને સુરત મોકલ્યા; ને તેમણે તે કામ કર્યું. એ તરફના મૂલકમાં થાણાં બેસાડવાની ગોઠવણ તથા જમીનદારો જોડે બંદોબસ્ત કરી શાહ માળવે ગયા, ને ત્યાંની રૈયત ઉપર થતા જૂલમ બંધ પાડવાનો બંદોબસ્ત કર્યો. ઘણાક માણસ ફરિયાદ કરવા આવ્યા. અકબરશાહે દરેકની અરજ ધીરજથી સાંભળી અને તેમનાં દુઃખ નિવારણ કર્યાં. કોટપકલીને મુકામે મુજફ્ફરખાન, રાજા ટોડરમલ, અને શાહ મનસૂર જોડે વિચાર કરી કેટલીક વ્યવસ્થા કરી, તેમાં ટંકશાળ વિષેની મુખ્ય હતી. એ વાર સુધી રાજ્યની ટંકશાળનો વહિવટ એક અમલદારને હાથ હતો અને તેને ચોધરી કહેતા. હવણાં

તેના વિભાગ કર્યા. ફાથપુરની ટંકશાળનો ઉપરી અબ્દુલ સમદ, લાહોરનીનો મુજફ્ફરખાન, બંગાળાનીનો રાજા ટોડરમલ, જવાનપુરનીનો શાહમનસૂર, ગૂજરાતનીનો ઇમાહુદીન હુસેન, અને પટણાનીનો આસફ્ખાન, એમ નીમણુંકો કરી. ચાર ખૂણીઆ રૂપિયા પાડવાનો ઠરાવ પણ એ જ દીને કર્યો.

ગોઆમાં ફીરંગીઓ પાસે જે હુન્નરો હોય તે જોવાને તથા ત્યાંની કારીગરીના નમૂના તથા બનાવનારાને લાવવાને, નાણાંની મોટી રકમ આપી હાજી હબીબને ત્યાં મોકલ્યો હતો. ત્યાંના હુન્નર શીખવાને કેટલાક કારીગરોને પણ તેની સાથે મોકલ્યા હતા. એ સર્વ આ વેળા પાછા આવ્યા. કારીગરો જે જે શીખી આવ્યા હતા તે સઘળું શાહને તેમણે દેખાડ્યું. હાજી હબીબે આણેલો ભાતભાતનો માલ તેણે શાહની હજૂરમાં રજુ કર્યો. તેણે કેટલાક આદમીને ફીરંગીઓનો પોશાક પહેરાવી તેમનાં વાજાં વગાડતા ઉભા રાખ્યા. ત્યાંના ગવૈયા લોકે તેમનાં વાજીંત્ર વગાડયાં, તથા આર્ગન નામે યૂરોપી વાજું વગાડ્યું; તેથી સર્વને આનંદ થયો. મધગઢના રાજા પરમાનંદ પવાર જોડે ઝગડો ઉઠ્યો તેને વશ કરવાને મુગલ સેના ગઇ ને ફતેહ પામી.

૨૩ મું વર્ષ તા. ૧૧ મી માર્ચ ૧૫૭૮, તા. ૨ જી મોહોરમ હી. ૯૮૬. નવરોજનો એટલે બેસતા વર્ષનો તથા પાદશાહને ગાદીએ બેઠાની સાલગીરીનો ઓચ્છવ માળવાના દિવાલપુર પરગણામાં કર્યો. આશીરગઢ અને બર્હાનપુરનો હાકેમ રાજા અલીખાન પાદશાહના હુકમ બરોબર માનતો નહિ. તેથી તેના ઉપર શાહાબુદ્દીનની સરદારી નીચે ૧૦ હજાર સ્વારોની ફોજ મોકલી. મીરબક્ષી શાહબાજખાનને એ ફોજની હાજરી નોંધવાને તથા ઘોડાને દામે તેની ચોકસી રાખવાને જોડે મોકલ્યો. લઢવા ન ઉભો રહેતાં રાજા અલીખાન ફી-

લ્લામાં ભરાયો; ને પાદશાહી ફોજ તેના દેશમાં ફરી વળી. રાજા અલીએ માફ માગી ખંડણી આપી.

ગૂજરાતની જમાબંદી ઠરાવવાને એ વેળા અકબરશાહે રાજા ટોડરમલને મોકલ્યો. ઇડરના રાજાનો પરાજય થયાના સમાચાર મળ્યા પછી, શાહ માર્ગમાં મૃગયા રમતા રાજધાની ફતેપુર ભણી ગયા. ત્યાં પહોંચ્યાને ત્રણ માસ થયા પછી ગૂજરાતમાં મુજફ્ફર હુસેન મીરજાંએ આવી બંડ ઉઠાવ્યાના વર્તમાન આવ્યા. એનો બાપ ઇબ્રાહીમ મીરજાં ઉત્તરમાં નાઠો, તેવારે એ બાળક હોવાથી એની મા ગુલરૂખ બેગમ (અકબરના કાકા કામરાનની દીકરી) જોડે તે દખણમાં નાઠો હતો. તેને અટકાવવાને પાદશાહી ફોજની એક ટુકડીએ ખાનદેશમાં નંદરબાર આગળ પ્રયત્ન કર્યો; પણ તેમાં તે ટુકડીએ હાર ખાધી ને બંડખોર લોક ખંભાત લગી આવ્યા. ગૂજરાતના મુગલ હાકેમ વજીરખાનની પાસે ૩૦૦૦ સ્વાર હતા પણ તે બધાપર તેને ભરોંસો ન હતો, તેથી ટોડરમલ પાટણમાં હતો તેને મદદે બોલાવ્યો. ટોડરમલે અને વજીરખાને મળી આ શત્રુને હરાવ્યા. મીરજાં જુનાગઢ ભણી નાઠો અને રાજા ટોડરમલ હિંદુસ્તાનમાં ગયો. તેની ગયાની વાત જાણી મીરજાંએ આવી અમદાવાદને ઘેરો ઘાલ્યો, પણ હાર ખાઈ તેને ગૂજરાતમાંથી નાસવું પડ્યું, તેથી બળવાની સમાપ્તિ થઈ. ખાનદેશમાં તેને રાજા અલીખાને કેદ કર્યો ને અકબરશાહને તે વાતની ખબર કરી. પાદશાહે તેને હજુરમાં મોકલવાની આજ્ઞા મોકલી. એ વર્ષમાં પુછડીઓ તારો દેખાયો. મેવાડના રાણા જોડે વિગ્રહ ચાલતો હતો તેનો અંત આવ્યો નહિ. તેનો કુંભલમેર ગઢ ઉંચા પહાડોમાં મજબૂત સ્થળમાં હતો, તે શાહબાજખાન, રાજા ભગવાનદાસ, અને કુંવર માનસિંગે મળી જીત્યો; ત્યારે રાણોજી વાંસવાડાના ડુંગરી દેશમાં નાઠો. ગોગુંડાગઢ તથા ઉદેપુર ગઢ પણ મુગલ સેનાને હાથ આવ્યા; પણ રાણાજી વશ થયા નહિ.

અકબરશાહ રાજધાનીમાં (ફાથપુરમાં) પાછા આવ્યા પછી ઈ-બાદતખાનામાં વિદ્વાનોની અને ધર્મગુરૂઓની બેઠક પાછી જારી થઇ. એ વેળા ત્યાં ભિન્ન ભિન્ન પંથોના પંડિતોએ પોતપોતાના મત સિદ્ધ કરવાને વાદવિવાદ કર્યા. ભણેલા શીહા, સુન્ની, સૂફી, બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ, ચાર્વાક, ખ્રિસ્તી, યાહુદી, જરથોસ્તી (પારસી), આદિક જુદા જુદા મતના શાસ્ત્રીઓ સભામાં આવ્યા હતા. સર્વને પોતાના વિચાર જાહેર કરવાની પુરી છુટ હતી. દરેક પંથવાળા નિર્ભયપણે ને જોશથી તકરાર કરતા. એક રાત્રે પાદ્રી રોડાલ્ફની જોડે મુસલમાન પંડિતોને ભારે તકરાર થઈ. અબુલફજલે લખ્યું છે કે એ પાદ્રી ઘણો ચતુર હતો. તેને મુસલમાન ઉમલાઓને સંવાદમાં રદ્દ કર્યા, ત્યારે તે ઉમલાઓએ બાઇબલ ઉપર હુમલો કર્યો. તેમના વાંધાના ઉત્તર આપી, પાદ્રી બોલ્યો કે 'જો બાઇબલ જૂઠું અને કુરાન સાચું એવું તમને દઢ આકીન હોય તો આવો તેની અગ્નિથી પરીક્ષા કરીએ. ભઠ્ઠી સળગાવો. હું મારૂં બાઇબલ હાથમાં લેઇ તેમાં ચાલું અને તમે તમારૂં કુરાન હાથમાં લેઇ તેમાં હિંડો. સાચું જૂઠું એ કસોટીથી જણાઇ આવશે.' ઉમલાઓએ તેમ કરવાની ના કહી, અને ક્રોધાયમાન થઇ કઠોર વચન ઉચ્ચાર્યા. એથી પાદશાહનું નિષ્પક્ષ મન ખેદ પામ્યું. તે પણ સત્યાસત્યનો ઉંડો વિચાર કરીને જ્ઞાનપૂર્વક બોલ્યા કે "માણસનું બહારથી માનવું અને મુસલમાન ધર્મનાં વચન માત્ર અંતરની ખાત્રી વિના કાંઇ કામનાં નથી. મેં ઘણા બ્રાહ્મણને મારા રાજ્યબળના ભયે કરીને બળાત્કારે મારા પૂર્વજોના ધર્મમાં આણ્યા છે; પણ હવે સત્યનાં કિરણથી મારૂં મન પ્રકાશમાન થવાથી મારી ખાતરી થઇ છે કે મિથ્યાભિમાનનાં કાળાં વાદળાંથી અને સ્વમતરૂપી ધૂમસથી તમે છવાયલા છો. પણ સિદ્ધતા કે પુરાવારૂપી મશાલ વિના એક ડગલુંએ ભરાય નહિ. નિર્મળ વિવેક વડે ખોળી જે માર્ગ પ્રાપ્ત કરીએ તે જ લાભકારી છે. મુસલમાન

ધર્મનો મહામંત્ર (ફતિહ કે ફાતિઓ) જાણવો, સુન્નત કરાવવી, કે રાજભયથી પગે લાગવું એ પરમેશ્વરને મંજુર હોય નહિ. આજ્ઞાંકિત થવું પગે લાગવામાં નથી. સત્ય પાળો (પ્રમાણિક થાઓ) કેમકે કપાળનાં ભવાં ઉપર પુણ્ય નથી. ” આવા સદ્‌વિચાર કરનાર અને જાહેરમાં કહેનાર અકબરને ધન્ય છે.

૨૪ મું વર્ષ—સને ૧૫૭૯. ફાથપુરના મહેલના ચોકમાં ૨૦ ગજ લાંબો, ૨૦ ગજ પહોળો, અને ૩ ગજ ઉંડો હોજ હતો, તેને સોના રૂપા અને ત્રાંબા નાણાંથી ભરી, પાદશાહે તે ધન અમીર, ગરીબ, સાધુ અને વિદ્વાન્ લોકને આપી દીધું. મુલ્લાં તૈયબને બહાર અને હાજીપુરનો દીવાન, રાય પુરૂષોત્તમને બક્ષી તથા મુલ્લાં મજદીને અમીમ નીમ્યા; અને ત્યાંથી ખાલસા ભૂમિનો વહિવટદાર ખોજા સમશેરખાનને ઠરાવ્યો. એ વર્ષને અંતે બંગાળાનો સિપાહસાલાર ખાનજહાન મરી ગયો. શાહે તેના ભાઇને દિલાસાનો પત્ર લખ્યો. ત્યાંના દીવાન મુજફ્ફરશાહને સૂબેદાર, રીજવીખાનને બક્ષી, અને હકીમ અબુલફાથ તથા પતરદાસને દીવાન ઠરાવ્યા.

૨૫ મું વર્ષ—માર્ચ ૨૨ મી ૧૫૮૦. એ વર્ષમાં અકબરશાહે કાશ્મીરમાં વકીલ મોકલ્યો. તેનું સન્માન કરી ત્યાંના સુલતાને પોતાના વકીલને મુગલ દરબારમાં કેસર, કસ્તુરી, મરી, શાલજોડા વગેરે નજરાણા સહિત મોકલ્યો. અકબરે તેને માન દઇ કીમતી ભેટ આપી. તેમજ દક્ષિણ દેશના સુલતાનો પણ વરસો વરસ નજરાણાં મોકલતા, અને મુગલ દરબારથી તેમને ભેટ મળતી. ગૂજરાતમાં બંડ ઉઠાવનાર મુજફ્ફર હુસેન મીરજાંને પકડી રાજા અલીખાને હજૂરમાં મોકલ્યો, તેને અકબરે ક્ષમાદાન આપી છોડી દીધો. એક દિવસે શાહ જમવા બેઠા તેવારે તેના મનમાં એવો ખ્યાલ આવ્યો કે મારા ભાણા ઉપર કોઇ ભૂખ્યા આદમીની નજર પડી છે તો તેને મૂકીને હું એ કેમ ખાઉ? એ પરથી તેણે હુકમ કર્યો કે મારે માટે રસોઇ થાય તેમાંથી કેટલોક

ભાગ ગરીબોને પ્રથમ ખવાડવો ને પછી મને પીરસવુ. પ્રતિ વર્ષે હજરત મહમ્મદ પેગંબરના જન્મ દિવસે અકબરશાહ સૈયદોને, ઉમરાવોને, શેખ અને અમીરોને ઉજાણી આપતા; તથા બીજા જે કોઇ જમવા આવે તેને જમાડતા. આ વેળા એક દિવસે શાહને કોઇએ કહ્યું કે અબુબકર, ઉમર, ઉસમાન અને અલી એ ચાર ખરા ખલીફા એ પ્રસંગે લોકને ઉપદેશ કરતા અને તૈમુર વગેરે કેટલાક સુલતાનો પણ તેમ કરતા. ખલીફા અને ઇમામો કરતા તેમ મારે પણ કરવું એવું ઠરાવી, શુક્રવારે ફાથપુરની જુમા મસજીદમાં જઇ ઉપદેશસ્થાને ચઢી કવિતામાં અકબરશાહ બોલ્યા કે—

જે પ્રભુએ મને રાજ્ય આપ્યું,
જેણે મને ડહાપણ અને બળ આપ્યાં,
ન્યાય અને સન્માર્ગ દર્શાવ્યાં,
મારા મનમાં ન્યાયનું સ્થાપન કરી, બીજા બધા વિચારોને દૂર કર્યા,
તેની સ્તુતિ બુદ્ધિની પાર છે.
તેની શકિત મોટી છે—પરમેશ્વર મોટો છે.

એ અર્થની કવિતા બોલ્યા પછી કુરાનમાંથી કેટલાક છંદ બોલી પરમેશ્વરનો પાડ માન્યો અને ફાતિહા ભણી નીચે ઉતરી પ્રાર્થના કરી. એક શુક્રવારે શહેરના ચોગાનમાં બધા ગરીબ અને ભીખારીઓને ભેગા કરી દાન આપ્યાં. આશરે એક લાખ માણસ મળવાથી ભીડ ભારે થઇ, તેમાં ૮૦ બાપડાં છોકરાં કચરાઈ મુવાં. હવે પછી એવો મેળાવડો ન કરતાં થોડાં થોડાંને બોલાવી ખેરાત આપવાનો હુકમ શાહે કર્યો. કુતબુદ્દીન અતકા નામે મોટા ઉમરાવને શાહજાદા સલીમનો શિક્ષક ઠરાવ્યો, તેની ખુશાલીમાં તેણે મોટી જ્યાફત આપી. સલીમશાહ ત્યાં જમવા ગયા. તેને તેના નવા ગુરૂએ પુષ્કળ નજરાણું આપી દસ્તૂર પ્રમાણે પોતાની ખાંધે બેસાડી ફેરવ્યો.

વસ્તિપત્રક.

પ્રત્યેક જાગીરદાર, શિકદાર અને દારોગાપર હુકમ મોકલ્યો કે ગામે ગામના રહેવાસીની નોંધ કરવી. એ પત્રકમાં દરેક માણસનું નામ અને તેનો ધંધો નોંધવો, અને પછી બધાં પત્રકો એકઠાં કરવાં. જે માણસ કાંઇ ધંધો રોજગાર ન કરતો હોય તેને ગામમાં રહેવા દેવો નહિ. હોંશિયાર માણસો આવે કે જાય તેમની તપાસ કરી તેઓના ઇરાદા સારા છે કે નઠારા તે જાણી લેવું. એમ કરેથી બહારથી દેખાતા રૂડા અને મનમાં ભૂંડા આદમીઓનાં ખરાં લક્ષણ થોડા વખતમાં જણાઇ આવશે. આ ધારાથી રાજ્યમાં શાંતિ સ્થાપન થઇ ને લોકનું રક્ષણ થયું.

૨૬ મું વર્ષ— એ વર્ષમાં અકબરશાહે ‘તમઘા’ નામે માર્ગમાં પ્રવાસીઓ પાસે લેવાતો કર તથા માલપર લેવાતી જકાત એ બે વેરા આખા રાજ્યમાં માફ કર્યા. તબકાતી અકબરી નામે ઇતિહાસનો કર્તા લખે છે કે એની ઉપજ આખા ઇરાનના રાજ્યની ઉપજ જેટલી હતી. બંગાળાના હાકેમ મુજફરખાને મુગલ સરદારોની જાગીરો જપ્ત કરી તથા બીજા જૂલમ ગુજાર્યા, તેપરથી એ સાલમાં ત્યાં બળવો ઉઠ્યો. બહાર પ્રાંતના અધિકારીઓ પણ સરદારોની જાગીરો જપ્ત કરવા લાગ્યા, તેથી ત્યાં પણ બંડ થયું ને બંને પ્રાંતના ફિતુરી લોક એકત્ર થયા. આ સમાચાર પાદશાહને મળવાથી તેણે રાજા ટોડરમલની સરદારી નીચે બંડ બેસાડવાને ફોજ મોકલી. એ ફોજ બંગાળે પહોંચી તેવારે ત્રીસ હજાર જોદ્ધાનું જબરૂં લશ્કર તેની સામું આવ્યું. અકબરે વધારે ફોજ મોકલી, પણ ફિતુરી લોક જીતાયા નહિ. ટોડરમલને પ્રથમ થોડો જય મળ્યો; પણ તેના લશ્કરના જાગીરદારોપર આગ્રેથી વજીર મનસુરે ખંડણી ભરવાની તાકીદના કાગળ લખ્યા, તેથી અકળાઇ કેટલાક નાસી બળવાખોરને જઇ મળ્યા. એ જાણી પાદશાહે આજમખાનને

૫,૦૦૦ સ્વાર આપી રવાને કર્યો તથા રાણા કીકાને જીતવા શાહબાજ-ખાનને મોકલ્યો હતો તેને ત્યાંથી તેની ફોજ સહિત બંગાળે મોકલ્યો. ત્રણેક વરસ આ ઝઘડો ચાલતાં બંડખોરોમાંના કેટલાક માર્યા ગયા, અને કેટલાકને આજમખાને સમજાવી તથા જમીન પાછી આપી મનાવ્યા.

આ વરસમાં અકબરની આગળ એક માણસને આણ્યો. તેને કાન ન હતા, અને કાનને બદલે કાંઇ છિદ્ર પણ ન હતાં, તોપણ તે બરોબર સાંભળતો. અકબરે તેને જીવાઇ બાંધી આપી.

૨૭ મું વર્ષ—એ સાલમાં રાજા ટોડરમલની ભલામણ પ્રમાણે પાદશાહે વસૂલાતખાતામાં સુધારો કર્યો અને તેના વહિવટના ધારા ઠરાવ્યા. આ વિષયનું વર્ણન આગળ આપવામાં આવશે.

બંગાળા અને બહારના બળવાખોરોના બોલાવ્યાથી મીરજાં મહમ્મદ હકીમ હિંદુસ્તાન જીતવાને આવ્યો. તેની હરોળને સિંધુ નદી ઉતરતાં કુંવર માનસિંગે હરાવી પાછી હઠાવી અને તેના નાયક શાદમાનને હણ્યો. એ નાયકના સામાનમાંથી હકીમે લખેલા ત્રણ કાગળ પકડાયા. એમાંનો એક વજીર મનસૂર ઉપર હતો, અને બાકીના બીજા બે ઉમરાવ ઉપર હતા. એ કાગળ માનસિંહે પાદશાહને મોકલ્યા. અકબરે તે વાંચી જોઇ તેમાં લખેલી બીના ગુપ્ત રાખી. હકીમ પંડે આવ્યો તેવારે તેની ફોજ મોટી હોવાથી પાદશાહી ફોજ પાછી હઠતી લાહોર ગઇ. તેની મદદે અકબરશાહ પંડે ચઢ્યા. આઠ મહિનાનો પગાર સિપાઇઓને આગળથી આપી તેમને સજ્જ કર્યા. ફાથપુરથી પંદર કોશ જતાં બંગાળાના બળવાખોરપર પાદશાહી સેનાએ મેળવેલી મોટી ફતેહના સમાચાર મળ્યા. આ સારા શુકનથી હર્ષ પામી પાદશાહ આગળ ચાલ્યા. પેલી ગમથી મીરજાં હકીમ લાહોર સુધી આવી પહોંચ્યો. પાદશાહી સ્વારી પાણીપત પહોંચી તેવારે હકીમનો દીવાન નામે વજીર-

ખાન નાસી આવી વજીર મનસૂરને મુકામે ઉતર્યો. તેણે પાદશાહની નોકરીમાં દાખલ થવાની અરજ કરવાથી મનસૂરે તે વાત પાદશાહને સંભળાવી. આમાં કાંઇ કપટ છે, એવો વહેમ અકબરના મનમાં આવ્યાથી, તેણે પેલો કાગળ મનસૂરને બતાવી તેને બરતરફ કર્યો. ત્યાંથી આગળ જતાં શાહબાદને મુકામે પાદશાહને બીજા કાગળ મળ્યા, તેમાં મનસૂરપરનો શક ખરો ઠરે તેવું હોવાથી શાહે તેને ફાંશી દેવરાવી. અકબર અને તેનું સૈન્ય પંજાબ ભણી આવે છે, એ જાણી મીરજાં હકીમ પાછો ફરી કાબૂલ જતો રહ્યો. તથાપિ પાદશાહ માર્ગમાં મૃગયા રમતાં સિંધસાગર તરફ ચાલ્યા. અટક પહોંચ્યા તેવારે ત્યાં ગઢ બનાવી તેનું નામ અટક બનારસ પાડ્યું. એ મુકામે કાબૂલ ઉપર સ્વારી કરવાની ગોઠવણ કરાવી. કુંવર માનસિંગ, તેનો ભાઇ કુંવર માધુસિંગ, શેખ જમાલ બખ્તિયાર અને બીજા સરદારોને પેશાવર જીતવાને મોકલ્યા. હિંદુ લોકને અટક ઓળંગવાની મના હોવાથી કુંવર માનસિંગે કહેલું પ્રખ્યાત વચન—

"સબહી ભૂમિ ગોપાલકી, વામે અટક કહાં;
જાકે મનમે ખટક હય, વોહી અટક રહા."

તે આ વેળા બોલ્યો હશે. એમણે જઇ પેશાવર હાથ કર્યું, એટલે અકબરે શાહજાદા મુરાદને રાયસિંહ, કલીજખાન, વગેરે સરદારોની સાથે કાબૂલ લેવા મોકલ્યો, અને તેની પાછળ પડે પણ કેટલેક છેટે કૂચ કરતા રહ્યા. પેશાવરમાં પહોંચ્યા પછી ત્યાં શાહજાદા સલીમને રાજા ભગવાનદાસ, સૈયદખાનાદિક સરદારોની કને પાછળ મૂકી પોતે રોજના વીશ કોશની ઉતાવળી ચાલે ચાલ્યા. કાબૂલથી સાત કોશપર ખુર્દકાબૂલ નામે ગામ છે, ત્યાં શાહજાદા મુરાદ પહોંચ્યો તેવારે મીરજાં હકીમે તેના ઉપર હુમલો કર્યો, પણ પરાજય પામી તેને નાસવું પડ્યું; અને મુરાદે કાબૂલ સર કર્યું. એ વેળા અકબરનો મુકામ પાછળ

પંદર કોશપર સુખાબ નામે ગામમાં હતો. એને આગલે દહાડે મીરજાં હકીમના મામા ફરીદુને શાહજાદા મુરાદની ફોજના પાછલા ભાગપર છાપો મારી કેટલુંક નુકસાન કર્યું હતું; પણ હકીમની હાર થયા પછી તે ફરી લઢવાને આવ્યો નહિ. પાદશાહે કાબૂલમાં જઇ ત્યાં વીશ દિવસ મુકામ રાખ્યો. અહિં તેના જાણવામાં આવ્યું કે મીરજાં હકીમ દેશ તજી ઉસબેક લોકને શરણે જવા ધારે છે. એમ થયેથી પોતાના કુળને લાંછન લાગે એવું વિચારી, અકબરે તેના અપરાધ ક્ષમા કર્યા, અને તેને કાબૂલનું રાજ્ય પાછું આપ્યું. મીરજાંએ તાબેદાર રહેવાના સોગન ખાધા પછી પાદશાહ હિંદુસ્તાન ભણી યાત્રા કર્યા. ધામીધામી હિંડતી સેનાની જોડે ન રહેતાં પોતે ઉતાવળી ચાલે જલાલાબાદ આવ્યા. અહિં મોટી છાવણી હતી, તેમાંથી શાહજાદો સલીમ તથા તેની સાથેના ઉમરાવો મુબારકબાદી આપવાને સામા આવ્યા. એ મુકામેથી શાહે કતોરના ડુંગરમાં વસનારા લોકને વશ કરવાને એક લશ્કરી ટુકડી મોકલી. મુસલમાન ગ્રંથકર્ત્તા એ લોકને કાફર કહે છે, તેપરથી જણાય છે કે તેઓ મુસલમાન ધર્મ માનનારા નહોતા. જલાલાબાદથી ઉપડી પાદશાહ સિંધસાગરે આવ્યા. અહિંથી કાબૂલ જઇ આવતાં એક મહિનો થયો. ત્યાં હોડીઓનો પુલ બનાવ્યો હતો તેવડે પાર ઉતરી શાહ લાહોર ગયા. પંજાબ પ્રાંતનો રાજકારભાર રાજા ભગવાનદાસ, કુંવર માનસિંહ, અને સૈયદખાનને સોંપી તેઓ દિલ્હી થઇ ફાથપુર ગયા. શાહજાદો દાનિયાલ તથા માતા મર્યમ મકાની સામાં લેવા આવ્યાં તેમની સાથે અકબરશાહ રાજ્યધાનીમાં પેઠા. વજીર મનસૂરને ફોડવાનો કાગળ મીરજાં હકીમ તરફથી આવેલો પકડ્યો હતો, તે પરથી તેને રાજદ્રોહી ગણી ફાંશી દીધી હતી. એ કાગળ વિષે કાબૂલમાં તજવીજ કરતાં માલૂમ પડ્યું તે કાગળ જૂઠો બનાવટનો હતો, અને મનસૂર નિરપરાધી હોઇ માર્યો ગયો, તેથી શાહ ખેદ પામ્યા.

૨૮ મું વર્ષ—તારીખ ૧૧ મી માર્ચ ૧૫૮૩ ઇસ્વી. એ વર્ષમાં ઇલાહી નવરોજનો ઓચ્છવ દરબારમાં ૧૮ દિવસ ચાલ્યો. ગુલબદન બેગમ અને સલીમા સુલતાન બેગમ નામે નારીઓ મક્કે હજ કરવા ગઇ હતી, તેઓ પાછી આવી તેમને તેડવા જવાને તથા મુઇનુદ્દીન પીરના રોજાનાં દર્શન કરવાને શાહજાદા સલીમને પાદશાહે મોકલ્યો. આબુતોરાબ નામે અમીર મક્કેથી હજરત મહમ્મદ પેગમ્બરનાં પગલાં-વાળો પત્થર લાવ્યો તેને માન આપવાને પાદશાહ ચાર કોશ સામા ગયા અને પોતાની સાથેના અમીરોને આજ્ઞા કરી કે દરેકે તેને પોતા-ની ખાંધે લેઇ થોડાં ડગલાં ચાલવું. એમ તે પત્થર અમીરોની ખાંધે બેસી રાજનગરમાં આવ્યો. એ વરસમાં શાહજાદા સલીમને સોના અને રૂપાવતી તોળીને તે દ્રવ્ય ખેરાત કર્યું.

૨૯ મું વર્ષ—હિંદુ વિધવાઓ સતી થઇ પોતાના ધણીની જોડે બળી મરતી. તેમાં કેટલીક પોતાની ખુશીથી એ રીતે આપઘાત કરતી, અને કેટલીકને તેમની મરજી નહિ છતાં, તેના ધણીનાં સગાં, એમાં પોતાના કુળની આબરૂ છે એમ માની, બળાત્કારે બાળી મારતાં. આ બીજી રીત બંધ પાડવાની અકબરશાહે આજ્ઞા કરી હતી, અને તે આજ્ઞા અમલમાં લાવવાને, એટલે વિધવાની ખુશી વિના તેને બાળી મારતાં અટકાવવાને, દરેક પ્રાંતમાં અને શહેરમાં તેણે અમલદારો નીમ્યા હતા. રાજા માલદેવના કુંવર જયમલને બંગાળામાં યુદ્ધ જવાનો હુકમ આપ્યો હતો, તેને આ સાલમાં લૂ લાગવાથી તે ચાઉન્સા નગરની પાસે મરણ પામ્યો. મુના રાજાની કુંવરી તેની પત્ની હતી તેની મરજી પોતાના પતિના શબની જોડે બળી મરવાની નહતી; તેમ છતાં તે બાઇના કુંવર ઉદયસિંહ અને તેના ધર્માંધ મિત્રોએ તેને બળાત્કારે બાળ-વાનો ઠરાવ કર્યો. આ અન્યાય અને નિર્દયતા અટકાવવાને શાહ પંડે ત્યાં ગયા. તેમને ભાસ્યું કે મના કરવાને બીજા કોઇને મોકલતાં વાર

થઇ જશે, માટે પંડે ઘોડે ચઢી એકદમ ત્યાં સિધાવ્યા. પાદશાહ જાતે આવ્યા છે એ વાતની પ્રથમ ખબર નહિ પડવાથી, રજપૂતો અવિચારીપણે લઢવાને તૈયાર થયા; પણ પાછળથી જાણ થવાથી જગન્નાથ અને રાયસાલ આગળ આવી નમ્યા અને એ કામમાં આગેવાન હતા તેમને પાદશાહની હજૂર હાજર કર્યા. તેમનો પસ્તાવો ખરો માની અકબરે તેમને ભારે સજા ન કરતાં માત્ર કેદ કર્યા.

મહાભારતનું ભાષાંતર ફારસી બોલીમાં કરવાનો હુકમ અકબરે કર્યો હતો તે આ સાલમાં પૂરૂં થયું.

ઓઢીઆના (ઓરિસ્સાના) અફગાન હાકેમ કતલુખાને બળવો કરી બંગાળાના બંડખોરોને સહાય કરી. વળી ગૂજરાતનો પદભ્રષ્ટ સુલતાન મુજફ્ફરશાહ નાસીને કાઠિયાવાડના ડુંગરોમાં સંતાઈ રહ્યો હતો, તેને અમદાવાદના મુગલ હાકેમ શાહબુદ્દીનની ફોજના કેટલાક ફૂટેલા નાયકો મળી ગયા. ગૂજરાતનો નવો નીમાયલો હાકેમ ઇતિયાદખાન અમદાવાદ આવ્યો તેવારે આ બંડ જોરપર આવ્યું. માજી હાકેમ હિંદુસ્તાન જતો હતો તેને મળવાને તે કડી ગયો અને સમજાવીને પોતાની મદદે રાખ્યો. તેઓ કડીમાં હતા તેવામાં મુઝફ્ફરે આવી અમદાવાદ કબજ કર્યું. શાહબુદ્દીન અને ઇતિયાદખાન અમદાવાદ પાછું જીતી લેવાને આવ્યા. શહેરની પાસે સાબરમતીના કાંઠે તેમની અને મુજફ્ફરશાહની વચ્ચે લઢાઇ થઇ તેમાં તેઓ હાર્યા, તેથી ત્યાંથી નાસી અણહિલવાડ પાટણમાં જઇ ભરાયા. ત્યાંથી તેમને મારી કાઢવાને મુજફ્ફરે ફોજ મોકલી તેનો પરાજય થયો. ભરૂચનો મુગલ નવાબ કુતબુદ્દીન પોતાની સેના લેઇ વડોદરે આવ્યો તેને મુજફ્ફરશાહે હરાવી મારી નાંખ્યો. કુતબુદ્દીનના માણસો અને સરદારો મુજફ્ફરની ફોજમાં દાખલ થયા. વડોદરેથી જઈ તેણે ભરૂચ લીધું. અહિં તેને સરકારી ખજાનામાંથી ૧૪ લાખ રૂપિયા મળ્યા, તથા કુતબુદ્દીનની દશ કરોડ ટકાની

મિલ્કત હાથ આવી. એવડે તેણે મુસલમાન અને રજપૂતોની મળી ત્રીસ હજાર ફોજ રાખી. મુગલ, પઠાણ, તુર્ક, અને રજપૂતો પગારને માટે લશ્કરી નોકરી કરતા; અને જે હારે તેની નોકરી છોડી જીતનારની સેવામાં દાખલ થતા. સ્વધર્મનું અભિમાન હતું, પણ સ્વદેશ કે સ્વજાતિનું અભિમાન તેમનામાં નહતું; અને જેનું લુણ ખાધું તેની પડતી થવાથી કે વધારે લાભની આશાએ તેની સામા થવામાં લાજ ગણતા નહિ.

ગૂજરાતમાં મુજફ્ફરશાહને મળેલા જયના સમાચાર જાણી અકબરશાહે પ્રખ્યાત મયત બહેરામખાનના દીકરા *મીરજાંખાનને સેનાપતિ

*એ મીરજાં અબ્દુલ રહીમ હિંદુસ્તાનના મુસલમાન અકાબરોમાં ઘણો નામાંકિત હતો. તેનો જન્મ લાહોર મધ્યે સને ૧૫૫૭ માં થયો હતો. જ્યારે તે ઉમ્મરે આવ્યો ત્યારે અકબરશાહે તેને "મીરજાંખાન" એ ઈલકાબ આપ્યો, અને થોડા વખત પછી ગૂજરાતનો હાકેમ નીમ્યો. ૨૮ વરસની ઉમ્મરે તેને પાદશાહે શાહજાદા સલીમનો અતાલીક એટલે શિક્ષક ઠરાવ્યો, અને તેજ વર્ષે મુજફ્ફરશાહના બંડને શમાવવાને મોકલ્યો. તેનું લશ્કર નાનું હોવાથી અકબરે તેને શિખામણ દીધી હતી કે એટલી ફોજથી મોટો સંગ્રામ કરવો નહિ. પણ કોઈ વૃદ્ધ અમીરે તેને કહ્યું કે ખાનીખાનાન થવાનો કે રણમાં પડવાનો આ પ્રસંગ છે. એ વાત તેના મનમાં ઉતરવાથી ઉપર કહ્યો છે તે સંગ્રામ કર્યો, ને તેથી તેને પેલા ઉમરાવની ભવિષ્યવાણી પ્રમાણે ખાનીખાનાનનો ઈલકાબ અને ૫૦૦૦ સ્વારોના સરદારની પદ્દી મળી. ત્યાર પછી તેને વકીલ ઈ સુલતાનની પદ્દી મળી. એ એટલી મોટી હતી કે ભાગ્યે કોઇને મળતી. જવાનપુર, મુલતાન અને સિંધની હકુમત વારાફરતી તેને મળી. દખણમાં તેણે મોટી લઢાઈ લઢી સેવા બજાવી. શાહજાદો દાનિયાલ તેની દીકરીને પરણ્યો. જહાંગીરના અમલમાં પણ તેણે મોટી નોકરીઓ બજાવી. તે ૧૬૨૬ માં મરણ પામ્યો.

નીમી એ બંડ બેસાડવાને મોકલ્યો. સરખેજ આગળ મુજફ્ફરશાહ અને મીરજાંખાનની વચ્ચે યુદ્ધ થયું. અકબરનામામાં અબુલ ફઝલ કહે છે કે સંગ્રામમાં મુઝફ્ફરની પાસે ૪૦,૦૦૦ સ્વાર અને એક લાખ પાયદળ હતું. મીરજાંખાનની ફોજમાં માત્ર દશ હજાર સ્વાર હતા, તોપણ તેણે મુજફ્ફરને હરાવ્યો. રણભૂમિમાંથી નાશી મુજફ્ફર ખંભાત ગયો. અમીરખાન તેની પાછળ ત્યાં ગયો એટલે તે ત્યાંથી વડોદરે નાઠો. પાદશાહી ફોજે તેની પીઠ પકડવાથી તે રાજપીંપળાના ડુંગરોમાં જઈ ભરાયો. અહિં તેને કેટલીક મદદ મળવાથી તેની સેના વધી; પણ મીરજાંખાને ડુંગરોમાં પેશી તેને હરાવ્યો. મુજફ્ફર હવે સોરઠ ભણી ગયો. આ જયના સમાચાર પાદશાહને થવાથી તેણે મીરજાંખાનને ખાનીખાનાનનો ઇલ્લકાબ, ઘોડો, જામો, રત્નજડિત કટાર અને પાંચ હજાર સ્વારની સરદારીનો વાવરો બક્ષી ઘણી શાબાશી આપી. તેના હાથ નીચેના સરદારોને પણ તેમની સેવાની યોગ્યતા પ્રમાણે ઇનામ આપ્યાં.

મુજફ્ફરશાહે ગોંડળમાં છાવણી કરી લશ્કર ભેગું કર્યું. જૂનાગઢના હાકેમ અમીનખાનને અને નવાનગરના જામ સત્તરસાલને મસ ધન આપી પોતાના પક્ષમાં લેવાનો તેણે પ્રયત્ન કર્યો. તેમણે ધન લીધું પણ મદદ કરી નહિ; તેથી તેને બરડાના ડુંગરામાં નાસી જવું પડયું. જામની મદદથી પાદશાહી ફોજે તેની પાછળ ડુંગરામાં જઇ તેનો પુષ્કળ અસબાબ લૂંટયો. મુજફ્ફર ત્યાંથી નાસી ગૂજરાતમાં આવ્યો. ઘણાક કોળી, કાકરડા તથા ગ્રાસીઆ બંડખોર તેને મળી જવાથી તેની પાસે વળી યુદ્ધ કરવા જેટલી ફોજ થઇ. તેની પાછળ પડેલી પાદશાહી ફોજે પ્રાંતીજ આગળ તેને પકડી પાડી હરાવ્યો. ખાનીખાનાન બરડાના ડુંગરોમાં હતો, તેવારે તેને ખબર મળી કે વીસ હજાર સ્વાર અને પુષ્કળ પાયદળ ભેગું કરી જામ સાહેબ યુદ્ધે ચઢવા ધારે

છે. એપરથી ખાનીખાનાન તેની સામો ગયો. જામે માફ માગી, નજરાણાં મોકલ્યાં, અને સલાહના કોલકરાર કર્યા. મુજફરે વળી કાઠિયાવાડમાં જઇ ફિતુર મચાવ્યું. પાદશાહી ફોજ તેની પાછળ ગઇ એટલે તે કચ્છના રણની વાટે જેસલમેર ભણી નાઠો.

એ વર્ષમાં દક્ષિણ દેશમાં આવેલા વરાડ અને અહમદનગરના સુલતાનોની વચ્ચે વિગ્રહ થયો. તેમાં અહમદનગરવાળાએ અકબરની મદદ માગી ને અકબરે સૈન્ય મોકલ્યું; પણ તેના સરદારોમાં કુસંપ કજીઓ હોવાથી એ સ્વારી સફળ થઇ નહિ. ગૂજરાતમાં ફિતુર બંધ પડ્યું હતું. ખાનીખાનાન પાદશાહની હજૂરમાં ગયો અને નિજામુદ્દીન અહમદને હાથ રાજકારભાર રહ્યો, તેવામાં કચ્છના રાવ ખેંગારની સેનાએ પાદશાહી ફોજ ઉપર હુમલો કર્યો. મુજફરશાહ પાછો આવ્યો, અને કેટલાક કોળી, કાકરડા તથા ગ્રાસીઆ ઉઠ્યા. નિજામુદ્દીને એ સર્વેને હરાવી તેમનાં ગામ બાળ્યાં. પછી તેને હજૂરમાં બોલાવી, અકબરશાહે આજમખાનને ગૂજરાતનો હાકેમ નીમી મોકલ્યો.

પ્રકરણ ૭ મું.

અકબરશાહના મનમાં ધર્મસંબંધી ફેરફાર-ફૈઝી, અબુલ ફઝલ, બીરબલાદિ અકબરના મિત્રો-દારૂ પીવાની મનાઈ, વગેરે—સલીમનું લગ્ન-બંગાળાના બંડની સમાપ્તિ.

આ વખત સૂધીમાં અકબરના ધર્મ સંબંધી મનમાં મોટો ફેરફાર થયો હતો. મૂળથી તેને સ્વધર્મ ઉપર ઘણી આસ્થા હતી, ને તે એટલે

બગી કે તેને વહેમી ગણી શકાય; પણ તેની સાથે તેને પોતાના અને પારકા ધર્મો વિષે ખોળ કરવાની અને વિચાર કરવાની હોંસ હતી. તે સર્વમાંથી સત્ય કાઢી લેનાર હતો, ને ધર્માંધ નહતો; અને તેની ધર્મ-જીજ્ઞાસાને સંતોષે તેવા માણસની જોડે વાતચીત કરવાને તે ચહાતો, તેમ કરવાનો પ્રસંગ ખોળતો, અને તેવા માણસોને પોતાની પાસે બોલાવતો અને પ્રેમપૂર્વક રાખતો. મુસલમાન ધર્મ સંબંધી બળાત્કાર નહિ કરવાનો તેનો ઠરાવ હોવાથી, ઘણાક ધર્માંધ મુસલમાન તેનાથી નારાજ હતા; પણ એથી તે ડર્યો કે પાછો હઠ્યો નહિ. જ્ઞાની મુસલમાનો અને હિંદુઓનો સંગ થવાથી તેનું મન વિસ્તાર પામ્યું. તેના મનપર અસર કરનારા હિંદુઓમાં બીરબલ મુખ્ય હતો; અને મુસલમાનોમાં ફૈઝી અને અબુલ ફજલ નામે બે ભાઇ સર્વોપરી હતા. એમનો દાદો શેખ ખીજર સિંધમાંથી હિંદુસ્તાનમાં આવી નાધોર નગરમાં વસ્યો. ત્યાં તેને મુબારક નામે દીકરો થયો. એ શેખ મુબારક બુદ્ધિમાન, વિદ્વાન, ધર્મસંબંધી ઉદાર વિચારનો હતો અને એના પુત્રોમાં ફૈઝી અને અબુલ ફઝલ મહાપુરૂષો હોઈ બહુ પ્રખ્યાત થયા. ફૈઝી કવિતા રચવામાં એકકો હોવાથી અકબરનો માનીતો સાથી થયો. અકબરના દરબારમાં ફારસી કવિઓમાં તે સર્વેથી સરસ હોવાથી કવિરાજ કહેવાતો. હિંદના મુસલમાન કવિઓમાં અમીર ખુશરૂ સર્વોત્કૃષ્ટ અને બીજે નંબરે ફૈઝી ગણાય છે. શેખ મુબારકના બીજા દીકરા અબુલ ફઝલનો જન્મ તા. ૧૪ મી જાનેવારી ઈ. સ. ૧૫૫૧ માં થયો હતો. તેના બાપે તેને બહુ સંભાળથી ભણાવ્યો. મહાબુદ્ધિમાન અને ઉદ્યોગી હોવાથી વીશ વરસની ઉન્મરે અબુલ ફઝલ મોટો અને સારાસાર સમજનારો પંડિત ગણાયો. તેણે ઘણા ગ્રંથ વાંચી બહુ જ્ઞાન સંપાદન કર્યું, ને તેથી આગળ "અલ્લામી" એટલે મહાપંડિતનું મોટું પદ પામ્યો. પોતાના અમલના ૧૨ મા વર્ષમાં ચિતોડના ઘેરાનું કામ ચલાવતો

હતો, તેવારે ફૈઝીની કવિતા જાણવામાં આવ્યાથી અકબરે તેને પોતાની હજૂરમાં બોલાવ્યો. તરૂણ કવિ ઉતાવળે તેનો માનીતો થયો અને તેની સત્તા દરબારમાં જામી. ફૈઝીએ પોતાના ભાઇ અબુલ ફજલને તેના ૧૭ મા વર્ષમાં પાદશાહની હજૂરમાં આણ્યો. શાહે તેનું બુદ્ધિબળ ઝટ પારખ્યું અને દરવર્ષે તેને વધારે મોટાં કામ સોંપી મોટે દરજ્જે ચઢાવ્યો. ચઢતે ચઢતે અબુલ ફજલ વડો વજીર અને ૪૦૦૦ સ્વારોનો મન્સબદાર અને પાદશાહનો અતિ વિશ્વાસુ મંત્રી થયો. દીવાની અને લશ્કરી કામોમાં તેણે રાજ્યમાં મોટી મોટી સેવા બજાવી. એના પ્રમાણિકપણાનો એક દાખલો નોંધાયલો છે તે એ કે, દખણમાં આશીરગઢનો ઘેરો ચાલતો હતો તે વારે તેના કિલ્લેદાર બહાદુરખાને તેને ફોડવાને ભારે નજરાણાં મોકલ્યાં. અબુલ ફઝલે તે લેવાની ના કહી એવો સબબ બતાવ્યો કે, “ મેં એવી પ્રતિજ્ઞા લીધી છે કે ચાર કારણ હોય તો મારે ભેટ લેવી, ત્યારવિના લેવી નહીં. તે ચાર કારણ આ છે: —૧ મૈત્રી, ૨ તે નજરાણાને બહુ મુલ્યવાન્ ગણું નહિ, ૩ તે નજરાણું લેવાને આતુર ન હોઉં, અને ૪ તે લેવાની જરૂર હોય. એમ માનીએ કે તમારા નજરાણા સંબંધી પહેલાં ત્રણ કારણ છે; પણ પાદશાહની મહેરબાની મારાપર એટલી છે કે બીજા કોઇની પાસેથી બક્ષીસ લેવાની મને જરૂર અને ઇચ્છા રહી નથી. ”

ફૈઝી અને અબુલ ફઝલ બંનેએ પોતાના પિતાના ધર્મ સંબંધી ઉદાર મત સ્વીકાર્યા હતા અને તેઓમાં ઘણો વધારો કર્યો હતો. આસ્તિક મુસલમાનો તેમને ધર્મભ્રષ્ટ, પાખંડી, નાસ્તિક, ધર્મઠગાદિક અપશબ્દોવડે નિંદતા. પરધર્મોનાં મૂળતત્વો વિષે જિજ્ઞાસા, પોતાના ધર્મ વિષે સંદેહ, અને પરધર્મીઓને પોતપોતાના ધર્મ પાળવાની છુટ આપવાના વાજબી વિચાર, અકબરના મનમાં આ બે ભાઇઓ જોડે ઓળખાણ થવાની પૂર્વે ઉત્પન્ન થયા હતા. બાદશાહના મનમાં સત્યનો

અગ્નિ સળગાવનારા તેઓ નહોતા, પણ તેને પીંજનારા અને જાગૃત રાખનારા હતા. પોતાના મતને મળતા, અને સમાનભાવી મનના, પણ પોતાથી વધારે દઢ વિચારના અને આગળ વધેલા એવા આ બે વિદ્વાનો અકબરને મળ્યા. એમની જોડે વારંવાર સંવાદ કરી તે પોતાનો ધર્મવિષે ચર્ચા કરવાનો શોખ પૂરો પાડતો. તે અને તેઓ એકમેકને પ્રેરતા અને પ્રયોજતા, અનેક શંકા ઉત્પન્ન કરતા અને સમાધાન કરતા. પરિણામે મુસલમાન ધર્મનો ત્યાગ અને "દિવ્ય અદ્વૈતમત" ની એટલે કેવળ દિવ્ય એક ઇશ્વરી મતની સ્થાપના કરવાના ઠરાવપર આવ્યા. આ નવા સંપ્રદાયના પ્રમુખ આચાર્ય અકબરશાહ પડે, અને તેની પછી બીજી પદ્ધીએ અબુલ ફઝલ અને ફૈઝી હતા.

અબ્દુલ કાદર બદાઉની નામે ધર્માંધ મુસલમાન ગ્રંથકર્તાએ પોતાના "તારીખી બદાઉની" નામે પુસ્તકમાં અકબરના સુધારાવાળા સાથીઓને બહુ ભાંડ્યા છે. તે લખે છે કે "હી. સને ૯૮૨ માં અબુલ ફઝલે બીજી વાર દરબારમાં આવી દુનિયાને આગ લગાડી. તેણે દિવસે દીવો કર્યો. બધા પંથોની સામો થઇ તેણે સુધારાનો કમરપટો કડ઼ બાંધ્યો. 'આયતુલ કર્સી' નામે કુરાનના બારીક અને ગુહ્ય વિષયોપર ગ્રંથ છે તેની તેણે ટીકા લખી. લોક કહે છે કે તે ટીકાનું પુસ્તક તેના બાપે લખ્યું હતું; પણ તે અબુલ ફઝલે પાદશાહને પોતાને નામે બતાવ્યું અને તેથી બહુ માન પામ્યો. મારા કરતાં તેના ઉપર પાદશાહની વધારે મહેરબાની હતી. મગરૂર મુલ્લાંઓનો ગર્વ ઉતારવાને શાહે અબુલ ફઝલ ઉપર બહુ માયા કરી. મુલ્લાં લોકપર અબુલ ફઝલના કોપનું કારણ આ હતું. મીર હસબી અને બીજા પાખંડીઓને પકડી કતલ કર્યા, તે વેળા શેખ અબદુલ નબી મખદુમુલમુલ્ક અને બીજા વિદ્વાનોએ મનસૂબો કરી પાદશાહને જાહેર કર્યું કે શેખ મુબારક મહદવી

પણ પાખંડી છે. તે પોતે નરકનો અધિકારી થયો છે, અને બીજા માણસોને નરક ભણી દોરે છે. પાદશાહે તેને પકડવાની રજા આપી. પણ તે અને તેના દીકરા નાસી ફાથપુરમાં શેખ સલીમ ચીસ્તીને શરણે ગયા. તે શેખે તેને ખરચનાં નાણાં આપી ગૂજરાતમાં નસાડ્યો. ગૂજરાતમાં તેને મીરજાં અજીજ કોકાનો આશ્રય મળ્યો. મીરજાંએ પાદશાહને લખ્યું કે ' શેખ મુબારક ગરીબ વિદ્વાન છે, તેની પાસે ઇનામી જમીન નથી, અને તેના દીકરા હોંશિયાર છે. એવાને પીડવામાં શો લાભ છે?' એપરથી પાદશાહે તેને ઇજા ન કરી અને અબુલ ફઝલ ખુશામતે કરીને શાહનો વહાલો થયો. પછી તેણે મુલ્લાંઓને બહુ હરકત કરી. તેમની જમીન લેવડાવી લીધી અને તેમના મુસારા બંધ પડાવ્યા. મુસલમાન શેખ અને મોલવીઓના વચનને તે ધિક્કારતો. હી. સને ૯૮૩ માં કાસ્પી સમુદ્રની પાસે ગીલાન નામે જગા છે, ત્યાંથી હકીમ અબુલ ફાથ હકીમ હુમાયું અને નુરૂદ્દીન નામે ત્રણ ભાઇ આવ્યા. એમાંના મોટા ભાઇએ હાજીહા અને ખુશામતથી પાદશાહનું મન વશ કરી લીધું. ધર્મ સંબંધી જે અકબરશાહ કહે તે ખરું કહી તથા તેનાં ખુબ વખાણ કરી, તેનો ખાસ મિત્ર થઇ ગયો. થોડા વખત પછી યઝદનો મુલ્લાં મહમ્મદ દરબારમાં આવ્યો. પાદશાહનો દોસ્ત થઇ પછી તેણે ' સહાબ ' કહેવાતા હજરત પેગંબર સાહેબના સાથીઓની બહુ નિંદા કરી; અને અજબ જેવી વાતો કરી. પાદશાહને બગાડવામાં એથીએ વધારે આગળ પડનાર પેલો વરણશંકર બીરબલ, શેખ અબુલ ફઝલ, અને હકીમ અબુલ ફાથ હતા. તેમણે પાદશાહને ધર્મ તજાવ્યો, અને તેને ઇશ્વરપ્રેરણા, પેગમ્બર, દિવ્ય શક્તિએ કરેલા ચમત્કાર અને કુરાનના કાનુન વિષે નાસ્તિક બનાવ્યો. તેઓ એટલા બગડ્યા કે મને તેમનો સંગ કરવો ગમતો નહિ. પેલો ધર્મોપહાસક દેવચંદ, મંઝોલનો રાજા કહેતો કે સર્વ શક્તિમાન પરમેશ્વરે ગાયને ઉત્તમ ગણી ન હોત તો કુરાનના પહેલા

પ્રકરણમાં તેનું નામ હોત નહિ. ઇતિહાસ વાંચવામાં આવતો ગયો તેમ તેમ પેગમ્બરના સાથીઓ ઉપરથી પાદશાહનું આકીન ઉઠતું ગયું, ને દિવસે દિવસે અંતર વધ્યો. પ્રતિ દિવસની બંદગીઓ, અપવાસ અને ભવિષ્યવાણીઓ, યુક્તિ વિરુદ્ધ હોઇ સર્વ જૂઠાં ઠરાવ્યાં. ધર્મનો પાયો ઈશ્વરપ્રેરણા નથી–યુક્તિ છે, એમ કહેવા લાગ્યા. યુરોપી લોક પણ તેને મળતા આવતા, અને તેમના કેટલાક કારણવાદ મત પાદશાહે સ્વીકાર્યા."

"ઇબાદતખાનામાં પાદશાહ ઘણીવાર જતા, અને ઉમરા અને શેખ જોડે વાતો કરતા, અને વખતે આખી રાત તેમ કરતાં વીતી જતી. વિશેષે કરીને જુમેરાતે હમેશ ધર્માચાર, ધર્મનાં મૂળતત્વ, અને મતભેદપર વિવાદ થતા. પંડિતો જીભરૂપી તરવારે વઢતા. ઝગડો જોશથી અને હઠથી ચાલતો. અંતે ભિન્ન ભિન્ન મતવાળા એકમેકને કાફર, કુટિલ, ભ્રષ્ટાદિક અપશબ્દો વડે ભાંડતા. સુધારાવાળા અને પાખંડીઓ ખંદાઇથી* શક ઉત્પન્ન કરતા, અને વાક્છળ તથા કુતર્કથી ખરાને ખોટું અને ખોટાને ખરૂં દેખાડતા. પાદશાહની બુદ્ધિ ઉત્તમ હતી અને તેઓ સત્યના શોધક હતા; પણ તેમને નીચ અધર્મી લોકનો સંગ હતો. તેમનાપર તે વિશ્વાસ રાખતા તેથી અનાસ્થામાં પડ્યા. શકપર શક વધતા ગયા, અને જે શોધતા હતા તે ગૂમ થઇ ગયું. સત્ય, ધર્મ અને કાનુનનો કોટ ત્રુટયો; અને એમ પાંચ છ વર્ષો જતાં તેણે મુસલમાની ધર્મ બીલકુલ છોડી દીધો. બધું કામ ફરી ગયું. આમ થવાના ઘણાં કારણ

* આ લખાણ સામાવાળીઆ વહેમી મુસલમાનનું છે, એટલે તે એ પ્રમાણે લખે તેમાં નવાઇ નથી. અકબરનાં વખાણ કરનારા મિત્રોના લખાણથી જેટલી તેની ખૂબી જણાય છે તે કરતાં આ શત્રુના લખાણથી વધારે ખરી ખૂબી જણાય છે; માટે તેમાંથી આ લીધું છે. જડસા કેવા ખીજવાયા હતા તે આ ઉપરથી જણાય છે.

હતાં, પણ તેમાંનાં થોડાંક હું કહું છું. હરેક દેશના અને અનેક પ્રકારના વિદ્વાનો તથા ભિન્ન ભિન્ન ધર્મના અને પંથના પંડિતો દરબારમાં આવતા અને તેમની જોડે શાહ વાતો કરતા. દહાડો રાત માણસો તજવીજ અને ખોળ વિના બીજું કરતા નહિ. વિદ્યાના જે ગૂઢ વિષયો, ઇશ્વિર પ્રેરિત ગ્રંથોની સૂક્ષ્મતા, ઇતિહાસનાં જે કૌતુક અને સૃષ્ટિના જે ચમત્કારો વિષે મોટાં પુસ્તકો પણ માત્ર સાર આપી શકે, તેઓ વિષે સદા વાતો ચાલતી. પાદશાહ પ્રત્યેકના અભિપ્રાયનો સંગ્રહ કરતા. વિશેષે કરીને જેઓ ઇસ્લામી ધર્મ માનનારા નહતા તેમના મત પૂછી લેતા; અને તેઓમાંથી જે પોતાને અનુકૂળ હતા તે સ્વીકારતા, અને જે પોતાને નાપસંદ હતા અને પોતાની ઇચ્છા વિરૂદ્ધ હતા તેઓને રદ ગણતા. બાલ્યાવસ્થાથી ઉમ્મરે આવ્યા ત્યાં સુધીમાં અને પછી વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા ત્યાં લગીમાં પાદશાહે ધર્મના વિધ વિધ પ્રકાર માન્યા અને તજ્યા, તથા ભાતભાતના પંથના ધર્મવિધિ પાળ્યા. ગ્રંથોમાં જે જે છે તેનો સંગ્રહ કર્યો. સારાસાર કાઢવાની તેમનામાં વિશેષ બુધ્ધિ છે; પણ તે સર્વમાં ઇસ્લામી એટલે મુસલમાની ધર્મનાં મૂળતત્વોની વિરુદ્ધ ઉતરવું એ તેમનું વલણ છે. તેમના મનમાં સિદ્ધ થયું છે કે, બધા ધર્મોમાં અને બધી પ્રજાઓમાં જ્ઞાની માણસો અને અલ્પાહારી વિચાર કરનારા, તથા પરતો (પડછો) દેખાડનારા માણસો થઇ ગયા છે. એમ જો બધે કાંઇ કાંઇ સત્ય જ્ઞાન છે તો એક જ ધર્મ—અને તે ઇસ્લામ જેવો મુકાબલે નવો અને ભાગ્યે એક હજાર વર્ષપર ઉત્પન્ન થયેલો સંપ્રદાય માત્ર—સત્યને શા માટે રોકી રાખે? એક પંથ કહે છે તેની બીજો પંથ ના શા માટે કહે? અને તેનામાં શ્રેષ્ઠતા હોયા વિના શ્રેષ્ઠતાનો દાવો શા માટે કરે? સંન્યાસીઓ અને બ્રાહ્મણો પાદશાહને બહુવાર એકાંતમાં મળતા, અને હિંદુ પંડિતોના નીતિશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન તથા ધર્મજ્ઞાન વિષેના ગ્રંથ બીજા ધર્મના પંડિતોના ગ્રંથોથી સરસ હોવાથી, અને પરલોક

વિષેનું તથા આત્મશક્તિ અને મનુષ્ય સંપૂર્ણતા સંબંધી તેમનું જ્ઞાન વધારે હોવાથી, તેઓ પોતાના ધર્મની સત્યતા વિષે અને પરધર્મોની અસત્યતા વિષે યુક્તિ અને સાક્ષીને આધારે પ્રમાણો આપતા; અને એવી દૃઢતાથી પોતાના મતનો બોધ કરતા તથા જે સમજવાને સુવિચાર અને ચર્ચાની ગરજ છે તે એવી ચતુરાઇથી પ્રત્યક્ષ કરીને દેખાડતા કે કોઇ પણ માણસ સંદેહ બતાવવાથી પાદશાહનું મન ચળાવી શકત નહિ. પહાડ ભાંગીને ભુકો થાય કે આકાશ તુટી પડે, પણ પાદશાહના મત ફરે નહિ, એવા દૃઢ તેઓ કરતા. એથી કયામતાદિક વિષે ઇશ્વરવાણી અને પેગમ્બરની આખ્યાયિકાપરથી બનેલા કાયદા કાનુન પાદશાહે માનવા છોડી દીધા. આપણો પ્રતાપી અને સ્વચ્છ ધર્મ સહેલથી પાળી શકાય તેવો છે, તેનો તિરસ્કાર અને તેની નિંદા હરેક પ્રકારે દરબારીઓ કરતા; પાદશાહ સાંભળતા; અને પોતાના મૂળ ધર્મનું એ પ્રમાણે થતું જોઇ પ્રસંગોપાત શબ્દો અને અંગચેષ્ટાવડે સંતોષ દર્શાવતા. હી. સને ૯૮૬ માં યુરોપી ખ્રીસ્તી પાદ્રીઓ તેમનું બાઇબલ પાદશાહની હજુરમાં લાવ્યા. એમનો ઉપરી પોપ કહેવાય છે, અને તે બાઇબલનો અર્થ લોકને સમજવાને પ્રગટ કરે છે. તેની આજ્ઞાઓ પાદશાહોને પણ માનવી પડે છે. એ પાદ્રીઓને ત્રિવેદનાં પ્રમાણુ દેખાડ્યાં, અને ઇસુના ધર્મની સત્યતા જણાવી તે ધર્મ જાહેર કર્યો. અકબરશાહે શાહજાદા મોરાદને બાઇબલ શીખવાની અને તેને માન આપવાની આજ્ઞા કરી, તથા અબુલ ફઝલને તેનો તરજુમો કરવાનો હુકમ આપ્યો, અને આરંભમાં બિસમિલ્લાને ઠામે "આઇ નામી તું જીસસ ઓકિરિસ્તો" (અર્થ—ઓ તું જેનાં નામ ઇસુ અને ખ્રીસ્ત છે) લખવાનું ફરમાવ્યું."

(સૂર્યની પૂજા.) "દુષ્ટકંટક બીરબલ* પાદશાહને સમજાવવાની

* ભલા બીરબલને આવાં ભૂંડાં વચનથી આ જક્સો દુસ્મન પોતાના ગ્રંથમાં બધે ભાંડે છે.

કોશીશ કરતો કે સૂરજ સર્વને અજવાળું આપે છે; સઘળાં અનાજ, મેવા, અને જમીનની પેદાશને પકવે છે તથા માણસ જાતના પ્રાણનો આધાર છે માટે તેને પૂજવો જોઇએ. પ્રાર્થના કરતી વેળા ઉગતા સૂરજ ભણી મુખ રાખવું જોઇએ, આથમતા સૂરજ ભણી ન રાખવું. માણસોએ અગ્નિને, જળને, પત્થરને, ઝાડને, તથા સર્વ સૃષ્ટ પદાર્થોને-છેક ગાય અને તેના છાણને પણ-નમવું જોઇએ; અને વળી પાદશાહે કપાળે તિલક-ચાંદલો (ચાંલ્લો) કરવો અને જનોઇ પહેરવી જોઇએ. દરબારમાંના કેટલાક ડાહ્યા પુરુષો તેના એ કહેવાને ટેકો આપતા. તેઓ કહેતા કે દુનિયામાં મુખ્ય તેજ સૂરજ છે, લોકનું તે ભલું કરે છે, પાદશાહોનો તે મિત્ર છે અને તેની ગતિ પ્રમાણે શક સંવત ગણાય છે. જલાલી નવરોજને દિવસે આ કારણથી સૂર્યની પૂજા કરવામાં આવતી; અને તે જ દિવસે પાદશાહ પાટ ઓચ્છવ કરતા તેનું કારણ પણ એ જ. પ્રતિ દિવસે જે ગ્રહનો વાર હોય તેના રંગનાં વસ્ત્ર પાદશાહ પહેરતા, અને સૂરજની સાધના કરવાને હિંદુઓએ મંત્ર શીખવ્યા હતા તે મધ્યરાત્રે અને પરોઢીએ જપતા. ગાયોને હિંદુઓ માને છે તથા તેના છાણને શુદ્ધ ગણે છે; માટે ગોવધ કરવાની તથા ગોમાંસ ખાવાની તેણે મના કરી. ગાયોને ઠેકાણે તેઓ માણસોના ભોગ આપે છે. વૈદ્યો કહે છે કે ગોમાંસ ખાધાથી કોઇક જાતના રોગ થાય છે અને તે પચવું કઠણ છે, એ કારણો પણ જણાવ્યાં હતાં. ગૂજરાતમાં નવસારી નગર છે ત્યાંથી અગ્નિપૂજક (પારસી) આવ્યા, તેમણે જરથોસ્તનો ધર્મ માત્ર સત્ય છે અને અગ્નિની પૂજા બીજા બધાની પૂજાથી ઉત્તમ છે, એમ કહ્યું. પાદશાહે તેના પર લક્ષ આપ્યું અને તેમણે કૈયાનીઓની ક્રિયા, વિધિ તથા મંત્રો શીખવ્યા. અંતે તેને આજ્ઞા કરી કે અબુલ ફઝલે અગ્નિને રાખવો અને ઇરાનના પારસી પાદશાહો જેમ તેને અહોનિશ અગિયારીઓમાં અખંડ બાળતા અને કદી ઓલાવા દેતા નહિ તેમ તેણે પણ કરવું; કેમકે તે

પણ ઇશ્વરસૂચક ચિન્હ છે, અને તેણે સરજાવેલા ઘણા પ્રકાશમાંનો એક પ્રકાશ છે. પોતાની જુવાનીના સમયથી પાદશાહ હિંદના રાજાઓની કુંવરીઓને પરણ્યા હતા, તે રાણીઓના માનને અર્થે જનાનખાનામાં હોમ કરાવતા; પણ તેના અમલના પચીશમા વર્ષના નવરોજને દિવસે જાહેરમાં સર્વના દેખતાં, અકબર પાદશાહ સૂરજને અને અગ્નિને પગે લાગ્યા, અને સાંજે દીવા થયા તે વેળા આખા દરબારને માનપૂર્વક ઉભા થવું પડયું. બળેવને દિવસે કપાળે અક્ષત ચોઢેલો ચાંલ્લો અને હાથે ખરા મોતીની બ્રાહ્મણોએ બાંધેલી રાખડી સહિત, પાદશાહ જાહેર દીવાનખાનામાં આવ્યા. એમનું દેખાદેખી અમીર ઉમરાવો તેમ કરવા લાગ્યા, અને તે દિવસે પોતપોતાના ગજા પ્રમાણે મોતી તથા હીરા માણેકાદિક રત્નોની ભેટ મુકવાનો ચાલ ત્યારથી નીકળ્યો. વળી હાથને પોંચે રાખડી બંધાવવાનો રિવાજ પણ ત્યારથી પડયો. સત્ય ધર્મની દરકાર ન રાખતાં તથા તેનો તિરસ્કાર કરીને, પરધર્મી પંડિતો જે કહેતા તે સ્પષ્ટ અને નક્કી ખરૂં, એમ પાદશાહ માનતા. ઇસ્લામી પંડિતોએ લખેલું તે ગાંડિયું, અને દરિદ્ર ભીખારીઓની, બંડખોરોની અને વાટપાડુ લૂટારાની બનાવટ ગણાતી; અને ઇસ્લામી ધર્મ માનનારા મૂર્ખામાં ખપતા. આવા વિચાર ઘણા વખતથી તેના મનમાં ઉત્પન્ન થઇ વૃદ્ધિ પામતા હતા, તે હવે પાકા થઇ દૃઢ થયા. " અકબરનાં કૃત્યોથી જે આસ્તિક મુસલમાનોનાં દીલ દાઝતાં હતાં તેમાંનો એક આ લખનાર હતો. બીજા નિષ્પક્ષપાતી ગ્રંથકારો શું લખી ગયા છે તે આગળ કહેવામાં આવશે.

અકબરશાહનો મત માત્ર સત્ય ને તેમાં ભૂલ હોય નહિ, એવો હતો, એવી મતલબનું એક જાહેરનામું હી. ૯૮૭ માં પ્રગટ થયું. તેપર સર્વોપરી કાજી, મુફ્તી, વગેરે ન્યાય ખાતાના મુખ્ય અધિકારી-

ઓની સહી મોહોર હતી. કુરાન અને ઇસ્લામી પુરાણોનાં પ્રમાણ આપી તેમણે કહ્યું છે કે "અમે એક મતથી જાહેર કરીએ છીએ કે સુલતાન-ઇ, આદિલ (ન્યાયી રાજ્યકર્તા) નો દરજ્જો મુજતહિદ- (શાસ્ત્ર કે કાયદાના જાણનારામાં વડા) થી ચઢતો છે. વળી અમે વધારે કહીએ છીએ કે ઇસ્લામના સુલતાન, માણસ જાતના આશ્રય, સત્ય ધર્મીઓના ઇમામ (ઇમામ ઇ—આદિલ) પરમેશ્વરની છાયા—અબુલ ફાથ જલાલુદ્દીન મહમ્મદ અકબર પાદશાહ-ઇ ગાઝી, (એનું રાજ્ય પ્રભુ સદા કુશળ રાખો)-અતિ ન્યાયી, જ્ઞાની ને ડાહ્યા તથા પરમેશ્વરનો ભય રાખનાર રાજેંદ્ર છે. તેથી જો ધર્મ સંબંધી વિષયોમાં મુજતહિદો (શાસ્ત્રીઓ) માં મતભેદ પડે અને જહાંપનાહ પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને અચુક વિવેકવડે તેમાંના એકમત ભણી વળે અને માણસ જાતના લાભને અર્થે અને દુનિયાને યોગ્ય રીતે ચલાવવાને સારૂ ઠરાવ કરે તો અમે એકમતથી કબૂલ કરીએ છીએ કે તે અમારે અને આખી પ્રજાએ માનવો જોઇએ. તેમજ કુરાનની વિરુદ્ધ નહિ એવો પ્રજાના હિતને અર્થે જહાંપનાહ પોતાની અચુક બુદ્ધિથી હુકમ કરે તે પ્રત્યેક આદમીએ માનવો અને પાળવો જોઇએ. આ હુકમની સામા થનારનું પરલોકમાં અકલ્યાણ થશે અને આ લોકમાં તેના ધર્મને અને તેની મિલ્કતને હાનિ થશે. આ લેખ સત્ય ભાવે, પરમેશ્વરનો મહિમા વધારવાને અને ઇસ્લામી ધર્મનો પ્રસાર કરવાને લખ્યો છે, અને એ પર અમે મુખ્ય ઉલ્મા અને મુજતહિદોએ સહી કરી છે. માહે રજબ ૯૮૭ હીજરી."

આ લેખ થયા પછી ધર્મ સંબંધી તકરારમાં ઇમામના હોદ્દાથી પાદશાહ કહે તે ખરૂં માનવું પડ્યું, ને કાયદા કાનુન કરતાં ઇમામનો અભિપ્રાય શ્રેષ્ઠ ઠર્યો. હવે ઇસ્લામને તકલીદ ઠરાવ્યો, ને પાદશાહે ઇસ્લા-

મના મૂળ અને મુખ્ય સિદ્ધાંતમાં મહમ્મદને હામે પોતાનું નામ દાખલ કરવાનો ઠરાવ કર્યો—"લા ઇલાહ ઇલ્લાલ્લાહુ અકબરૂર રસુલિલ્લાહ." પરંતુ જાહેરમાં આ સિદ્ધાંત મનાવવાની કોશીશથી ફિતૂર થવા લાગ્યાં, તેથી તે માત્ર તેણે પોતાના જનાનખાનામાં મનાવ્યો.

માણસમાં જન્મથી ધર્મ માનવાનું વળણ હોય છે, તથા માણસનું બોલવું ધાવણા બાળક સાંભળે નહિ તો બોલતાં શીખે નહિ, એ બે વાતોનો પ્રયોગથી નિશ્ચય કરવાને હી. સને ૯૮૯ માં શાહે હુકમ કર્યો કે ધાવણાં બાળકને લેઇ માણસનો સાદ સંભળાય નહિ એવી એકાંત જગામાં રાખવાં; અને તેમને ઉછેરનારે તેમની આગળ જરાએ બોલવું નહિ. એ બાળકો કયો ધર્મ માને છે અને કયી ભાષા બોલે છે તે આ પ્રયોગથી જણાશે. એ કરવાને વીસ ધાવણાં બચ્ચાં તેમની માને નાણાં આપીને લીધાં, અને તેમને એકાંત ઘરમાં રાખી તે ઘરનું નામ મૌન્યગૃહ પાડ્યું. શાહની આજ્ઞા પ્રમાણે બરોબર કરી શકે તેવી તરબિયત થયેલી બાયડીઓ તેમને ઉછેરવાને રાખી. ચાર વર્ષ પછી જોયું તો થોડાંક મરી ગયાં હતાં અને બાકીનાં બધાં મુગાં હતાં.

આ વેળા (હી. સને ૯૯૦ માં) અકબરશાહે નક્કી માન્યું કે મહમ્મદ પેગમ્બરના વખત પછી ઇસ્લામી ધર્મ ૧૦૦૦ વર્ષ નભશે અને તે સમય હવે પૂરો થયો, તેથી પોતાની ગુપ્ત ધારણા પાર પાડવાનું કાંઇ નડતર રહ્યું નથી. શેખ અને ઉલમા લોકના અભિપ્રાયને માન આપવાના બંધનમાંથી મુક્ત થવાથી ઇસ્લામી મતને રદ કરી પોતાના નવા પંથની સ્થાપના યથેચ્છ કરી એ હજારી સને શિક્કા ઉપર પાડવાની તથા પેગમ્બરના મૃત્યુ પછીના હજાર વર્ષોના ઇતિહાસ (તારીખ-ઇ-આલ્ફી) લખવાની આજ્ઞા કરી. આ પ્રયત્ન દશ બાર વર્ષ ચાલતાં ટાટા (સિંધમાં છે) ના હાકેમ મીરજાં જાનીએ અને

કેટલાક બીજા મુસલમાન સરદારોએ નીચે પ્રમાણે પ્રતિજ્ઞા લખી એ નવા પંથના આચાર્ય અબુલ ફ્ઝલને સ્વાધીન કરી;–"હું ફલાણો, રાજી ખુશીથી ઇસ્લામનો પાખંડી ધર્મ મને મારા પૂર્વજોથી પ્રાપ્ત થએલો છે, તે છોડી દેઇ શાહ અકબરનો દીન–ઇ ઇલાહી સ્વીકારું છું; તથા તેના નિષ્કપટપણાના ચાર નિયમ પાળવા કબુલ થાઉં છું તે એ કે, એને માટે જાન, માલ, આબરૂ, અને ધર્મનો ભોગ આપું" પાદશાહે એ ધર્મનું નામ તૌહીદ–ઇ ઇલાહી પાડ્યું.

દારૂથી થતી ખરાબી જોઈ પાદશાહે દારૂનાં પીઠાં બંધ કરાવ્યાં અને છાકટા થનારને તથા દારૂથી મસ્ત થઇ ટંટા કરનારને સજા કરવાનો હુકમ કર્યો. કૌવત આણવાને તથા દવાને સારૂ હકીમો ફરમાવે તેમને દારૂ મળી શકે માટે મહેલની થડમાં સરકારી પીઠું મંડાવ્યું, અને પોતાના દરવાનની બાઇડીને ત્યાં વેચવા બેસાડી. એ દુકાન ખાતે મહેતો રાખ્યો તે હરકોઇ માંદા આદમીને, તેના બાપદાદાનું નામ નોંધી લઇ, સરકારે ઠરાવેલા ભાવે દારૂ વેચાતો લેવા દેતો. એથી ધારેલી મતલબ પાર પડી નહિ; કેમકે લોક જુદાં નામ લખાવી દારૂ લેઇ જતા. ઘણા માણસ નિત્ય છાકટા થતા ને સજા પામતા, ને ઘણાક બચી પણ જતા. આખા રાજ્યની સેંકડો રામજણીઓ રાજધાનીમાં એકઠી થઇ હતી. તેમને રહેવાને શહેર બહાર એક જગા આપી અને તેનું નામ સેતાનપરૂં પાડ્યું. એ ખાતે દારોગો, નાયબ દારોગો, અને એક કારકુન રાખી જેઓ એ વેશ્યાઓને ઘેર આવે કે તેઓને પોતાને ઘેર તેડી જાય, તેમનાં નામ નોંધવાનો બંદોબસ્ત કર્યો. નાકેદારોને જાહેર કરી રામજણીને ઘેર હરકોઇ જઇ શકે, પણ તેને પોતાને બોલાવવી હોય તો દરબારની રજા લેવી પડતી. પાદશાહે એકવાર મુખ્ય ગુણકાઓને એકાંત બોલાવી પૂછ્યું કે તમને પ્રથમ કોણે બગાડી? તે પરથી તેમણે જેનાં નામ દીધાં તેમને શાહે સજા કરી. એમ સજા પામનારામાં કેટલાક

મોટા અને વિશ્વાસુ ઉમરાવ હતા. એમાંના કેટલાકને ઘણા વખત સુધી કેદ રાખ્યા. ગોમાંસ ખાવાની મના કરી, ને તે ખાધાથી વટલાય છે એવું શાહે જાહેર કર્યું. ગાયના અને બળદના ઉપયોગ વિષે હિંદુ મંત્રીઓનું કહેવું એટલું વાજબી લાગ્યું કે અકબરશાહે તેઓને મારવાની મના કરી. વળી હિંદના કેટલાક મોટા રાજાની કુંવરીઓ પાદશાહને વરી હતી, તેઓના મતે પણ તેના મનપર એટલી અસર કરી કે તેણે ગોમાંસની જોડે લસણ અને ડુંગળી પણ તજ્યાં અને દાઢી રાખનારાની સોબત છોડી દીધી.

અકબરના વખતમાં લાંચ બહુ લેવાતી અને મરનાર અમલદારની મિલ્કત સરકારમાં જપ્ત થતી, એવું કેટલાક નોંધાએલા દાખલાપરથી જણાય છે. મુખ્ય ન્યાયાધીશ મખ્દુમુલમુલ્ક અમદાવાદમાં મરી ગયો, ત્યારે તેણે પાછળ કેટલી દોલત મૂકી તેની તજવીજ કરવાને ૯૯૦ હીજરીમાં કાજી અલીને મોકલ્યો. લાહોરમાં મખ્દુમુલમુલ્કનું ઘર હતું, તેમાંથી એ તપાસ કરનારને અથાગ ધન જડ્યું. સોનાની ઇંટોએ ભરેલી પેટીઓને ભોંયમાં દાટી તે ઉપર કબરો ચણાવી લીધી હતી. તે તમામ દ્રવ્ય તથા ઘરમાંનાં પુસ્તકો જપ્ત કરી પાદશાહી ખજાનામાં આણ્યાં, અને તેના દીકરાઓને સંતાડેલું ધન મનાવવાને કેટલીકવાર માર મારી સંતાપ્યા. તેઓ છેક દરિદ્રી થઇ ગયા. સુધરેલા રાજ્યને આ ઘટે નહિ. અકબરની પછી ગાદીએ બેસનાર જહાંગીરે પડે લખેલા ગ્રંથમાં આ પ્રમાણે નોંધ્યું છે,—"મારા બાપના જનાનખાનાના ખોજાઓનો ઉપરી દોલતખાન હતો. એ કામમાં તેને "નાઝીરૂ દોલા" એ ઇલકાબ મળ્યો હતો. આ આદમીને વિષે હું કહું છું કે લાંચ લેવામાં અને પોતાની ફરજોની અવજ્ઞા કરવામાં એના જેવો નોકર આખા રાજ્યમાં બીજો નહતો. એ મુવો તેવારે તેની કને દશ કરોડ અશ્રફીઓ હતી અને ત્રણ કરોડનું જવાહીર હતું. એ સર્વ જપ્ત કરી

સરકારી ખજાનામાં આવ્યું હતું." મરનારની મિલ્કત તેના વારસને મળે એવો કાયદો ઠરાવ્યા છતાં એ પાદશાહો પંડે તે તોડતા. અધિપતિ સારો છતાં જે રાજ્યમાં પાર્લામેંટ ન હોય, ત્યાં આવા અને બીજી તરેહના જુલમોથી પ્રજા પીડા પામે તેનો આ મોટો પૂરાવો છે.

મહાભારત અને રામાયણનાં ભાષાન્તર હિંદુ અને મુસલમાન પંડિતો કરતા હતા, તેવામાં હી. સ. ૯૯૧ માં અકબરશાહે અન્નક્ષેત્ર ચાલુ કર્યો. એક મકાન મુસલમાન ફકીરોને નિત્ય જમાડવાને સારૂ બંધાવી તેનું નામ ખેરપૂર પાડ્યું અને બીજું હિંદુ ભીખારીઓને સારૂ બંધાવી તેનું નામ ધરમપૂર પાડ્યું. બદાઉની લખે છે કે, "હિંદુ ભીખારીઓમાં જોગીઓ એટલા બધા વધી ગયા કે તેમને સારૂ જુદી ધર્મશાળા બંધાવી તેનું નામ જોગીપુર પાડ્યું. અહિં કેટલાક જોગી ધ્યાન કરતા, કેટલાક ભિન્ન ભિન્ન આસને તપ કરતા, કેટલાક ઉપદેશ કરતા અને કેટલાક જાદુ અને કીમીઓ કરતા. પાદશાહ પંડે પણ કીમીઓ શીખતા. પ્રતિવર્ષે મોટી શિવરાત્રીને દિવસે રાજ્યના પ્રાંતોના જોગીઓ ત્યાં ભેગા થતા; અને તેમના મહંતો જોડે અકબરશાહ જમતા; અને દીર્ઘાયુષી થવાના તેઓ આશીર્વાદ દેતા તેથી સંતોષ પામતા."

ચૌરગઢનો રાજા રામચંદભાટ બહુ ધનવાન્ અને ઉદાર હતો. ઝેનખાન કોકા અને રાજા બીરબલ પાદશાહની તરફથી તેને મળવા ગયા, તેવારે તેમની જોડે દરબારમાં આવી તેણે લાખો રૂપિયાનું નજરાણું કર્યું. તેણે ભેટ મુકેલાં રત્નોમાંના એક હીરાની કિમ્મત રૂપિયા પચાશ હજારથી વધારે હતી. બીજું દાન પણ તેણે કર્યું. પાદશાહના ગવૈયા મીયાં તાનસેનને તેણે કરોડ સુવર્ણ દામ આપ્યાં. તાનસેન તો પછી તેની પાસેથી ખસે જ નહિ, તેથી તેને પકડી મંગાવવાની પાદશાહને જરૂર પડી.

પ્રકરણ ૮ મું.

૩૦ મા વર્ષથી ૩૭ વર્ષ સુધી–મીરજાં હકીમનું મરણ–કાશ્મીર દેશ જીતી લીધો–રોશનીઆ અને યુસુફઝાઇ પઠાણો સાથે ઝઘડો ને તેમાં બીરબલનું મરણ–સિંધ દેશને વશ કર્યો–રાજા ટોડરમલ અને રાજા ભગવાનદાસનાં મૃત્યુ, વગેરે પ્રકરણ.

---

૩૦ મું તથા ૩૧ મું વર્ષ. આ બે વર્ષોમાં કેટલાક મોટા બનાવ બન્યા. વડા શાહજાદા સલીમનું લગ્ન જયપૂરના રાજા ભગવાનદાસની કુંવરી વેરે થયું, અને પાદશાહના ઓરમાન ભાઈ મીરજાં મહમ્મદ હકીમનો કાળ થયો. (ઇ. સ. ૧૫૮૫) અકબરનો સ્વભાવ ઉદાર હોવાથી એ ભાઇની અદેખાઈ ન કરતાં તે તેના ઉપર બહુ માયા રાખતો હતો. ઘણીકવાર હકીમ સામો થયેલો; પણ પાદશાહે તેનો અપરાધ ક્ષમા કરી કાબૂલનું રાજ્ય તેની પાસે રહેવા દીધું હતું, અને સંકટની વેળા ફોજ અને ધનવડે મદદ મોકલતા. હકીમને બહુ દારૂ પીવાની ટેવ હતી. એ માઠા વ્યસનથી તેની કાયા બગડી અને તેનું મરણ થયું. ભાઇના મૃત્યુના સમાચાર સાંભળી અકબરશાહ ઘણો ખેદ પામ્યા. ભત્રીજા બાળક હોવાથી અને ઉસબેક પાડોશીઓ કાબૂલ ઉપર સ્વારી કરશે એવું સંભવવાથી પાદશાહે એ રાજ્યનો કબજો પોતાના હાથમાં લેવાનો ઠરાવ કર્યો, અને પડે કાબૂલ જવા નીકળ્યા. શાહની સ્વારી દિલ્હી પહોંચી તેવારે તેણે પોતાના પિતાની કબરનાં તથા પીરોની ઘોરોનાં દર્શન કર્યાં, ખેરાત કરી અને ઇદનો તહેવાર ત્યાં કર્યો. સતલજ નદીને કાંઠે આવ્યા તેવારે સમાચાર મળ્યા કે કુંવર માનસિંહે પેશાવરનો કબજો કર્યો છે. બીયા નદીને તીરે ખબર મળી કે માનસિંહ કાબૂલ પહોંચ્યો છે અને તે રાજ્ય તેને

તાબે થયું છે. મીરજાં હકીમના બાળ શાહજાદા કૈકુબાદ અને અફરાસીઆબને તેમના મામા ફરૂદીનખાને માનસિંહને શરણે આણ્યા. રાજ્ય પોતાના કુંવરોને સોંપી કુંવર માનસિંહ તે શાહજાદાઓ સહિત પાદશાહને મળવા આવ્યો. રોહતાસ અને અટક નદીઓની વચ્ચે રાવળપીંડી નગરમાં અકબરે મુકામ કર્યો ને ત્યાં માનસિંહ, તે શાહજાદા તથા અમીરોને લેઇ પાદશાહની હજૂરમાં હાજર થયો. પાદશાહે તેમનો યોગ્ય સત્કાર કર્યો. કાબૂલના અમીરોને કોઇને પાંચ અને કોઇને છ હજાર રોકડા રૂપિયાના સરપાવની જોડે જાગીરો આપી. પછી પાદશાહે આગળ વધી અટક નદીને કાંઠે છાવણી કરી. પોતાના રાજ્યની ઉત્તર સીમાના પર્વતોની તળેટીએ આવીને તે પર્વતમાંનાં રાજ્યો જીતવાનો તેણે મનસૂબો કર્યો. પરરાજ્યો જીતવામાં જે મુશ્કેલી તેને અદ્યાપિ પડી હતી, તે કરતાં આ રાજ્યો જીતવામાં વધારે માલૂમ પડી. રાજા ભગવાનદાસ અને શાહકુલી મહરમને ૫૦૦૦ સ્વાર આપી કાશ્મીર જીતવાને મોકલ્યા. ઇસમાઇલ કુલીખાન અને રાયસિંહને બલુચી લોકપર મોકલ્યા, અને ઝૈનખાન કોકાની સરદારી નીચે એક ફોજને સ્વાત અને બજોરના અફગાન લોકોને વશ કરવા મોકલી.

કાશ્મીર દેશ હિમાલય પર્વતની મધ્યે પહાડોથી ઘેરાયલું વિસ્તીર્ણ મેદાન છે. તેની ઉંચાઇ હિમાલયની ઉંચાઇના અર્ધ ભાગથી વધારે છે. એ ઉંચાઇને લીધે હિંદુસ્તાનમાં જેવો તાપ પડે છે તેવો ત્યાં પડતો નથી, અને આસપાસ આવેલા પહાડો ઉંચા સ્થાનના ઠંડા પવનના ઝપાટાને આવતા અટકાવે છે, એથી કરીને ત્યાંની હવા મધુર અને રમણીય છે. બરફથી ઢંકાયલાં શિખરોની વચ્ચે આવેલો એક દેશ સદા હરિયાળો રહે છે. મનોહર વસંતઋતુ ત્યાં લગભગ બારે માસ હોય છે. ભિન્ન ભિન્ન ઉષ્ણતામાં ઉગનારાં વૃક્ષો એ પ્રદેશમાં ઉછરે છે તથા

ભાત ભાતનાં ફળ અને અસંખ્ય તરેહનાં ફૂલ પોતાની મેળે ડુંગરોપર અને મેદાનમાં પુષ્કળ થાય છે. ખીણોમાંથી આવતા વહેળા અને પર્વતોપરથી પડતા ધોધ સપાટ ભૂમિને પાણી પાઇ જૂદાં જૂદાં સ્થળોમાં એકઠાં થાય છે. એમાંના ઘણાક સરોવરમાં મળે છે. સરોવરોના વિચિત્ર દેખાવના કાંઠા અને તેમાંના તરતા ભાગ બહુ વખણાય છે. આ સુંદર સુખધામમાં પેસવાના માર્ગ વિકટ અને ભયંકર છે. ઉંચા ઢાળવાળા રસ્તાપર વખતે કોઇ ખડકની નીચે ઉતરવાનું આવે છે અને વખતે ઉપર ચઢવાનું આવે છે, કોઇ ઠેકાણે લાંબી અને સાંકડી નેળ છે, અને કોઇ જગે ઉંડી અને તાણવાળી નદીઓને કાંઠે ઉંચા ખડકપર ચાલવાનું હોય છે. પર્વતના જે ઉંચા ભાગમાં થઇ કાશ્મીરમાં પેસાય છે, તેમાં કેટલાક મહિનામાં બરફ બહુ પડવાથી અંદર જવું મુશ્કેલ અથવા અશક્ય થઇ પડે છે. ઇ. સનના ૧૪ મા સૈકાની પૂર્વે ઘણા પ્રાચીનકાળથી એ દેશમાં ઘણુંકરીને હિંદુ રાજા અને વખતે તુરાની રાજા રાજ્ય કરતા. એ સૈકાના આરંભમાં રાજાની ફોજના કોઇ મુસલમાન નાયકે રાજ્ય પોતાને કબજે કર્યું ત્યારથી અકબરના વખત સૂધી રાજ્યસત્તા મુસલમાન અધિપતિઓને હાથ હતી. રાજ્યકુળમાં કુસંપ ચાલે છે એવું સાંભળી, અકબરે એ દેશ જીતી લેવાની ઇચ્છા કરી. ઉપર કહ્યા પ્રમાણે મુગલ સેના તે દેશપર ચડી, પણ બરફાદિકથી માર્ગની અડચણોને લીધે તેને પૂરો જય મળ્યો નહિ. તેથી મુગલ સરદારોએ કાશ્મીરના સુલતાન જોડે સલાહ કરી, તેમાં સુલતાને અકબરશાહને પોતાનો ઉપરી માન્યો. પણ એ ઉપરીપણું માત્ર નામનું હતું, કેમકે એ કરારની રૂઇએ તેને કાશ્મીરના રાજકાજમાં હાથ ઘાલવાનો અધિકાર મળ્યો નહિ. અકબરે એ કરાર મંજુર રાખ્યો નહિ ને બીજે વર્ષે બીજી ફોજ મોકલી. એ વેળા કાશ્મીરની ફોજમાં બળવો ચાલતો હતો,

તેથી મુગલ લસ્કર દેશમાં બીન હરકતે દાખલ થયું, અને ત્યાંનો સુલતાન અકબરને શરણે આવ્યો. તેને બહાર પ્રાંતમાં જાગીર આપી તેના રાજ્યનો કબજો લેઇ પાદશાહ ત્યાં ગયા. પછી તો ત્યાર પછી બે જ વાર ત્યાં ગયા; પણ તેની ગાદીએ બેસનારા તેના વંશજો ઉનાળામાં હમેશ ત્યાં રહેતા. આજે પણ આખા એશિયામાં કે આખી પૃથ્વીપર સર્વોત્તમ સુખકારક દેશ કાસ્મીર ગણાય છે.

કાસ્મીર છીનવી લેવાને વાજબી કારણ નહતું, તથાપિ પેશાવરની આસપાસ આવેલા પહાડી મૂલકપર સ્વારી કરવામાં અકબરનો વાંક નહોતો. એ વિગ્રહમાં મુગલોને ઓછો જશ મળ્યો, કેમકે ત્યાંના પહાડી અફગાન લોક કાસ્મીરીઓથી વધારે દઢતાથી લઢયા. એ મૂલક ઘણીક વાતે કાસ્મીરને મળતો છે. એની ઉત્તરે હિંદુકુશ પર્વતો, પશ્ચિમે સુલેમાન પહાડ, અને દક્ષિણે ખેબરના ડુંગર આવેલા છે. આખા અફગાનીસ્તાનનો સુમારે દશમો હિસ્સો એટલામાં સમાયો છે. એમાં ઘણીક અફગાન જાતો વસે છે, તેમાં સહુથી મોટીનું નામ યુસુફઝાઇ છે. એ જાતને કબજે પેશાવરની ઉત્તરથી હિંદુકુશ સુધીનો મૂલક છે. એમાં પેસવાના માર્ગ ઘણા વિકટ જંગલો, સાંકડી નેળો અને ઉંડી ખોવાળા છે. એ મૂલકપર સ્વારી કરવાનું કામ ઘણું કઠણ છે. એ મૂલકના અસલ રહેવાસી હિંદુ હતા; પણ પાછળથી તેમને કેટલીક પઠાણ જાતોએ જીતી લીધા, અને એમાંના છેલ્લા જીતનાર યુસફઝાઇ કહેવાય છે. એ પઠાણો અસલ રહેવાસીઓને રૈયત ગણી તેમનાપર માયા રાખે છે. પણ તેમને રાજકાજમાં કાંઇ અધિકાર આપતા નથી. એ રૈયતની મહેનતથી પાક થાય છે તેથી યુસુફઝાઇઓ ધનવાન છે; તેની જોડે પહાડી લોક હોવાથી બહાદુર અને તેમનામાં પ્રજાસત્તાક રાજ્યરીતિ હોવાથી સ્વતંત્રતાને માટે જીવ આપે એવા છે. પ્રત્યેક જા-

તને માથે વંશપરંપરા અધિકાર ભોગવનાર સરદાર હતો, તથાપિ એ અધિકારીને હાથ શાંતિના સમયમાં કાંઇ અધિકાર નહોતો; માત્ર લોકની ઇચ્છા શી છે તેની તજવીજ કરી, તે ઇચ્છા બીજી જાતોને જણાવવી એ કામ તેનું હતું. દરેક ગામના યુસુફઝાઇ લોક પોતાનું રાજકીય કામ પોતે કરતા; ગામનું પંચ ગામના રહેવાસીઓના કજીઆ ચુકવતું; ગામનો વહીવટ કરવાને ગામના યુસુફઝાઇ લોક ઘણીકવાર ચોરામાં ભેગા થતા. ગામની ઉજાણીનું તથા પરોણાને ઉતરવાનું સ્થળ પણ એ ચોરા હતા. ગામના તાબાની જમીન સરખે હિસ્સે દરેક યુસુફઝાઇને વહેંચી આપી હતી, અને વખતે વખતે નવી વહેંચણી કરવાની જરૂર પડતી ત્યારે એ લોક ત્યાં મળીને કરતા. હિંદુ વસ્તિ ઉપર જૂલમ કરતા નહિ, પરંતુ તેમને રાજ્યકાજમાં હાથ ઘાલવા દેતા નહિ. યુસુફઝાઇઓ ગોરા હતા અને શરીરે દેખાવમાં ચઢીઆતા હતા. નાના ડુંગરા અને સપાટ પ્રદેશના રહેવાસીઓ વધારે જૂના હતા, અને હિંદના મુસલમાનો જોડે વેપારાદિ વહેવાર રાખતા. સુલેમાની પર્વતના રહેવાસીઓને હાથ રહેલી જમીન વધારે ડુંગરાળી અને તેમની રીતભાત યુસુફઝાઇઓથી વધારે વગડાઉ હતી. ઇશાન કોણમાં વસનારી કેટલીક જાતોને બાબર પાદશાહે સામ, દામ અને ભય વડે કાંઇક વશ કરી હતી, પણ યુસુફઝાઇઓને તે વશ કરી શકયો નહોતો.

ઘણાંક વર્ષપર આ લોકમાં એક નવો પંથ સ્થાપન થયો હતો. એ પંથ સ્થાપનાર બાયજીદ નામે પુરુષ હતો. તે પોતાને પરમેશ્વરનો પેગમ્બર કહેતો. કુરાનને ખોટું ગણી તેણે મત ચલાવ્યું કે "પરમેશ્વર એક છે, તે સર્વવ્યાપક છે, અને બધા આકારનું તત્વ છે; હરેક પ્રકારની સેવાપૂજા અને તપ કરવાની તે મના કરે છે. માત્ર તેના પેગમ્બરની આજ્ઞા પૂર્ણ માનવી. એ પેગમ્બર (એટલે બાયજીદ પડે) તેનો પૂર્ણ અવતાર છે, હિંદુ અને મુસલમાન કાફરો છે અને તેમની જમીન

અને ધન લેઇ લેવાનો એ પંથના લોકોને ઈશ્વરે અધિકાર આપ્યો છે; અને તમામ પૃથ્વી તેમને મળશે.” એ પંથનું નામ તેણે રોશનીઆ એટલે જ્ઞાની પાડ્યું. થોડા વખતમાં ઘણાં માણસો એમાં ભળ્યાં. સુલેમાન અને ખૈબરના પહાડી મૂલકમાં તેણે પોતાનો અમલ બેસાડ્યો અને આસપાસ વસનારી જાતપર કેટલીક સત્તા મેળવી. તેનું બળ એટલું બધું વધ્યું કે તેને જીતવાનો ઠરાવ કરવાની જરૂર કાબૂલની સરકારને જણાઇ. મુગલ ફોજની જોડે લઢવાને તે પર્વતોમાંથી નીચે ઉતરી મેદાનમાં આવ્યો. જયની તેને અને તેના લસ્કરને ખાતરી હતી; પણ પરિણામ તેમના ધારવાથી ઉલટું થયું. મુગલોએ ફતેહ પામી ભારે કતલ કરી, અને બાયજીદ નાસતાં થાક અને સંતાપથી મરણ પામ્યો. તેના શબને તેના પુત્રો વાહનમાં મૂકી લેઇ ગયા. સને ૧૫૮૫ સુધી તેઓ મુગલાઇ રાજ્યને પીડા કરી શક્યા નહિ. એ પુત્રોમાંના સર્વથી નાના નામે જલાલે એ વર્ષમાં રોશનીઆ પંથના સેનાપતિનું કામ હાથમાં લેઇ ફરીને કાબૂલના રાજ્યપર સ્વારીઓ કરવા માંડી. સુલતાન હકીમનો એ વર્ષમાં કાળ થવાથી અકબરશાહે રાજા માનસિંહને કાબૂલનો સૂબેદાર નીમ્યો હતો. માનસિંહના રજપૂતોથી એ દુસ્મનો જીતાયા નહિ, તેથી પાદશાહ પંડે સિંધુને કાંઠે ગયા. યુસુફઝાઇ લોકો એ વેળા રોશનીઆ પંથ છોડી તેમનાથી જુદા પડ્યા હતા, તોપણ અકબરે તેમનાપર (યુસુફઝાઇઓપર) સ્વારી મોકલી.

એ સેનાની સરદારી અકબરે ઝેનખાં નામે પોતાના [redacted]ને તથા પોતાના પરમમિત્ર રાજા બીરબલને આપી. એ સ્વારી એટલી અગત્યની ગણાતી હતી કે બીરબલને ઠામે અબુલ ફઝલને જવાનું મન હતું; પરંતુ ચીઠી નાખતાં બીરબલનું નામ આવ્યાથી તેનો જીવ ખાટો થયો. તેનો ભાઈ ફૈજી સ્વારીની જોડે ગયો હતો. શત્રુને હાથ સપાટ ધરતી

હતી તે થોડા વખતમાં જીતી મુગલોએ ઉજડ કરી, ને પછી ફોજના બે ભાગ કરી તેમાંની એકને લઇ રાજા બીરબલ એક ખીણમાં ઘુસ્યો, અને ઝેનખાન બીજીમાં ગયો. ખીણ પસાર કરવાનો માર્ગ નહિ જડવાથી તથા શત્રુના હુમલાના જોરથી અકળાઇ બીરબલ પાછો ફર્યો. ઝેનખાન વધારે આગળ ધસ્યો; તથાપિ તેના ઘણા સિપાઇ મરવાથી અને દુશ્મનના મારથી તેને પણ પાછી પાની કરવી પડી. એ બેઉ ટુકડીઓ ભેગી કરીને ફરી હુમલો થઇ શકે તેવું નહતું, તેથી પાદશાહે નવું સૈન્ય મદદે મોકલ્યું. કમનસીબે બીરબલ અને ઝેનખાનને બનતું નહતું. આખી ફોજ સહિત શત્રુની વિકટ ખીણોમાં ઘુસવાનું મત બીરબલનું હતું ને તે બાબત ઝેનખાન સામો હતો; પણ બીરબલના આગ્રહને લીધે તેમ કરવાનો ઠરાવ થયો. મુગલ સેના આગળ વધતાં થોડા વખતમાં વિકટ ઘાટમાં આવી. બીરબલ ઘણી મુસ્કેલીએ તે ઉપર ચઢ્યો. આખા દિવસના શ્રમથી તેની થાકેલી ફોજપર અફગાનો એટલા જોરથી ધસી આવ્યા કે હિંદી યોદ્ધા ગભરાટમાં પડી નાઠા. ઝેનખાન તે ઘાટની નીચે નાકાપર હતો, તેના ઉપર પણ તે જ વખતે પઠાણોએ હુમલો કર્યો. તે રાત્રે અને બીજે દિવસે થોડો વખત ઝેનખાને મુસ્કેલીએ પોતાની ટુકડીનો બચાવ કર્યો. પછી બંને ટુકડીઓ પાછી ભેગી થઇ. અહિં ઝેનખાનનો વિચાર શત્રુને શરણે જવાનો થયો; પણ બીરબલે તેની સૂચના માની નહિ. રાત્રે હલ્લાં કરી સૈન્યનો નાશ કરવાનો મનસૂબો પઠાણોએ કર્યો છે, એવા સમાચાર મળવાથી ઝેનખાનની સલાહ ન લેતાં, બીરબલ પોતાની ટુકડીને લઇ સપાટ જમીનપર જવાને રસ્તે વચમાં ખાણ હતી તેમાં ગયો. તેને છેતરવાને આ ખબર કરેલી જણાય છે; કેમકે તે ખીણના નાકાની આસપાસ શત્રુ સંતાઇ રહ્યા હતા. તેઓ ઓચિંતા તેના ઉપર તુટી પડ્યા. પત્થરો અને તીરનો વરસાદ વરસાવતા હજારો પઠાણો નાગી તરવારે તેના અણચેતેલા અને ભયભીત

થયલા લશ્કર ઉપર ધસી આવ્યા. આખી ફોજ બહાવરી બની ચોમેર નાસવા લાગી. બીરબલે યોદ્ધાઓને થોભાવી ઉભા રાખવાની ઘણી મહેનત કરી, પણ કાંઇ વળ્યું નહિ. માણસ, ઘોડા અને હાથી નાસાનાસમાં એકમેક થઇ જવાથી સર્વે અવ્યવસ્થિત થઇ ગયું. સેંકડો આદમીને શત્રુએ વાઢી નાખ્યા. બીરબલ પડે અને તેના કેટલાક મોટા નાયકો રણમાં પડ્યા, અને તેની સેનાની ખરાબી થવામાં કાંઇ અધૂરું રહ્યું નહિ. ઘાટની નીચે મેદાનમાં ઝેનખાન હતો, તેની ફોજની પણ તેવી જ માઠી વલે થઇ. તીરો, બંદૂકની ગોળીઓ અને ગોફણોનો ભારે માર છતાં, દિવસ હતો ત્યાંસુધી તે વ્યવસ્થા પૂર્વક પાછો હઠ્યો. સાંજે થોડીવાર યુદ્ધ બંધ પડ્યું; પણ અંધારું થતાં અફગાનો યાહોમ કરી તેના ઉપર ધાઇ આવ્યા. હવે લશ્કર ઝેનખાનને હાથ રહ્યું નહિ. જેનાથી જેમ નસાયું તેમ તે નાઠા; ઘણા કતલ થયા અને તેથી વધારેને દુસ્મને ઝાલી લીધા. ઝેનખાન વાહનવિના પગે નાઠો અને ઘણી મુસ્કેલીએ અટક પહોંચ્યો.

આ હારના સમાચાર પાદશાહી છાવણીમાં આવતાં ત્યાંનાં માણસો ગભરાવા લાગ્યાં. પઠાણોને આગળ આવતા અટકાવવાને પાદશાહે શાહજાદા મુરાદને ટોડરમલની જોડે ફોજ સહિત મોકલ્યો. ગભરાટ નરમ પડ્યા પછી મુરાદને પાછો બોલાવી ટોડરમલ અને માનસિંહને શત્રુને શેહે પહોંચાડવાને મોકલ્યા. ઝેનખાન હજુરમાં આવ્યો ત્યારે અકબરે તેનું મોઢું જોવાની ના કહી. બીરબલના મરણથી તે અતિ ખેદ પામ્યો ને તે દિલગીરી ઘણા વખત લગી તેના મનમાં રહી. બીરબલનું મડદું જડયું નહતું, તેથી એવી વાત ચાલી કે તે અફગાનોના હાથમાં જીવતો છે. આ અફવાને પાદશાહે ઉત્તેજન આપ્યું. તેથી ઘણા વખત પછી 'હું બીરબલ છું' એવો ઢોંગ એક માણસે કર્યો; પણ તે દરબારમાં

આવતાં માર્ગમાં મરણ પામ્યો, ને અકબરે તેને બીરબલ માની બીજી-વાર શોક પાળ્યો. બીરબલ ઘણો ચતુર અને સોબતમાં રાખવા લાયક મીઠો અને વિદ્વાન્ હતો, તેથી અકબરને તે ઘણો વહાલો હતો. તેની વાતચીત ડહાપણ ભરેલી, ને તેની વાણી મધુરી અને રસિક હતી. તેનાં ચતુરાઇ ભરેલાં વચનો ભરતખંડમાં હજી ભૂલાયાં નથી. અકબર અને બીરબલની ઘણીક કહાણીઓ હજી લોકમાં ચાલે છે.

પોતાના જયનો લાભ લેવાને યુસુફઝાઇ લોક આગળ વધ્યા નહિ. તેમના તાબાના રસાળ પ્રાંતોના કિલ્લા માનસિંહ અને ટોડરમલે કબજે કર્યા, તેથી તેમને ખોરાકની તંગી પડી ને સંધિ કરવાની જરૂર પડી. હવે રોશનીઆ પહાણોપર ચઢવાનો માનસિંહને અવકાશ મળ્યો. જલાલની સરદારી નીચે તેઓ લઢયા ને પરાજય પામ્યા, પણ તેથી તેમનું જોર તુટયું નહિ. બીજે વર્ષે માનસિંહે કાબૂલ ભણીથી હુમલો કર્યો અને બીજી મુગલ ફોજે સિંધુ ઓળંગી આ બાજુએથી તેમના-પર સ્વારી કરી. એ વખતે પણ સંગ્રામ થયો તેમાં જલાલ હાર્યો. પરંતુ હારે એટલે નાસી પહાડોમાં ભરાઇ નવું લસ્કર લેઇ ફરીને મુગલોની સામો આવે એમ તેણે કેટલાંક વરસલગી કર્યું. પાદશાહી ફોજ હવે પર્વતોની વિકટ ખીણોમાં ધુસતી નહિ. શત્રુનાં રસાળ સપાટ પ્રદેશમાં પડાવ નાખી ત્યાં ખેડાણ થતું અટકાવતા; તેથી ખોરાકની તંગીને લીધે પહાણોને મેદાનમાં ઉતરવું પડતું, અને ત્યાં તેમનો પરાભવ થતો. જલાલ માર્યો ગયો, તોપણ એ પહાણો અકબરના વખતમાં અને ત્યાર પછી પૂરેપૂરા જીતાયા નહિ; અને અદ્યાપિ સ્વતંત્રતા ભોગવે છે.

એ પહાણો જોડે એમ ઝગડો ચાલતો હતો તે ભારે ન હોવાથી એ વખતમાં અકબરશાહને સિંધ તથા કંદહાર પ્રાંતો જીતી લેવાને પ્રસંગ મળ્યો. ઇ. સ. ૭૫૦ માં સુમરા રજપૂતોએ આરબોને હાંકી

કાઢી સિંધ દેશનો કબજો કર્યો, તે તેમના હાથમાં ૧૨ મા સૈકાના અંત લગી રહ્યો. એ વેળા તે રાજકુળ નિર્વંશ જવાથી સામા નામે રજપૂત જાતને હાથ રાજગાદી ગઇ. તેઓ દિલ્હીની ગાદીને તાબે રહેતા. આગળ જતાં એ વંશે મુસલમાની ધર્મ સ્વીકાર્યો. એમની કનેથી અર્ઘુન નામે મુસલમાન જાતે રાજ્ય છીનવી લીધું. અકબરશાહ રાજ્યાસને બેઠા તેવારે એ લોકને કબજે દેશ હતો; પણ આ વખતે તેમની પાસેથી કેટલાક લસ્કરી સરદારોએ રાજ્ય જીતી લીધું હતું અને તેઓ માંહોમાંહે વઢતા હતા. આ કુસંપનો લાભ લેઇ અકબરે આ અસલ દિલ્હીના તાબાનો મૂલક પાછો વશ કરવાનો ઠરાવ કર્યો. એ વેળા તેનો મુકામ લાહોરમાં હતો, ત્યાંથી એક ફોજ સેહવાનગઢ ઉપર રવાને કરી. એ ગઢ નીચલા સિંધનું નાકું અને મોટું અગત્યનું સ્થળ હતું. એનો બચાવ કરવાને સિંધના મુખ્ય હાકેમે બળવાન્ ફોજ સહિત આવી એવે ઠેકાણે છાવણી કરી કે તેને ત્યાંથી મુગલ સેના હઠાવી શકે નહિ, અને ગઢને ઘેરી શકે નહિ. આ અડચણ દૂર કરવાને ચતુર પાદશાહે બીજી ટુકડી અમરકોટને માર્ગે તેની છાવણીના પાછલા ભાગપર મોકલી. એમ બે તરફના હુમલાથી તેને ગભરાવી તથા હરાવી એવો નરમ કર્યો કે રાજ્યપરથી હાથ ઉઠાવી તે શરણે આવ્યો. ડાહ્યા શાહે પોતાની ઉદાર પદ્ધતિ પ્રમાણે માન આપી મોટી પદવીનો ઉમરાવ બનાવી પાંચહજારી મનસબદાર અને ટાટાનો સૂબેદાર નીમ્યો. હી. સ. ૯૯૯, ઈ. સ. ૧૫૯૧. અકબરનામામાં લખ્યું છે કે એ સરદારની પાસે એ વિગ્રહમાં પોર્તુગીઝ સોજર (સોલ્જર) તથા યુરોપી વેશ પહેરનારા ૨૦૦ દેશી સિપાઇ હતા. એણે વળી એક કિલ્લાનું રખવાળું આરબોને સોંપ્યું હતું. આરબ સિપાઇનો ભરતખંડનાં રાજ્યોમાં નોકરી કરવાનો આ આરંભ જણાય છે.

હુમાયુંએ કપટ કરી ઇરાની શાહના તાબામાંથી કંદહાર ખુંચવી લીધું ત્યાર પછી તે પાછું લેવાને ઇરાનીઓ તે મુગલ પાદશાહના મરણ સૂધી નિષ્ફળ મથ્યા. અકબરના અમલના આરંભમાં તેના મુગલ સરદારોએ બળવા મચાવ્યા હતા તેવામાં ઇરાનીશાહે એ ગઢ પાછો જીતી લીધો. ઇરાનની ગાદીએ શાહ અબ્બાસ બેઠો તેવારે ત્યાં બંડ ઉઠ્યાં. ઇરાની સરદારો માંહોમાંહે લડેલા, અને તેમાંનો એક કંદહારથી નાસી અકબરને શરણે આવ્યો, ને પછી બીજાઓ પણ મુગલ પાદશાહની મદદ માગવા લાગ્યા. તેથી વગર લડે કંદહાર અને તેની આસપાસનો મૂલક ઇ. સ. ૧૫૯૪, હી. સ. ૧૦૦૩ માં તેને કબજે થયો. એથી અકબરને ઇરાન જોડે વિગ્રહ થયો નહિ, કેમકે શાહ અબ્બાસ પોતાના રાજ્યમાંજ ઘણો રોકાયલો હતો. ઉસબેક લોકની સામે થવામાં અકબરની મદદની ઇચ્છા રાખતો હતો, તેથી તેણે થોડા વખત પછી અકબર જોડે મિત્રાચારી કરી, અને કંદહાર જીતવાને સારા લાગની રાહ જોઇ; પણ તે અકબરના સમયમાં મળ્યો નહિ.

સિંધુ નદીની પેલીમેર જેટલા મૂલકપર અકબરનો હક તેના બાપદાદા તરફથી હતો, તેટલો મૂલક કંદહાર મળ્યાથી કબજામાં આવ્યો અને લગભગ એજ વખત લગીમાં નર્મદાની ઉત્તરે આવેલા તમામ હિંદુસ્તાનના પ્રાંતો તેને હાથ આવી રહ્યા. ઇ. સ. ૧૫૯૧ માં સિંધ દેશ લીધો. કાશ્મીરમાં બળવો ઉઠાવવાનો છેલ્લો પ્રયત્ન એવામાંજ થયો હતો તે બેસાડી દીધો. ઓરિસ્સા (ઓઢીઆ) પ્રાંત અફગાનોને તાબે હતો તે પણ એ વખત જીતાયો. સને ૧૫૯૩ માં ગૂજરાતનો મુજફ્ફરશાહ મરી ગયો એટલે ત્યાં ટંટાનું કારણ રહ્યું નહિ. હિમાલયથી નર્મદા સૂધી અને બ્રહ્મપુત્રથી કંદહાર લગી જેવો અકબરનો અમલ જામ્યો તેવો પૂર્વે કોઇ પાદશાહનો જામ્યો નહોતો. ઉદેપુરના રાણાજી અજીત રહ્યા હતા ખરા; તથાપિ બીજા રાજારાણા નાખુશીથી

ખંડણી આપનારા નહોતા. તેઓ મુગલ રાજ્યમાં હોંસથી જોડાયલા અને પોતપોતાની રજપૂત સેનાઓ સહિત ઉમંગથી પાદશાહની સેવા બજાવનારા થયા હતા.

ઇ. સ. ૧૫૮૯, હી. સ. ૯૯૭ ના ઉનાળામાં અકબરશાહ કાશ્મીર ગયા, ને ગરમીની મોસમ ત્યાં ગાળી કાબૂલ ગયા. માર્ગમાં તેનો મુકામ બે માસ રહ્યો, તેવામાં વકીલુ–સુલ્તાનત અને મુશ્રિફ–ઇ દીવાન રાજા ટોડરમલ તથા અમીરૂ–લ ઉમરા રાજા ભગવાનદાસ લાહોરમાં મૃત્યુ પામ્યાના માઠા સમાચાર આવ્યા. આ બે બુદ્ધિમાન્, બહાદુર અને નિમકહલાલ સેવકો અને પ્રિય મિત્રોના મરણથી અકબર બહુ જ દિલગીર થયો. સર એચ. ઇલિયટના ગ્રંથ ઉપરથી પાછળ કહેવામાં આવ્યું છે કે રાજા ટોડરમલ જ્ઞાતે ખતરી હતો, પણ એલ્ફિન્સ્ટ કૃત ઇતિહાસમાં જણાવ્યું છે કે તે પંજાબનો કાયસ્થ હતો. સને ૧૫૫૩ માં તેને ગૂજરાતમાં સરકારી નોકરી મળી લશ્કરી નાયકનું અને વસુલાતખાતાનું એ બે કામ તેને સોંપ્યાં; પછી તેની બદલી બંગાળામાં થઇ. ત્યાં પણ સારી ચાકરી બજાવવાથી તેને દિલ્હી બોલાવી વજીર શાહ મનસૂરનો મુખ્ય પેસ્કાર નીમ્યો. વસૂલાત ખાતામાં સુધારો કરવાનું કામ તેણે અહિં આરંભ્યું. અબુલ ફઝલ લખે છે કે પ્રમાણિકપણામાં, સીધે રસ્તે ચાલવામાં, મરદાઇમાં, કામની માહેતગારીમાં અને રાજકારભાર કરવાની શક્તિમાં એના સરખો બીજો નર હિંદુસ્તાનમાં નહોતો.

તા. ૮ મી મોહરમ હી. સ. ૯૯૮ માં પાદશાહ પાછા હિંદુસ્તાનમાં આવવા નીકળ્યા. રસ્તામાં એક વખત દીપડાનો શિકાર કરતાં પાદશાહ હાથીપરથી પડ્યા, અને બીજીવાર જે હાથણી ઉપર સ્વાર થયા હતા તેના ઉપર કોઇ મસ્ત હાથીએ હૂમલો કર્યો તેથી નીચે પડ્યા; પણ

બને વેળા ઝાઝું નુકસાન થયું નહિ. મીરઝાં અજીજ મહમ્મદ કોકા આજમખાન માળવાનો સુબેદાર હતો તેની બદલી ગૂજરાતમાં કરી, ને તેને ઠામે શહાબખાનને મોકલ્યો. શહાબખાન જોરૂ અણુબનાવ હોવાથી આજમખાને માળવા છોડયા પહેલાં તે પ્રાંતને ઉજ્જડ કર્યો એમ અકબરનામામાં લખ્યું છે. એ વાંચતાં જણાય છે કે અકબરના રાજ્યનો બંદોબસ્ત ઈંગ્રેજ સરકારના જેવો ઠરેલ નહોતો. કોઈ ઇંગ્રેજ ગવર્નર એમ કરી શકે નહિ. રાજા ટોડરમલની મુખ્ય વજીરની જગા ખાલી પડી તે પાદશાહે મરહુમ બહેરામના દીકરા ખાનખાનાનને આપી, અને તેને ગૂજરાતમાં જાગીર આપી હતી તે બદલી જવાનપુરમાં આપી. કુંવર માનસિંહને કાબૂલથી બોલાવી બહાર અને બંગાળાનો સૂબેદાર બનાવ્યો. તેના પિતા ભગવાનદાસના મરણથી તેને તેની ગાદી અને રાજાનો ઇલકાબ મળ્યો. પાદશાહે તેને ખેદપત્ર લખ્યો અને પોશાક તથા ઘોડા મોકલી તેનો શોક ઉતરાવ્યો. ગૂજરાતમાં આજમખાનની સામા વીસ હજાર જોદ્ધા સહિત જામસાહેબે સંગ્રામ કર્યો. તેમાં જામનો ટીલાટ તથા વજીર મુવા અને તેની હાર થઇ. લાહોરમાં કેટલાંક વર્ષ પાદશાહ રહ્યા અને ત્યાંથી ખાનખાનાનને મુલતાન અને ભક્કર (સકર બક્કર) નો સૂબેદાર ઠરાવી સિંધ અને બલુચીસ્તાન જીતવાનું ફરમાવ્યું. આ વર્ષમાં ગોવેથી પાદ્રી ફરમલીયુન આવ્યો તેનો સત્કાર અકબરે કર્યો. ગ્રીક ગ્રંથોનાં ભાષાંતર કરાવવાના હેતુથી અકબરે એ પાદ્રીને રાખી તેની પાસે કેટલાક બુદ્ધિમાન્ તરૂણોને તે ભાષા ભણવા મૂકયા. પોતાના અમલના ૩૬ મા વર્ષમાં અકબરે દક્ષિણના ચાર મુખ્ય રાજકર્ત્તાના દરબારમાં એલચી મોકલ્યા. કવીશ્વર શેખફૈઝીને અસીરગઢ અને બર્હાનપુરના રાજા અલીખાનની પાસે, ખ્વાજા અમીનુદ્દીનને અહમદનગરના સુલતાન બુર્હાનુમુલ્કના દરબારમાં, બીજાપુરના

સુલતાન અદીલખાનની પાસે મહમ્મદ અમીનને, અને ગોલકોંડાના સુલતાન કુતબુ-લ મુલ્કની પાસે મીર મિરજાંને મોકલ્યા. એ વરસમાં શાહજાદા મુરાદને માળવાનો સૂબેદાર ઠરાવી તેની જોડે ઇસ્માઇલ કુલીખાનને તેનો વકીલ એટલે સેનાપતિ નીમી મોકલ્યો. ગ્વાલિયર પહોંચતાં શાહજાદાની સામો તે પ્રાંતનો મુખ્ય રાજા મધુકર થયો. તેને મુગલ ફોજે હરાવ્યો ત્યારે તેનો કુંવર રામચંદ્ર શરણે આવ્યો. મુરાદ ઉજેણ જઇ રહ્યો. આજમખાને જુનાગઢ જીતી સોરઠ પ્રાંત કબજે કર્યો. બીજે વર્ષે સિંધના મુખ્ય હાકેમ જાનીબેગ અને ખાનખાનાનની સેના વચ્ચે ભારે સંગ્રામ થયો, તેમાં રાજા ટોડરમલનો કુંવર ધારૂમલ રણમાં પડ્યો. બેઉ તરફ તોપો હતી. મુગલ લસ્કર જીત્યું અને જાનીબેગ તાબે થયો. પાદશાહ કાસ્મીર જવા નીકળ્યા તેવામાં ત્યાં બંડ ઉઠ્યું, પણ તેના ત્યાં પહોંચવા પહેલાં તેની ફોજે તેને બેસાડી દીધું. એ જ વખતે રાજા માનસિંહે કતલુઅફગાનના દીકરાને મોટી લઢાઇમાં હરાવી તેમની પાસેથી ઓરિસ્સા પ્રાંત જીતી લીધો. ૩૭ મા વર્ષમાં ખાનીઆજમે જુનાગઢ અને આખો સોરઠ પ્રાંત જીતી લીધો.

પ્રકરણ ૯ મું.

૩૮ મા વર્ષથી ૫૦ મા વર્ષ સુધી–દક્ષિણ દેશપર સ્વારી–ચાંદબીબીની બહાદુરી–દુકાળ–દક્ષિણનાં રાજ્યો જોડે ફરીને વિગ્રહ–અહમદનગરનો બીજો ઘેરો અને જય–ખાનદેશને ખાલસા કર્યો–સલીમનું બંડ–અબુલ ફઝલનું ખુન–પરચુરણ–સલીમની બદચાલ–અકબરની માનું મરણ—દાનિયાલનું મરણ–અકબરશાહનું મૃત્યુ.

હવે અકબરશાહે દક્ષિણ દેશ જીતવાનો ઠરાવ કર્યો. ઇ. સ. ૧૫૮૭ થી તેણે ત્યાંનાં રાજ્યોના કામમાં હાથ ઘાલવા માંડ્યો હતો. અહમદનગરનો પાદશાહ મુર્તેજા નિજામ દિવાનો હતો તેથી તેની વતી કારભાર કરવાની ઉમેદ રાખનારા વધતા હતા. તેમાંના તેના ભાઈ બુરાનમુલ્કે એ વર્ષમાં અકબરની મદદ માગી હતી, ને તેની કુમકે માળવેથી ફોજ ગઇ હતી; પણ તેનું જોર ન ફાવ્યાથી બુરાન હારી અકબરના રક્ષણમાં આવી રહ્યો હતો. સને ૧૫૯૨ માં મુર્તેજા મરી જવાથી બુરાનને તે ગાદી અકબરની મદદ વિના વારસાના હકથી મળી. પણ એ વેળા તે રાજ્યમાં કુસંપ અને માંહોમાંહે લડાલડી હોવાથી તથા બીજાપુરના પાદશાહ જોડે વિગ્રહ ચાલતો હતો તેથી, તે સુખે રાજ્ય કરી શક્યો નહિ. રાજ્ય માઠી અવસ્થામાં હતું તેવામાં તેનું મરણ થયું, અને કજીઓ વધ્યો. ઇ. સ. ૧૫૯૫, હી. સ. ૧૦૦૪. રાજ્યગાદીનો દાવો કરનારા ચાર જણા ઉભા થયા. એ ચારેની સેનાઓ લઢવા લાગી. જેના હાથમાં રાજ્યધાની હતી, તેણે અકબરશાહની મદદ માગી. તેપરથી શાહે ગૂજરાતથી શાહજાદા મુરાદને અને માળવેથી મીરજાંખાન ખાનખાનાનને પોતપોતાની ફોજે લઇ અહમદનગર જવાની આજ્ઞા કરી. તેઓ ત્યાં પહોંચ્યા તેવારે જેની મદદે તેઓ ગયા હતા તેને શહેર છોડી જતા રહેવું પડ્યું હતું, અને ચાંદબીબી (ચાંદસુલતાના) ને હાથ તેનો કબજો હતો. ભરતખંડમાં અતિ પરાક્રમી અને પ્રખ્યાત સ્ત્રીઓ થઇ છે તેમની પંક્તિની આ નારી હતી. તેનો ભત્રીજો બહાદુર નિજામશાહ બાળક હતો. તેને ગાદીએ બેસાડી તેની વતી તે કારભાર કરતી હતી. મુગલ સેનાને આવતી જાણી તે બાઇએ બીજાપુરના બાદશાહને કહાવ્યું કે આ વખતે સલાહ સંપ કરી આપણે મુગલોની સામા થવું જોઇએ; એમ નહિ કરીએ તો બેઉ રાજ્યો તેઓ જીતી લેશે. અહમદનગરના સરદારો તેની સામા થયા હતા તેમને પણ તેણે કહાવ્યું કે આ

વેળા આપણે સંપ નહિ કરીએ તો રાજ્ય જશે અને બધાની હાની થશે. તેની મીઠાશ અને ચતુરાઇથી તેની યુક્તિ પાર પડી, અને સર્વે સલાહસંપ કરી મુગલોની સામા થયા. મુરાદે અહમદનગરને ઘેરી ઉત્સાહથી કામ ચલાવ્યું. ચાંદબીબીએ પૂર્ણ જાગૃતિ રાખી તેની મહેનત નિષ્ફળ કરવાની કોશીશ કરી. મુરાદની બે સુરંગો તૈયાર થઇ તેઓની સામી ચાંદબીબીએ કરેલી બે સુરંગોએ તેઓને નકામી કરી. જે કારીગરો કામ કરતા તેમને તે બાઇ પંડે ત્યાં જઇ હિમ્મત આપતી હતી, અને મુગલની ગોળીઓ આવતી હતી તેનો જરાએ ભય રાખતી નહિ. મુરાદની ત્રીજી સુરંગ તૈયાર થઇ. તેને નકામી કરવાને ચાંદબીબીની સામી સુરંગ પૂરી થતાં પહેલાં મુગલોએ પોતાની સુરંગ ઉડાવી. અહમદનગરના કારીગરો હવામાં ઉડ્યા અને તેનો કોટ ત્રુટયો. મુગલો તે તરફ ધસી આવ્યા એટલે અહમદનગરી યોદ્ધા ભય પામી નાસવા માંડતા હતા, તેવામાં ચાંદબીબી પડેલા કોટ આગળ આવી. તેણીએ અંગે બખ્તર પહેર્યું હતું, મોઢે બુરખો નાંખ્યો હતો, અને હાથમાં નાગી તરવાર ઝાલી હતી. તેનું શૂર જોઇ બીધેલા સિપાઇઓને પાનો ચઢયો. તેમનો ભય જતો રહેવાથી તેઓ ઉભા રહી લઢયા, અને મુગલોને કોટમાં પેસતાં તેમણે ખાળ્યા. ચાંદબીબીએ પોતાનો પ્રયત્ન જારી રાખ્યો કેમકે મુગલો માત્ર થંભ્યા હતા, પાછા વળ્યા નહતા. યુદ્ધ જારી રહ્યું. ચાંદબીબીના સિપાઇ ચારેમેરથી ત્યાં આવી ખાડીમાં ભેગા થયલા મુગલો ઉપર બંદૂકની ગોળીઓ, તોપના ગોળા, તીર, ટોટા, વગેરેનો વરસાદ વરસાવવા લાગ્યા, અને તુટેલા કોટમાં ઉભેલા યોદ્ધા દૃઢતાથી લઢયા; તેથી મુગલોને પાછા ફરવું પડયું. બીજી સવારે હલ્લાં કરવાને મુગલોએ તૈયારી કરી. પણ શહેરમાં ચાંદબીબીના ઉમંગથી ઉશ્કેરાઇ તેની પ્રજા અને તેના સિપાઇ મરણીઆ થયા હતા. બેગમ સાહેબે આખી રાત જાગી પડેલો કોટ ચણાવી લીધો; અને બીજો મજબુત બંદોબસ્ત કર્યો. એથી બીજે દિવસે મુગલ ફોજ

હલ્લાં કરી શકી નહિ, ને ફરી સુરંગ ખોદવાની ગોઠવણ કરવા લાગી. એવામાં ચાંદબીબીની મદદે બીજાપુરનો સુલતાન અને બીજા સરદારો મોટા લશ્કર સહિત આવ્યા. એગનાથી મુગલ સૈન્ય વધારે મોટું હતું; તથાપિ તેના સરદારોએ સંગ્રામ કરવાની આતુરતા ન દેખાડતાં સંધિ કરવાની ઇચ્છા કરી, અને આ સંપ ઝાઝીવાર ટકશે એવો ભરોસો ચાંદબીબીને ન હોવાથી તે પણ સલાહ કરવાને ખુશી હતી. આ યુદ્ધમાં તેણીએ જબરૂં જોર દાખવ્યું હતું. તેને વિષે એવી વાતો ચાલે છે કે લોઢાના ગોળા ખૂટયા, ત્યારે રૂપાના ગોળા તોપમાં ભરાવ્યા. વળી એમ કહેવાય છે કે તોપના ગોળા પૂરા થયા તેવારે પ્રથમ ત્રાંબાનાણું ગોળાને ઠામે વાપર્યું, પછી રૂપાનાણું, અને તે પણ પૂરૂં થતાં સોનાની મોહોરો તોપમાં ગડબાવી. છેલ્લે તે પણ જ્યારે ખૂટી અને પોતાનાં ઘરેણાં તોપમાં ભરવા માંડયાં ત્યારે સંધિ કરવાને કબૂલ થઇ. એમ બન્ને પક્ષની મરજી હોવાથી સલાહ થવામાં અડચણ રહી નહિ. એવો કરાર થયો કે બુર્હાનુલમુલ્કનો પૌત્ર બહાદુર ગાદીએ બેસી નિજામુલમુલ્ક નામ ધારણ કરે, ને અહમદનગરનો મૂલક તેને કબજે રહે, પણ તે અકબરશાહનો તાબેદાર સુલતાન ગણાય; અને વરાડ પ્રાંત પાદશાહને આપી દે, તથા જવાહીર, હાથી, વગેરે નજરાણું મોકલે.

૪૧ મું વર્ષ. આ સાલમાં વરસાદ બહુ થોડો વરસ્યો, તેથી ભારે મોંઘવારી થઇ ને પ્રજા પીડાવા લાગી. દયાળુ પાદશાહે લાયક અમલદારોને ચારે તરફ મોકલી ગરીબ લાચાર લોકને અન્ન પૂરૂં પાડ્યું, તથા બીજો બંદોબસ્ત કરી રૈયતનો બચાવ કર્યો.

મુગલ પાદશાહ જોડે સંધિ થયા પછી ચાંદબીબીએ કોઇ મહમદખાન નામે માણસને પેશ્વા* એટલે મુખ્ય પ્રધાન નીમ્યો હતો. તેણે તે

* મરેઠી રાજ્યમાં આ શબ્દ દાખલ થયાની પૂર્વે દક્ષિણના બ્રાહ્મણી

બાઇની કનેથી અધિકાર લેઈ લેવાને કાવતરાં કરવા માંડ્યાં ને અંતે ફરીને શાહ મુરાદની સહાય માગી. વરાડ પ્રાંતના સીમાડા સંબંધી મુગલોને દક્ષિણનાં રાજ્યો જોડે વાંધો ચાલતો હતો, તે એટલો વધી પડ્યો કે સલાહ થયાને એક વર્ષ પૂરૂં થયા પહેલાં ફરીને વિગ્રહ ચાલ્યો, ને ગોદાવરીને કાંઠે બેઉ પક્ષની સેનાઓએ આવી જંગ મચાવ્યો. ખાનદેશનો પાદશાહ ખંડણી આપી અકબરની તાબેદારી કરતો હતો, તે પોતાનું સૈન્ય લઇ મુગલ શાહજાદાને મળ્યો. સામી બાજુએ ગોલકોંડા, બીજાપુર અને અહમદનગરની ફોજે સંપ કરી યુદ્ધે ચઢી. બે દિવસલગી ભારે સંગ્રામ થયો, પરંતુ એકે પક્ષને પાકો જય મળ્યો નહિ. મુગલોની કાંઇક ચઢતી થઇ; પણ તેઓ શત્રુની કેડે જઇ શકયા નહિ. મુરાદને ખાનખાનાન જોડે બનતું નહતું તેથી, તથા ફતેહ મળી નહિ તેથી, અકબરશાહે તેમને અધિકારપરથી દૂર કર્યા, ને તેમને ઠામે મુખ્ય વજીર અબુલ ફ્રઝલને મોકલ્યો. તે વજીરને એમ લાગ્યું કે દક્ષિણમાં પાદશાહ પંડે આવે તો ઠીક, અને અકબરને તેનું કહેવું ખરૂં લાગ્યું, તેપરથી સને ૧૫૯૯ માં તેણે પંજાબ છોડી દક્ષિણ તરફ કૂચ કરી. સિંધુ નદીની આસપાસના પ્રાંતોમાં ૧૪ વર્ષ થયાં પાદશાહનો મુકામ હતો. એ સમયમાં તે એક વખત કાસ્મીરની સરહદ ઉપર પખલી નામે જગાએ હતો તેવારે બરફ વરસ્યું તે જોઇને તે બોલ્યો કે "મેં ચાળીશ વર્ષે ફરીને આજે બરફ વરસતું દીઠું ને મારા સાથીઓમાંના ઘણાક હિંદમાં જન્મ્યા છે અને મોટા થયા છે તેમણે તો પૂર્વે કદી જોયું નથી." પોતાના અમલના ૪૩ મા વરસમાં તે દક્ષિણ જવા નીકળ્યો તે વારે રાજ્યધાનીમાં ન જતાં બારોબાર જવાનો તેનો વિચાર

પાદશાહના મુખ્ય પ્રધાન પેશ્વા કહેવાતા હતા, ને પછી ત્યાંના બીજા મુસલમાની રાજ્યમાં તે જ અર્થે વપરાતો હતો.

હતો; પણ શાહજાદાને મળવા બોલાવેલા તે આવ્યા નહતા અને તેમના વિષે કેટલીક ઉડતી વાતો સાંભળી, તેથી તેણે થોડીવાર પાટનગરમાં થોભવાનું દુરસ્ત ધાર્યું. અબુલ ફઝલને આજ્ઞા કરી કે શાહજાદા મુરાદને તેણે પંડે તેડી લાવવો, પણ જરૂર જણાય તો તેણે ત્યાં રહી મીરજાં શાહરૂખને મદદ કરવી અને મુરાદને મોકલી દેવો. પછી શાહ પોતે દક્ષિણ ગયા. સને ૧૫૯૯ ના વરસના મધ્યભાગે તેઓ નર્મદાતીરે પહોંચ્યા તેવારે દૌલતાબાદનો કિલ્લો તેની ફોજે વશ કર્યો હતો, અને તે જ વખતે બીજા કેટલાક ગઢ મુગલોને હાથ આવ્યા. બીજે વર્ષે (૪૪ મા વર્ષમાં) વરાડ અને ગંડવાનાની સરહદ ઉપર આવેલો એરાલ નામે ગઢ તથા અહમદનગરની પાસેનો નાસિક ગઢ એ બે તેમણે જીત્યા. એ જ વર્ષમાં એક માઠો બનાવ બન્યો. અકબરના ત્રણે કુંવરોને અતિશે દારૂ પીવાનું બુરૂં વ્યસન લાગેલું હતું. એ દુષ્ટ વ્યસને તેમાંના બેના પ્રાણ લીધા. શાહજાદો સુલતાન મુરાદ આ વખતે દૌલતાબાદથી વીશ કોશ ઉપર પુર્ણા નદીને કાંઠે દિહબારી નામે ગામની પાસેની છાવણીમાં મરણ પામ્યો.

તાપી નદીને તીરે બુરાનપુરમાં પાદશાહી સ્વારી આવી તેવારે શાહે અહમદનગરને ઘેરો ઘાલવાને શાહજાદા દાનીયાલને તથા ખાનીખાનાનને પૂરતું લશ્કર આપી મોકલ્યા. ચાંદબીબી ત્યાં કારભાર ચલાવતી હતી, પણ રાજ્યમાં અવ્યવસ્થા હતી. નિહંગ નામે હબસી સરદાર પહેલીવારના ઘેરામાં તેને મદદ કરવા આવ્યો હતો તે આ વખતે સામો થઈ અહમદનગરને ઘેરી બેઠો હતો. મુગલ સેના આવી તે વારે તે ત્યાંથી ખસી ગયો. તોપણ અંદર રહેલા સરદારોમાં કુસંપ હતો તેથી બચાવ કરી શકવાની આશા ન હોવાથી, ચાંદબીબીએ સંધિ કરવાનું કહેણ મોકલ્યું. કરાર કરવાની ભાંજગડ ચાલતી હતી તેવામાં તેના દુશ્મનોની શીખવણીથી સિપાઇઓએ જનાનખાનામાં પૂરી ચાંદબી-

બીને મારી નાખી. આ કામનાં માઠાં ફળ તેમને ભોગવવાં પડ્યાં. થોડા વખતમાં કોટ તોડી મુગલ ફોજે નગરમાં પેશી તેમને કતલ કર્યા, અને બાળક પાદશાહને પકડી ગ્વાલિયર ગઢમાં મોકલી દીધો. તોપણ બહાર છૂટા રહેલા સરદારોએ બીજે નામનો પાદશાહ ઠરાવી ઝગડો જારી રાખ્યો, તેનો અંત છેક શાહજહાનના અમલમાં સને ૧૬૩૭ માં આવ્યો.

ખાનદેશનો પાદશાહ અકબરનો તાબેદાર થયો હતો તેની જોડે આ ઘેરાની પહેલાં અણબનાવ થવાથી અકબરે તે પાદશાહીનો અંત આણી તે મૂલકને ખાલસા કર્યો. તેની રાજ્યધાની આશીરગઢમાં હતી તે જીતીને શાહજાદા દાનિયાલને તેનો સુબેદાર ઠરાવ્યો. વરાડ પણ તેને સોંપ્યું, અને તેને મદદ કરવાને ખાનીખાનાનને નીમી તથા અહમદ-નગરના રાજ્યનો બાકીનો ભાગ જીતવાને અબુલ ફઝલને આજ્ઞા આપી પંડે આગ્રે ગયા. ઉપડ્યા પહેલાં બીજાપુર અને ગોલકોંડાના પાદશા-હોના એલચીઓ નજરાણા લેઇને આવ્યા અને બીજાપુરવાળાએ પો-તાની કુંવરીને શાહજાદા દાનિયાલ વેરે પરણાવી.

યુવરાજ સલીમના બળવાને લીધે અકબરને આ વેળા હિંદુસ્તાન જવાની જરૂર પડી. તે શાહજાદાનું વય એ વેળા ત્રીશ વર્ષનું હતું. સ્વભાવે તે બુદ્ધિમાન્ હતો, પણ દારૂ અને અફીણના વ્યસનથી તે તામસી થઇ ગયો હતો, અને તેની અકલ મંદ પડી ગઇ હતી. પા-દશાહ થયા પછી તેણે પુસ્તક રચ્યું છે તેમાં તેણે પંડે લખ્યું છે કે "મારી જુવાનીમાં હું દરરોજ ઓછામાં ઓછા વીસ પ્યાલા દારૂ પીતો. એ દરેક પ્યાલામાં અર્ધો શેર દારૂ ભરતો. બે ઘડી દારૂ વગર જાય તો હાથ ધ્રૂજવા માંડે અને શરીરને ચેન પડે નહિ. તખ્તનશીન થયા પછી હું નિત્ય પાંચ પ્યાલા માત્ર પીતો અને તે પણ રાત્રે પીતો." પોતાના પિતાના મિત્ર અને વજીર અબુલ ફઝલ ઉપર તેને

હાડવેર હતું. તેની અદેખાઇ અને દ્વેષને સંતોખવાને અકબરે તે વજીરને થોડા વખત સુધી નોકરીથી દૂર કર્યો હતો અને પછી દક્ષિણ મોકલ્યો હતો. દક્ષિણમાં પોતે ગયા તે વેળા તેમણે સલીમશાહને યુવરાજ (પોતાની પછી ગાદીનો વારસ) ઠરાવ્યો. તેને અજમેરનો સુબેદાર નીમી ઉદેપુરના રાણા જોડે વિગ્રહ ચલાવવાનો અધિકાર સોંપ્યો, તથા રાજા માનસિંહને તેની મદદે મોકલ્યો. ઘણીવાર રસળ્યા પછી તે પોતાની નોકરીપર ગયો, અને ત્યાં કાંઇક જય પામ્યો એવામાં બંગાળામાં ફિતુર ઉઠ્યાના સમાચાર આવ્યા. માનસિંહ ત્યાંનો સુબેદાર હોવાથી પાધરો તેણીમેર રવાને થયો. આ નડતર વચમાંથી ગયું અને પાદશાહની સઘળી ફોજ દક્ષિણમાં કામે લાગી હતી એ જોઇ સલીમને હિંદુસ્તાનના પ્રાંતોના ધણી થવાનું મન થયું. પોતાને સોંપેલો પ્રાંત છોડી તે આગ્રે ગયો. પણ* ત્યાંના ગવર્નરે તે શહેરનો કબજો તેને ન આપ્યો, ત્યારે ત્યાંથી ઉપડી અલ્લાહાબાદ જઇ તેની પાસેના અયોધ્યા અને બહાર પ્રાંતોનો કબજો તેણે કર્યો, અને જામદારખાનામાં ત્રીસ લાખ રૂપિયા હતા તે લઇ પાદશાહપદ ધારણ કર્યું.

આ ખોટી ચાલથી અકબરને બહુ માઠું લાગ્યું, તથાપિ બાપ દિકરા વચ્ચે અંટસની ગાંઠ નહિ છુટે એવી ન પડવા દેવાનો અને વિરોધ ન વધે એવું કરવાનો તેણે પ્રયત્ન કર્યો. તેના મનમાં સલીમ ઉપર પૂર્ણ હેત હતું. પુત્ર કુપુત્ર થાય પણ પિતા કુપિતા થાય નહિ, એ નીતિવચન છે તેનું આ ઉદાહરણ છે. અકબરે તેને ખામોશી અને શીખામણયુક્ત પત્ર લખ્યું. તેમાં તેની અયોગ્ય વર્તણૂકનાં પરિણામ સૂચવ્યાં, અને પુત્રધર્મને માર્ગે પાછો ફરીશ તો પરીપૂર્ણ પ્રેમ નકી રાખીશ એવું

*એ વેળા તેની દાદીએ (અકબરની માએ) તેને મળવાની ઇચ્છા કરી ને શહેરથી કેટલેક છેટે સામી ગઇ; પણ તેને આવતી જાણી સલીમ ઉતાવળે જતો રહ્યો. એથી માજીનું મન બહુ દુઃખાયું.

જણાવ્યું. આ સૂચનાપત્ર મોકલ્યો અને પંડે આગ્રે આવ્યા. એ બંને કૃત્યોની અસર એ થઇ કે સલીમે તાબે થવાનો બહુજ નમતાઇ ભરેલો પત્ર મોકલ્યો, અને પિતાની સેવામાં હાજર થવાને એતાયાહ નામે ગામ સુધી આવ્યો. મનમાં ભય હોય કે સામા થવાનો ઇરાદો હોય તેમ તે પુષ્કળ ફોજ સહિત આવતો હતો, માટે અકબરે તેને જણાવ્યું કે મારા ઉપર ભરોસો હોય તો થોડા માણસો સહિત આવ, નહિ તો પાછો અલ્લાહાબાદ જા. સલીમ પાછો અલ્લાહાબાદ ગયો. કદાચ આ પાછા ફરવું ગુપ્ત કરારથી થયું હશે; કેમકે ત્યારપછી થોડા દિવસમાં પાદશાહે શાહજાદાને બંગાળા અને ઓરિસ્સા પ્રાંતો આપ્યા, અને શાહજાદાએ ક્ષમાદાન માગવાનો આજ્ઞાંકિત પુત્રને છાજે તેવો કાગળ લખ્યો. આ સમાધાનીનું ડોળ ચાલતું હતું તેવામાં સલીમ જેને પોતાનો વેરી ધારતો તેના ઉપર વેર લેવાનો દાવ તેને હાથ આવ્યો. આ કલ્પિત વેર વાળવાથી તેના જીવને ટાઢક વળી; પણ તેથી તેના બાપનો આત્મા ઘણો જ કલેશ પામ્યો. અકબરના હુકમથી આ વેળા શેખ અબુલ ફઝલ થોડાક રખવાળો સહિત દક્ષિણથી નીકળી હિંદુસ્તાન આવતો હતો. ગ્વાલિયરથી દક્ષિણે એક મજલપર સરાઇ બંગ કે સરાઇ બરાર નામે જગોએ તેને ઓચિંતો ઘેરી લેઈ મારી નાખવાની ગોઠવણ સલીમની શીખવણીથી નારસિંહદેવ બુંદેલા નામે રજપૂત ઠાકોરે કરી હતી. શેખના માણસોને આ ભયની ખબર પડવાથી તેમણે તેને ચેતાવ્યો, અને ભલામણ કરી કે કોશપર અંતરી મુકામે રાયરાયાં અને રાજા રાયસિંગ બે હજાર સ્વારો સહિત છે તેના રક્ષણમાં જવું. પણ શેખે જવાબ દીધો કે, "મોતથી ડરવું મિથ્યા છે, કેમકે તેનો સમય ખાળી શકાતો નથી. હું દરવેશનો દીકરો હોઇ મારી બહાદુરીથી ઉમરાવ પદ્દી પામ્યો છું તો બીજાનો આશ્રય લેવાનું નીચ કામ કેમ કરૂં?" આગળ ચાલતાં રજપૂતો તેના ઉપર તુટી પડ્યા ને તેને તથા તેના સિપાઇઓને તેમણે

કતલ કર્યા. અબુલ ફઝલનું માથું વાઢી લેઇ નારસિંહે શાહજાદા સલીમને મોકલ્યું. *આ ખબર અકબરને થતાં તે બહુજ શોક પામ્યો, ઘણું રડ્યો, અને બે દિવસ અને રાત અન્ન ખાધું નહિ અને ઉંઘ્યો નહિ. મૈયત મિત્રનાં પાપ માફ કરવાને તેણે પરમેશ્વરની પ્રાર્થના કરી અને નારસિંહને પકડવાને અને તેનો મૂલક ઉજડ કરવાને સખ્ત હુકમ આપી ફોજ મોકલી, પણ ખૂની પકડાયો નહિ. સને ૧૬૦૨. સલીમ આ કામમાં સામિલ છે એ વાતની તેને ખબર નહોતી, તેથી તેને મનાવવાનો પ્રયત્ન જારી રાખ્યો. સલીમની માના મરણ પછી અકબરની સલીમા નામે બેગમે તેને પોતાનો દત્તપુત્ર કર્યો હતો, તેને તેની પાસે ધીરજ આપવાને અને ખરા દિલની સલાહ કરાવવાને મોકલી. આ વિષ્ટી પાર પડી. સલીમે હજૂરમાં આવી પિતાને જાતે નમી ક્ષમા માગી. અકબરશાહે તેનો સત્કાર હમેશના હેતપૂર્વક કર્યો અને મૂગટાદિક રાજ્યાલંકાર ધારણ કરવાની પરવાનગી આપી.

અકબરનો એક કુંવર દારૂના વ્યસનથી મુઓ તોપણ તેથી તેના

---

* શેખ અબુલ ફઝલે સલીમની બદચાલની ખબર અકબરને કહેલી તે પરથી શાહજાદો તેના ઉપર ગુસ્સે થયો હતો. પંડે પાદશાહ થયા પછી તેણે ગ્રંથ લખ્યો છે તેમાં તેણે આ ખુન કરાવ્યાનું માન્યું છે, અને તેના બચાવમાં કહ્યું છે કે અબુલ ફઝલે કુરાનપરથી અકબરની આસ્થા ઉતારી અને મુસલમાની ધર્મ છોડાવ્યો, માટે તેને મારી નંખાવ્યો એ વાજબી કામ કર્યું. બાપની સામા બંડ કર્યું તેમાં પાપ નથી કર્યું એનું કારણ પણ તેણે એજ (અકબરનું ઇસ્લામી ધર્મ ઉપર નાસ્તિકપણું) બતાવ્યું છે. તખ્તે બેઠા પછી તુરત તેણે નારસિંહને મોટી પદ્દી આપી, અને પછી તે હમેશ તેના ઉપર મહેરબાની અને ભરોંસો રાખતો.

બીજા કુંવરો શિક્ષા પામ્યા નહિ. દાનિયાલને પણ તે ખરાબ લત હતી. તે છોડાવવાને અકબરે તેને પોતાને ગળે હાથ મૂકાવી સમ ખવડાવ્યા હતા, પણ તે ભૂલી જઈ વળી તેણે પુષ્કળ દારૂ પીવા માંડ્યો. અકબરે તેને પત્ર લખ્યો કે જો તને તારો બાપ વહાલો હોય તો એ બૂરી લત છોડી દે, અને તે ઝેરી વસ્તુ નજરે જોતો ના તથા તેનું નામ દેતો ના.

૪૮ મું વર્ષ. બંગાળાના કેટલાક હિંદુ અને અફગાન તાલુકદારોએ ઉઠાવેલું બંડ બેસાડવાના કામમાં રાજા માનસિંહ લાગેલો હતો તેવામાં આણીગમ વાંસવાડાના રાજાએ ફિતુર મચાવ્યું. મીરજાં શાહરૂખ તેની ઉપર ચઢ્યો. ઉદેપુરના રાજા જોડે ચાલતા ઝઘડાનો હજી અંત આવ્યો નહતો. આ વર્ષમાં પાદશાહે સલીમને તેને જીતવા જવાની આજ્ઞા કરી; પણ તે શાહજાદાને આ કામ કરવાની મરજી ન હોવાથી તેણે બાનાં કાઢ્યાં ને બહુ માગણીઓ કરી. તેથી અકબરે તેને અલ્લાહાબાદ જઈ તેની જાગીરનો વહિવટ કરવાને ફરમાવ્યું, ને શાહજાદો ત્યાં ગયો. બીજાપુરનો પાદશાહ ખંડણી મોકલતો નહોતો, તેથી શાહજાદા દાનિયાલને તેના ઉપર સ્વારી કરવાનો હુકમ આપ્યો; પણ તે માંદો હોવાથી તેણે પોતાની તરફથી ધમકીનો પત્ર આપી એક વકીલને તે દરબારમાં મોકલ્યો. આ વર્ષમાં પોતાના રાજ્યના બધા ભાગોમાં ધર્મશાળા બાંધવાનો તથા અન્નક્ષેત્રો સ્થાપવાનો હુકમ અકબરે કર્યો. પાદશાહના ભત્રીજા (મીરજાં હકીમના શાહજાદા) કૈકુબાદને નીશો કરવાની ભારે લત લાગવાથી તેને રાજા જગન્નાથને હવાલે કરી રણથંભોર ગઢમાં તે વ્યસન છોડતાં સૂધી કેદ કર્યો.

૪૯ મું વર્ષ. બીજાપુરના શાહ અલીદે ખંડણી આપવાનું તથા પોતાની બેટી દાનિયાલને દેવાનું કબૂલ કરવાથી તે લેવાને પાદશાહે મીરજાં ઇરીચને મોકલ્યો, અને એ લગ્ન કરવાને દાનિયાલ પાંચ

હજાર સ્વારો સાથે અહમદનગર ગયો. સલીમે અલ્લાહાબાદ જઇને દારૂ પીવામાં અને અફીણ ખાવામાં એટલો બધો વધારો કર્યો કે તેની તબિયત બગડી, અને તેનો સ્વભાવ બહુ ચીઢીઓ અને જૂલમી થઇ ગયો. તેના હજૂરીઆ નોકરો પણ તેની પાસે આવતાં ડરતા હતા. સહજ ચૂકને માટે તે ભારેમાં ભારે સજા કરવા લાગ્યો. જે ક્રૂર સજાઓથી તેનો દયાળુ પિતા કંટાળ્યો હતો અને જે કરવાની તેણે પોતાના રાજ્યમાં ઘણાં વર્ષ થયાં મના કરી હતી તે સલીમે કરવા માંડી. તેને તેના વડા શાહજાદા ખુશરૂ જોડે બનતું નહોતું. ખુશરૂની અવિચારી ચાલથી તેના બાપને માઠું લાગે તેવું હતું. બાપ દીકરાના કજીઆ સંબંધી કાંઈ એવો બનાવ બન્યો કે તેથી ખુશરૂની મા રીસમાં ઝેર ખાઇને મરી ગઈ. એ બાઈ સલીમની માનીતી રાણી અને રાજા માનસિંહની બેન હતી. અકબરનામાના સાંધણમાં લખ્યું છે કે સલીમના જનાનખાનામાં સર્વ ઉપર હુકમ ચલાવવાનો તેને લોભ હતો, અને કોઇ જરા સામું થાય તો તે ઘણી કોપાયમાન થતી. એક દિવસ તેની કોઈ શોક જોડે ટંટો થયો તેવારે સલીમશાહ શિકારે ગયો હતો. એ લાગ જોઇ તેણીએ ક્રોધના આવેશમાં મસ અફીણ ખાઇ આપઘાત કર્યો. તેને માંદી થયાના સમાચાર જાણી સલીમ તુરત પાછો ફર્યો; પણ તેના આવ્યા પહેલાં તે મરી ગઈ. તે બહુ વહાલી હોવાથી સલીમ અતિ ખેદ પામ્યો, અને બળતામાં તેલ હોમાયા જેવું થયું. ત્યાર પછી તેનો સ્વભાવ વધારે આકરો થયો, ને તે વધારે નિર્દયપણું કરવા લાગ્યો. એક જીવતા માણસના આખા અંગની ચામડી તેણે ઉતેડાવી. તે જાણી અકબરશાહ ખેદ પામી બોલ્યા કે મરી ગયેલા પશુની ચામડી ઉતેડતાં જોઇ જે પુરુષને કંટાળો આવે છે તેનો પુત્ર જીવતા આદમીની ચામડી ઉતેડાવવાનો ગુન્હો કેમ કરી શકે છે તે સમજાતું નથી. એ શાહજાદાને સુધારવાને શું કરવું તેના વિચારમાં તેનું મન

શું ચલાતું હતું, તેવામાં તેને સૂઝયું કે પત્ર વડે કે બીજા આદમીની મારફતે શીખામણ દઈશ તે કરતાં હું જાતે જઈને બોધ કરીશ તેની અસર વધારે થશે. એ વિચાર મનમાં ઠસવાથી પાદશાહ અલ્લાહાબાદ જવા નીકળ્યા. એક મજલ ચાલ્યા એટલામાં તેની મા એટલી માંદી થઈ ગઈ કે ખેપીએ આવી કહ્યું કે તેનું મોં જોવું હોય તો એકદમ પાછા ફરો. પાદશાહ શોકાતુર થઈ તરત પાછા વળ્યા, અને માતાને અંતકાળે આવી મળ્યા. જનેતાનો શોક અકબરે ઘણો પાળ્યો. ગમીનાં વસ્ત્ર પહેર્યાં, માથું અને દાઢી મૂંડાવ્યાં, ને તમામ ઝવેર અંગેથી ઉતારી નાખ્યું. શબને દિલ્હી લેઈ જવાને ઉપાડ્યું તેવારે અકબરે ખાંધ દીધી અને અમીર ઉમરાવોએ પણ તેમ કર્યું. દિલ્હીમાં તેના પતિ હુમાયુંની કબર પાસે તેને દાટી.

૫૦ મું વર્ષ.—અકબરનું અલ્લાહાબાદ આવવાને નીકળવાનું અને માર્ગમાંથી પાછા ફરવાનું કારણ જાણીને, અને કદાચ પુત્રધર્મની કે સ્વાભાવિક પિતાપ્રેમની લાગણી મનમાં ઉઠી આવ્યાથી, અથવા આ વેળા દરબારમાં હાજર હોવામાં પોતાને લાભ છે એવું મનમાં આવ્યાથી સલીમ આગ્રે ગયો. અકબરે તેનો હેતપૂર્વક સત્કાર કર્યો, તથાપિ થોડા વખત લગી નજરકેદ રાખ્યો. આ પરહેજથી તેનું અપમાન ન થાય તેથી, કે બહુ મદિરા પીતો અને મસ અફીણ ખાતો અટકાવવાને, તેને હકીમની દેખરેખમાં રાખ્યો. થોડા વખતમાં તેને સ્વતંત્રતા આપી તેનાપર કૃપાદૃષ્ટિ કરી, તોપણ તેના સ્વભાવનું આકળાપણું ઘટ્યું નહિ. એક વેળા સાહમારીમાં હાથીની લઢાઈ જોવા ગયો હતો ત્યાં અકબરની રૂબરૂ ખુશરૂ જોડે એટલું લઢયો કે તે વેળા સર્વના દેખતાં તેની બેઆબરૂ થઈ. ખુશરૂ પણ બાપની સામો ઉદ્ધતાઈ કરતો, અને અકબર તેના ઉપર ગુસ્સે થાય તેવું કરવામાં કસર રાખતો નહિ. એવું સંભવે છે કે ગાદીનો વારસ થવાના ઇરાદાથી તે વર્તતો હતો. સલીમે જહાંગીરના-

મામાં લખ્યું છે કે અકબરના મનમાં પણ એ વિચાર એક વાર આ-વ્યો હતો. વાસ્તવિક એ હતું કે અકબરનો માનીતો ખુશરૂ નહતો, પણ સલીમનો ત્રીજો અને સર્વથી નાનો કુંવર ખુર્રમ (જે આગળ શાહજહાં થયો તે) હતો, અને સલીમને પણ પોતાના ત્રણે દીક-રામાં તે વધારે વહાલો હતો, અને એ જ કારણથી નારાજી થઇ ખુશરૂ કંકાસ કરતો.

આગળ જણાવ્યું છે કે શાહજાદો મુરાદ દારૂના વ્યસનથી મરી ગયો. આ વેળા ખબર આવી કે શાહજાદો દાનિયાલ પણ તે જ કાર-ણથી મરણ પામ્યો. એ* અકબરનો ત્રીજો ને ત્રણેમાં નાનો દીકરો હતો. બહુ કેફથી તેની તન્દુરસ્તી બગડી ને તે ઘણો નબળો પડી ગયો, તેવારે અકબરે સમ ખવરાવી સુરાપાન નહિ કરવાનું તેની પાસેથી વચન લીધું હતું, અને તેની સાથે જે ઉમરાવોને રાખ્યા હતા તેમની મારફતે એવો બંદોબસ્ત કર્યો હતો કે તેને કોઇ દારૂ લાવી આપે નહિ. પણ દાનિયાલે પોતાના હજૂરીઆ નોકરોને બહુ લાંચ આપી ફોડ્યા. તેઓ બંદુકની નળીમાં અને પાઘડીમાં સંતાડેલી સીસીઓમાં ગુપ્ત રીતે તેને દારૂ પહોંચાડતા. એથી જીંદગીનો અંત આવ્યો. આ આફ-તથી અકબરના પ્રેમાળ મનને ભારે ધોકો લાગ્યો. પ્રેમનું બળ જેમ વધારે તેમ એવી આપત્તિથી ખેદ જાસ્તી થાય છે. વહાલા પુત્રોનાં અને દીલોજાન દોસ્તોનાં મૃત્યુ તથા સલીમની માઠી ચાલ, અને ખુશરૂએ ઘરમાં આણેલો કલેશ, એ સર્વેએ એના તનમનપર માઠી અસર કરી.

કેટલાક વખતથી અકબરની તબીયત બગડી હતી. અને ૧૬૦૫ ના સપ્ટેમ્બર માસના મધ્ય ભાગે રોગનું જોર વધ્યું અને ભુખ બિ-

---

*એ વેળા એની ઉમ્મર ત્રીસ વર્ષની હતી એમ એલ્ફિન્સ્ટન કૃત ઇ-તિહાસમાં લખ્યું છે, પણ અકબરનામાના સાંધણમાં તેત્રીસ વર્ષ કહ્યાં છે.

લકુલ જતી રહી. અન્ન ખવાય નહિ પછી જીવવાની આશા શી? અકબરનામાના સાંધણમાં લખ્યું છે કે તા. ૧૨ મી આબાન (ઇરાની માસ) આરબી માસ જુમાદલઅવ્વલ હી. સ. ૧૦૧૪ (સપ્ટેમ્બર ૧૬૦૫) ને દિવસે મંદવાડ જણાયો ત્યારે દરબારના વૈદ્યોમાં સૌથી હોંશિયાર હકીમ અલી હતો તેને બોલાવ્યો. રોગપરીક્ષા કરીને તેણે આઠ દહાડા કાંઇ દવા આપી નહિ, કેમકે તેને એમ લાગ્યું કે પાદશાહના અંગકૌવતથી જ વ્યાધિ મટશે. નવમે દિવસે નબળાઇ અને રોગનું જોર જાસ્તી જણાયું ત્યારે તેણે ઉપાય કરવા માંડ્યા, પણ તેથી દસ દહાડા સુધી કાંઇ ગુણ થયો નહિ. પેટનું દરદ વધ્યું અને ઉઠવાની શક્તિ ગઇ. ભાન છેક આખર લગી રહ્યું, પણ કામકાજ કરી શકાયું નહિ. હવે દરબારમાં રાજ્યાસનને માટે ખટપટ ચાલી. અકબરના ત્રણ દીકરામાં વડો સલીમ હતો, અને તેનાથી નાના બંને મરી ગયા હતા તેથી તેનો પૂરો હક્ક હતો. પણ બળવો કરવાથી તેની આબરૂ ઘટી હતી, ને આ વેળા તે કાંઇક માનભંગ, પોતાના મળતીઆથી અને જાગીરથી દૂર હતો. તેની સામો થનાર તેનો વડો કુંવર ખુશરૂ હતો. રાજા માનસિંહ ખુશરૂનો મામો હતો અને અકબરના સેનાપતિઓમાં ખાનીઆજીમ પહેલા દરજ્જાનો હતો. તે તેનો સસરો હોવાથી એ બેનો તેને આશ્રય હતો. આ શાહજાદો પાદશાહ થાય તો પોતાને લાભ થાય, માટે તેમણે તેને ગાદી અપાવવાની ગોઠવણ કરી. આથી સલીમને પોતાની જાતની સલામતીને માટે ભય લાગ્યો, ને પોતાની તબીયત નાદુરસ્ત હોવાનું બાનું કાઢીને બાપને જોવા ગયો નહિ. ખુશરૂ છેક લઘુ વયમાં છતાં બાપનું કહ્યું ન માનીને, અને પોતાના ભયને ન ગણકારી દાદાની પાસે રહી બોલ્યો કે જીવતા છે ત્યાંસુધી હું એમની પાસેથી ખસનાર નથી. સલીમને મળવાને અકબરનો જીવ તલપવા લાગ્યો ને તે આવતો નથી તેનું કારણ તે સમજ્યો. તેને મળવાની

ઇચ્છા ઘણીકવાર જણાવી, અને રાજ્યનો વારસ ઠરીને નીમ્યો, તથા ખુશરૂને બંગાળા પ્રાંત જાગીરમાં આપવાનું કહ્યું. પાદશાહની આમ જાહેર કરેલી ઇચ્છાથી અને જે મોટા ઉમરાવો હજી સલીમના પક્ષમાં હતા તેઓની કોશીશથી જે ઉપનાયકો સામી બાજુએ હતા તેઓ તેની તરફ આવ્યા. હવે આઝીમે જોયું કે હું હઠ કરીશ તો એકલો પડી માર્યો જઇશ; તેપરથી તેણે શહાણપણે સલીમને મળી જવાની ખાનગી વિષ્ટી ચલાવી. માનસિંહની સત્તાનો આધાર પોતાના રજપૂત લસ્કરપર હતો. તે જોદ્ધા તેના સેવક હતા, પાદશાહના નહતા, તેથી તેને આઝીમ જેવું ભય નહતું; તોપણ એકલો પડી જવાથી તથા સલીમે માનપૂર્વક તેની મદદ માગી તેથી તેણે તેનો પક્ષ સ્વીકાર્યો. હવે સલીમ મહેલમાં ગયો ને અકબરશાહ તેને બહુ પ્રેમથી મળ્યા. પિતાના અંતકાળનું વર્ણન સલીમે પંડે નીચે પ્રમાણે કર્યું છેઃ—"જે ઓરડામાં પાદશાહ સુતા હતા તેમાં બધા ઉમરાવોને તેડી લાવવાનું મને કહી તેઓ બોલ્યા કે "જેઓ એટલા બધા વર્ષ લગી મારી જોડે મહેનત કરતા હતા, અને મારી સુકીર્ત્તિના સાથી છે, તેઓને તમારી જોડે અણબનાવ રહે એ મારાથી ખમાય નહિ." જ્યારે તેઓ એકઠા થયા ત્યારે તેણે સમયને ઘટે તેવું ભાષણ કર્યું, ને પછી બધાપર નજર કરી આતુરતાથી વિનંતિ કરી કે, તમારામાંથી કોઇનો મેં અપરાધ કર્યો હોય તો તેમણે મને ક્ષમા કરવી. એ સાંભળી સલીમની છાતી ભરાઇ આવવાથી તે પિતાને પગે લાગી રડી પડયો. આ વેળા થાકથી અકબર બોલી શકયો નહિ, પણ પોતાની વહાલી સમશેર ભણી આંગળી દેખાડી ઇશારતથી તેણે સલીમને કહ્યું કે હાલ મારી રૂબરૂ તું એ તારી કમરે બાંધ. થાક ઉતર્યા પછી તેણે સલીમને આતુરતાપૂર્વક કહ્યું કે, મારા જનાનખાનાની નારીઓને સુખી રાખજે, અને મારા જૂના મિત્રોને અને આશ્રિતોને ભૂલતો કે તજતો નહિ. ત્યાર પછી એક મોટા મુલ્લાજી સલીમનો

દોસ્ત હતો તેને તેડાવી તેની આગળ અકબરશાહ મુસલમાની ધર્મનો મુખ્ય મંત્ર ભણ્યા અને બીજી ઇસ્લામી ક્રિયા કરી પરલોક સિધાવ્યા."

આગ્રાની પાસે અકબરની કબર છે તેનું વર્ણન બિશપ હીબરે આ પ્રમાણે કર્યું છે:—મધ્ય ભાગની ઇમારત ઘનશંકુ આકારના જેવી છે, ને તેની આસપાસ ચારેભણી પરસાળો અને તે ઉપર શિખરો છે. મધ્ય ભાગ ઉપલાણે થોડા થોડો નાનો થતો જાય છે, ને તેને મથાળે ધોળા આરસની અગાશી છે; અને અગાશીની આસપાસ બહુ નકશીદાર ધોળા આરસની જાળીઓ છે. મધ્ધે નાના ચોતરા ઉપર ધોળા આરસની કબર છે. એ સુંદર આરસ ઉપર ખુબસુરત આરબી હરફ કોતર્યા છે, અને તેને શોભાવે તેવું બારીક અને સુંદર નકશી કામ છે."

અકબર શરીરે સુદૃઢ અને રૂપાળો, ખુશનુમા ચહેરાનો, અને બોલવે ચાલવે મનોહર હતો. તેની ચામડી ગોરી અને બુદ્ધિ વિશાળ હતી. તેનામાં અંગબળ અને ચપળતા પુષ્કળ હતાં. જુવાનીમાં મદિરાપાન અને અનેક પ્રકારનાં ગળ્યાં અને સ્વાદિષ્ટ ભોજનનો શોખી હતો, પણ એ શોખ થોડાં વર્ષમાં છોડી દેઇ બેઉ વાતે પરહેજગાર થયો. વર્ષમાં અમુક દિવસે માંસાહાર કરતો નહિ. એ દિવસોનો સરવાળો કરતાં આશરે વર્ષમાં ત્રણ માસ થતા. તેને તત્વજ્ઞાનપર ઘણી રૂચિ હતી, માટે ઉંઘવાનો વખત ઘણો થોડો રાખી તે ઘણીવાર આખી રાત વિદ્વાનોના સંવાદ સાંભળવા બેસતો, ને બીજા વખતે પણ તે નિદ્રાવશ થવામાં ઝાઝો કાળ કાઢતો નહિ. ઘણીખરી વાર તેને વિગ્રહના કામમાં રોકાવું પડતું, અને બીજા હરકોઇ પાદશાહે મુલકી રાજ્યવહીવટમાં એના જેટલો સુધારો કર્યો નથી, તેમ છતાં વખતની યોગ્ય વહેંચણ કરવાથી તથા ઝટ કામ કરવાની ચતુરાઇએ કરીને તેને અભ્યાસ અને ગમ્મતને માટે પુષ્કળ અવકાશ મળતો. તેને સાઠમારી, અંગબળની કસરતો

અને ચતુરાઇના ખેલ જોવાનો શોખ હતો; પરંતુ સર્વથી વધારે આનંદ તેને શિકારમાં લાગતો. તેમાં વિશેષે કરીને વાઘ મારવાની અને હાથીનાં ટોળાં પકડવાની તેને ઘણી હોંશ હતી; કેમકે તેથી તેની સાહસ કરવાની અને શ્રમ પામવાની તૃષ્ણા સંતોષાતી. વખતે માત્ર કસરતને વાસ્તે જ તે ઘણો થાક લાગે એવા પ્રવાસ ઘોડે કે પગે કરતો. એક વાર ઘોડેસ્વાર થઇ અજમેરથી આગ્રે (૨૨૦ માઇલ) બે દિવસમાં ગયો હતો. વખતે એક દિવસમાં ત્રીશ કે ચાળીસ માઇલ પગે ચાલતો. એનો ઇતિહાસ એની અવિચારી બહાદુરીના દાખલાથી ભરપૂર છે. જેમ કોઈ હેતુ પાર પાડવાને કારણસર ભયમાં કુદી પડતો, તેમજ વિનાકારણ, માત્ર ભયમાં પડવાના શોખને લીધે પણ તેમાં ઝંપલાવતો. તથાપિ તેને વિગ્રહ ઉપર પ્રેમ ન હતો. યુદ્ધે ચઢવાને તે સદા તત્પર હતો, અને ખપ હોય ત્યાં લગી રણમાં રહી પોતાની અક્કલ અને પોતાના ઉત્સાહનો ઉપયોગ કરતો; પણ વિગ્રહનું મુખ્ય પરિણામ નક્કી થયું એટલે બાકીનાં નાનાં કામ પૂરાં કરવાનું પોતાના સેનાપતિઓને સોંપી, પંડે રાજ્યનો સામાન્ય કારભાર કરવાને પાછો જતો. વખતે વિગ્રહસ્થાને લાંબી મુદત સુધી રહેવું પડતું, પણ જ્યારે તે પૂરો થતો ત્યારે જય પરિપૂર્ણ મેળવતો. રાજ્યધાનીથી દૂરના પ્રાંતો એણે જેવા પૂરા વશ કર્યા તેવા એની પૂર્વે બીજા કોઇએ કર્યા નહતા. એ રાજ્યલોભી નહતો એમ કહેવાય નહિ; પરંતુ જે દેશો પહેલાં દિલ્હીના પાદશાહોને તાબે હતા તે એણે જીત્યા ન હોત તો, તે કાળના લોકમાં વખણાય'ને બદલે તે વગોવાત.

એક વિદ્વાન પારસી ગૃહસ્થ આગ્રા શહેર જોઇ અકબરની કબરનાં દર્શન કરવા ગયો હતો, તેણે તા. ૧૮ મી નવેંબર ૧૮૮૩ ના ઇન્ડિયન સ્પેક્ટેટરમાં પોતાના વિચાર ઇંગ્રેજી બોલીમાં જણાવ્યા છે તેનો ઉતારો અહીં દાખલ કરવા જોગ છે:—

" Hie thee to a better scene, honest traveller. Go to Sekandra of which the soul never tires. In this secluded spot, about 5 miles from Agra, rest the bones of the greatest Oriental monarch of modern times—why not the greatest among all monarchs! As conqueror, ruler, and builder-up of a united nationality, Akbar stands preeminent in Asia. He has also a title to be placed among the greatest reformers of the world, though he was too much of a royal prince to shine as a reformer. I cannot find when Akbar tried to pose as a prophet, though he appears to have been fond of taking up the role of a philosopher. This was a weakness. But his life will always shine a brilliant phenomenon in human hitory. In early youth, when his destiny was trembling in the balance, with the powerful and unscrupulous Behram to keep at bay, he showed the patience of his Persian mother, probably a Zoroastrian, at heart. His manhood was glorious in which he exhibited the tact of his father and the enterprise of his grandfather. His age was a solemn warning—a soul torn asunder by doubts, and uncertainties about things spiritual, now yielding to the unctuous fanaticism of the Mohla, then resuming

its usual calm dignity, falling back upon "the saving grace of common sense." His end was hastened by quarrels between his sons and grandsons—it is awful to contemplate the foundations of a mighty intellect thus sapped by domestic broils.

As a conqueror Akbar's career was not perhaps so dazzling as of one or two others, but in the essential qualities he was second to none. What does him infinite credit is that our hero was never wanting in aggression nor relentless in retribution. As a ruler he tempered justice with humanity—I can conceive no spectacle more sublime than Akbar standing under the canopy of Heaven dispensing justice in person and in sight of the "wild world"—the *álam.* He gathered round him the best advisers Hindu and Mussulman. The elegant Abul Fazal and the accomplished and sagacious Todar Mall would grace any court or deliberative assembly, and of any time. The English have learnt a great deal from Akbar. They have something more to learn—his almost divine impartiality between Mussulman and Hindu—and his making India his Home, obviating all Home Charges!

Akbar has ben charged with treachery in one or two instances But the charge has never been brought home to him seriously. The great seldom escape envy. His domestic character was blameless. To be sure, he was too much married even for a wise and powerful monarch But his instinct seems to have been monogamous. Why did he take to him so many wives ? —Well, I think these were *political marriages*, to strengthen the bond of union between Hindu and Mussulman. The Hindu wives were in a sense, hostages to keep their fathers, Akbar's principal feudatories, in order. His favourite queen was the Jodhpore Bai, Jehangir's mother. As a proof of his earnest desire to make the two people one, we are told that Akbar encouraged marriage between Hindu bridegroom and Mussulman bride, and that he was himself not averse to such a union between one of his own daughters or cousins and a Hindu favourite. Bitter were the results of his own polygamous alliances.

In affairs of Faith as well as State, Akbar was an eclectic. I believe his influence remains in these parts—Hindus and Mussulmans seem to live in greater amity than elsewhere. You will

of course, confront me with the "Cow question" now agitating Agra. Well, from what local inquiries I have been able to make, it is the work of a few bigots and malcontents. If the Mohlas and the Brahmins were tied back to back and thrown into the sea, the cow question would be settled out of hand.

It is said that the new faith established by Akbar, on the basis of primitive Zoroastrianism—the worship of the Invisible in presence of the symbolic elements, especially the sun, disappeared with the fall of the Mogul Empire. I doubt this. ALLA HO-AKBAR: JILLI-JALALI-HU! A grand idea never dies. There must be numerous followers of the faith in India, and I should fancy, in Persia, though in Arabia it could have no chance. Ram Mohan and Keshub Chunder seem to have taken up Akbar's plan.

Of the five or six tombs at Sekandra Akbar's is the simplest, I mean, the one covering his bones. There is a duplicate on the top floor richly ornamented, with the receptacle for the Kohi Noor gaping aside, and with the 99 names of God inscribed on it. The explanation is that this false tomb is to prevent another being made

there, sitting as if it were on the breast of the mighty sleeper below. A fine conceit. But I fancy the ornamental tomb atop was meant for ladies of the zenana and perhaps for Jahangir and his sons, where they could do the *sezda* without having to associate with the commons below. The other tombs are Akbar's daughters' and grand-children's. In the beautiful moonlit night I performed ablutions in the right Oriental fashion, offered prayers and flowers, and listened to the Mohla's eulogy on the great departed. *Hoo, hoo wah shabas kya kalam sunahe!* After a frugal picnic outside the dome, a little rest and farewell I started for Delhi by the 10 P. M. train. No Parsi visits Akbar's tomb without mingled feelings of love and reverence or leaves it without ordering flowers and incense to be used for a certain period. No parsi family album should be without Akabar's photo in it. There is greater truth in the rough old rhyme than people seem to believe:—

Meherji Rana baraji shyana, Pura banda sahabka.
Shah Akbarko Sudreh Penaya, Dekho mojeza Mazhabka.

Agra, Nov. 3.   ATHA."

પ્રકરણ ૧૦ મું.

અકબરની રાજનીતિ—પોતપોતાનો ધર્મ પાળવાની રૈયતને છૂટ-ધર્મ સંબંધી વિચારમાં ફેરફાર-વિદ્યાને ઉત્તેજન-ધર્મ વિષે સંવાદ-કેટલાક મુસલમાની રિવાજની અને હિંદુ વહેમોની મનાઇ—હિંદુઓપર કૃપા—મુસલમાનોની ઇતરાજી-અકબરનો નવો ધર્મ પસર્યો નહિ-વસુલાતની પદ્ધતિ-સુબા ક ઇલ્કાક-ફોજમાં સુધારો-મહેલખાતુ અને દરબાર-પ્રજામત પૂછવાનો ચાલ પાડ્યો નહિ.

કેટલીક હકીકત પાછલાં પ્રકરણોમાં જણાવી છે તે અકબરનાં કૃત્યોનું અવલોકન કરવાને અર્થે અહિં ફરીને કહેવામાં આવશે. જેના રાજકારભારથી માણસજાત સુખી થઇ છે એવા સર્વોત્તમ રાજ્યકર્ત્તાઓની પંક્તિમાં અકબરશાહ બિરાજે છે, તેનું કારણ પોતાની પ્રજાપર રાજ્ય ચલાવવાની તેની સુનીતિ છે. ધર્મ અને મુલકી વહીવટમાં એ સુનીતિ અનેક રૂપે જોવામાં આવે છે. પ્રજાને ધર્મ સંબંધી છૂટ આપવાનો વિચાર અકબરે પોતાના અમલનાં પહેલાં વર્ષોમાં, અને મુસલમાની ધર્મના ઇશ્વરપ્રેરિતપણા વિષે તેના મનમાં સંદેહ ઉત્પન્ન થયો તેની અગાઉ, અને તેના આધાર વિના દર્શાવ્યો હતો. એ વિચારને લીધે તેને બીજા ધર્મોના મત જાણવાનું મન થયું, અને તેમ કરવામાં વહેમ નડ્યો નહિ; પરંતુ તેથી તેને પોતાના ધર્મના ધર્માંધ માણસો જોડે દુશ્મનાઇ થઇ. આમ થવાથી તેને સ્વધર્મ ઉપર અનાસ્થા અને કુરાનને અચૂક પ્રમાણ માનવા વિષે શંકા ઉત્પન્ન થઇ હશે. રાજ્યના બધી જાતના લોકો સ્વીકારે એવા એક નવા ધર્મના રાજકીય લાભ પણ તેને સૂઝ્યા હશે. પોતાની કારકીર્દીના પહેલા ભાગમાં મુસલમાની તીર્થ

યાત્રા કરવામાં અને મુસલમાની સાધુઓને માન આપવામાં તે ચુસ્ત હતો. પોતાના અમલના ૨૧ મા વર્ષમાં મક્કે હજ કરવા જવાનો મનસૂબો ખરા દીલથી તેણે કર્યો હતો. ૨૪ મા વર્ષમાં (ઇ. સ. ૧૫૭૯ માં) તેણે પોતાના સુધરેલા વિચાર પ્રગટ કર્યા.

મુસલમાની સાધુ સંતોમાં સુધરેલા વિચાર ઘણાના હોય છે. જે સાધુઓ પાસે અકબર જતો તેમાંના કોઇથી એને જ્ઞાન મળેલું હોય એ અશક્ય નથી; પરંતુ સ્થાપિત ધર્મપરથી અકબરની આસ્થા ઉડાડવાનું તહોમત, મુસલમાની ગ્રંથકર્ત્તાઓ ફૈઝી અને તેના ભાઇ અબુલ ફઝલ ઉપર મૂકે છે. આ બે નામાંકિત પુરુષો મુબારિક નામે વિદ્વાનના દીકરા હતા. મુબારિક બહુધા નાઘોર નગરનો વતની હતો અને ત્યાંથી આગ્રે આવી એક મદ્રેસા ચલાવતો હતો. પ્રથમ તે સુન્ની હતો, પછી શીઆ થયો; ને ત્યાર પછી પ્રાચીન પંડિતોની ફીલસુફીનાં એટલે તત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવા લાગ્યો, એટલે વહેમથી મુક્ત થયો. તેના શત્રુ તેને નાસ્તિક કહી એટલા સતાવવા લાગ્યા કે મદ્રેસા બંધ કરી તેને સહકુટુંબ આગ્રેથી નાસવું પડ્યું. તેના દીકરા દેખાઇતા મુસલમાન હતા; પણ એમ સંભવે છે કે તેઓના મનમાં ઊંડી આસ્થા મૂળથી જ નહિ હોય.

હિંદુશાસ્ત્રનો અને વિદ્યાનો અભ્યાસ* કરનાર પહેલો મુસલમાન હિંદમાં ફૈઝી હતો. અકબરની આજ્ઞાથી તેણે એમ કરવા માંડ્યું કે પોતાની મેળે, તે નક્કી જણાતું નથી, પણ પછી તેને અકબરની સહાય પુષ્કળ મળી, અને તેના કહેવા પ્રમાણે તે વર્ત્યો. કાવ્ય† અને તત્વજ્ઞાનનાં

*બગદાદના પ્રથમના ખલિફાઓના વખતમાં કેટલાંક વૈદ્યક અને ખગોળનાં પુસ્તકોનાં ભાષાંતર સંસ્કૃતમાંથી આરબીમાં થયાં હતાં.

†ફૈઝીએ નળદમયંતીના કાવ્યનો તરજુમો કર્યો, અને તે ઉપરાંત ન

પુસ્તકોનાં તથા ભાસ્કરાચાર્યકૃત બીજગણિત અને લીલાવતીનાં ભાષાન્તર કર્યાં. બીજા વિદ્વાનો બીજા ગ્રંથોના તરજુમા કરતા હતા, તેપર ફૈઝીની દેખરેખ હતી. ચારમાંના એક વેદનું, રામાયણ અને મહાભારતનાં, તથા રાજતરંગિણી નામે કાશ્મીરના ઇતિહાસનાં ભાષાન્તર એ રીતે થયાં. એ બધા તરજુમા ફારસીમાં કર્યા હતા. વળી અકબરે ફરાબતુન નામે પાદ્રીને ગોવેથી તેડાવી તેના હાથ નીચે કેટલાક તરુણોને ભણવા મૂકયા. તેઓ ગ્રીક ભાષા શીખી તેમાંનાં પુસ્તકોનાં ભાષાન્તર ફારસીમાં કરે એવી મતલબ હતી. બાઇબલનું ભાષાન્તર કરવાનું કામ શાહે ફૈઝીને સોંપ્યું.

કારકીર્દીના ૧૨ મા વર્ષમાં ફૈઝીને અકબરની મુલાકાત થઇ, ને ત્યાર પછી ७ વર્ષે અબુલ ફજલને થઈ. થોડાં વર્ષમાં એ બંને ભાઈ પ્રાણપ્રિય મિત્ર અને અવિયોજ્ય સાથી થયા. ધર્મ સંબંધી બાબતમાં અને વિદ્યાને ઉત્તેજન આપવાના વિષયમાં તેઓ તેના મંત્રી થયા એટલુંજ નહિ, પણ રાજ્યના અગત્યના કામમાં તેમના અભિપ્રાય પૂછવામાં આવતા અને મોટાં રાજકાજ તેમને સોંપવામાં આવતાં. દક્ષિણ દેશપર સ્વારી કર્યાની પૂર્વે ફૈઝીને એલચી ઠરાવી ત્યાંના પાદશાહો કને મોકલ્યો હતો, અને અબુલ ફઝલ અંતે મોટામાં મોટી લશ્કરી પદવી પામ્યો અને મુખ્ય વજીર થયો. અબુલ ફઝલના મરણથી અકબરને ખેદ થયો તે પાછળ વર્ણવ્યો છે; અને ફૈઝીનો કાળ થયો તેવારે જે દિલગીરી શાહને લાગી તેનું બ્યાન ફૈઝીના દુશ્મને કર્યું છે, તેથી તે ઉપર વધારે ભરોસો રાખી શકાય. મધ્યરાત્રે અકબરને ખબર થઇ કે ફૈઝીનો અંતકાળ છેક નજીક આવ્યો છે. ખબર થતાં વારને પાદશાહ તેની પાસે

વી કવિતા અને ગદ્ય ગ્રંથો ફારસીમાં કર્યા. અબુલ ફઝલ કરતાં તેને વિદ્યાભ્યાસપર વધારે શોખ હતો અને દુનિઆદારીનાં કામ ઓછાં ગમતાં.

ગયા. એ વેળા ફૈઝી અચેત થયો હતો. અકબરે તેનું મોં ઊંચકી પ્રેમવચને કહ્યું "શેખજી, હું અલી હકીમને લાવ્યો છું. તમે બોલતા કેમ નથી?" ભાન ન હોવાથી ફૈઝીએ જવાબ દીધો નહિ, તે જોઇ શાહે પોતાના માથાની પાઘડી લેઇ ભોંય નાંખી અને અતિ શોકનાં વચન ઉચ્ચાર્યાં. જ્યારે અકબર પાછો સાવધ થયો ત્યારે અબુલ ફઝલ બીજા ઓરડામાં હતો ત્યાં જઇ તેની પાસે બેસી તેને દિલાસો આપી કેટલીક વાર પછી રાજમંદિરમાં ગયો. મુન્તખબ ઉત્ તવારીખમાં તેના રચનાર અબ્દુલકાદરે આ હેવાલ લખ્યો છે. આ ગ્રંથકર્ત્તા ધર્માંધ હોવાથી તેણે ફૈઝીની નિંદામાં લખ્યું છે કે 'અંતકાળ લગી ફૈજીએ ધર્મનિન્દા કરીને આખરે કૂતરાની પેઠે ભસ્યો; તેનો ચહેરો બદશીકલ થયો અને તેના હોઠ કાળા થયા. નરકની સજા થવાની છે તેનો આરંભ જાણે અહિંથી જ થયો.' એ અબ્દુલકાદરની ભલામણને માટે ફૈઝીએ અકબરશાહના ઉપર પત્ર લખ્યું છે, તેનો ઉતારો એ પુસ્તકમાં કરી તે લખે છે કે, "મારૂં જેણે ભલું કર્યું તેની નિંદા તેના મરણ પછી કરવી એ કૃતઘ્નપણું કહેવાય; પરંતુ પરમેશ્વર અને ધર્મ પ્રત્યે મારી નજર બળવત્તર હોવાથી એમ કરવામાં દોષ નથી." પોતાના મિત્રોનું રૂડું કરવામાં ફૈઝી હોંસીલો હતો, એ આ કાગળપરથી ચોખ્ખું દેખાય છે. અબ્દુલકાદરે બજાવેલી સેવા જણાવી તેણે લખ્યું છે કે, "તેનો બદલો તેને હજી મળ્યો નથી, કેમકે હજી પાદશાહના જાણવામાં તે આવી નથી એ તે બિચારાનું કમનસીબ છે." અબ્દુલકાદરનાં વખાણ કરી તે કહે છે કે "એને હું ૩૭ વર્ષ થયાં સારી પેઠે ઓળખું છું. એ મારો નિમકહલાલ દોસ્ત છે. એનામાં ઘણાક સદ્‌ગુણ અને ઘણી આવડત છે, માટે હું એની મજબૂત સિફારસ કરૂં છું." ધર્મ સંબંધી ફૈઝી અને અબુલ ફઝલ જોડે અબ્દુલકાદરને અણબનાવ થયો હતો; પરંતુ તેથી તેના ઉપર અકબરની ઇતરાજી થઇ નહોતી, એમ જણાય છે; કેમકે

તે લખે છે કે "ફૈઝીના મરણ પછી તેનાં પુસ્તકોની યાદી કરવાને પાદશાહે મને ફરમાવ્યું હતું. એ પુસ્તકાલયમાં ૪૬૦૦ ચોપડીઓ, સંભાળથી સુધારેલી અને સારી બંધાવેલી હતી. તેઓ કવિતા, અનેક વિદ્યાનાં શાસ્ત્રો, સુનીતિ અને પદાર્થવિજ્ઞાનનાં પુસ્તકો હતાં."

ફૈઝી અને અબુલ ફઝલ ઉપરાંત બધા ધર્મના ઘણાક વિદ્વાનો અકબરના દરબારમાં હતા. ખાનીઆજમ અજીજ મોટો પંડિત હતો; ખાનીખાનાન મીરજાંખાન (બહેરામખાનનો દીકરો) જે અકબરના સામંતોમાં બીજા દરજ્જાનો હતો તે પણ વિદ્વાન્ હતો. બાબરનું જન્મચરિત્ર તુર્કી બોલીમાં હતું તેનો ફારસી તરજૂમો એનો કરેલો છે. આ વખતના કવિ અને વિદ્વાનોનાં નામ ઇતિહાસોમાં નોંધ્યાં છે, તેમાં તાનસેન નામે પ્રખ્યાત ગાયન જોડનાર અને ગાનાર ગવૈયાનું નામ છે. ઝેનખાન જે ચતુર અને ચપળ સુભટ હતો, તે વાજીંત્ર વગાડવામાં હોંશિયાર હતો. હિંદુની અને મુસલમાનની વિદ્યા શીખવવાને શાળાઓ અકબરે સ્થાપી હતી, ને તેમાં પ્રત્યેક વિદ્યાર્થી પોતાની હાલત પ્રમાણે તથા જે ધંધો કરવો હોય તેપર નજર રાખી ભણતો.

ભિન્ન ભિન્ન મતના વિદ્વાનોને ભેળા કરી તેઓમાં બેસવું અકબરને બહુ ગમતું. તેઓના સંવાદ સાંભળવાથી અને તેમાં સામિલ થવાથી તેને આનંદ થતો, ને વખતે આખી રાત ત્યાં ગાળતો. એવી નિયમિત સભા પ્રતિ શુક્રવારે મળતી, પણ તે ઉપરાંત ઘણીક વાર તે કોઇ જ્ઞાની બ્રાહ્મણને કે મુસલમાન સુફીને બોલાવી તેમના મત વિષે લાંબી તજવીજ કરતો. ડબિસ્તાન નામે ફારસી ગ્રંથમાં એશિયાના ભિન્ન ભિન્ન ધર્મો વર્ણવ્યા છે, તેમાં આ સભાઓમાં વાદવિવાદ થતા તેના નમૂના આપ્યા છે. એ નમૂના કદાપિ કલ્પિત હશે, પરંતુ તેપરથી ખરા બનેલા સંવાદની અટકળ કરી શકાય. એક સંવાદનું વર્ણન કર્યું છે, તેમાં એક બ્રાહ્મણ, એક મુસલમાન, એક પારસી, એક યાહુદી,

એક પ્રિસ્તી અને એક ફિલસુફ કે તત્વજ્ઞાની, એમનાં ભાષણ આપ્યાં છે. પ્રત્યેક પોતાના ધર્મને પક્ષે કારણો બતાવે છે. જવાબમાં દરેકના કારણના રદીઓ આપ્યા છે. કેટલાક ધર્મ સ્થાપનારાનાં માઠાં લક્ષણ બતાવીને, બધાના મતોનું અનર્થકપણું દેખાડીને, અને દરેકના ચમત્કારનો પૂરાવો ન હોવાથી સર્વને જૂઠા પાડ્યા છે. જ્ઞાની અંતે ભાષણ કરી સંવાદ સમાપ્ત કરતાં કહે છે કે, " જે ધર્મનો પાયો વિવેક અને સદ્દગુણ છે તે માત્ર સાચો ધર્મ છે. " એક ખરેખરા વિવાદનો હેવાલ અકબરનામામાં લખ્યો છે. બધા પંથોના પંડિતોની રૂબરૂ તે, એક તરફ વિશ્વાસી (ખ્રીસ્તી) પાદ્રી રેદીફની અને બીજીમેર કેટલાક મુસલમાન મુલ્લાંજીની વચ્ચે થયો હતો. મુલ્લાં ખીજવાઇ ગયા અને તેમની તકરાર નબળી હતી. પાદ્રી શાંત રહ્યા અને તેમની દલીલો બળવત્તર હતી, એવું એ હેવાલમાં લખ્યું છે. આકળા થઇ લઢી ઉઠવાને માટે અકબરે મુલ્લાંને ઠપકો દઇ કહ્યું કે 'વિવેકને અનુસરવાથી જ પરમેશ્વરની યોગ્ય ભક્તિ થાય, કોઇ કહેવાતા ઇશ્વરાદેશપર નિઃશંક વિશ્વાસ રાખવાથી ન થાય.' એ સંવાદમાં એક બીના લખી છે તે વિષે એ પાદ્રીના લખાણમાં જે કહ્યું તેથી ઉલટું મુસલમાની ગ્રંથમાં કહ્યું છે; અને નવાઇ જેવું એ છે કે દરેક પક્ષે પોતાના માર્ગને હીણું લાગે તેવી રીતે એ વાત લખી છે. બાઇબલ અને કુરાન વિષે તકરાર ઉઠી તેમાં પાદ્રી કહે કે અમારૂં બાઇબલ ખરૂં ઇશ્વરદત્ત, અને મુલ્લાં કહે કે અમારૂં કુરાન ખરૂં ઇશ્વરદત્ત. અબુલ ફઝલ કહે છે કે એનો નિવેડો કરવાને પાદ્રીએ કહ્યું કે 'હું મારા હાથમાં બાઇબલ લેઇને ધકધકતી ભઠ્ઠીમાં ચાલું અને મુલ્લાં કુરાન હાથમાં લઇને તેમાં ચાલે. જુઓ પછી બાઇબલથી મારો બચાવ થાય છે કે કુરાનથી મુલ્લાં બચે છે. ખરૂં ખોટું તુરત જણાઇ આવશે.' મુલ્લાંએ એમ કરવાની ના પાડી ને પાદ્રીને ગાળો ભાંડી. પાદ્રીએ આ સંવાદ વર્ણવ્યો છે તેમાં લખ્યું છે કે 'એમ કરવાનું મુલ્લાંએ

કહ્યું, અને અકબરની મરજી હતી કે એમ કરવું પણ અમે ના કહી. સંભવિત એ છે કે બેઉ પક્ષના દુરાગ્રહથી ગમ્મત મેળવવાને અકબરે આ ઉપાય કહાડચો હશે. પરંતુ એકે પક્ષનો, ને વિશેષે કરીને વિશ્વાસીઓનો, ઉપહાસ કરવાનો તેનો ઇરાદો હતો એમ જણાતું નથી. ખ્રિસ્તી ગ્રંથ વિષે તેનો અભિપ્રાય સારો હતો. પાદ્રીઓ ઉમંગભેર આશા રાખતા હતા કે પાદશાહ ખ્રિસ્તી થશે, પણ એ વાતમાં નાઉમેદ થતાં તેઓને એમ ભાસ્યું કે અમને ઉત્તેજન આપવાનો હેતુ એ છે કે અમારી પાસેની છબીઓ અને પ્રતિમાઓ જોઇ ખુશ થવું અને પોતાના દરબારનો ભભકો વધારવો. બધા સંપ્રદાયના મત જાણવાની તેને ભારે જીજ્ઞાસા હતી.

અકબરનો પોતાનો નવો ધર્મ શો હતો, તેનું અનુમાન ઉપલા સખાણપરથી થઇ શકે. તેનું મત એક ઇશ્વરની માનસિક પૂજા કરવાનું હતું; પણ નબળા મનના માણસને કાંઇ ક્રિયાની અને ઓહાની જરૂર જણાય છે માટે તે રાખ્યાં હતાં. આપણી પોતાની વિવેકબુદ્ધિથી જે જ્ઞાન મળે તે પ્રમાણે ઇશ્વરભક્તિ કરવી. તેની એકતા અને તેનો પ્રેમ યુક્તિ કે વિવેકબુદ્ધિવડે ખપજોગ સિદ્ધ થઇ શકે છે. માણસે તેની સેવા કરવી જોઇએ તથા પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત કરવાને અર્થે માહા મનોવિકારને વશ કરવા તથા માણસનું ભલું થાય તેવાં કામ કરવાં. પરંતુ કોઇ માણસે ઠરાવેલા પંથને આધારે વર્ત્તવું નહિ; કેમકે સર્વ મનુષ્ય આપણી પેઠે દુર્ગુણ અને ભૂલને પાત્ર છે. પોતાના આત્માને પરમાત્મા ભણી લેઇ જવાને તથા પરમેશ્વરનું ધ્યાન કરવાને કાંઇ દેખાઇતા પદાર્થ વિના જેને ચાલે જ નહિ તેણે સૂરજની કે ગ્રહોની કે અગ્નિની પૂજા કરવી એ અકબરે ભલામણ કરી છે, તેઓને યાદ કરાવનાર ચિન્હ માનવાં. તેના મત પ્રમાણે ગોર કે પુરોહિતની, તથા

સાર્વજનિક ભક્તિની જરૂર નથી, તથા કોઇ જાતનો આહાર અભક્ષ્ય નથી; પણ અપવાસ કરવાની અને જીતેન્દ્રિય થવાની તે ભલામણ કરે છે, કેમકે તેથી મન ઉન્નતિ પામે છે. સૂર્યને નમસ્કાર, મધરાત્રે અને વહાણેવાયે ઇશ્વિરોપાસના, અને બપોરે સૂર્યનું ધ્યાન, એટલી માત્ર તેની ધર્મક્રિયા હતી. એથી કાંઇ ફળ થશે એવું તે માનતો નહિ; પણ લોકના વહેમને માટે માત્ર એ મંજુર રાખ્યાં હતાં. અબુલ ફઝલ કહે છે કે એકવાર અકબરશાહને અરજ કરવામાં આવી કે વરસાદને સારૂ પ્રાર્થના કરો. તેવારે તેમ કરવાની ના કહી તેઓ બોલ્યા કે ‘ આપણે શાની ગરજ છે અને આપણી ઇચ્છા શી છે, તે પરમેશ્વર આપણાથી વધારે જાણે છે, અને આપણા લાભને માટે પોતાની શક્તિ વાપરવાનું તેને સંભારવાની જરૂર નથી. ’ પોતાના ધર્મમાં રાખેલી ક્રિયા બીજાને તે કરવા દેતો ને પંડે પણ બધી કરતો; તે પરથી શક જાય છે કે તેની કલ્પના ઉપર તેમની અસર થઇ હશે. તે સ્વભાવે ભાવિક હતો એમ જણાય છે, અને એટલો બધો સંશયાત્મક છતાં, પોતાની યુક્તિવડે સિદ્ધ કરેલા ધર્મ કરતાં જે કરવાથી ઇશ્વરની વધારે સમીપ જવાય તેવુ ભાસે તેની બાબતમાં તે વહેમથી મુક્ત નહોતો. લાગણીથી જ તેણે ઇસુખ્રિસ્તની અને મરિયમની મૂર્તિનું સન્માન તથા ભાવપૂર્વક પૂજન કર્યું, અને હિંદુ યોગીઓનો સહવાસ કરી તેમની વિદ્યા અને તેમના ઉપચાર તે શીખ્યો.

ખુશામતિયા દરબારીઓની અતિ પ્રશંસા અને અકબરના ધર્મ-સૂત્રનાં કેટલાંક વચનોપરથી એમ ભાસે કે તે પેગમ્બર થવાનો દાવો કરતો હશે, પણ એ ધારણા ખોટી છે. અકબરે પંડે એવો ખ્યાલ કદી પોતાના મનમાં આણ્યો નહોતો. એનો મૂળ સિદ્ધાંત એ હતો કે પેગમ્બરો થયા જ નથી. પ્રત્યેક પ્રસંગે તે યુક્તિનું પ્રમાણ આપતો ને માનતો, અને ધર્મના કામમાં હાથ ઘાલવાનો અધિકાર તેને પાદશાહ

હોવાથી મળ્યો છે એવું તે સમજતો. શિષ્યોને ફુંકવા (તેમના ઉપર શ્વાસ મૂકવો) વગેરે અકબર કરતો, તેમ તો બધા મુસલમાન ગુરૂઓ કરે છે; એમાં ચમત્કાર કરવાનો દાવો તે કરતો નહિ. જ્યારે તેણે પોતાના નવા મત જાહેર કર્યા ત્યાર પહેલાં તેને એમ કરવાનો અધિકાર છે. મુસલમાની ધર્મસમાજનો પ્રમુખ પાદશાહ છે, અને તેને પોતાના મત પ્રમાણે આજ્ઞા કરવાનો તથા વાંધાનો નીવેડો કરવાનો હક છે, એવો અભિપ્રાય મુસલમાની કાયદા જાણનારા કાજી, મોલવી, વગેરે પાસેથી તેણે લખાવી લીધો હતો. (ઇ. સ. ૧૫૭૯, હી. ૯૮૭). પોતાના નવા ધર્મની પ્રતિજ્ઞા આ પ્રમાણે હતી—"પરમેશ્વર એક જ છે અને તેનો ખલીફા (પ્રતિનિધિ) અકબર છે."

પોતાનો માર્ગ ફેલાવવામાં તેણે માત્ર બોધનો ઉપયોગ કર્યો, રાજ્યશક્તિ વાપરી નહિ; અને તેનો પ્રસાર તેના દરબારીઓ તથા થોડા વિદ્વાનો ઉપરાંત થોડા જ માણસોમાં થયો; પરંતુ મુસલમાની ધર્મની જે ફરજો બજાવવાની જરૂર અદ્યાપી પર્યંત કાયદાથી પાડવામાં આવતી હતી, ને તે નહિ બજાવનારને સરકારથી સજા થતી હતી, તે ફરજો રદ કરવાના ઉપાય તેણે વધારે સખ્ત લીધા. ખાનગી બંદગી, રોજા, ખેરાત, હજ અને મસજીદમાં જઇ સામાજીક બંદગી કરવી, એ સર્વ પોતપોતાની મરજી પ્રમાણે કરવાની કે ન કરવાની તેણે છૂટ આપી. નાપાક જનાવરો, મધ્યમ મદિરાપાન, અને પાસાથી રમવાની રમતોની મના હતી તે રદ કરી. બાર વર્ષનો છોકરો થતાં સુધી સુન્નત કરવાની મના કરી, કેમકે એ ક્રિયાની યોગ્યતા વિષે તેને આ વયે સમજ પડી શકે. એક ગ્રંથકર્તા લખે છે કે એકથી વધારે સ્ત્રી પરણવાની તેણે મના કરી હતી.

મુસલમાની ધર્મ ઉપર ઇતરાજી તથા તેને ખાળવાની ઇચ્છા જણાય, એવા પણ કેટલાક ઉપાય તેણે કર્યા. હીજરી સને અને આરબી

મહિનાને ઠામે સૌરવર્ષ અને પ્રાચીન પારસી મહિના દાખલ કર્યા.* મેષ રાશિનો સૂરજ થાય તે વખતે એ વરસનો આરંભ હતો. અકબરશાહને રાજ્યાસને બેસવાનો આરંભ પણ એ વખતની પાસે હતો, તેથી એના રાજ્યનાં વર્ષ અને એ નવા સનેનાં વર્ષ બરોબર થતાં. આરબી ભાષા અને આરબી વિદ્યાના અભ્યાસને ઉત્તેજન આપવામાં આવતું નહિ, અને મહમ્મદ, અલી, વગેરે આરબી નામ પાડવાં બંધ પાડ્યાં. આરબી કાયદા અને શાસ્ત્રોનો અભ્યાસ કરવાની મના કરી, અને તેને બદલે અંકગણિત, ખગોળવિદ્યા, પદાર્થવિજ્ઞાન અને તત્વજ્ઞાન દાખલ કર્યાં. "સલામ આલેકુમ" ને (તમે શાંતિમાં રહો એને) ઠેકાણે "અલાહુ અકબર" (પરમેશ્વર અતિ મોટો છે) કહેવાનો ચાલ પાડ્યો; અને એ રીતે સલામ કરનાર બોલે તેના જવાબમાં "જલ્લ જલાલુ હુ" (તેનો પ્રકાશ પ્રગટ થાઓ), એ વચન બોલવાનું ઠરાવ્યું. એમ સલામ અને જવાબનાં વચન બોલતાં 'જલાલુદ્દીન અકબર' એ શબ્દો બનતા. દાઢી રાખવાનો હુકમ કુરાનમાં છે, તથાપિ અકબરને તે ઉપર એટલો અણગમો હતો કે તે રાખનારને પોતાની હજુરમાં ભાગ્યે આવવા દેતો. દાઢી રાખવાની મના અને અમુક પ્રસંગે પ્રાચીન ઇરાનની રીત પ્રમાણે લાંબા થઇ પાદશાહને પગે લાગવાનો (કે ભૂમિચુમ્બન કરવાનો) ધારો કર્યો; તેથી આસ્તિક મુસલમાનોને વિશેષ કંટાળો આવ્યો; કેમકે તેમનું માનવું એવું હતું કે એમ લાંબા સૂઇ પગે લાગવું તો માત્ર પરમેશ્વરને જ હોય.

હિંદુ ધર્મને રાજ્યથી આશરો મળતો નહિ, તેથી તેમાં હાથ ઘાલવાના પ્રસંગ અકબરને થોડા મળ્યા. બીજા લોકને પજવવા નહિ, અને

---

*પારસી અને આરબી મહિનાનાં નામ મુંબાઇનાં પંચાંગોમાં છાપેલાં હોય છે.

પારકા ધર્મને તોડવાનો પ્રયત્ન કરવો નહિ, એવી તેમની રીત હોવાથી તેમની વચમાં પડવાની અકબરને ઇચ્છાએ નહતી. પરંતુ જેટલા કામમાં હાથ ઘાલવાની જરૂર જણાઇ તેટલામાં ઘાલ્યો. હિંદુપતિજની, રજસ્વળા થયા પહેલાં કન્યા પરણાવવાની, અને હોમ હવનમાં ભોગ આપવાને જનાવર મારવાની તેણે મના કરી. વિધવાને પુનર્લગ્ન કરવાની રજા આપી, અને વિધવાને તેની પોતાની મરજી વિરુદ્ધ સતી કરવાની મના કરી; તથા તેને બાળવાની રજા મળવા અગાઉ તે બાઇ જોર જૂલમ વિના બળી મરવા તૈયાર થઇ છે, તે નક્કી કરવાના ઇલાજ કર્યા. પાછલા ભાગમાં નોંધવામાં આવ્યું છે કે એક વેળા જોધપુરનો રાજા તેના કુંવરની પત્નીને તેની ખુશી ઉપરાંત બાળી મારતો હતો તે ખબર થતાં અકબરશાહે પંડે ત્યાં જઈ તે ખૂન અટકાવ્યું.

હિંદુઓપર થતા અન્યાયને અટકાવવાના વિચારને એના નવા પંથ જોડે કાંઇ સંબંધ નહતો, ને તેની પહેલાં ઘણાં વર્ષથી તે ભલું કામ એણે કરવા માંડ્યું હતું. રાજ્યની લગામ હાથમાં આવી ત્યારથી તેણે લાયકી પ્રમાણે હિંદુ અને મુસલમાન બેઉને સરકારી નોકરીમાં પક્ષપાત વિના રાખવા માંડ્યા હતા. પોતાના અમલના સાતમા વર્ષમાં જજીઆવેરો તેણે બંધ પાડ્યો. *આ વેરાથી રાજ્યકર્ત્તા અને રૈયતની

---

*ફેરીશતા નામે ફારસી ગ્રંથકર્તાએ લખ્યું છે કે અલાઉદ્દીન પાદશાહે પોતાના મુખ્ય કાજીને પૂછ્યું કે જજીઆવેરો કેટલો લેવો ? તેના જવાબમાં કાજીએ કહ્યું કે " ઇમામ હનીફાનો હુકમ એવો છે કે કાફરોને જીવતદાન દેવાને બદલે જેમ એ વેરો ભારે લેવાય તેમ લેવો. તેમની કનેથી જજીઆ ને જમીનવેરો એટલો બધો લેવો કે તેમને મોત જેવું લાગે." ફીરોજશાહના વખત લગી બ્રાહ્મણોને એ વેરાની માફી હતી, ને તે વેરા બાબત ત્રણ વર્ગ હતા, ૪૦ ટકા, ૨૦ ટકા, ને દશ ટકા

વચ્ચે ધર્મ સંબંધી વૈરભાવ જારી રહેતો હતો. એ જ વખતે જાત્રાળુ વેરો તેણે માફ કર્યો. એ માફ કરવાનું કારણ આગળ કહેવામાં આવ્યું છે.

ઈ. સ. ૧૫૬૧ માં તેણે એક બીજી દયાળુ આજ્ઞા કરી કે લઢાઇમાં પકડાયલા માણસોને ગુલામ કરવા નહિ. આ આજ્ઞા સર્વેને લાગુ પડતી, તથાપિ હિંદુઓને તે વિશેષ સુખકારી હતી; કેમકે તેમને જૂના મુસલમાની રિવાજથી ભારે દુઃખ પડતાં. મારફાડના વખતમાં આ જૂલમ એટલે લગી ચાલ્યો હતો કે શહેર કે કિલ્લાનો બચાવ કરનારા યોદ્ધાનાં કુટુંબોને પકડી લેઇ જઈ ગુલામ કરતા એટલું જ નહિ, પણ જે નગરવાશીઓ લઢાઇમાં સામીલ થયલા નહિ ને જેમની પાસે હથીઆર નહિ, તેમને તથા તેમનાં બૈરાં છોકરાંને પણ પકડી વેચી દેવામાં આવતાં. આ કેર તેણે બંધ પાડ્યો.

અકબરે પોતાના ધર્મ સંબંધી સુધારા થોડે થોડે દાખલ કર્યા હતા, અને તેમાંના જે વિષે મુસલમાનો બહુજ નાખુશ થયા તે બંધ પાડ્યા કે માત્ર દરબારમાં જ ચલાવ્યા; તોપણ વધારે શ્રદ્ધાવાન્ મુસલમાનો બહુ નારાજી થયા. મુલાં લોક તો તેમાં જ ઘણા જ નારાજી થયા. વસુલાત ખાતામાં સુધારો કર્યો, તેમાં ધર્માદા જમીન વિષે જે ફેરફાર થયા તેથી તેઓની નાખુશી વધી. એક આસ્તિક મુસલમાને રચેલા ઇતિહાસમાં આ બાબત ભારે ફરિયાદ ઉઠાવેલી છે. એ તો ખરૂં હશે કે

માથાદીઠ. પછી બ્રાહ્મણોને એ છેલ્લા વર્ગમાં દાખલ કર્યા. લોદીવંશના વખતમાં એ વેરો ઉઘરાવવામાં બહુ સખ્તાઇ કરવામાં આવતી. અકબરે માફ કર્યા પછી આલમગીરે (ઔરંગજેબે) પોતાની કારકીર્દીના ૨૨ મા વર્ષમાં પાછો નાખ્યો ને હુકમ કર્યો કે આપનારનું અપમાન થાય તેમ લેવો. આવી આપે, ઉભો રહીને આપે, ઇત્યાદિ. ફરૂકશીરના વખતમાં ઉઘરાવવો બંધ પડ્યો ને સૈયદ વજીર થયા તે વારે કાઢી નાંખ્યો.

જેઓ એની સામા થવામાં આગેવાન હશે તેમનાપર સખ્તાઇ કરી હશે; જેઓ નમતા રહેતા તેઓ ઉપર કૃપા રાખવામાં આવતી એ તો નક્કી છે. જે દાખલા એ પ્રતિપક્ષીએ નોંધ્યા છે, તેમાં અકબરનો વાંક જણાતો નથી. જેમણે પાદશાહનું અપમાન કર્યું, તેમનું અપમાન પાદશાહે કરેલું જણાય છે. ફક્ત મુલ્લાં લોક નારાજ થયા હતા એમ નહતું, કેટલાક અમીરો પણ એના નવા ધર્મની સામા હતા. એઓમાં અજીજ કોકા ખાનીઆજીમ મુખ્ય હતો. એ પાદશાહનો દૂધભાઇ અને ઉત્તમ વર્ગનો સામંત હતો. ગૂજરાતપર અમલ ચલાવવાને તેને મોકલ્યો હતો. ત્યાં કેટલાંક વર્ષ રહેવાથી તેની માએ અકબરને અરજ કરી કે તેને હજુરમાં મળવા બોલાવો. પાદશાહે તેમ કર્યું; પણ અજીજે કાંઇ બાનું બતાવી ના પાડી. ખરૂં કારણ તો એ હતું કે તેને દાઢી મુંડાવવી અને પગે લાગવું ગમતાં નહોતાં. અકબરે તેને મીઠાં વચને જરા ઠપકો લખ્યો, પણ અજીજે માન્યું નહિ; ત્યારે રીતસર તાકીદનો હુકમ લખી મોકલ્યો. તે પહોંચતાં અજીજે નોકરી છોડી દેઈ, અકબરને બેઅદબી અને તિરસ્કાર ભરેલો કાગળ મોકલ્યો; તેમાં લખ્યું કે "આપ નવો ધર્મ ચલાવો છો તેનો આધાર શો છે ? શું આપને પરમેશ્વરે પુસ્તક મોકલ્યું છે ? ને આપ હજરત મહમ્મદની પેઠે ચમત્કાર કરી શકો છો ? ધર્મભ્રષ્ટ માણસો અન્તકાળ લગી જે નરકમાં પડે છે તેને રસ્તે આપ ચઢ્યા છો, એ ભૂલશો નહિ. હું પ્રભુની પ્રાર્થના કરૂં છું કે તે આપને મુક્તિને માર્ગે પાછા આણે." ધર્મનો જુસ્સો આ પ્રમાણે બતાવી રજા લીધા વિના અને ખબર આપ્યા વિના તે મક્કે જતો રહ્યો. પણ ત્યાં થોડા વખતમાં તેને અણગમો થયો, તેથી પાછો આવી પાદશાહને શરણ ગયો. અકબરે તુરત તેને માફી બક્ષી તેને પદવી પાછી આપી અને મહેરબાની જારી રાખી. એક બીજા મોટા ઉમરાવે રૂબરૂમાં તેના મત ઉપર હુમલો કરી કહ્યું કે, 'અન્ય મુસલમાની દેશોના

પાદશાહો એ બાબત શું ધારશે તેનો વિચાર કરો.' અકબરે તેને હજૂરમાંથી દૂર જવાનું માત્ર કહ્યું. એક ઉમરાવે પાદશાહના મંત્રીઓને નરકવાસી કહ્યા, તેને અકબરે કહ્યું કે 'એવા કુવચનનો જવાબ એક થપ્પડ છે.'

એ રીતે સામા થનાર માણસોનું કાંઇ વળ્યું નહિ, તોપણ અકબરનો નવો ધર્મ એવો બારીક અને જ્ઞાનઘન હતો કે સાધારણ લોકમાં તે ઝાઝો ફેલાય નહિ. થોડાક તત્વજ્ઞાની તથા કેટલાક સ્વાર્થી ધર્મોપદેશકો અને દરબારીઓએ માત્ર તે સ્વીકાર્યો હતો; અને અકબરનો કાળ થતાં તેના પંથનો પણ એની મેળે અંત આવ્યો, અને જહાંગીરે શાંતપણે મુસલમાની પદ્ધતિ પાછી ચાલુ કરી. સૌરવર્ષ જાતે ઉપયોગી હોવાથી કેટલાક વખત લગી ચાલુ રહ્યું. તોપણ ધર્મ સંબંધી સ્વતંત્રપણે વિચાર અને તજવીજ કરવાની ઇચ્છા અકબરે ઉત્પન્ન કરી હતી તે જારી રહી; અને બહારનાં કારણોએ તેનો પ્રસાર અટકાવ્યો ન હોત તો આગળ વધતાં પરિપક્વ થઇ, ચાલતા વહેમોનો નાશ કરી કોઇ મોટો સુધારો તે કરી શકત.

અકબરના મત અપૂર્વ હતા એમ કહેવાઇ શકાય નહિ. હિંદુ જ્ઞાનીઓ અદ્વૈત બ્રહ્મને જ માનતા. વેદ પુરાણમાં બહુ દેવ કહેલા છે તે કહેવાનું તેઓ અપમાન કરતા નહિ, તથાપિ તે વાત ખરી માનતા નહિ. અકબરની પહેલાં લગભગ સો વર્ષપર કબીરે પંથ સ્થાપ્યો હતો, તે તેના મતને વધારે મળતો હતો; અને પોતાના નવા માર્ગના કેટલાક સ્વેચ્છિક નિયમો તેણે કબીરપંથમાંથી લીધા હશે એમ જણાય છે. તોપણ એ ખરૂં છે કે એની પૂર્વે થઇ ગયલા અધિપતિઓથી એનું ઈશ્વર વિષેનું જ્ઞાન ઉત્તમ હતું, અને પોતાને હાથ રાજ્યસત્તા પુષ્કળ છતાં પ્રત્યેક માણસને ધર્મ સંબંધી વિચાર કરવાની અને માનવાની છૂટ આપી, એ તેની ઉદારતા સિદ્ધ કરે છે.

વસુલાતખાતું.—ખેડુત લોકો પાસેથી કર ઉઘરાવવાની અક-

બરે જે ગોઠવણ કરી તેથી રૈયતને સુખ થયું. એણે ચલાવેલી રીત કેવળ નવી નહોતી. શીરશાહે તે કાઢી હતી અને અકબરે તેમાં સુધારો વધારો કર્યો. શીરશાહનો અમલ થોડી મુદત પહોંચ્યો, તેથી તેને તે આખા રાજ્યમાં દાખલ કરી શકયો નહોતો. અકબરની કારકીર્દીમાં આખા રાજ્યના ખેડુતોને તેનો લાભ મળ્યો.

જમાબંદી કરવામાં તેણે ત્રણ બાબતપર ધ્યાન આપ્યું.—૧. દરેક ખેતરની બરોબર માપણી કરાવવાપર. ૨. દરેક ખેતરમાં કેટલું પાકે છે તેની ખોળ કરી તેમાંથી સરકારે કેટલો ભાગ લેવો તે ઠરાવવાપર. ૩. એ પ્રમાણે પાકનો હિસ્સો ઠરે તેની કિંમતનું નાણું કેટલું થાય તે મુકરર કરવાપર.

૧ લી બાબતને માટે એ કર્યું કે જૂદી જૂદી જાતનાં માપ ચાલતાં હતાં તે રદ કરી આખા રાજ્યને સારૂ એક માપ ઠરાવ્યું, અને માપવાનાં હથિયાર સુધાર્યાં; પછી આખા રાજ્યમાં ખેડાતી જમીનની માપણી કરવાને મોજણીદારોને મોકલ્યા.

૨ જો હેતુ પાર પાડવાને જમીનની પેદા કરવાની શક્તિ પ્રમાણે તેના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, એટલે ૧ લો, ૨ જો, ને ૩ જો, એવા ત્રણ વર્ગ કર્યા. દરેક પ્રતની જમીનમાં વીઘે કેટલું પાકે છે તે તજવીજ કરી નક્કી કર્યું, તેપરથી વીઘે સરાસરી કેટલું પાકે છે તે ઠરાવ્યું; ને તે સરાસરીનો ત્રીજો ભાગ સરકારે લેવો એવો ધારો કર્યો. ધારો કે દરેક પ્રતનું એક એક ખેતર છે તેમાં ઘઉં પાકે છે. તેમાંના—

		મણ.	શેર.	
૧ લા કે ઉત્તમ પ્રતના ખેતરમાં	વીઘે	૧૮	૦	પાકે છે.
૨ જા કે મધ્યમ પ્રતના ખેતરમાં	,,	૧૨	૦	પાકે છે.
૩ જા કે કનિષ્ઠ પ્રતના ખેતરમાં	,,	૮	૩૨ાા	પાકે છે.
ત્રણે મળી કુલ	,,	૩૮	૩૨ાા	પાકે છે.

એને ત્રણે ભાગતાં ૧૨ મણ ને ૨૭ા શેર આવે છે, એ સરાસરી પાક; ને એ સરાસરીને ત્રણે ભાગતાં ૪ મણ ને ૧૨ાા શેર આવ્યા, તે સરકારનો ભાગ.

બીજું ઉદાહરણ—એક વીઘા જમીનમાં કપાસ નીચે પ્રમાણે પાકે છે—

	મણ	શેર.
૧ લા વર્ગના એક વીઘામાં	૧૦	૦
૨ જા વર્ગના ,, ,,	૭	૨૦
૩ જા વર્ગના ,, ,,	૫	૦
કુલ	૨૨	૨૦

એની સરાસરી દર વીઘે ૭ મણ ને ૨૦ શેર આવી, તેને ત્રણે ભાગતાં સરકારનો હિસ્સો અઢી મણ થાય. વધારેમાં વધારે લેવાની વીઘોટીનો દર એ ઠરાવ્યો હતો; પણ જે ખેડુતને એ દર ભારે જણાય તે પોતાના ખેતરનું વળતર કરવાની અને તે વળતર પ્રમાણે ભાગ આપવાની અરજ કરે એવો નિયમ હતો.

ઉત્તમ વર્ગની ભૂમિ જૂદી જૂદી હાલતમાં હોઇ શકે માટે ઉપલી વર્ગવારીમાં નીચેની શરતો દાખલ કરી હતી.—૧. જે જમીનને કદી પડતર રાખવી પડતી નથી તેનો કર દર મોસમે લેવો. ૨. જેને પડતર રાખવી પડે છે તેનો કર જે મોસમમાં તે ખેડાય તે મોસમમાં લેવો. ૩. રેલ, વગેરેથી જે જમીનને નુકસાન થાય અથવા જે ત્રણ વરસ લગી ખેડાણમાં ન હોય ને તેને સુધારવાને કાંઇ ખરચ કરવો પડે, તેનો કર પહેલે વર્ષે એ પંચમાંશ લેવો, ને પછી પાંચમા વર્ષ લગી તેમાં વધારો કર્યા જવો, ને પાંચ વર્ષે પૂરેપૂરો લેવો. ૪. જે જમીન પાંચ વર્ષથી

વધારે મુદત પડતર રહી હોય તેને માટે પહેલાં ચાર વર્ષમાં એથી વધારે છૂટ આપવી.

ખેતરોની વર્ગવારી તેઓના રસાળપણા પ્રમાણે કરી હતી એમ આયને અકબરીમાં લખ્યું છે, પણ ખેતરોના રસાળપણાનો મુકાબલો કઈ રીતે કર્યો હતો તે જણાવ્યું નથી. એવું સંભવે છે કે પ્રત્યેક ગામને માટે ત્રણ વર્ગ કર્યા હશે; અને તેમ કરવામાં તે ગામના લોકનો અભિપ્રાય લઇ નિર્ણય કર્યો હશે, તથા ગામની જૂની વર્ગવારી હશે તે ઉપયોગમાં લીધી હશે. એ જૂની વર્ગવારીમાં જમીનના ગુણ પ્રમાણે ઘણી જાતો ઠરાવી હતી; જેવી કે કાળી, ગોરાડુ, રાતી, કાંકરાવાળી, રેતાળ, પત્થરવાળી, કાળી, ઇત્યાદિ. પાણી મળી શકે, ગામની નજીક હોય, એ વગેરે બીનાઓ પણ ગામના ખેડુતોમાં જમીનની વહેંચણ કરવામાં ધ્યાનમાં લેઇ બધાને સરખો લાભ મળે તેમ કર્યું હતું.

૩. ખેતરના પાકમાંથી સરકારે કેટલોક ભાગ લેવો તે ઠરાવ્યા પછી, તે ભાગને બદલે ખેડુતે નાણું કેટલું આપવું તે ઠરાવ્યું. એ ઠરાવને માટે મોજણીના વર્ષની પાછલાં ૧૯ વર્ષના દરેક શહેર અને ગામના ભાગ સોધાવ્યા, ને તેની સરાસરી કરાવી, જે રકમ આવી તે માલને બદલે લેવી ઠરાવી. ગામમાં ખરેખરા ચાલતા ભાવ ઉપર નજર રાખી, કોઇ સ્થળે સરાસરીપરથી આવેલા આંકડામાં ફેરફાર કરવામાં આવ્યો હતો; અને તે ઉપરાંત એવો ધારો કર્યો હતો કે, ખેડુતને એમ લાગે કે ઠરાવેલી નાણાની રકમ વાજબીથી વધારે છે તો તે પોતાના ખેતરમાં પાકેલા માલમાંથી ભાગ આપી શકે.

આ સઘળી જમાબંદી પ્રથમ દર વર્ષે કરવામાં આવતી; પરંતુ પ્રતિ વર્ષે એમ કરવામાં વિટંબણા પડવાથી, પાછલાં દશ વર્ષની જમાબંદીની સરાસરી કાઢતાં જે રકમ દરેક ખેડુત માથે આવી, તે

તેણે દશ વર્ષ સુધી આપવી એવો ઠરાવ કર્યો. આ ઠરાવથી વર્ષવારી જમાબંદીથી થતી ખરાબી ઓછી થઇ; કેમકે ખેતરમાં પકવેલા માલની જાત પ્રમાણે આકાર લેવામાં આવતો, તેથી ઊંચા મૂલના માલથી નફો વધારે તોપણ તેને માટે કર વધારે ભરવો પડે, માટે તેવો માલ પકવવાને ખેડુતો ખુશી નહોતા.

ઉપર કહેલી મોજણી અને વર્ગવારી સંભાળથી સરકારી દફતરમાં નોંધાવી હતી. જમીનની વહેંચણ, ખાતાદારોનાં નામ, પ્રતિવર્ષે ઉપજમાં વધારો ઘટારો, એ સર્વ એ મુજબ દરેક ગામના દફતરમાં નોંધાતું. આ પદ્ધતિ ઉપયોગી હોવાથી, જે પ્રાંતો અકબરના તાબામાં નહોતા ત્યાં પણ તે દાખલ થઇ.

જમીનના વેરામાં અકબરે એ સુધારો કર્યો તે જ વેળા બીજા પીડાકારક ઘુંકળ કરો અને અમલદારોની હકસાઇઓ હતી તે કાઢી નાખી રૈયતના માથાનો ભાર ઓછો કર્યો.

વસુલાતના આંકડા પ્રમાણે તેણે રાજ્યના નવા ભાગ કર્યા. જેટલા ભાગમાંથી એક કરોડ દામ એટલે અઢીલાખ રૂપિયા ઉપજે તેટલાને જીલ્લો ઠરાવ્યો, અને એવા દરેક જીલ્લાના વસુલાતખાતાના ઉપરી અધિકારીને (કલેકટરને) 'ક્રોરી' એવી પદવી આપી. આ ગોઠવણ લાંબી મુદત ન ચાલતાં જૂના હિંદુ વિભાગ પુનઃસ્થાપન થયા.

આ ઉપચારનું પરિણામ એ થયું કે ખેડુતો પાસેથી સરકારને લેવાની રકમ ઓછી થઇ; પણ તેથી ભરણું કમી થયું નહિ. પહેલાં કરનો બોજો ભારે હોવાથી ઘણા ખાતેદારો લહેણી રકમ આપી શકતા નહિ, ને બાકી બહુ રહેતી. હવે લહેણું બરોબર આવવાથી સરકારને ઉપજ લગભગ તેટલી જ રહી ને રૈયત માથેનો કરવેરાનો ભાર ઓછો થયો. અબુલ ફઝલે લખ્યું છે કે, શાહશાહનો ધારો ચોથો હિસ્સો લે-

વાનો હતો, તોપણ તેથી ખેડુતોને માથે આ કરતાં વધારે બોજો પ-ડતો; કેમકે તેના એક ચતુર્થાંશની જોડે બીજા કર અને હકસાઇઓ આપવાની હતી. અકબરના સરકારી એક તૃતીયાંશની જોડે બીજો બોજો ન હોવાથી ખેડુતોને વાસ્તવિક ઓછું આપવું પડતું.

અકબરે પોતાના વસુલાતખાતાના અમલદારોને ઉઘરાવવાની રીત જણાવી છે, તે ઉપરથી તેની રૈયત ઉપર સખ્તાઇ ન થવા દેવાની ફિકર, અને પ્રજાના સુખ ચેનને સારૂ તેની આતુરતા જણાય છે. એ હુકમોમાં વસુલાતખાતું ચલાવવાની કેટલીક વિગત લખી છે. હરકોઇ કરવેરા ઇજારદારોની મારફત ઉઘરાવવો નહિ, પણ પ્રત્યેક ખાતેદારની કબૂલાત લેવી અને તેની પાસેથી બરોબર કર લેવો. મુખી પટેલો અને તલાટીઓને બધું કામ સોંપી તેમના કહેવાપર કેવળ ભરોસો રાખવાની મના કરી છે.

ફારસી ગ્રંથોમાંથી મળેલો ઉપલો હેવાલ આપી એલ્ફિન્સ્ટન સાહેબ લખે છે કે સામટે મેળે જોતાં આ મોટા સુધારાથી તે કાળના લોકના સુખમાં ઘણો વધારો થયો; પરંતુ એથી આગળ ખેતીના કામમાં સુધારો વધે તેવું નહોતું. ખાતર વગેરેથી જમીન સુધારેઅને કૂવા વગેરે પાણી પાવાનાં સાધનપર ખેડુતો નાણાં ખરચે તેથી જે નફો થાય, તેમાંથી થોડાં વરસમાં સરકાર ત્રીજો ભાગ લે અને ખરચમાં ભાગ આપે, તો તે ખરચ કરવાનું રૈયતને મન ન થાય. વળી ખેતીના કામમાં લાગેલા લોકમાંના કેટલાકને બીજા ધંધા કરવાનું મન થાય એવું ઉ-ત્તેજન મળે એમ એમાં નહોતું. અકબરની તરફથી એટલું કહી શકાય કે જમીનની વહેંચણ વારસાના હકથી બધા દીકરામાં થાય અને તેથી દરેક ખેડનારને હાથ થોડી થોડી જમીન આવે એવું હોય, ત્યાંસુધી સરકારી વસુલાતખાતાના કોઇ તરેહના નિયમોથી એ ખોડ મટી શકે નહિ; કેમકે થોડી થોડી જમીન ખેડનારને ખેતી સુધારવામાં મોટો

ખરચ કરવો પાલવે નહિ. કુટુંબના પ્રત્યેક આદમીને ખેડવાની જમીન મળવાથી ખેડવાનું કામ છોડી વેપારાદિક બીજા ધંધા કરવાની કોઇને જરૂર પડે નહિ, એટલે ખેતીની મજૂરીનું તથા પાકનું મૂલ વધે નહિ.

વસુલાતખાતાના સુધારા કરવામાં સૂચના અને સલાહ આપનાર તથા ગોઠવણ કરનાર રાજા ટોડરમલ હતો, અને આખા રાજ્યમાં તેના નામથી એ જમાબંદી ઓળખાતી હતી; ને જ્યાં તે હજી ચાલે છે ત્યાં અદ્યાપિ તે ટોડરમલની જમાબંદી કહેવાય છે. આ મહાપુરુષના લશ્કરી પરાક્રમનું વર્ણન પાછળ કરી ગયા છીએ. અબુલ ફઝલ લખે છે કે તેને પૈસાની લાલચ જરાએ નહોતી, ને તે કેવળ પ્રમાણિક, પણ દ્વેષી અને ખારીલો હતો. તે અપવાસ કરવામાં, વ્રત પાળવામાં અને હિંદુધર્મના બીજા વહેમોમાં એટલો ચૂસ્ત હતો કે અકબરે પણ તેને ઠપકો દીધેલો. પોતાની ધર્મસુધારાની ટોળીમાં તે સામિલ નહોતો, તોપણ અકબરનો અનુગ્રહ અને ભરોંસો તેના ઉપર સંપૂર્ણ હતો.

વસુલાતખાતાની પેઠે રાજકારભારનાં બીજાં ખાતાંઓ વિષે વિશેષ ખુલાસા નોંધવામાં આવ્યા નહોતા; તથાપિ અકબરે પોતાના અમલદારોને ફરમાવેલા હુકમોની નોંધ છે તે ઉપરથી તે સંબંધી સામાન્ય જ્ઞાન મેળવી શકીએ.

રાજ્યના પંદર ભાગ કર્યા હતા, અને તેમાંના દરેક ભાગને સુબો કહેતા. એમાંના બાર હિંદુસ્તાનમાં હતા અને ત્રણ દક્ષિણ દેશમાં હતા.* હિંદુસ્તાનમાં બાર હતા તેમનાં નામ-૧ અલ્લાહાબાદ, ૨ આગ્રા, ૩ દિલ્હી, ૪ કાબૂલ, ૫ લાહોર, ૬ મૂલતાન, ૭ અયોધ્યા (આંઉદ),

* આલમગીર ૧ લાએ (ઔરંગઝેબે) બીજાપુર અને ગોલકોંડાનાં રાજ્યો જીત્યાં, ત્યારે એ ત્રણમાં બીજાં ત્રણ ઉમેર્યાં. તેનાં નામ બીદર, હૈદ્રાબાદ અને બીજાપુર.

૮ અજમેર, ૯ ગૂજરાત, ૧૦ માળવા, ૧૧ બહાર, ૧૨ બંગાળ. દક્ષિણદેશમાં ૧ વરાડ, ૨ ખાનદેશ, ૩ અહમદનગર, એ ત્રણ હતા. એમાંના દરેક સૂબા ઉપર અમલ કરનારા મુખ્ય અધિકારીને સિપાહસાલર કહેતા, ને તે પાદશાહના હુકમ પ્રમાણે તમામ મુલકી અને લશ્કરી અમલ બજાવતો. ઉપર કહેલા વસુલાતખાતાના અમલદારો તથા જીલ્લાના ફોજદારો તેની નીચે હતા. દરેક જીલ્લામાં રાખેલી ફોજના ઉપરીને ફોજદાર કહેતા. એ ફોજના બે પ્રકાર હતા; જીલ્લાની અને પાદશાહી. એ બંને પ્રકારના લશ્કરનાં થાણાં ફોજદારને તાબે હતાં, ને જીલ્લાની હદમાં ફિતુર કે બખેડો થાય તેનો બંદોબસ્ત કરવો એ તેનું કામ હતું. અકબરના વખત પછી સિપાહસાલરને સૂબેદાર કહેતા, અને તેના હાથ નીચે વસુલાતખાતાનું કામ કરવાને પાદશાહ તરફથી દીવાનની નીમણુક થતી. દરેક સૂબાના કેટલાક મોટા ભાગ કરી તે દરેક ભાગને સરકાર કહેતા, ને દરેક સરકારના વિભાગને પરગણું કે મહાલ કહેતા. વળી કેટલાક પરગણાના જથાને દસ્તુર કહેતા. અકબરના વખત પહેલાં પરગણાથી મોટા ભાગને શાક્ર, ખિત્તા, ઉર્સા, દિયાર કે વિલાયત કહેતા, ને તે ભાગ અમીરોની ફોજના ખરચને માટે ઠરાવ્યો હોય તો તેને ઈકતા કહેતા. સૂબેદાર એ ઇલકાબ ઘણાને આપવામાં આવતો નહિ; એ અમલદારને ઘણું ખરું નાજીમ પદ આપતા.

ઇનસાફ કરવાને મીર ઇ અદલ અને કાજી કચેરીમાં બેસતા. કામની તજવીજ કરવી અને કાયદો જણાવવો, એ કાજીનું કામ હતું, અને ઠરાવ કરવો કે ફેંસલો આપવો એ મીર ઈ અદલનું કામ હતું; કેમકે ઉપરી અધિકારી તે હતો. મુસલમાની કાયદાની માહેતગારી કાજીને હતી, ને તેમાં પાદશાહના હુકમથી કે દેશના રિવાજથી જે ફેરફાર થયો હોય તેનું જ્ઞાન મીર ઈ અદલને હતું. શહેરોમાં અને કસબામાં પોલીસ અને માજીસ્ત્રેટનું કામ કરનાર મુખ્ય અધિકારીને કોટવાળ

કહેતા. મોટાં ગામોમાં વસુલાતખાતાના અમલદારો તે કામ કરતા અને નાનાં ગામોમાં ગામના અધિકારીઓને હાથ તે કામ હતું. હિંદુઓમાં કાયદા સંબંધી ઠરાવ બ્રાહ્મણ પાસે કરાવતા.

અધિકારીઓને સૂચના અને હુકમો લખ્યા છે તે બધામાં ન્યાય અને લોકના ભલા ઉપર નજર રાખી છે; પરંતુ તેમાં કેટલેક ઠેકાણે અસ્પષ્ટતા અને નાદાની જેવું યૂરોપી પંડિતોને લાગે છે. હિંદનો ઇતિહાસ લખનાર એલ્ફિન્સ્ટન સાહેબ કહે છે કે એશિયાના લોકના આ પ્રકારના લખાણમાં એ સ્વાભાવિક છે.

કોટવાળોના ઉપર મોકલેલી યાદીઓમાં સ્વેચ્છિક રાજ્યરીતિ પ્રમાણે ગુપ્ત બાતમી રાખવાની અને ખાનગી કામમાં હાથ ઘાલવાની સૂચનાઓ છે. બજારમાં જતો માલ ત્યાં પહોંચ્યા પહેલાં ખરીદવા દેવાની મના કરી છે, અને કેટલાક ડહાપણવાળા નિયમોની જોડે એક ધારો એવો છે કે, ગુન્હેગારોના વધ કરનારના લોટામાંનું પાણી પીનારનો હાથ કાપી નાંખવો. એલ્ફિન્સ્ટન સાહેબ લખે છે કે આવો કાયદો મનુને શોભે, અકબરને ન શોભે. ઇનસાફ કરવાના સઘળા નિયમો રચવામાં ઉદારતા અને દયાપર નજર રાખેલી છે, તે જોતાં આ નિયમ વધારે વિસ્મય ઉપજાવે છે. ગૂજરાતના સૂબેદાર ઉપર લખેલું એક આજ્ઞાપત્ર તે પ્રાંતના ઇતિહાસમાં નોંધી રાખ્યું છે, તેમાં તેને બેડી પહેરાવવાનો, ફટકા મારવાનો, અને ગરદન મારવાનો એ ત્રણ સજા માત્ર કરવાનો અધિકાર આપ્યો છે; તેની જોડે તેને ફરમાવ્યું છે કે મોતની સજા જેમ બને તેમ ઓછી કરવી, અને તે અમલમાં લાવ્યાની પૂર્વે કામના કાગળ દરબારમાં મોકલી પાદશાહની મંજુરી મંગાવવી; માત્ર ભયકારી બંડખોરોને માટે એ મંજુરીની રાહ જોવી નહિ. મોટી સજા કરવામાં હાથ, પગ, નાક, કાનાદિક કાપવાની તથા બીજી ક્રૂરતા કરવાની મના કરી છે.

બીજા ખાતાના સુધારાની જોડે લશ્કરમાં પણ અકબરે સુધારો કર્યો. તેને હુકમ માનતું કરવાને જેમ લાંબા અને ભયંકર જઘડા કરવા પડ્યા, તેમ પછી તેના બંદોબસ્તમાં કરકસર અને કાર્યસિદ્ધિ આણવામાં ભાગ્યે ઓછી મહેનત પડી. ફોજના પગાર અને બીજા ખર્ચને પેટે જાગીર અને ઉપજનો ભાગ આપવામાં આવતો; અને તે ઉઘરાવવાનું કામ જાગીરદાર પોતાની નજરમાં આવે તેમ કરતો, કેમકે તે ઉપર કોઇની દેખરેખ નહોતી. સ્વારોની હાજરીમાં અનિયમિતપણું અને દગલબાજી ચાલતાં. હાજરીને માટે માગી આણેલા ઘોડાપર નોકરોને અને છાવણીમાં કામે આવેલા માણસોને બેસાડી દેખાડવામાં આવતા. આ બંને બાબતોમાં અકબરે સુધારો કર્યો. જ્યાં બની શકે ત્યાં સરકારી જામદારખાનામાંથી પગાર આપવાનો રિવાજ ચલાવ્યો, અને જે જાગીરો રહી તેની દેખરેખનો બંદોબસ્ત કર્યો. હાજરીમાં સુધારાને માટે ચહેરાપત્રક કરાવ્યાં તેમાં દરેક સ્વારના ચહેરાનું અને અંગનું વર્ણન નોંધાવવું અને એવી નોંધ વિના પગાર અપાય નહિ એવો ધારો કર્યો. સરકારી નોકરીમાં વાપરવાના પ્રત્યેક ઘોડાને ડામવડે પાદશાહી નિશાન કરાવ્યાં. [redacted], ગાડાં, વગેરે ફોજને માર્ગમાં જોઇએ તેઓની નોંધ કરાવી, અને તેના દર ઠરાવી પૈસા અપાવ્યા. ફોજમાં સુધારો કરવાનું કામ પૂરું થયું ત્યારે પણ તેની ગોઠવણ બહુ સારી નહોતી. તેમાં પલટણો એટલે અમુક સંખ્યાના વિભાગ, અને તે વિભાગને માટે અમુક પ્રમાણમાં અમલદારોની ગોઠવણ નહોતી. પાદશાહને જરૂર જણાય તેટલા અમલદારો નીમવા એવી પદ્ધતિ હતી. એ અમલદારોને મન્સબદાર કહેતા અને તેઓ દશ હજાર ઘોડાના નાયકથી દશ ઘોડાના નાયક સુધી હતા. એ સરદારો પોતાને માટે ઠરાવેલી સંખ્યા રાખતા નહિ, પણ તે સંખ્યા પ્રમાણે તેમને માટે પગાર મળતા. છેક નીચલા વર્ગના મન્સબદારોને તો નામ પ્રમાણે ઘોડેસ્વાર રાખવા પડતા. ઉપલા વર્ગના મન્સબદારોને જેટલા

સ્વાર રાખવાનો હુકમ થાય તેટલા તેઓ રાખતા, ને તેકલાની હાજરી પૂરાવી તેમનો પગાર લેતા. એ મનસબદારોના માણસોની સંખ્યાનો સરવાળો થાય તેટલી ફોજની સંખ્યા થાય. દરેક સ્વારીમાં સેનાપતિ તથા કેટલાક તેના હાથ નીચેના સરદારોને પાદશાહ નીમતા. બાકીના અમલદારો મનસબદારો પોતપોતાની ટૂકડીમાં નીમતા હશે. પાંચ હજારથી વધારે ઘોડાની મનસબદારી પાદશાહના પુત્રો સિવાય બીજા કોઇને મળતી નહિ. પાદશાહી કુટુંબના શાહજાદા અને રજપૂત રાજા રાણા સુદ્ધાંત પાંચ હજારના મનસબદારો ત્રીસ હતા. બસેં ઘોડા સુધીના મનસબદારોને અંદર ગણતાં તેઓ સાડી ચારસેંથી ઓછા હતા. દરેક મનસબદાર જેટલા ઘોડેસ્વાર રાખે તેથી અર્ધા પાળા રાખે એવો હુકમ હતો. એ પ્યાદલમાંના ચોથા ભાગે બંદૂક રાખવી અને બાકીના તીરકામઠાં રાખી શકે. એ સ્વારોમાંના જેઓ સિંધુ નદીની પેલીમેરના હોય તેઓને ઘોડાખરચ સુદ્ધાંત પચીશ રૂપિયાનો પગાર અને જેઓ હિંદના હોય તેમને વીશ રૂપિયાનો પગાર આપવો એવો ઠરાવ હતો. બંદૂકવાળા પાળાને વધારેમાં વધારે ૭ રૂપિયા, અને તીરંબાજોને ઓછામાં ઓછા અઢી રૂપિયાનો મહિનો મળતો. મનસબદારના સ્વારો ઉપરાંત તેઓથી ઊંચા પ્રકારના છૂટક સ્વારો રાખવામાં આવતા, ને તેમને અહદી (એટલે એક એક છૂટક) કહેતા. તેમને ગુણ પ્રમાણે મુસારા મળતા, પણ મનસબદારોના સાધારણ સ્વારોથી તે વધારે હતા. મનસબદારોને પણ સારા પગાર મળતા, પરંતુ તેમના પગાર હોદ્દા વગેરે વંશપરંપરા નહોતા. મનસબદારનું મરણ થયે પાદશાહ તેના દીકરાને કંઇ ઉતરતી પંક્તિની પદવી અને બાપે સારી નોકરી કરેલી હોય તો કાંઇક પેન્શન પ્રથમ આપતા. એ મનસબદારોના પગાર વિષે એલ્ફિન્સ્ટન સાહેબ લખે છે કે આયને અકબરીમાં જે આંકડા લખ્યા છે તે તેમનો પંડનો પગાર હોઇ શકે નહિ. પણ બર્નિયર નામે ગ્રંથકર્ત્તાએ લખ્યું છે કે તેનો

મુરજ્જી હાનીશમંદખાન નામનો પાંચ હજારી મન્સબદાર હતો, પરંતુ વાસ્તવિક પાંચસેં સ્વારોનો નાયક હતો ને તેનો માસિક પગાર પાંચ હજાર ક્રાઉન (સાડાબાર હજાર રૂપિયા) નો હતો.

અકબરની ફોજમાં સ્વારોની સંખ્યા કેટલી હતી તે જાણવાનું સાધન નથી. પાછલા વખતમાં પહેલા આલમગીર (ઔરંગઝેબ) ના અમલમાં બે લાખ સારા લડી શકે તેવા સ્વાર હતા એમ બર્નિયરે જણાવ્યું છે. વળી તે ઉપરાંત તોપખાનું અને બીનકવાયતી પ્યાદલ હતું. અકબરની સેનામાં એટલી સંખ્યા હોવાનો સંભવ નથી. અબુલ ફઝલે પ્રાંતોના જોદ્ધાની સંખ્યા ૪૪ લાખ લખી છે, તે અમુક પ્રસંગે નોકરીની શરતે જમીન ભોગવનારા રાજા, રાણા, કસબાતીઓ, ગરાસીયા, કોળી, ઠાકરડા, ડુંગરોના ભીલાદિકની હશે, અને તે પણ વાસ્તવિકથી વધારે કહેલી જણાય છે. એમાં થોડા જ લાંબી મુદત લગી કામે લગે એવા હશે; વખતે જંગલોમાં શિકારની વખતે એક બે દિવસ નોકરી બજાવે તેવા ઘણાખરા હશે.

અટકધટ તથા બીજા કિલ્લા અને લશ્કરી તથા બીજા કામની સરકારી ઇમારતો અકબરે કરાવી હતી. એમાં આગ્રાનો કોટ અને કિલ્લો બીજા સર્વથી સરસ છે. એમાં ઘડેલા પત્થરની ભીંતોના પડદા અને બુરજો છે ને તેઓને મિનારા, ઘૂમટો અને કાંગરાથી શણગારેલા છે, તથા તેઓની આસપાસ ઊંડી ખાડીઓ કરી છે. રાજમહેલને ઘટે તેવા દરવાજા તથા તે ઉપરની ઇમારતો છે. ફતેહપુરસીક્રી તેણે વસાવ્યું ને તેના કિલ્લા કોટ ચણાવ્યા. તેના રહેવાના ધામોમાં મુખ્ય તે હતું. એ શહેર હાલ ઉજ્જડ છે, તથાપિ હિંદમાં જે ભારે શોભા પહેલાં હતી તેના અતિ ઉત્તમ નમુનામાં એની ગણના થઇ શકે છે. એ ડુંગર ઉપર બાંધેલું છે તેથી દૂરથી દેખાય છે. તેની ભાગોળના બુરજની સીડીનાં પગથીઆંની શોભા, રાજમંદિરનું ઉમદા નકશી કામ અને તે નકશી

કામનો વિસ્તાર વખાણવા જોગ છે. વળી એ સઘળાથી સરસ ત્યાંની મસીદ (મસજીદ) છે. તેની અંદરના ચોગાનની ઇમારત બહુ ભવ્ય છે. આગ્રામાં ધોળા આરસની મસીદ છે તેનું નકશી કામ પણ બહુ સાદું અને સુંદર છે. આગ્રાનો મહેલ પણ ઘણોખરો એ જ પત્થરનો બનાવેલો છે, અને તેમાં કેટલાક ઘણા મઝાના ઓરડા છે. મોટા દીવાનખાનાનો ભભકો ભારે છે. તેમાંના ધોળા આરસના થાંભલા અને કમાનોની સાદાઇ બહુ શોભાયમાન છે, અને તેઓ દિલ્હીના તે જ જાતના કામથી સરસ છે. નાના ઓરડામાં નકશી અને મીનાકારી કામ છે, તે પણ બહુ ઊંચી જાતનું અને વખાણવા જોગ છે. દિલ્હીમાં પોતાના પિતા હુમાયુંનો રોજો અકબરે બંધાવ્યો છે, તે મોટી અને સંગીન ઇમારત છે. તે આસપાસની જમીનથી ઊંચી જગાએ છે, અને તેની ઉપર ધોળા આરસનો મોટો ઘુમટ છે.

જેમ વસુલાતખાતામાં, ન્યાયખાતામાં, અને ફોજખાતામાં સુધારો કરી નિયમો ઠરાવ્યા, તેમ બીજાં બધાં ખાતાંમાં કર્યું. ટંકશાળ અને ત્રિજોરીથી તે રાજમહેલને લગતાં મેવા, ફળ, ફુલ, સુવાસિત પદાર્થો, અને જનાવરો રાખવાનાં સ્થળો, અને તે કામપર રાખેલા નોકરો સંબંધી ધારા પણ આયને અકબરીમાં અબુલ ફઝલે નોંધ્યા છે. બધાં કામ કાયદેસર અને મોટા દમામથી ચાલતાં હતાં. મોટાં ખાતાંપર અને તેઓમાંના પુષ્કળ સેવકોપર જાપતો રાખવામાં આવતો, અને ભારે ખરચ કરકસરથી ચાલતો.

અકબર જાતે સાદો છતાં પાદશાહી ડોળ ભારે રાખતો, અને તેનો ખરચ પણ ઘણો થતો. તેની પાસે પાંચ હજાર હાથી અને પોતાને ચઢવાના બાર હજાર ઘોડા હતા; ને તે ઉપરાંત શિકારી કુતરા, શકરા, વગેરેનું મૃગયા રમવાનું મોટું ખાતું હતું. મુસાફરીના તંબુઓ મોટાં

ઘર જેવા હતા. તેની આસપાસ ઊંચા કોટ જેવો કંતાનનો પડદો રાખવામાં આવતો. તેની માંહે લગભગ ૨૩૦૦૦ ચોરસ ગજ જમીન રોકાતી. તેમાં દીવાનખાનાં, જમવાના, રમવાના, કસરતના, સૂવાના વગેરે મોટા અને સુંદર ઓરડા હતા; અને તેમાં ભારે કિંમતી સામાન રાખવામાં આવતો. ડેરાતંબુની કનાતોનો રંગ બહારથી લાલ હતો, અને તેઓ માંહેથી ભાતભાતના સુંદર રંગ અને બુટ્ટાવાળી હતી. તંબુની ટોચે મૂકેલા સોનેરી ગોળા દેવાલયનાં શિખરોની પેઠે શોભતા. લસ્કરી છાવણીમાં કિલ્લા જેવો પાદશાહનો મુકામ દેખાતો. છાવણી મોટા શોભાયમાન નગરના જેવી દિસતી; રંગ બેરંગી તંબુઓ સીધી હારમાં અને મહોલ્લાવાર ગોઠવતા અને વચમાં નિયમિત પહોળા રસ્તા રાખતા. મોટી છાવણીની લંબાઇ પાંચેક મૈલની થતી. કોઇ ઊંચી જગાએથી જોતાં તેનો દેખાવ બહુ રમણીય લાગતો. વસન્તોત્સવમાં અને પાદશાહની સાલગીરીને સમયે ભારે ઠાઠમાઠ થતો, ને તે કેટલાક દિવસ સુધી પહોંચતો. એ જોવાને બહુ માણસ આવતાં, તેથી મોટો મેળો ભરાતો. દબદબા ભરેલી મોટી સ્વારીઓ, રોશની, જાફતો, સાઠમારી, તથા બીજી રમત ગમત થતી; પાદશાહ જે મૂલ્યવાન્ તંબુમાં આવી મુકામ કરતા, તેથી ચારેક વીઘા જમીન રોકાતી; અને તેપર રેશમી અને સોનેરી શેતરંજીઓ અને ગલીચા પાથરવામાં આવતા, તથા તેમાં મોતી અને રત્નોવાળા કસબી મખમલના પડદા ઝઘઝઘી રહેતા. અમીરોના ડેરા પણ તેવા જ હતા. તેઓ એક એકને મળવા જતા, અને પાદશાહની પધરામણી તેમને મુકામે થતી. તેઓ પાદશાહને નજરાણાં કરતા, અને પાદશાહ તેમને દુશાલા, શેલાં, પાઘડી, વગેરે પોશાક, તથા શીરપેચ, બાજુબંધ, કંઠા આદિક ઘરેણાં, અને હાથી ઘોડાની બક્ષીસ આપતા. પાદશાહની તુલા થતી, તેમાં એક ધારણ સોનાથી, બીજી રૂપાથી, ત્રીજી અત્તરાદિક સુગંધમય વસ્તુઓથી, એમ અનેક પદાર્થોથી થતી,

અને તે સર્વે તમાશગીરોમાં વહેંચી દેવામાં આવતું. સોનારૂપાની બદામ, ચારોળી, વગેરે મેવાની મૂઠીઓ ભરી પાદશાહ ફેંકતા, તેની લૂટાલૂટ અમીર ઉમરાવો પણ કરતા. તહેવારને મુખ્ય દિવસે શાહ આરસના મહેલમાં તખ્ત ઉપર બિરાજતા, અને તેની આસપાસ સરદારો સુંદર મૂલ્યવાન્ પીછાં તથા શીરપેચવાળી પાઘડીઓ અને ઉમદા પોશાક પહેરી ઉભા રહેતા. સ્વારીના શણગારેલા સેંકડો હાથી ઘોડા તેની આગળથી ચાલી જતા. હાથીઓની ટોળીઓ કરી હતી, તેમાંની દરેક ટોળીના મુખ્ય હાથીને કુંભસ્થળે અને પડખે સોનાનાં પત્રાંની પાખર હતી. હાથીની પછી સ્વાર વગરના પણ સોના રૂપાની પાખર અને કસબી જીનોથી શણગારેલા ઘોડાની મોટી હાર આવતી. ત્યાર પછી ગેંડા, સિંહ, વાઘ, દીપડા, શિકાર કરવાને શીખવેલા ચિત્તા, શિકારી કૂતરા અને શકરા આવતા; ને આખરે કિનખાબ અને તાસનાં વસ્ત્ર પહેરેલા અગણિત ઘોડેસ્વારો ઘોડા નચાવતા ચાલી જતા.

આ બધા દમામમાં અકબરશાહનો દેખાવ જેવો પ્રતાપી હતો તેવો જ સાદો હતો. નજરે જોનાર બે યૂરોપી ગૃહસ્થોએ તેનું બયાન કર્યું છે, તેનો ઉતારો એલ્ફિન્સ્ટન સાહેબે પોતાના પુસ્તકમાં કર્યો છે. તેમાં લખ્યું છે કે, " તે એશિયાના પાદશાહોથી ઓછો આડંબર રાખે છે. રાજ્યાસનની નીચે ઉભા રહીને કે બેશીને ઇનસાફ કરે છે. મળતાવડો, રાજતેજોમય, દયાળુ અને સખ્ત સજા કરનાર છે; વળી બંદુકો અને તોપો બનાવવા વગેરે શિલ્પ કામમાં ચતુર, અલ્પાહારી, માત્ર ત્રણ કલાક ઉંઘનાર, વિસ્મયકારક ઉદ્યોગી, હલકા લોક જોડે હળી મળી જનાર, તેમના ઉપર માયા રાખનાર, અને ઉમરાવોની ભેટ કરતાં તેમની ભેટને વધારે માનપૂર્વક સ્વીકારનાર, પોતાની રૈયતને વહાલો, અને શત્રુને ભયંકર હતો. "

હિંદના મુગલાઇ રાજ્યની ઉત્પત્તિ બાબરથી થઇ, અને બાબરની ગાદીએ હુમાયું આવ્યો; તથાપિ જે રાજ્યપદ્ધતિને લીધે એ રાજ્ય લાંબી મુદ્દત લગી ટક્યું, ને બીજાં મુસલમાની રાજ્યોને મુકાબલે વખણાયું, તે પદ્ધતિ મહાન્ અકબરે સ્થાપી. રાજ્યમાં બધે ઠેકાણે ન્યાયાધીશ રાખ્યા હતા; તેમ છતાં પંડે પણ પ્રતિ દિવસે એક વાર અને ઘણીક વખત બે વાર ખુલ્લા દરબારમાં પ્રજાની ફરિયાદ સાંભળતા. એ ચાલ એની પછી પહેલા આલમગીર (ઔરંગજેબ) ની પછી થયલા પાદશાહોએ બંધ પાડ્યો; તેથી તેમના વિષે પ્રજાનું માન ઘટી ગયું. અકબરે ખેડુતના ભલાને અર્થે વીઘોટી બાંધી અને વસુલાતના ધારા કર્યા; લશ્કરના પગાર અને હાજરીનો બંદોબસ્ત કર્યો; રાજસેવાના સંબંધમાં ધર્મભેદ કાઢી નાખ્યો; ધર્મ વિષેના જુલમનો નાશ કર્યો અને બીજા સુધારા કર્યા. તે ઘણા વખત લગી તેના વંશજોએ પાળ્યા. એ ઉપરથી અનુમાન થઇ શકે છે કે જો તેણે બીજા સુધારા કર્યા હોત તો તે પણ જારી રહેત. પોતાનો ધર્મ સ્થાપવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો; પણ માત્ર જુઠા દાદમાદને માટે રાખેલા હજારો હાથી ઘોડાનો તથા બીજા નકામા દમામનો ખરચ ઓછો કરી, તે ધન પ્રજાના ભલાને અર્થે ખરચવાનો ચાલ પાડ્યો હોત, તો તે નીભવાનો સંભવ હતો. રૈયતપર થતો જુલમ અટકાવવાને કરેલી કોશીશની નોંધ એના ઇતિહાસમાં છે. પણ લોકના વેપાર રોજગારમાં અને દોલતમાં કેટલો વધારો થયો, તેની તજવીજ સંબંધીની નોંધ, અરે! તેનાં પત્રકો પણ જડતાં નથી. પૃથ્વીની ભિન્ન ભિન્ન પ્રજાઓના ધર્મ અને તત્વજ્ઞાનની શોધ તેણે કરી; પણ તેમના સંસારી રિવાજોની અને રાજરીતિઓની ખોળ કરેલી જણાતી નથી. જે વિચક્ષણ મહાપુરુષે ગોવાના યૂરોપી ખ્રિસ્તિ પાદ્રીઓને તેડાવી તેમના ધર્મ વિષે તપાસ કરી, અને તેમના બાઇબલનો તરજુમો કરાવ્યો તેણે તેમને યૂરોપની સંસારી રૂઢીઓ, નૌકાસેના

અને રાજનીતિ વિષે કાંઇ પૂછ્યું નહિ, એ નવાઇ જેવું છે. પોતાના ચતુર કરભારીઓ અને સોબતીઓમાંના કોઇને યૂરોપ જોવા મોકલ્યો નહિ તેનું કારણ સમજાતું નથી.

એ સમયે ઉપલા વર્ગના મુસલમાનોમાં સ્ત્રીઓને ભણાવવાનો ચાલ હશે એમ જણાય છે; કેમકે જહાંગીરની પ્રખ્યાત અને માનીતી બેગમ નૂરજહાન એટલું ભણેલી હતી કે ફારસીમાં નવી કવિતા જોડી પોતાના પતિનું મન રંજન કરતી, એવું તે કાળના ઇતિહાસમાં નોંધાયલું છે. પરંતુ એકપત્નીવ્રતના લાભનો વિચાર યૂરોપી લોકના ધારાપરથી તેના મનમાં ઉતરત. ઘણી પત્નીઓ પરણી તેમને જનાનામાં પૂરી ન મૂકતાં, યૂરોપના પાદશાહો અને રાજા રાણા એક એક પત્ની માત્ર પરણતા અને તે નારીઓને પડદામાં કેદ ન રાખતા. બહાર ફરવા હરવા અને સંસારમાં મહાલવા દેતા, એનું તેને જ્ઞાન થાત. કુંવારો પુરુષ જે કન્યાપર મોહિત થયો હોય, તેને પરણવાને તેની આજીજી કરતો, અને સ્ત્રીઓ બહુધા જુવાનીમાં આવે ત્યારે જ સ્વેચ્છાવર વરતી એ તેના જાણવામાં આવત. એશિયા અને યૂરોપની એ સમેની બીજી સંસારી રૂઢીઓ, ધારા અને રાજ્યપદ્ધતિઓના તફાવત વિષે અકબરના કોઇ ખબરદાર દરબારીએ યૂરોપમાં પ્રવાસ કરી ગ્રંથ લખ્યો હોત, તો તે ઘણો મનોરંજક અને ઉપયોગી થાત. એ વેળા એશિયાને મુકાબલે યૂરોપમાં કેટલો સુધારો હતો તે એવા સાક્ષીથી જણાત.

નૌકાસેનાથી યૂરોપની સમુદ્રકાંઠે વસનારી પ્રજાઓને કેટલો ફાયદો છે, અને હિંદને એવી ફોજની કેટલી બધી જરૂર છે, તે પણ તજવીજ કરવા જોગ વિષય હતો. મકકે હજ કરવા જનારાને પોર્તુગીઝ અધિકારીઓનો પરવાનો લેવો પડતો, અને તે મુગલ સરકાર તરફથી મેળવી આપવામાં આવતો. આ અપમાનથી પણ અકબરશાહના મનમાં નૌકા

બનાવવાનો પ્રયત્ન કરવાનું આવ્યું નહિ, તેનું કારણ શું હશે? હિંદના પૂર્વ અને પશ્ચિમ કાંઠાનાં ઘણાંક બંદરો મુગલ સરકારને તાબે હતાં. એ બંદરોમાં વહાણો બંધાતાં અને ખલાસીઓ પણ પુષ્કળ હતા. ઇસ્તાંબુલના સુલતાનને તથા આફ્રિકાના ઉત્તર કિનારાપરના મુસલમાની રાજ્યોને દરિયાઇ લશ્કરો હતાં; અને અકબરશાહે મનપર લીધું હોત તો હિંદને માટે પણ બની શકત; ને તેમ થવાથી કેટલાક રજપૂત સરદારો નાખુદા અને નૌકાસેનાધિપતિ થાત, અને તેઓની સોબતમાં અને તેમના રક્ષણ નીચે હિંદુ મુસાફરો અને વેપારીઓ બીજા ખંડોના દેશો જોવાને કે ત્યાં વેપાર કરવાને જાત. જેમ અટક નદી ઓળંગવાનો વહેમ રાજા માનસિંહ અને બીજા રાજપુત્રોના દાખલાથી તુટયો, તેમ સમુદ્રપ્રયાણ તથા યૂરોપ અને અમેરિકા જવાનો વહેમ નાશ પામ્યો હોત; અને હાલના સાંકડા મનના વહેમીઓ સ્વદેશપીડક થવા પામત નહિ. એથી દેશાવરનો વેપાર વધવાનો તથા વિદ્યાકળામાં ઉમેરો થવાનો સંભવ હતો. આ બાબતમાં મહાન્ આલફ્રેડ જેવી મોટી સેવા ઈંગ્લાંડની બજાવી તેવી અકબરશાહ હિંદની બજાવી શકત.

કેટલાક સંસ્કૃત ગ્રંથોના ફારસી તરજુમા આ સમયમાં થયા, તે પરથી સિદ્ધ થાય છે કે સંસ્કૃત અને ફારસી એ બંને ભાષા ભણેલા વિદ્વાનો અકબરના દરબારમાં હતા. અજબ છે કે એ પંડિતોનું લક્ષ એ બે ભાષાનાં સંબંધપર ગયું નહિ! અકબરના દરબારમાં હિંદી કવિઓ હતા, એવું, "કવિ ગંગ કહે સુણો શાહ અકબર," એ વાકયોવાળાં કવિતોપરથી જણાય છે. એ કવિઓના અને તેમના ગ્રંથોનાં નામનો પત્તો મને મળ્યો નથી.

ગોવાના પોર્તુગીઝ પાદ્રીઓને દરબારમાં બોલાવી માન સહિત પરોણા રાખ્યા હતા. તેમને જેમ તેમના ધર્મ સંબંધી મત અને હકી-

ક્ત પૂછી ખ્રિસ્તિ ધર્મનું જ્ઞાન અકબરે મેળવ્યું, તેમ પોર્તુગાલની રાજ્યપદ્ધતિ વિષે પૂછ્યું હોત તો કોર્તે (કોર્તેસ) નામે તે દેશમાં કાયદા બાંધનારી રાજસભા હતી તેનું જ્ઞાન થાત. જેમ કુરાન અને બાઇબલનો મુકાબલો કરાવી મુસલમાની અને ખ્રિસ્તિ ધર્મો વિષે સંવાદ કરાવ્યો તેમ મુગલાઇ અને પોર્તુગીઝ રાજ્યરીતિઓને સરખાવી એક નિરંકુશ આધિપત્ય અને પ્રજાસંમત રાજ્યપદ્ધતિ વિષે ચર્ચા કરાવી હોત તો એક નવી રાજનીતિના જ્ઞાનની જોડે એ બેમાંની રાજા પ્રજાને વાસ્તવિક લાભકારી અને સુખદાયક કઇ છે, તે તેના જાણવામાં આવત. એ પાદ્રીઓથી તથા બીજી તજવીજથી ઇંગ્લાંડ અને સ્કૉટલાંડની પાર્લામેંટનું, ફ્રાન્સ સ્ટેટ્સ જનરલનું, જર્મનીની ડાયેટ નામે રાજસભા વગેરેનું તેને જ્ઞાન થાત; અને તેથી તેના મનપર થયલી રૂડી અસર આખા હિંદના લોકોને ફાયદો કરત. અકબરશાહે પંડે જે જે સારા કાયદા કર્યા, જકાતો માફ કરી, અને બંદોબસ્ત કર્યા, તે તેની પછી ચાલુ રહેશે તેનો શો ભરોસો? તે કાયમ રાખવા કે બંધ પાડવા એ એક પુરુષને હાથ હતું, તેની પછી જે માણસ પાદશાહ થાય તેની મરજીપર હતું. પણ પાર્લામેંટ જેવી રાજસભા તેના અધિકારને કાયદાના બળે ખાળનાર હોય તો તે ઓછું નુકસાન કરી શકે. નિરંકુશ અધિપતિને રૈયતની અવસ્થાનું જ્ઞાન ઘણું કરીને તેના કારભારી અને અમલદારો કરે તેટલું અને તેવું થાય છે. પ્રજાની રાજસભા હોય તો લોકને રાજકાજમાં રસ લાગે ને તેઓ રાજકાજ સંબંધી વિચાર કરતાં શીખે; રાજ્યના જૂદાજૂદા ભાગોમાં વહીવટદારો, ન્યાયાધીશો, અને બીજા સરકારી નોકરો કેમ વર્તે છે તે તથા રૈયતનાં દુઃખ અને રૈયતની ફરિયાદ, એ સભાથી ભૂપતિના જાણવામાં આવે, અને તેમની સલાહ પ્રમાણે તેનો નિકાલ થઇ શકે; રાજા પ્રજા એકત્ર થઇ જાય; રાજાના શત્રુ તે પ્રજાના શત્રુ મનાઇને તે શત્રુનો પરાજય કરવાને, તેમને

દેશમાંથી હાંકી કાઢવાને પ્રજા ભૂપાળની વહારે ચડે; સ્વદેશાભિમાન કે એક પ્રજાભાવ બંધાય; અને રાજ્યનો પાયો મજબુત જામે. જે રચનાનો આરંભ હાલના સમયમાં લૉર્ડ રીપને છેક નીચલા પગથીઆથી કરવા માંડ્યો છે, તે કરવાનું અકબ્બરશાહ ધારત તો કરી શકત. એ રાજનીતિ સ્થાપવાને તેની પાસે અધિકાર અને સાહિત્યો જોઇએ તેટલાં હતાં. મોટા હિંદુ રાજા રાણા, અને વંશપરંપરા મોટી જાગીરો ભોગવનારા મુગલ, પઠાણ, તુર્કાદિક મુસલમાન ઉમરાવોની એક સભા નામે 'દીવાને ખાસ' (હાઉસ આવ લાર્ડઝ), અને શહેરોના મહાજનો અને ગામોના મુખી મતાદારોની બીજી સભા નામે 'દીવાને આમ' (હાઉસ આવ કામન્સ) બની શકત; ને એમ હિંદી પાર્લામેંટનો પાયો નંખાત. પછી એ સભાઓ બોલાવવાનો દસ્તુર પડત, અને તેઓમાં સુધારો થતો જાત. પાદશાહ અમુક પ્રસંગે અને અમુક કામે દરબાર ભરતા, પરંતુ તેમાં કાયદા કરવાનું કે પાદશાહના મંત્રીઓએ કરેલા કાયદાના ખરડાની ચર્ચા કરવાનું કામ ચાલતું નહિ. આયને અકબરીમાં નોંધેલા ધારાના ખરડા વખતે વખતે અકબર અને તેના કારભારીઓ બનાવતા. તે એવા દરબારમાં વાંચી સંભળાવી, 'તેઓ વિષે કોઇને કાંઇ સૂચના કરવી હોય તો કરે,' એવું પાદશાહે ફરમાવ્યું હોત, તો પાર્લામેંટનો આરંભ થાત. દીવાને આમ કે સાધારણ લોકોની (કામન્સની) સભા સ્થાપવામાં મુસ્કેલી હતી; પણ મોટા રાજા, જાગીરદારો અને સરદારોની સભા સ્થાપવાનું કામ સહેલું હતું. આગળ જતાં તેમાં બેસવાનો હક કોને છે તે, તથા મળવાનો વખત મુકરર થાત, અને ત્યાં જવામાં અને મત આપવામાં મોટી આબરૂ ગણાત. એમ પાદશાહ અને રાજ્યના મુખ્ય આગેવાન પુરૂષોએ મળી કાયદા કરવાનો તથા રાજકાજપર નીઘા રાખવાનો રિવાજ પડી જાત. આ વિષે વિસ્તારથી લખીએ તો એથી થતા ઘણા ફાયદા બતાવી શકાય. હાલ આપણા વ-

ખંતમાં જે દેશી રાજ્યો છે, તેઓના અધિપતિઓને અને કારભારી-ઓને આ બાબત ધ્યાનમાં લેવા જોગ છે. રાજકાજ સંબંધી અજ્ઞાન સાગરમાં પ્રજા ડુબેલી છે, તેને તારવાનો ઉપાય હવે એજ માત્ર છે. એ કામ શીખવશે તો લોકમાં શીખવાની શક્તિ છે. એ શીખવ્યાથી દેશને ભારે લાભ છે. ઉદાર મનના જે ભૂપતિઓ તથા દીવાન, વજીર, કામદાર, વગેરે આ કામ કરશે તેમનાં નામ અમર થશે, ને તેમની સુકીર્તિ ચિરં-કાળ લગી પહોંચશે.

સમાપ્ત